॥ णमोसिद्धचक्कस्स ॥

मूल–शब्दार्थ–छंदोबद्ध गूर्जर भाषा टीका–अर्थ सहित–

# श्री सिंदूर प्रकरः ॥

कर्त्ता :–

आचार्य श्रीमान् सोमप्रभ सूरीश्वरः

छंदोबद्ध गूर्जर टीकाना बनावनारः–

शाशन सम्राट्–सूरिचक्र चक्रवर्ति

सुगृहीतनामधेय-परमोपकारिशिरोमणि

आचार्य "श्रीमद्विजय नेमिसूरीश्वरविनेयाणु

-शास्त्रविशारद-कविदिवाकर-महोपाध्याय

श्रीमान् पद्मविजयगणी."

आर्थिक सहायक–धर्मनिष्ठ शा. वेलाभाई चुनीलाल.

संस्कृत विद्यार्थि वर्गने महान् उपयोगी जाणी

छपावी प्रसिद्ध करनार :

स्तंभतीर्थ निवासी–मास्तर उमेदचंद रायचंद.

ठे० पांजरापोळ : अमदावाद.

किंमत ०--८--०

॥ णमोसिद्धचक्कस्स ॥

मूल-शद्धार्थ-छंदोबद्ध गूर्जर भाषा टीका-अर्थ सहित

# श्री सिंदूर प्रकरः ॥

कर्त्ता :-

आचार्य श्रीमान् सोमप्रभ सूरीश्वर

छंदोबद्ध गूर्जर टीकाना बनावनार

शाशन सम्राट्--सूरिचक्र चक्रवर्ति

सुगृहीतनामधेय-परमोपकारिशिरोमणि

आचार्य "श्रीमद्विजय नेमिसूरीश्वरविनेयाणु

-शास्त्रविशारद-कविदिवाकर-महोपाध्याय

श्रीमान् पद्मविजयगणी."

आर्थिक सहायक-धर्मनिष्ठ शा. वेलाभाई चुनीलाल.

संस्कृत विद्यार्थि वर्गने महान् उपयोगी जाणी

छपावी प्रसिद्ध करनार:

स्तंभतीर्थ निवासी-मास्तर उमेदचंद रायचंद.

ठे० पांजरापोळ : अमदावाद.

किंमत ०--८--०

# ॥ બે બોલ ॥

સુજ્ઞ બંધુઓ ? પરમપવિત્ર વિશાલ જૈન દર્શનના વિશાલ ઔપદેશિક ગ્રંથોમાં આ શ્રી સિંદૂર પ્રકર નામનો અપૂર્વ ગ્રંથ-ભવ્ય જીવોને ઘણોજ ઉપકારક હોવાથી પ્રથમાવૃત્તિ વિ૦ સં૦ ૧૯૮૪ માં શેઠ લાલભાઈ દલપતભાઇની આર્થિક સહાયથી મેં બહાર પાડી હતી. જણાવતાં ઘણોજ હર્ષ થાય છે કે, તેની તમામ નકલો થોડાજ વખતમાં ખપી જવા સાથે આ બુક-અભ્યાસિઓને ઘણીજ ઉપયોગી જણાઈ. એમાં તેઓની હજુપણ વારંવાર થતી માગણીજ સાક્ષી પૂરે છે. તેને માન આપીને મેં આ બીજી આવૃત્તિ બહાર પાડી છે. ગ્રંથ સંબંધિ તમામ હકીકત પ્રસ્તાવનામાં આપેલી છે.

બીજી આવૃત્તિ છપાવવામાં મહોપાધ્યાયજી મહારાજ શ્રીમાન્પદ્મ-વિજયજીગણીના ઉપદેશથી અને અહીંના રહીશ મારફતીયા શા. ચીમ-નલાલ મનસુખરામ તથા શા. મોહનલાલ દલસુખરામની પ્રેરણાથી ધર્મિષ્ઠ શા. ઘેલાભાઈ ચુનીલાલે આર્થિક મદદ કરી છે. તેથી તે સર્વેનો આભાર માનવા પૂર્વક-બીજાને તેમનું અનુકરણ કરવા સૂચન કરૂં છું.

તીર્થોદ્ધારક, પરમારાધ્ય, સદાધ્યેય, સુગૃહીતનામધેય, પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, સૂરિચક્રચક્રવર્તિ, તપોગચ્છાધિપતિ, શાસનસમ્રાટ્, જગદ્દગુરૂ આચાર્યવર્ય શ્રીમાન્ વિજય નેમિસૂરીશ્વરજીના શિષ્ય રત્ન, શાસ્ત્ર વિશારદ કવિદિવાકર મહોપાધ્યાય શ્રીમાન, પદ્મવિજયજીગણિએ ભવ્ય જીવોના ઉપકારને માટે, આ ગ્રંથના શ્લોકોના તથા તમામ ટીકાના ભાવથી ભરેલી ગૂર્જર ભાષામાં સરલ છંદોબદ્ધ ટીકા બનાવી આપી ગ્રંથને અપૂર્વ ઉપયોગી અને સરલ બનાવ્યો છે. પ્રસંગે ગુરૂવાણીનો પણ અપૂર્વ સ્વાદ આપ્યો છે, સંશોધન આદિ કાર્ય પણ તેઓશ્રીની દેખરેખમાંજ થયું છે. તેથી અભ્યાસિ વર્ગને પહેલાંની આવૃત્તિ કરતાં આમાં ઘણોજ સુધારો વધારો નજરે પડશે. તેઓશ્રીનો ઉપકાર માની આવા ઉત્તમ અનેક ગ્રંથો બનાવી ભવ્ય જીવોને લાભ આપે એમ હું પ્રાથના કરૂં છું. ખરચ વધી જવાથી પડતર કીંમતથી પણ ઓછી કીંમત રાખી છે. જેમાંથી બીજા ગ્રંથો બ્હાર પાડવામાં આવશે.

દૃષ્ટિદોષથી અથવા પ્રેસદોષથી થયેલી ભૂલો શુદ્ધિપત્રકમાં જણાવી છે. તે વાંચીને સુધારી લેવા ભલામણ કરૂં છું. લી.

**પ્રસિદ્ધકર્તા.**

तपोगच्छाधिपति-भट्टारक

# आचार्य महाराज श्री विजयनेमिसूरीश्वरजी



जन्म स· १९२९ कार्तिक सु० १ दोक्षा सं १९४५ ज्येष्ठ सु० ७ गणिपद सं. १९६० कार्तिक कृष्ण ७

पन्यासपद सं १९६० मागशर सु० ३ सूरिपद सं. १९६४ ज्येष्ठ सु० ५

॥ णमो सिद्धचक्काणं ॥

# ॥ प्रस्तावना ॥

## પરમોપકારિ શિરોમણિ પૂજ્યપાદ સદ્ગુરૂભ્યો નમોનમઃ

( લેખક-**મહોપાધ્યાય શ્રીમાન્ પદ્મવિજયગણી.** )

**( હરિગીત છંદ )**

જે રાત દિવસો જાય કરતાં ધર્મની આરાધના,
તેહીજ સફલા જાણુ ચેતન રાખ ના તેમાં મણા;
રત્નો કરોડો આપતાં પણ ક્ષણ ગએલો ના મલે
ઉપદેશ આ પ્રભુવીરનો સંભારજે તું પલ પલે-૧.

સર્વજ્ઞ શાસન રસિક પ્રિય બંધુઓ ? આયુષ્યની ચપલતા અનુભવ સિદ્ધ છતાં અનેક ભાગ્યશાલિ ભવ્યજીવો સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રની યથાર્થ આરાધના કરી, આ ભવને સફલ કરવા ઉપરાંત પરલોકની પણ સફલતા સાધી રહ્યા છે. તે કેવલ આસન્નોપકારિ પ્રભુ શ્રી મહાવીર પ્રભુના ત્રિકાલભાવિ શ્રી તીર્થંકર દેવોના વચનને અનુસરનાર **અવિચ્છિન્ન પ્રભાવશાલિ-ત્રિકાલા બાધિત પરંમપૂજ્ય**-પવિત્ર-શ્રી પ્રવચનનોજ પ્રતાપ છે. ધન્ય છે તેવા ત્રિપુટીશુદ્ધ પ્રવચનના. પ્રકાશક પવિત્ર પુરૂષોને. નમસ્કાર હો તેઓને, તથા તેઓશ્રીના પ્રવચનને આવા પ્રભાવશાલિ પવિત્ર પ્રવચનમાં ભવ્યજીવોને બોધ પમાડવાના જે દ્રવ્યાનુયોગાદિ અનેક સાધનો કહ્યા છે, તે વ્યાજબીજ છે કારણકે-જેમ- રોગો જુદાજુદા પ્રકારના હોવાથી, તેઓના પ્રતીકાર રૂપ ઓસડો પણ જુદાજુદા હોય છે, તેવી રીતે જીવોની અધ્યવસાય પરિણતિ પણ જુદી જુદી હોવાને લઇને કાયિક ચેષ્ટાઓ, અને વાચિક ભાષામાં પણ ફેરફાર દેખાય છે. તેવા જુદા જુદા અધ્યવસાયવાલા અને જુદા જુદા વચનો બોલનાર, તથા જુદી જુદી ચેષ્ટાઓ વાલા જીવોને બોધ પમાડવાના પ્રકારો પણ એક સરખા નહિ પણ જુદા જુદાજ હોવા જોઇએ.

કારણકે-વચનભેદ અને પ્રવૃત્તિભેદનું મુખ્ય કારણ જે વિભાવ દશાની અધ્યવસાય પરિણતિ, તેજ દરેક જીવની એક સરખી નથી.

પણ જુદી જુદીજ છે- દ્રવ્યરોગ કે ભાવ રોગ તેપણ નિર્મલ અધ્યવસાયોમાં વિકાર થવાથીજ થાય છે. એટલે મલિન અધ્યવસાયોને લઇને દ્રવ્યરોગ અને ભાવરોગ પ્રકટ થાય છે. તેમાં પણ ભાવરોગ જે રાગાદિમય પરિણતિ તેને લઇનેજ દ્રવ્યરોગ જે આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ તે-વૃદ્ધિને પામે છે. અન્યદર્શનિયોની ગીતા પણ આ બાબતને ટેકો આપે છે. ત્યાં કહેલ છે કે-જીવને વિષયના સાધનોની ચિંતવના કરવાથીજ જીવતાં છતાં મરેલાંના જેવી સ્થિતિનો અનુભવ કરવાનો સમય આવે છે.

એજ કારણથી બીજ બુદ્ધિના ધણી પૂજ્ય શ્રી ગણધર ભગવંતોએ જ્ઞાનોપયોગથી અનેક સાધનોની જરૂરીયાત જાણી, જેને લઇને શ્રી તીર્થંકર પ્રભુ પાસેથી, જે ચારે અનુયોગના અર્થગર્ભિત દેશના સાંભલી હતી, તેવાજ રૂપમાં સૂત્રની રચના કરી. એટલે ૧ શ્રી તીર્થંકર ભગવંતે એકજ અનુયોગના અર્થ ગર્ભિત દેશના કેમ ન આપી ? અને ૨. ગણધરશ્રીજીએ તેવાજ રૂપમાં રચના કેમ ન કરી આ બે પ્રશ્નોનું સમાધાન એકે જેમ એકજ ઔષધથી વિવિધરોગોનો નાશ ન થઇ શકે. તેવી રીતે એક અનુયોગના અર્થ ગર્ભિત એવી દેશનાથી અથવા તેવી સૂત્રની રચનાથી જુદીજુદી ભાવનાવાલા દરેક જીવને બોધ થવો અશકય છે. માટે ચારે અનુયોગના અર્થ ગર્ભિત દેશના, અને તેવીજ સૂત્રની રચના સહેતુકજ છે. તથા જેવી રીતે અસંખ્યાતા ગુણસ્થાનકો છતાં મુખ્યપણે ૧૪ ગુણ સ્થાનકો કહ્યા, તેવીજ રીતે અધિક અનુંયોગો ન કહેતાં ચારજ અનુયોગો કહેવામાં સમજીલેવું. બીજું.જુદાજુદા પદાર્થોને જાણવાની પ્રગટ થયેલી જુદીજુદી જિજ્ઞાસારૂપિ પિપાસાને શાંત કરવાને માટે સાધનો પણ જુદા જુદાજ હોવા જોઇયે. દાખલા તરીકે કોઇને દ્રવ્યનું સ્વરૂપ સમજવાની રૂચિથાય. વિગેરે. અને આ કારણથી પણ અનુયોગો ચાર કહેલા છે. માટે ચાર અનુયોગો પૈકી દરેક અનુયોગનું ફલ પણ જુદું જુદું કહેલ છે. જ્યારે શરૂઆતના બે અનુયોગો-દર્શન અને જ્ઞાનની નિર્મલતા કર છે, ત્યારે છેવટના બે અનુયોગો ચારિત્રને નિર્મલ કરે છે. આ સબબથી પણ ચારે અ-

નુયોગના ભાવગર્ભિત દેશના અને સૂત્રની રચના નિર્હેતુક નથીજ. આ અનુયોગના સંબંધમાં વિસ્તારથી સ્પષ્ટ માહીતી. મારા શ્રુતાદિપાઠક પરમોપકારિ પૂજ્યપાદ સિદ્ધાન્તવાચસ્પતિ. ન્યાય વિશારદ–શ્રીમ દ્વિજયોદય સૂરિજીએ સંયોજેલા શ્રી નવતત્ત્વ વિસ્તરાર્થની મેં લખેલી પ્રસ્તાવનાને વાંચવાથી મલી શકે તેમ છે. આવું પવિત્ર શ્રી પ્રવચન મહામહિમાનું નિધાન, અને અપૂર્વ તત્ત્વોનું સૂક્ષ્મજ્ઞાન, વિદ્યા, મંત્ર. અને વૈરાગ્યાદિ પવિત્ર ભાવોના સ્વરૂપ આત્મનિર્મલતાનાં અસાધારણ સાધનો ઇત્યાદિ ભાવરત્નોનો પણ ખજાનો છે એમ સમજી, સંયમધારિ થઇને, વિધિ પૂર્વક અધ્યયનાદિનો અધિકાર મેલવી, ગુરૂગમથી તેનો યથાર્થ ભાવ સમજી પરમોપકારિ પ્રાતઃસ્મરણીય શ્રી હરિભદ્રસૂરિશ્વરજી આદિ પૂજ્ય પુરૂષોએ ભવ્યજીવોના ઉદ્ધારને માટે પ્રવચનનો સાર ટુંકામાં સંગ્રહી–ઉપદેશ પદ વગેરે અનેક ગ્રંથો બનાવ્યા. જેઓમાંના કેટલાએક ગ્રંથો દ્રવ્યના સ્વરૂપને અને કેટલાએક ગ્રંથો–ગણિતના સૂક્ષ્મ સ્વરૂપને અને કેટલા એક ગ્રંથો ચરિત્રના સ્વરૂપને. અને કેટલાએક ગ્રંથો–પ્રાચીન પુરૂષોના બોધદાયક નિર્મલ ચરિત્રને સમજાવી રહ્યા છે. વ્યાજબીજ છે કે હિતોપદેશ દેવા સમાન આત્માની ઉન્નતિનું અસાધારણ કારણબીજું નથી. આ બાબત પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજા એટલેસુધી ભાર દઇને સમજાવે છે કે આર્હત પ્રવચનના ઉપદેશક પુરૂષે પોતાના શ્રમની દરકાર કર્યા વગર શક્તિને અનુસારે–નિસ્પૃહભાવથી ભવ્યજીવોને પ્રવચનનો ઉપદેશ દેવોજ જોઇયે. કારણકે તે પુરૂષ બીજાને ઉપકાર કરવા ઉપરાંત પોતાનો પણ ઉદ્ધાર કરે છે. તેમાં પણ કદાચ શ્રોતાઓને પ્રમાદ, અભવ્યપણું, દુર્ભવ્યપણું ઇત્યાદિ પોતાના દોષોને લઇને હિતોપદેશની અસર ન થાય, તો પણ. અનુગ્રહબુદ્ધિથી નિઃસ્પૃહભાવે પ્રવચનોપદેશકપુરૂષને તો જરૂર આત્મકલ્યાણરૂપ લાભ મલેજ. આવા ઉત્તમ વિચારો ધ્યાનમાં લઇને સૂક્ષ્મબુદ્ધિવાલા જીવોને જાણવાને લાયક અને મોટા પ્રમાણવાલા એવા તે પૂર્વે કહેલા ગ્રંથોમાંથી સાર સાર ભાવ ગ્રહણ કરી, આશ્રીસોમપ્રભસૂરિશ્વરજી મહારાજાએ. શ્રી સિંદૂર પ્રકર નામનો અપૂર્વ ઔપદેશિક કાવ્ય ગ્રંથ

બનાવેલ છે. જેમ આવશ્યક સૂત્રોને તે તે સૂત્રના આદિપદથી ઓળખાવવામાં આવે છે, દ્રષ્ટાંત જેમ સિદ્ધસ્તવનું. "સિદ્ધાણં બુદ્ધાણં એવું નામ છે. કારણકે તે સૂત્રની શરૂઆતમાં તે પદ છે. વગેરે, તેવી રીતે આ ગ્રન્થની શરૂઆતમાં કહેલા મંગલાચરણના શ્લોકમાં **'सिंदूर प्रकर:'** આ પદ હોવાથી પ્રસ્તુત કાવ્યને તે નામથી ઓળખાવેલ છે. આ ગ્રંથમાં—અપૂર્વકાવ્ય રચના, અને થોડા શબ્દોમાં વ્યવહારિક ઉપમાઓ સહિત ગોઠવેલ ઘણોભાવ વિગેરે દેખતાની સાથેજ ગ્રંથકારના અપૂર્વ બુદ્ધિશાલિપણું, કાવ્ય બનાવવામાં કુશલતા, અસરકારક ઉપદેશ દેવાની પ્રભાવશાલિ શક્તિ ઇત્યાદિ ગુણો હર્ષ પૂર્વક જાણી શકાય છે. ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથમાં નિર્મલ એવા દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષના માર્ગને વિસ્તારથી સમજાવવાને માટે ૨૦ બાબતો પર વિવેચન કરેલ છે. તે બાબતો ગ્રંથકારે ૮ મા શ્લોકમાં પોતેજ જણાવેલ હોવાથી અને તે દરેક બાબતની સમજ ગુજરાતી છંદોબદ્ધ ટીકા દ્વારા, અને અર્થ દ્વારા, થઇ શકે તેમ હોવાથી અહીં વિશેષ વિવેચન કરવાની જરૂર નથી.

ગ્રન્થકારના પરિચય પરત્વે "તેઓશ્રી શ્રીઅજિતદેવ સૂરીશ્વરજીના શિષ્ય વિજયસિંહ સુરિશ્વરજીના શિષ્ય હતા.

એમ છેવટના શ્લોકના ઉપરથી જાણી શકાય છે. પરંતુ. જન્મક્ષેત્ર, દીક્ષાક્ષેત્ર, સૂરિપદક્ષેત્ર, તથા માતા પિતા વિગેરે સંબંધિ વર્ણન અલભ્ય છે. કારણ કે, તે સંબંધિ હકિકત અહીં તેમજ અન્યત્ર પોતે જણાવેલ હોય એમ સંભવતું નથી.

આ ગ્રંથકારના દાદા ગુરૂ શ્રીમાન્—અજિતદેવસૂરિજી વિ૦ સં૦ ૧૨૭૩ માં હયાત હતા. એમ વિચારરત્નસંગ્રહમાં કહ્યું છે. અનુમાન સંભવે છે કે—આ ગ્રંથ ૧૩ મા સૈકામાં રચાયો હશે. એમ આજ ગ્રંથકારે બનાવેલા કુમારપાલ પ્રતિબોધ ( જિનધર્મ પ્રતિબોધ ) તથા સુમતિનાથ ચરિત્ર ગ્રંથ, જોવાથી જાણી શકાય છે. ઉપરના બંને ગ્રંથો પાટણમાં શ્રીપાલ કવિનો પુત્ર કુમારપાલના માનીતા સિદ્ધપાલકવિની પૌષધશાલામાં વિ૦ સં૦ ૧૨૪૧ માં બનાવ્યા છે.

પ્રસ્તુત ગ્રંથકારે-શતાર્થ કાવ્ય-હેમકુમાર ચરિત્ર. શૃંગાર વૈરાગ્ય તરંગિણી વગેરે પણ બનાવ્યા છે. આ નામનાં બીજા પણ અનેક આચાર્યો થયા છે, બીજા શ્રી સોમપ્રભસૂરિજીએ-પાણીનો ઉપદ્રવ હોવાથી કોંકણ દેશમાં અને શુદ્ધ પાણી નહિ મલવાથી મારવાડમાં મુનિ વિહાર બંધ કરાવ્યો હતો.

આવા અત્યુત્તમ લોકોપકારક ગ્રંથનો લાભ બાલજીવો પણ લઈ શકે. એ હેતુથી શરૂઆતમાં-(૧) મૂલ શ્લોક-(૨) છુટા છુટા શબ્દોના અર્થો-(૩) ગુજરાંતી ભાષાના છંદો બદ્ધ ટીકા (૪) મૂલ શ્લોકનો અર્થ. આ અનુક્રમે પ્રસ્તુત ગ્રંથને પ્રકટ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથની ઉપર શ્રી હર્ષકીર્તિ સૂરિજીએ ટુંકામાં નાની ટીકા પણ રચેલ છે અને તે છપાવેલ પણ છે પરંતુ તેનો તમામ ભાવ મેં પરમ કરૂણા નિધાન, મારા આત્મોદ્ધારક પરમોપકારિ શ્રી ગુરૂ મહારાજના પસાંયથી બનાવેલ **"છંદો બદ્ધ ગુર્જર ભાષા-ટીકામાં"** સમાયેલ હોવાથી અહીં તે ટીકાને છપાવવાનો પ્રયાસ કર્યો નથી.

આવા બોધદાયક ગ્રંથો છપાવી અનેક ભવ્યજીવોને જ્ઞાનદાનનો લાભ આપી કૃતાર્થ બનાવવા તે ચપલ લક્ષ્મીને સફલ કરવા સાથે આત્માના કલ્યાણનું પણ પરમસાધન છે. આ વાત, સુજ્ઞપુરૂષોને ધ્યાન બ્હાર હોઇ શકે જ નહિ. કારણકે જે જીવ પોતાની લક્ષ્મીને જ્ઞાનદાનાદિ સત્કાર્યમાં વાપરતો નથી, તેની લક્ષ્મી, છેવટે અગ્નિ, રાજા, અને ચોર આ ત્રણમાંથી એકને સ્વાધીન થાય છે તથા નીતિ વેત્તાઓએ કહેલ લક્ષ્મીની ત્રણ ગતિઓ પૈકી ઉત્તમગતિ દાનજ છે. એટલે ન્યાયોપાર્જિત લક્ષ્મીને જ્ઞાનદાનાદિ સત્કાર્યમાં જોડવાથી અક્ષય ફલ જે મોક્ષ તે જરૂર મલી શકે છે.

મારા બાલ્યાવસ્થાના ધાર્મિક શિક્ષક સ્તંભતીર્થનિવાસી માસ્તર ઉમેદચંદ રાયચંદે આ ગ્રંથને કાળજી પૂર્વક શોધેલ છે. છતાં પણ છાપવાના દોષથી. અથવા અનુપયોગ ભાવથી સુધારવા રહી ગયેલા સ્થલોને શુદ્ધિપત્રક ઉપરથી સુધારો લેવા ભલામણ કરૂં છું. છેવટે

આ ગ્રંથના અધિકારિ તમામ જીવો ગ્રંથકારે વર્ણવેલા વીશે દ્વારોનો યથાર્થ ભાવ સમજી. પોતાની પ્રમાદને લઇને થતી ભૂલો, સુધારી માનવ જીવનને ઉચ્ચ કોટીમાં જોડી. ભોગતૃષ્ણાનો ત્યાગ કરી નિર્મલ સંયમની આરાધના કરી સચ્ચિદાનન્દ સ્વરૂપ મુક્તિ પદને પામે :એમ હાર્દિક નિવેદન કરી હવે હું આ ટુંક પ્રસ્તાવનાને સંક્ષેપી લઈશ.

## નિવેદક.

મુક્તિ માર્ગ દાયક આત્મોદ્ધારક મહા પરમોપકારી શિરોમણિ શ્રી ગુરૂ વિજયનેમિ સૂરીશ્વર ચરણકિંકર શ્રીમાન્ શાસ્ત્રવિશારદ

## કવિ દિવાકર મહોપાધ્યાય પદ્મવિજયગણી.

**आ पुस्तकनी आवकमांथो बीजा ग्रंथो छपाशे**

**आवृत्ति बीजो ∴ प्रत १०००**

**सं. १९९० : वीर सं. २४६० : सने १९३४**

**धी 'वीरविजय' प्रीन्टिग प्रेसमां शा. मणीलाल छगनलाले छाप्युं. कालुपुर, टंकशाळ : अमदावाद.**

# શુદ્ધિપત્રક.

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨- | ૬- | राः | रोः |
| ૨- | ૭ | या | यो |
| ,- | , | भाः | भोः |
| ૬- | ૩-૪ | કરે પૂર્વભવમાં સાધના જે ધર્મની તે પરભવે; પામેજ સ્હેજે અર્થને વલિ કામ ઇમ શ્રુત દાખવે" આ બે કડી કાઢી નાંખવી. ભૂલથી વધારે છપાઇ છે. | |
| ૬- | ૫- | મ | મં |
| ,- | , | લ | લે |
| ૬- | ૨૦ | ह | हु |
| ,- | ૨૪ | घ | घ |
| ૮- | ૪- | ધોવે | ધોવે |
| ૯- | ૧૧- | મુ | મૂ |
| ૧૦- | ૧૨ | ख्या | ख्यो |
| ૧૨- | ૧૨ | મમતાથી | મમતા વિગેરેથી |
| ૧૫- | ૧૮- | ૬ | ૦ વધારાનો '૬' છે |
| ૧૭- | ૯ | પુ | પૂ |
| ,- | ૧૯ | प्पै | ष्पै |
| ,- | , | ला | लो |
| ૧૮- | ૨- | જ | જે |
| ,- | ૬ | यु | सु |
| ૧૯- | ૧૨- | रूः | हः |
| ,- | ૧૫- | ब | वं |
| ,- | ૧૮ | प | प्र |
| ,- | ૨૦ | ૨૫ | ૨૫ૂ |

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ,– | ૨૧ | क्षभः | क्षमः |
| ૨૧– | ૨૧ | ज | ट |
| ૨૩– | ૧ | प्र | प्री |
| ૨૫– | ૪ | क्षु | क्षुः |
| ,– | ૧૮ | મ | મં |
| ૨૬– | ૪– | वु | बु |
| ,– | , | भा | भां |
| ,– | ૧૪ | मू | म् |
| ,– | ૧૧ | र्ले | र्ल |
| ૨૬– | ૧૬– | कर्णाः-तिथि | कर्णातिथि |
| ૨૮– | ૧૯ | વિષયાદિક | વિષાદિક |
| ૨૮– | ૨૦– | स्थाय | स्थापय |
| ૨૯– | ૭– | उत्थपथम् | उत्पथम् |
| ,– | ૧૩– | મિથ્યાત્વની બુદ્ધિનો—ખોટા | વિચારનો (ને) |
| ૨૯– | ૬ | तु | त् |
| ,– | ૧૨ | (ભણે) | (ધ્યાવે) |
| ,– | ૧૩ | અભ્યાસ કરે છે | અભ્યાસ કરે (ભણે) છે |
| ૩૦– | ૬– | रा | रो |
| ,– | ७– | स्व | स्व |
| ,– | ૯ | च्चियता | च्येतां |
|  | ૧૧– | ના | નો |
|  | ૧૫– | काणाम | काणाम् |
| ૩૩– | ૫– | ठया | ठ्या |
| ૩૯– | ૪– | रुग पगमम् | रुगपगमम् |
| ,– | ૧૨– | तू | त् |
| ,– | ૧૬– | કુ લે | કુલે |

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૫ | ૧૭– | દેવતા | દેવો |
| ૪૭– | ૮ | तू | तृ |
| ૪૯– | ૧– | ધા | ઘા |
| ,– | ૬ | પદાર્થ લેતો | પદાર્થ માલીકની રજા શિવાય લેતો |
| ,– | ૯ | ધા | ઘા |
| ,– | ૧૦– | પુરૂષને સેવે છે. | પુરૂષની પાસે આવે છે. |
| ૪૯– | ૧૧– | અદત્તના | ચોરીના |
| ,– | ૧૪– | ता | तं |
| ,– | ૧૬ | द्रा | द्री |
| ,– | ૧૮– | ધન | ધન ( ચોરી ) |
| ૫૦– | ૧૨– | દ્ ય | દ્ય |
| ૫૧– | ૪– | માં | ના |
| ૫૧– | ૨૩– | ક્રા | કાં |
| ૫૨– | ૧૮– | कूर्च | कूर्चं |
| ,– | ૧૧– | ના | રૂપ |
| ,– | ૧૨ | ને | માં |
| ,– | ૧૩– | આપ્યો | સળગાવ્યો |
| ૫૩– | ૧૨– | અને | અથવા |
| ૫૪– | ૧૨ | પાસે | પાસે (મદદ) |
| ,, | ૨૩ | વૃદ્ધિપામે | વધે |
| ,, | ,, | સહાય્ય | મદદ |
| ૫૫– | ૧ | વિસ્તાર પામે | ફેલાય |
| ,,– | ,,– | પોષણ (વૃદ્ધિ) પામે | વધે છે |
| ,,– | ૧૯– | થે | ઘે |
| ૫૬– | ૧– | પ્રશંસાનો વિસ્તાર કરે | પ્રશંસાને ફેલાવે |

| પૃ૦ પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૫૬– ૬ | ता | तो |
| ,– ૧૪ | પ | પં |
| ૫૮– ૪– | કમલિનીયો | પોયણીઓ |
| ,– ૮ | પીડા કરતો | પીડા કરતો (તોડી નાંખતો) |
| ૫૮—૨૧— | ન | ને |
| ૫૯— ૩— | લા | લી |
| , — ૭— | કમલિનીઓને | પોયણીઓને |
| , — ૮— | ,, | ,, |
| , —૨૨— | ૧ ૨ ૩ ૪ ૫<br>ધન—ધાન્ય—ક્ષેત્ર—ઘર—રૂપું<br>૬ ૭ ૮ ૯<br>—સોનું—તાંબુ પિતળ—દ્વિપદ–ચતુષ્પદ | |
| ૬૦—૨૨— | પ્રીતિ | પ્રેમ |
| ૬૧—૧૪— | धि | धी |
| , —૧૯— | हि | रि |
| , —૨૧ | म | म् |
| ૬૨—૧૭— | स्ति | स्ति |
| ૬૩— ૩ | म | म् |
| , — ૪ | याति— | જાય છે |
| | आत्मा— | જીવ– |
| ૬૪— ૨— | ना | नो |
| ૫— | क्रा | क्रो |
| ,— | ताम् | ताम् ॥ ૭૫ ॥ |
| ૧૨— | ઉત્પન્ન કરવામાં | ઉપજાવવામાં |
| ૬૫— ૫— | મદ્યનો | દારૂનો |
| , — ૬ | मित्र | ભાઈબંધ |

| પૃ૦ પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૬૫— ૬ | સર્પ | સાપ |
| ,— ૮— | વિષવૃક્ષની | ઝેરીઝાડની |
| ૬૫— ૯— | ઉચ્છેદ | નાશ |
| ,—૧૩— | जा | जो |
| ,—૧૬— | ફળ આપે છે | (ફળ) આપે છે |
| ,—૧૮ | વૃક્ષ | ઝાડ |
| ,—૧૯ | ચરિત્ર | ચારિત્ર |
| ૬૬— ૨— | ભસ્મપણાને | રાખ જેવા સ્વરૂપને |
| ,—૧૦ | ઘે | દ્યે |
| ,—૧૨— | પંક્તિ | શ્રણિ |
| ,—૧૪— | મોક્ષને | મોક્ષ રૂપિ ફલને |
| ,—૧૮ | કારણ આગળના શ્લોકની અવતરણા છેઃ— (આની જરૂર નથી) ભૂલથી છપાયું છે. | |
| ,—૨૨— | तिं | तिं |
| ૬૮— ૮— | का | की |
| ,—૨૩— | ક્લેશ આપે છે | ક્લેશ આપે (ઢાંકે, હણે) છે |
| ,—૨૫— | વા | વી |
| ૬૯— ૧— | વૃક્ષને | ઝાડને |
| ,— ૨— | જિન | નિજ |
| ,—૧૨ | ક્લેશ પમાડે છે | ક્લેશ પમાડે (દબાવે) છે |
| ,—૧૭ | વો | વા |
| ૭૩—૧૨— | હાથીની જેમ | હાથી જેમ |
| ૭૪—૧૬— | मा | मो |
| ૭૫— ૭— | ० | तं-ते |
| ૭૬—૧૦— | सत्यसूर्य— अस्तसंध्याम् | સત્યરૂપિ સૂરજને અસ્ત (દૂર) કરવાને સાંઝ જેવી |

| પૃ૦ પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૭૬—૧૦— | नी | नीं |
| ૭૭—૧૦— | કમલ પુષ્પને | કમલ પુષ્પને (બાળવાને) |
| | હિમ સમાન | હિમના સમૂહ જેવી |
| ,, —૧૬ | પ્રત્યેને | ને |
| ,, —૧૯— | આચરે | કરે |
| ૭૮— ૧— | નું | ના |
| ,, — ૫— | થા | થી |
| ,, —૧૫— | ला | लो |
| ,, —૨૦ | ह | हृ |
| ૮૦— ૨— | જીર્ણ થાય | જીર્ણ થાય (રહે) |
| ,, —૧૬— | પચતું | પચતું (રહેતું) |
| ૮૧— ૨— | हू | हु |
| ,, — ૫— | ल्ला | ल्लो |
| ૮૪—૧૨ | घ | ध्र |
| ૮૫—૧૫— | मे | मे |
| ૮૬—૨૦— | છે | ૦ |
| ૯૧— ૧ | ात | ति |
| ૯૩— ૯ | द्व | द्व |
| ૯૪—૧૯— | સંતોષને | ઉત્સાહને |
| ૯૫— ૫— | સંતોષ | ઉત્સાહ |
| ,, —૧૨— | ,, | ,, |
| ૯૬— ૪— | षा | स्मा |
| ,, — ૯— | ज्ञो | ज्ञी |
| ૯૭—૨૦— | નિર્ગુણિયોની | નિર્ગુણિજનોની |
| ૯૮—૧૩— | (   ) | ૦ |
| ૯૯—૨૪— | ૮ | ૮ |

| પૃ૦ પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૦૧—૫— | િદ | દ્ધિ |
| ,, —૧૩ | અકાર્યોને વિષે મતિ ધારણ કરે છે | અકાર્યો કરવાની ઇચ્છા કરાવે છે |
| ૧૦૩— ૫- | જેવા એવોજે ઈંદ્રિયોનો સમૂહ તેને | જેવા ઈંદ્રિયોના સમૂહને |
| ,, — ૬- | પરાજય કરવાનું | જીતવાનું |
| ૧૦૪-૧૬- | ચાલનાર | ચલાવનાર |
| ,, — ,, | વર્ત્તનારો | વર્ત્તાવનારો |
| ,, — ૧૭ | જનારો | લઇ જનારો |
| ૧૦૬- ૯- | रा | रो |
| ૧૦૭—૧૪— | અવતરણ | હવે ધનને ઇચ્છનારનું જીવન જણાવે છે. |
| ૧૦૯— ૧- | ,, | હવે ગ્રંથકાર લક્ષ્મીનો સ્વભાવ જણાવવા પૂર્વક સદુપયોગ કરવા ભલામણ કરે છે. |
| ૧૦૯—૧૨- | र्गा | र्गा |
| ,, —૧૪ | કાંટા વડે | કાંટા (શત્રુ) વડે |
| ૧૧૦—૫— | િધ | ધિ |
| ૧૧૧—૧૬— | દ્રવ્ય | દ્રવ્ય (ઉપકરણાદિ) |
| ,, —૨૦— | િધ | ધિ |
| ૧૧૨— ૭— | द्र यं | द्रयं |
| ૧૧૩— ૩— | यः | याम् |
| ૧૧૪— ૨ | मोः | मीः |
| ,, ૭ | ति | तिः |
| ૧૧૫— ૫— | श्रा | श्रीः |
| ,, — ૬ | ार | रि |

| પૃ૦ પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૧૬—૧૪ | धे | घे |
| ,—૧૮ | ।ध | धि |
| ૧૧૭— ૪ | हे | ह |
| ,— ૫ | र्द | र्हू |
| ૧૧૮— ૮ | ।ध | धि |
| ,—૨૩- | ध्यं | द्यं |
| ૧૨૦—૨૨- | બા | બી |
| ૧૨૧ – ૪— | भा | भो |
| ૧૨૨—૨૫— | भा | भो |
| ૧૨૩—૧૦ | भोः | भौ |
| ૧૨૯—૧૨— | धू | धू |
| ૧૩૧— ૪— | ( બાળે ) | ૦ |
| ૧૩૬— ૪— | न | ने |
| ૧૩૭—૧૬— | पू | पू |
| ,—૨૬— | ति | र्ति |
| ૧૩૮— ૬— | का | की |
| ૧૪૦—૧૫— | मां | मो |
| ,—૧૯— | त्तवा | क्त्वा |
| ૧૪૧—૨૦— | रा | रो |
| ૧૪૪—૨૬ | કવિતા | ટીકા |

સમાપ્ત.

॥ मुक्तिमार्गदायकात्मोद्धारक श्रीमद् गुरुभ्यो नमः ॥

परमोपकारि पूज्यपाद तपोगच्छाधिपति आचार्य श्रीमद् विजय-
नेमि सूरीश्वर विनेयाणु शास्त्रविशारद कवि दिवाकर-
महोपाध्याय श्री पद्मविजयगणि प्रणीत.

# सिंदूरप्रकर छन्दोबद्ध गूर्जरभाषानुवादः—

( मंगलाचरण ). हरिगीत छंद.

જસધ્યાન આપે સિદ્ધિને સવિ કાર્યની પાયક સદા,
નૃપ મોહના પંઝા થકી શ્રી સિદ્ધચક્ર થુણી સદા;
નાભેય પ્રભુ શ્રી શાંતિનેમિ પાસ સિરિ મહાવીરને;
પ્રણુમી પ્રણયથી પંચને ચિત્તે ધરીને ધ્યાનને. ૧

શ્રુત યોગની સંપદ તણા દાયક પરમ ઉપકારકા,
ભંડાર સદ્ગુણ રયણના પ્રભુ શાસનોન્નતિકારકા,
ગુરૂ નેમિસૂરીશ ચરણને સમરી તથા વંદન કરી,
સિંદૂર પ્રકરતણો સરલ વરભાવ વદું કવિતા કરી. ૨

## ॥ अथ श्री सिन्दूर प्रकरः ॥

### मूल ग्रंथ-कर्त्ता मंगल करे छे.

( शार्दूलविक्रीडितवृत्तम् )

सिंदूर[2]प्रकरस्तपःकरिशिरःक्रोडे[1] कषायाऽटवी,-
दावार्चिर्निचयः[3] प्रबोधदिवसप्रारंभसूर्योदयः[4] ।
मुक्तिस्त्रीकुचकुंभकुंकुमरसः[5] श्रेयस्तराः[6] पल्लव-
प्रोल्लासः[7] क्रमयो[9]र्नखद्युतिभरः[10] पार्श्व[8]प्रभाः पातु[12] वः[11] ॥१॥

श्लोक शब्दानामर्थः प्रारभ्यते.

॥ श्लोक १ ॥

सिन्दूर प्रकरः સિન્દૂના સમૂહ જેવો
तपः करि તપરૂપી હાથીના
शिरः क्रोडे મસ્તકના મધ્ય ભાગે
कषाय अटवी કષાયરૂપી જંગલમાં
दावार्चिर्निचयः દાવાનલના સમૂહ જેવો
प्रबोधदिवस प्रारंभ-જ્ઞાનરૂપી દિવસને ઉગાડવા
सूर्योदयः સૂર્યના ઉદય સરખો
मुक्ति स्त्री મુકિત રૂપી સ્ત્રીના
कुच कुम्भ સ્તનરૂપી કળશને વિષે
कुंकुमरसः કંકુ(કેસર)ના રસ જેવો
श्रेयस्तरोः કલ્યાણરૂપી વૃક્ષના
पल्लव प्रोल्लास અંકુરના ફણગા જેવો
क्रमयोः બે ચરણના
नखद्युतिभरः નખોની કાન્તિનો સમૂહ
पार्श्वप्रभोः પાર્શ્વપ્રભુના
पातु રક્ષણ કરો
वः તમોને

કુંભસ્થલે તપરૂપ કરિના પુંજસમ સિંદૂરના,
છે જેહ-વલિ ક્રોધાદિરૂપ અરણ્યને પણ બાલવા;

દાવાગ્નિની જ્વાલા તણા જત્થા તણી જેવા સહી,
રવિ ઉદયની સમ નાણુદિન પ્રગટાવવાને જે અહીં. ૧
જે મુક્તિરૂપ નારી તણા કુચ રૂપ કલશ દીપાવવા,
કુંકુમ તણા રસની સમા કલ્યાણ તરૂ નિપજાવવા;
[3]નવ પાંદડાંની જેહવો તે પાર્શ્વ પ્રભુના ચરણની,
નખ કાંતિનો સમુદાય તમને [4]રક્ષજો ભવજલ તરી. ૨

**અર્થઃ**—તપરૂપી હસ્તીના કુંભસ્થલને વિષે સિંદૂરના[1] સમૂહ સમાન, કષાયરૂપી[2] અટવીને બાળી નાંખવાને અગ્નિના સમૂહ સમાન, જ્ઞાનરૂપી દિવસને ઉગાડવામાં સૂર્યના ઉદય સમાન, મુક્તિરૂપ સ્ત્રીના કુચકુંભ (સ્તનરૂપ ઘડા) ને વિષે —અથવા--**मुक्तिस्त्रीवदनैककुंकुमरसः**-એવો પણ પાઠ છે, તેથી મુક્તિરૂપ સ્ત્રીના મુખકમલને વિષે કુંકુમના લેપ સમાન, અને કલ્યાણરૂપી વૃક્ષના નવપલ્લવ (નવા અંકુરા)નું ઉત્પત્તિ-સ્થાન, એવો શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણના નખનો કાંતિ-સમૂહ તમારૂં રક્ષણ કરો.

હવે ગ્રંથકર્ત્તા સજ્જન પુરૂષોને વિનંતિ કરે છે.

**संतः संतु मयि प्रसन्नमनसो वाचां विचारोद्यताः**
**सूतेऽम्भः कमलानि तत्परिमलं वाता वितन्वंति यत् ।**
**किंवाभ्यर्थनयानया यदि गुणोऽस्त्यासां ततस्ते स्वयं,**
**कर्त्तारः प्रथनं न चेदथ यशःप्रत्यर्थिना तेन किम् ?॥२॥**

---

૧. નખનો કાંતિસમૂહ રાતો હોવાથી તેને સિંદૂરના સમૂહની ઉપમા આપેલી છે. ૨ ક્રોધ, માન માયા, અને લોભ. ૩ નવાં. ૪ બચાવજો.

॥ श्लोक २ ॥

सन्तः સજ્જન પુરૂષો
सन्तु હો
मयि મારી ઉપર
प्रसन्न मनसः પ્રસન્ન મનવાળા
वाचाम् વાણી(યો)નો
विचारोद्यताः વિચાર કરવામાં તત્પર એવા
सूते ઉત્પન્ન કરે છે
अंमः પાણી
कमलानि કમળો
तत्, परिमलम् તે કમળોના સુગંધને
वाताः વાયરાઓ
वितन्वंन्ति, यत् જે કારણ માટે વિસ્તાર કરે છે.
किंवा અથવા શું
अभ्यर्थनया પ્રાર્થનાથી
अनया આવા પ્રકારની
यदि, गुणः, अस्ति જોગુણ છે
आसां વાણીનો (માં)
ततः તે, स्वयम् તો, તે પો
कर्त्तारः કરનારા થશે.
प्रथनम् પ્રસિદ્ધીને
नचेत् જો ગુણ નહિ હોય તો
यशःप्रत्यर्थिना યશના શત્રુરૂપ
तेन किम् તે પ્રસિદ્ધિથી શું ?

કવિ લોકના સારા તથા નરસા વચનના જાણતા,
તે પ્રવર પુરૂષો ઉપર મારી રાખજો સુપ્રસન્નતા,
જલ જેમ નિપજાવે કમલને પવન ફેલાવે સદા;
તસ ગંધને તિમ કવિ બનાવે ગ્રંથ સજ્જનગણ તદા. ૧
વિસ્તાર કરતા તેહનો વા કામની શું પ્રાર્થના,
ફેલાવશે તે વિણ કહ્યા ગુણ પારખીને તેહનાઃ
હોશે નહિ જો એક ગુણ તો વાણીના વિસ્તારથી;
શો લાભ કારણ યશ ન હોવે તેહથી ખોટું નથી. ૨

અર્થઃ—કવિઓની વાણીના સારા નરતા વિચારને વિષે સાવધાન એવા સંત પુરૂષો મ્હારા ઉપર પ્રસન્નચિત્તવાળા થાઓ કારણ કે જળ તો કમલોને ઉત્પન્ન કરે છે, પરંતુ તેમની સુગંધનો વિસ્તાર કરનાર તો પવનજ હોય છે. અથવા

મ્હારે તે (સજ્જનોને) આવી પ્રાર્થના કરવાની શી જરૂર છે! એટલે કંઈ જરૂર નથી કારણ કે જો આ (મ્હારી વાણી) માં ગુણ હશે, તો તે (સજ્જનો) પોતેજ વિસ્તારને કરશે; નહિ તો યશના વૈરી[1] સમાન એવા એ વિસ્તારે કરીને શું? અર્થાત્ કાંઈ નહીં.

હુવે ગ્રંથકર્તા આગમને અનુસારે ધર્મોપદેશ આપે છે.

( उपजातिवृत्तम् )

१ २ ३ ४ ६ ७ ५

त्रिवर्गसंसाधनमंतरेण, पशोरिवायुर्विफलं नरस्य ।

८ ९ १० ११ १२ १७ १५ १३ १८

तत्राऽपि धर्म्मं प्रवरं वदंति, न तं विना यद्भवतोऽर्थकामौ ॥

॥ श्लोक ३ ॥

त्रिवर्ग धर्म, अर्थ, नेकामना

संसाधनम् ઉત્તમ સાધન

अन्तरेण વિના

पशोः इव પશુની પેઠે

आयुः विफलम् આયુષ નિ-ષ્ફલ છે

नरस्य માણુસનું

तत्र, अपि તેમાં પણ

धर्म्मम् ધર્મને

प्रवरम् શ્રેષ્ટ

वदन्ति બોલે છે

न નહિ

तं, विना તે ધર્મ વિના

यत् શાથી કે

भवतः થાય છે ( મળે નહી )

अर्थकामौ અર્થ અને કામ

ધુર ધર્મ બીજો અર્થ ત્રીજો કામ ચોથો મોક્ષ એ,
છે ચાર વર્ગો હાલ ભરતે ના સધાયે મોક્ષને;
ત્રણ વર્ગને સાધ્યા વિનાનું નરતણું જીવિત કહ્યું,
પશુના સમું તેમાંહિ ઉત્તમ ધર્મ ઈમ પ્રભુએ કહ્યું. ૧

---

૧. યશનો નાશ કરનાર.

તે ધર્મને સાધ્યા વિના નહિ અર્થને વલિ કામને,
પામે કદી તે કારણે ઉત્તમ કહ્યો છે ધર્મને;
કરે પૂર્વ ભવમાં સાધના જે ધર્મની તે પરભવે,
પામેજ સ્હેજે અર્થને વલિ કામ ઇમ શ્રુત દાખવે;
સુંદર બનાવો જેહ જગમાં તેહ ધર્મ બલ કરી,
ઝટ સંપજે ઇમિ નિશ્ચયે આરાધ તે તું ફરી ફરી. ૨

અર્થ:—ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગના સાધન વિના મનુષ્યનું આયુષ્ય પશુના આયુષ્યની માફક નિષ્ફળ છે, તે ત્રણને વિષે પણ પ્રભુ ધર્મને શ્રેષ્ઠ કહે છે; કારણ કે, તે (ધર્મ) વિના અર્થ અને કામ મેળવી શકાતાં નથી.

હવે નરભવનું દુર્લભપણું જણાવે છે.

( इन्द्रवज्रावृत्तम् )

१ ६ ३ ४ ५
यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं,
८ ९ ७ १० २
धर्मं न यत्नेन करोति मूढः ।
१२ ११ १३ १६
क्लेशप्रबंधेन स लब्धमब्धौ,
१४ १७ १५
चिंतामणिं पातयति प्रमादात् ॥ ४ ॥

॥ श्लोक ४ ॥

यः જે માણસ
प्राप्य મેળવીને
दुष्प्राप्यम् દુઃખે કરી મલી શકે એવું
इदम्. नरत्वम् આ મનુષ્યપણાને
धर्म्मम् ધર્મને
न, यत्नेन करोति નથી, પ્રયાસવડે કરતો
मूढः મોહ પામેલો માનવી
क्लेश प्रबंधेन દુઃખની પરંપરાવડે
सः તે માણસ
लब्धम् મેળવેલા
अब्धौ સમુદ્રમાં
चिन्तामणिम् ચિન્તામણી રત્નને
पातयति ગુમાવે છે (પાડે છે)
प्रमादात् આળસથી

જે ભૂરિ મ્હેનતથી મળે માનવપણું તે પામિને,
ઉત્તમ વિવેકે જેહ ના આરાધતો જિન ધર્મને,
તે અધિક કષ્ટો વેઠીને લાધેલ રત્ન ગુમાવતો;
પાડી સમુદ્રે જેમ બ્રાહ્મણ તેમ જીવ તું ના થતો. ૧

અર્થઃ—દુઃખે પ્રાપ્ત થઈ શકે તેવું મનુષ્યપણું પામીને જે મૂઢ પુરૂષ ઉદ્યમથી ધર્મ કરતો નથી, તે ઘણી મહેનતે પ્રાપ્ત કરેલા ચિંતામણિ (રત્ન) ને આળસથી સમુદ્રને વિષે નાંખી દે છે. (નાંખવા જેવું મૂર્ખતા ભરેલું કામ કરે છે.) હવે મનુષ્યભવને ફોગટ ગુમાવનાર જીવ કેવો હોય તે કહે છે.

( मन्दाक्रान्तावृत्तम् )

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते,
पीयूषेण प्रवरकरिणं वाहयत्यैंधभारम् ।
चिंतारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थं,
यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥५॥

॥ श्लोक ५ ॥

स्वर्ण स्थाले સોનાના સ્થાળમાં
क्षिपति નાંખે છે
सः તે માણસ
रजः ધૂળ
पादशौचम् પગની પવિત્રતા
विधत्ते કરે છે
पीयूषेण અમૃતવડે
प्रवर करिणं ઉત્તમ હાથીની પાસે
वाहयति ઉપડાવે છે.
ऐंन्धभारम् લાકડાંના ઢગલાને
चिन्तारत्नम् ચિંતામણીને
विकिरति ફેંકે છે
करात् હાથ થકી
वायस उड्डायनार्थम् કાગડાને ઉડાવવા માટે
यः જે માણસ
दुष्प्रापम् દુઃખે મલી શકે એવું
मुधा ફોગટ
गमयति ગુમાવે છે
मर्त्यजन्म મનુષ્ય દેહ
प्रमत्तः પ્રમાદી

યોનિ તણા ચક્રે ભમંતા જેહ મોટા કષ્ટથી,
નરજન્મ પામી બદ્ધ થઇને ઘોર પંચ પ્રમાદથી;
ફોગટ ગુમાવે તેહ પ્રાણી થાલમાં સોના તણા,
ધૂલને ઠવે નિજ પાદ ધોવે પાણિથી અમૃત તણા. ૧
જે બારણે બાંધેલ પણ શોભા હિયે તે હાથીની,
દ્વારા મગાવે લાકડાં બુદ્ધિ ગઇ ક્યાં તેહની,
ચિંતામણિને હાથથી ફેંકી ઉડાવે કાકને,
આ વ્યાજબી નહિ તેમ ચેતન ! સેવવો ન પ્રમાદને. ૨

અર્થઃ—જે માણસ દુઃખે પામવા યોગ્ય એવા આ મનુષ્યભવને પ્રમાદનેα વશ થઈ ફોગટ, ગુમાવે છે. તે માણસ સોનાના થાળને વિષે રજ (ધૂળ) નાંખે છે. અમૃતથી પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથીની પાસે લાકડાંનો ભાર ઉપડાવે છે, અને કાગડાને ઉડાડી મૂકવા માટે હાથમાંથી ચિંતામણિ રત્નને ફેંકી દે છે. (આ કામના જેવું પ્રમાદ સેવન એ મૂર્ખનું કામ છે.)

હવે જે સંસારના વિષયસુખને માટે ધર્મનો ત્યાગ કરે છે, તેનું મૂર્ખપણું બતાવે છે.

( शार्दूलविक्रीडित वृत्तम्. )

८ १२ १३ ९ ११ १०
तै धत्तूरतरुं वपंति भवने प्रोन्मूल्य कल्पद्रुमं,
१६ १७ १८ १९ १४ १५
चिंतारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।
२३ २२ २१ २५ २० २४
विक्रीय द्विरदं गिरींद्रसदृशं क्रीणंति ते रासभं,
१ ३ ५ ४ २ ७ ६
ये लब्धं परिहृत्य धर्म्ममधमा धावंति भोगाशया ॥६॥

---

૧. મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.

॥ श्लोक ६ ॥

ते તે માણસો
धत्तूरतरुम् ધંતુરાનું ઝાડ
वपन्ति વાવે છે
भवने મકાનમાં
प्रोन्मूल्य ઉખેડીને
कल्पद्रुमम् કલ્પવૃક્ષને
चिन्तारत्नम् ચિંતામણિને
अपास्य તજીને
काचशकलम् કાચના કકડાને
स्वीकुर्वते સ્વીકાર કરે છે
ते, जडा: તે મૂર્ખાઓ
विक्रीय વેચીને
द्विरदम् હાથીને
गिरीन्द्र; सद्दशम् મેરૂ પર્વત જેવા
क्रीणन्ति ખરીદે છે
ते તે મૂઢ માણસો
रासभम् ગધેડાને
ये જે મૂઢ માણસો
लब्धम् મેળવેલા
परिहृत्य છોડી દઇને
धर्म्मम् ધર્મને
अधमा: મુર્ખાઓ
धावन्ति દોડે છે
भोग आशया ભોગની ઇચ્છાએ

ઇચ્છાવશે ભોગો તણી પામેલ જિનના ધર્મને,
છોડી નરા—જે વિષય કાજે દોડધામ કરે મને;
તે ઘર વિષે પોતાતણા વાવેલ સુર તરૂને ખણી,
છે રોપનારા ઝાડને ધત્તૂરના મતિને હણી. ૧
ચિંતામણિ તજીને અરે તે કાચનો કડકો ગ્રહે,
વેચી અમરગિરિના સરીખા હાથિને ખરિદી કરે;
ગર્ભદ તણી ઘટના ઇહાં ભોગો ધત્તૂરાના સમા,
છે કલ્પતરૂ સમ ધર્મ પ્રભુનો જાણ ઇમ પર ઉપમા. ૨

અર્થઃ—જે મૂર્ખ પુરૂષો પ્રાપ્ત થએલા ધર્મનો ત્યાગ કરીને ભોગની ઇચ્છાથી દોડધામ કરે છે, અર્થાત્ વિષયોમાં પ્રવર્ત્તે છે, તે મૂર્ખ પુરૂષો પોતાના ઘરને વિષે ઉત્પન્ન થએલા કલ્પવૃક્ષને ઉખેડી નાંખીને ધંતુરાના વૃક્ષને વાવે છે; (વાવવા

જેવું કામ કરે છે); તે જડબુદ્ધિવાળા પુરૂષો (ચંતામણિ રત્નને ફેંકી દઈને કાચનો કડકો ગ્રહણ કરે છે, અને મેરૂ પર્વત સમાન ઉંચા હસ્તીને વેચી દઈને ગધેડાને ખરીદ કરે છે. (જેમ આવું કામ-મૂર્ખ કરે તેમ ભોગને ચાહે તે મૂર્ખ કહેવાય.)

હવે મનુષ્યજન્મનું તેમજ ધર્મસામગ્રીનું દુર્લભપણું દર્શાવી ભોગતૃષ્ણાને આધીન થઈ ધર્મની આરાધનામાં બેદરકારી રાખનાર જીવ કેવો હોય તે બતાવે છે.

( शिखरिणीवृत्तम् )

३ ४ ५ ६ ८ ७
अपारे संसारे कथमपि समासाद्य नृभवं,
१० ९ १ ११ २
न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।
१६ १५ १६ १७ १९ १८
बुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं,
१४ १३ १२ २० २१ २२
स मुख्या मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥ ७ ॥

॥ श्लोक ७ ॥

अपारे અગાધ
संसारे સંસારમાં
कुर्यात् કરે
विषयसुख વિષયનાં સુખની
तृष्णा तरलितः તૃષ્ણા થકી ચલાયમાન
बुडन् ડુબતો
पारावारे સમુદ્રમાં
प्रवरम् ઉત્તમ
अपहाय તજીને
कथम् अपि મહા કષ્ટે
समासाद्य મેળવીને
नृभवम् મનુષ્યભવને
न, धर्मं, यः નહિ, ધર્મને, જે
प्रवहणम् વહાણને
सः તે માણસ
मुख्यः પ્રથમ
मूर्खाणाम् મૂર્ખાઓમાં
उपलम् પાષાણને
उपलब्धुम् મેળવવાને
प्रयतते યત્ન કરે છે (મથે છે)

છે પાર નહિ જસ તેહ ભવમાં પામિને બહુ કષ્ટથી
આ મનુજભવને જેહ ધારી વિષય સુખ અભિલાષથી;
વ્યાકુલ બનીને ધર્મ ન કરે તેહ મૂર્ખ શિરોમણી,
બુડતો સમુદ્ર વિષે તજી વર વ્હાણને પાષાણની. ૧
ગ્રહણ ક્રિયાને આદરે ના તેહવું જ્ઞાની કરે,
ઉપનય સમજજે તું સમુદ્રસમાન ભવ આ છે ખરે;
છે વ્હાણ જિનનો ધર્મ પત્થર જેહવા શબ્દાદિને,
જાણી ભરોસો રાખ નહી તેઓ તણો હું કહું તને. ૨

અર્થ:—જે માણસ આ અનંત સંસારને વિષે મહાકષ્ટે મનુષ્યભવ પામીને વિષયસુખની[૧] તૃષ્ણાથી વ્યાકૂલ થઈ, ધર્મ કરતો નથી, તે મૂર્ખ શિરોમણિ સમુદ્રને વિષે બૂડતો છતો ઉત્તમ વહાણને તજી દઈ પત્થરને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે. (તેવું મૂર્ખના જેવું કામ કરનાર સમજવો)

હવે આ ગ્રંથમાં જે જે ઉપદેશદ્વારો કહેવાના છે તે કહે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

११ ६ ७ ८ १० ९
भक्तिं तीर्थकरे गुरौ जिनमते संघे च हिंसाऽनृत-
१२ १३ १४
स्तेयाब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ।
१५ १६ १७ १८ १९ २०
सौजन्यं गुणिसंगमिंद्रियदमं दानं तपो भावनां,
२२ २१ १३ २ १ ५ ३ ४
वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गंतुं मनः ॥८॥

૧. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ.

|| श्लोक ८ ||

| | |
|---|---|
| भक्तिम् ભક્તિને | जयम् જીતને |
| तीर्थकरे તીર્થંકરમાં | सौजन्यम् સુજનતાને |
| गुरौ ગુરૂને વિષે | गुणि संगमम् સદ્‌ગુણીયોના સંગને |
| जिनमते જીનેશ્વરના મતમાં | इन्द्रिय दमम् ઇન્દ્રીયોને કબજે રાખવી |
| संघे સંઘમાં | दानम् દાન |
| हिंसा હિંસા | तपः તપ |
| अनृतम् અસત્ય | भावनाम् ભાવનાને |
| स्तेय ચોરી | वैराग्यम् વૈરાગ્યને |
| अब्रह्म શીલ નહિ તે | कुरुष्व કર |
| परिग्रह आदि સ્ત્રી, ધન વિગેરેની મમતાથી | निर्वृतिपदे મોક્ષ સ્થાનમાં |
| उपरमम् અટકવું | यदि, अस्ति જો, છે |
| क्रोध आदि अरीणां ક્રોધ વિગેરે શત્રુઓની | गन्तुम् જવાને |
| | मनः મન |

જો મોક્ષ જાવા તાહરૂં મન જીવ—તો—કરજે મુદા,
ભક્તિ પ્રભુ ગુરૂરાજ જિનમત પૂજ્ય સંઘ તણી સદા,
હિંસા અને જુઠ છોડ ચોરી કર ન શીલને પાલજે,
પરિગ્રહ તજી ક્રોધાદિ અરિ બલ આત્મબલથી જીતજે. ૧
તું ધાર મૈત્રીભાવ ગુણિનો સંગ કર દમ કરણને,
દે દાન તપકર ભાવનાને ભાવજે વૈરાગ્યને;
ધર જાણીને ક્ષણ ભાવ ભવભાવો તણો નિશ્ચલપણે,
ગર્ભિતપણે ઇમ વીશ દ્વારો સૂચવ્યા શ્રી કવિયણે. ૨

અર્થઃ—હે ભવ્યજનો ! જો તમારી મોક્ષપદ પામવાની ઇચ્છા હોય તો ૧ શ્રી તીર્થંકર મહારાજા ૨ ગુરૂ; ૩ જીનશાસન અને ૪ સંઘ—એ ચારેની તમે ભકિત કરો; ૫

હિંસા, ૬ અસત્ય, ૭ ચોરી, ૮ મૈથુન, અને ૯ પરિગ્રહ-એ પાંચનો ત્યાગ કરો; વળી ૧૦ ક્રોધ, ૧૧ માન, ૧૨ માયા અને ૧૩ લોભ—એ ચાર શત્રુઓને જીતો. ૧૪ (સર્વ જીવને) વિષે મૈત્રીભાવ (મિત્રતા) કરો, તથા ૧૫ ગુણવાન જનોની સોબત, ૧૬ પાંચે ઇન્દ્રિયોનું દમવું. ૧૭ (પાત્રને વિષે) દાન, ૧૮ તપશ્ચર્યા, ૧૯ શુભભાવ અને ૨૦ સંસાર-થકી વિરકતભાવ (વૈરાગ્ય) એટલાં વાનાં કરો.

**હવે પ્રથમ ચાર કાવ્યોથી તીર્થંકરભક્તિદ્વાર વર્ણવે છે.**

૪ ૫ ૬ ૭ ૯ ૮
**पापं लुंपति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,**
૧૦ ૧૨ ૧૩ ૧૫ ૧૪ ૧૧
**पुण्यं संचिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।**
૧૬ ૧૭ ૧૯ ૧૮ ૨૧ ૨૦
**सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,**
૨૨ ૨૩ ૨૫ ૨૪ ૨૬ ૩ ૧ ૨
**स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥१॥**

॥ श्लोक १ ॥

पापम् પાપને
लुम्पति દૂર કરે છે.
दुर्गतिम् નરક ગતિને
दलयति દળી નાંખે છે
व्यापादयति નાશ કરે છે
आपदम् આપત્તીનો
पुण्यम् પુણ્યનો
संचिनुते સંગ્રહ કરે છે
श्रियम् લક્ષ્મીને
वितनुते વિસ્તારે છે
पुष्णाति પુષ્ટ કરે છે
नीरोगताम् નીરોગીપણાને
सौभाग्यम् સૌભાગ્યપણાને
विदधाति કરે છે
पल्लवयति વિસ્તાર કરે છે
प्रीतिम् પ્રેમને
प्रसूते ઉત્પન્ન કરે છે
यशः કીર્તિને
स्वर्गम्, यच्छति સ્વર્ગને આપે છે
निर्वृतिम्, रचयति મોક્ષ પમાડે છે
अर्चा પુજા
अर्हताम् અરિહન્તોની
निर्मिता કરેલી

હે ભવ્ય જીવો આદરો પૂજન પ્રભુનું ભાવથી,
દૂરે કરે જે પાપ ન લહે દુર્ગતિને જેહથી,
આપત્તિનો સંહાર કરતું પુણ્યની વૃદ્ધિ કરે,
લક્ષ્મી તણો વિસ્તાર કરતું રોગ સઘલા સંહરે. ૧
લોકે પ્રશંસાને કરાવે પ્રેમ ઉપજાવે ખરે,
યશને વધારે સ્વર્ગ આપે જીવને નિર્મલ કરે,
હે ભાઇ સમજી એમ પૂજા સાત્વિકી કરજે મુદા,
ને રાજસીને તામસી પૂજા ન આદરજે કદા. ૨

અર્થઃ—અરિહંત ભગવંતની કરેલી ભાવપૂજા પાપને દૂર કરે છે. દુર્ગતિનું નિવારણ કરે છે. આપત્તિનો (દુઃખનો) વિનાશ કરે છે, પુણ્યને વધારે છે. લક્ષ્મીનો વિસ્તાર કરે છે. આરોગ્યતાનું પોષણ કરે છે (શરીરે સુખી રાખે છે). સર્વજનોને વિષે પ્રશંસા પમાડે છે. પ્રીતિ ઉત્પન્ન કરે છે. અને યશને વધારે છે, તેમજ દેવતાની પદવી આપે છે. અને પરંપરાએ મોક્ષપદ પણ આપે છે.

હવે જીનેશ્વર ભગવાનની ભાવપૂજાનું ફળ બતાવે છે.

૮ ૭ ૯ ૧૨ ૧૧ ૧૦
स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा,
१४ १६ १५ १३
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।
१७ १८ १९ २१ २० २२
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यंजसा,
१ ३ ४ ५ ६ २
यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ।१०।

॥ શ્લોક ૧૦ ॥

स्वर्गः સ્વર્ગ

तस्य તે પુરૂષને

गृह अंगणम् ઘરનું આંગણું

सहचरी સાથે રહેનારી

साम्राज्यलक्ष्मीः ચક્રવર્તીની લક્ષ્મી

शुभाः સુંદર

सौभाग्य आदि સૌભાગ્ય વિગેરે

गुणावलिः ગુણોની પંક્તિ

विलसति વિલાસ કરે છે

स्वैरम् સ્વતન્ત્ર પણે

वपुर्वेश्मनि શરીરરૂપી મકાનમાં

संसारः सुतरः સંસાર, સુખ પૂર્વક તરાય

शिवम् મોક્ષ

करतल क्रोडे હાથના તળીયામાં

लुठति આળોટે છે

अंजसा તુરત

यः જે માણસ

श्रद्धाभर भाजनम् શ્રદ્ધાના પાત્રરૂપ થઇને

जिनपतेः જીનેશ્વરની

पूजाम् પુજાને

विधत्ते કરે છે

जनः માણસ

શુભ ભાવનાએ જિનપતિની જે કરે પૂજા યદા,
સુર લોક તાસ નજીક ઘરના આંગણાની જિમ તદા;
વલિ રાજયલક્ષ્મી જેહ મનોહર તેહ નિત સાથે રહે,
સૌભાગ્ય આદિ ગુણોતણી શ્રેણિ શરીર ઘરને લહે. ૧

સંસાર લીલાએ તરે તે હાથમાં શિવપદ કલે,
જો ચિત્તમાંથી સર્વથા ઇચ્છા નિદાન તણી ટલે;
સિદ્ધાન્ત પ્રભુનો એમ બોલે હોય જેવી ભાવના,
નિજ કાર્યસિદ્ધિ તેહવી દૃષ્ટાન્ત શ્રુત માંહે ઘણા. ૨

અર્થઃ—જે માણસ અત્યંત શ્રદ્ધા સહિત શ્રી વીતરાગની ભાવપૂજા કરે છે, તેને દેવલોક ઘરના આંગણાની પેઠે ઢુંકડું

છે. મનોહર રાજઋદ્ધિ તેની સાથે રહેનારી છે. તેના શરીર રૂપ ઘરને વિષે સૌભાગ્યાદિ ગુણોની શ્રેણી પોતાની ઈચ્છાએ (આવીને) વિલાસ કરે છે, તેને સંસાર-સુખેથી તરી શકાય એવો થાય છે, અને મોક્ષ તો ઝટ તેના હાથ તળે આવીને આળોટે છે.

( शिखरिणीवृत्तम् )

६ ८ ३ ४ ५ ९ ७
कदाचिन्नातंकः कुपित इव पश्यत्यभिमुखं,
१४ १० ११ १२ १५ १३
विदूरे दारिद्र्यं चकितमिव नश्यत्यनुदिनम् ।
१७ १८ १९ २१ १६ २२ २३
विरक्ता कांतेव त्यजति कुगतिः संगमुदयो,
२६ २७ २३ २४ १ २
न मुंचत्यभ्यर्णं सुहृदिव जिनार्चा रचयतः ॥११॥

॥ श्लोक ११ ॥

कदाचित्, न કોઈ સમયે, નથી
आतंक ભય, (રોગ)
कुपित: इव કોપાયમાન હોય તેમ
पश्यति જુએ છે
अभिमुखम् સન્મુખ
विदूरे દૂર
दारिद्र्यम् દરિદ્રપણું
चकितम् इव ભયભીત હોય તેમ
नश्यति નાશ પામે છે
अनुदिनम् હંમેશ
विरक्ता ક્રોધાયમાન થયેલી
कान्ताइव સ્ત્રીની પેઠે
त्यजति તજે છે
कुगति: નરક ગતિ
संगम् સોબતને
उदयः ઉદય
नमुञ्चति નથી છોડતો
अभ्यर्णम् નજીકપણું
सुहृद् इव મિત્રની પેઠે
जिन अर्चाम् જીનેશ્વરની પૂજાને
रचयत: કરનાર એવા પુરૂષને

હૃદયે વિવેક ધરી કરે જે ભાવ પૂજા પ્રભુ તણી,
ઉપસર્ગ કાલે પણ રહે નિશ્ચલ વિભાવ દશા હણી;
દેખે ન મુખને આપણા ક્રોધાયમાન નરા યથા,
ભય તાસ સામી ના કદાયે દૃષ્ટિ નાંખે સહી તથા. ૧
ભયભીત જિમ નિત દૂર ભાગે તેમ નિર્ધનતા મુણો,
નિઃસ્નેહ નારી પરિહરે જિમ સંગ નિજ સ્વામિતણો;
તિમ કુગતિ તેનો સંગ છોડે મિત્ર જિમ તિમ ઉદયતે,
તજતો નથીજ સમીપતા તેની ન કરતું સદાય તે. ૨

અર્થઃ—જીનેશ્વર ભગવાનની ભાવપુજા કરનારા જનોને ભય તો કોપ પામ્યો હોય તેમ કયારે પણ સામું જોતો નથી. દારિદ્રય તો ભયભ્રાંત થયું હોય તેમ નિરંતર દૂર નાસે છે. કુમતિ તો વિરક્ત થએલી સ્ત્રીની પેઠે સંગત તજી દે છે, અને અભ્યુદય (પ્રતાપ-ઐશ્વર્યાદિ) મિત્રની પેઠે (તેના) સમીપપણાને મૂકતો નથી. અર્થાત્ તેની પાસેજ રહે છે.

હવે ભાવપૂજાનું મહાત્મ્ય કહે છે.

(शार्दूलविक्रीडितवृत्तम्)

१ २ ३ ४ ६ ५ ७
यः पुष्पैर्जिनमर्च्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते,
८ ९ ११ १० १३ १२ १४ १५
यस्तं वंदत एकशस्त्रिजगता सोऽहर्निशं वंद्यते ।
१६ १७ १८ २० २१ १९ २२
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते,
२३ २४ २५ २७ २६ २९ २८
यस्तं ध्यायति क्लृप्तकर्म्मनिधनः स ध्यायते योगिभिः॥१२॥

॥ श्लोक १२ ॥

यः જે માણસ
पुष्पैः પુષ્પોથી
जिनम्, अर्चति જિનેશ્વરને પૂજે છે
स्मितयुरस्त्री लोचनैः વિકસ્વર દેવાંગનાઓના નેત્રથી
सः अर्च्यते તે પૂજાય છે
यः तम् જે માણસ, તે જીનેશ્વરને
वन्दते વાંદે છે
एकशः એકવાર
त्रिजगता ત્રણે જગતથી
सः તે માણસ
अहर्निशम् (દિવસ, રાત્રિ,) રોજ
वन्द्यते વંદાય છે
यः तम् જે માણસ તે જીનેશ્વરની
स्तौति સ્તુતિ કરે છે
परत्र પરલોકમાં
वृत्रदमन स्तोमेन ઇંદ્ર (આદિદેવો)ના સમૂહથી
सः स्तूयते તે માણસ સ્તુતિ કરાય છે
यः तम् જે માણસ તે જીનેશ્વરનું
ध्यायति ધ્યાન કરે છે
कृतकर्म निधनः કર્યો છે કર્મનો નાશ જેણે
सः તે માણસ
ध्यायते ધ્યાન કરાય છે
योगिभिः યોગીયોવડે

ફૂલો વડે જે પૂજતા જિનરાજને જોવાય તે,
દેવાંગનાઓના વિકસ્વર ચક્ષુઓથી દિન પ્રતે;
વંદન કરે એકવાર પ્રભુને જેહ જન સાચે મને,
દિન રાત તે ત્રણ ભુવનના જીવો વડે વંદાય છે. ૧
સ્તવના કરે જે નાથની તસ ઇંદ્ર ગણ સ્તવના કરે,
પરભવ વિષે પણ પ્રેમથી આ ધન્ય જીવ ઇમ ઉચ્ચરે;
જે પૂજ્યનું દીલ ધ્યાન ધરતા ચાર ભેદે ઉલ્લસી;
નિર્મલ બનેલા તેહને યોગીશ્વરો ધ્યાવે હસી. ૨

અર્થઃ—જે પુરૂષ પુષ્પોવડે શ્રી વીતરાગ ભગવાનની પૂજા કરે છે. તે દેવાંગનાઓનાં વિકસ્વર (પ્રફુલ્લિત) થએલાં

નેત્રોથી પૂજાય (જોવાય) છે; જે વીતરાગ ભગવાનને એકવાર પણ વંદન કરે છે, તે રાત્રી દિવસ ત્રણે જગતના જનોથી વંદન પામે છે. જે તેમની સ્તુતિ કરે છે તે પરલોકને વિષે ઈંદ્રોના સમૂહથી સ્તુતિ પામે છે; અને જે તેમનું ધ્યાન ધરે છે તે આઠ કર્મનો ક્ષય કરીને અર્થાત્ સિદ્ધ અવસ્થા પામીને યોગી પુરૂષોથી ધ્યાન કરાય છે, અર્થાત્ યોગી પુરૂષો તે પુરૂષનું ધ્યાન કરે છે.

હવે ચાર કાવ્યે કરી ગુરૂભક્તિદ્વાર વર્ણવે છે.

( वंशस्थवृत्तम् )

२ ३ १ ४
**अवद्यमुक्ते पथि यः प्रवर्तते,**
७ ६ ५ ८
**प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ।**
१४ १५ १८ १७ १६
**स एव सेव्यः स्वहितैषिणा गुरुः,**
९ १० १२ १३ ११
**स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥ १३ ॥**

॥ श्लोक १३ ॥

अवद्यमुक्ते દોષ રહિત
पथि માર્ગમાં
यः प्रवर्त्तते જે પ્રવૃત્તિ કરે છે
पवर्तयति પ્રવૃત્તિ કરાવે છે
अन्यजनम् બીજા માણસને
निःस्पृहः સ્પૃહા રહિત
सः एव તેજ ગુરૂ

सेव्यः સેવા કરવા યોગ્ય
स्वहितैषिणा પોતાનું હિત ઇચ્છનારે
गुरुः ગુરૂ
स्वयम् પોતે
तरन् તરતા એવા
तारायितुम् તારવાને
क्षमः સમર્થ છે
परम् બીજાને

નિજ આત્માનું હિત ચાહનારે તેજ ગુરૂને સેવવા,
પોતે તરે જે સમર્થ પરને તારવા જિમ જહાંઝવા;
નિર્દોષ પ્રભુના માર્ગમાં પોતે ચલંતા અન્યને,
નિઃસ્પૃહ બનીજ ચલાવતા તું ના જઈશ કુગુરૂ કને. ૧

અર્થઃ—જે ગુરૂ પોતે પાપરહિત માર્ગને વિષે પ્રવર્તે છે અને બીજા માણસને પણ (તેવા માર્ગે) પ્રવર્તાવે છે. પોતે જાતે નિઃસ્પૃહ છે (પરિગ્રહાદિકની વાંછા રહિત છે), પોતે તરે છે અને બીજા માણસને પણ તારવાને સમર્થ છે; તેજ ગુરૂની હિતવાંછક પુરૂષોએ સેવા કરવી યોગ્ય છે.

વળી ગુરૂસેવાનું ફલ જણાવે છે.

(मालिनीवृत्तम्)

४ ३ ६ ५
विदलयति कुबोधं बोधयत्यागमार्थं,
७ ८ ९
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
११ १० २ १
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो,
१४ १२ १३ १६ १७ १५
भवजलनिधिपोतस्तं विना नाऽस्ति कश्चित् ॥१४॥

॥ श्लोक १४ ॥

विदलयति નાશ કરે છે
कुबोधम् મિથ્યાત્વનો
बोधयति જણાવે છે
आगमार्थम् આગમોનાઅર્થને
सुगति ઉત્તમ ગતિ
कुगति નરકાદિગતિ
मार्गौ કારણરૂપ
पुण्यपापे પુણ્ય તથા પાપને
व्यनक्ति સ્પષ્ટ કરે છે
अवगमयति બતાવે છે
कृत्यअकृत्यभेदम् કૃત્ય અકૃત્યના વિવેકને
गुरुः यः જે ગુરૂ
भव जलनिधि સંસારરૂપી સમુદ્રમાં

| | |
|---|---|
| पोतः વહાણુ જેવા | नास्ति નથી |
| तम् विना તે ગુરૂ વિના | कश्चित् કોઇપણ |

મિથ્થાત્વને દૂરે કરે જે શ્રુતરહસ્ય જણાવતા,
કારણ સુગતિને કુગતિના પુણ્ય પાપ પ્રકટ બતાવતા;
આ યોગ્ય કરવા એહ બીજું ભેદ ઇમ સમજાવતા,
ભવ રૂપ દરિયે વ્હાણુ જેવા તેજ ગુરૂવિણ કોઇના. ૧

**અર્થ**:—જે ગુરૂ મિથ્યાત્વનો નાશ કરે છે, સિદ્ધાંતોના અર્થને જણાવે છે, 'પુણ્ય એ સુગતિનો માર્ગ છે અને પાપ એ કુગતિનો માર્ગ છે,' એમ પ્રગટ કરે છે, અને વળી જે કરવા યોગ્ય અને નહી કરવા યોગ્ય કાર્યનો વિવેક સમજાવે છે; તે ગુરૂ વિના બીજા કોઈ ભવસાગરને વિષે વહાણુની પેઠે તારનાર નથી.

( शिखरिणीवृत्तम् )

१० ११ १२ १३ १४
पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः,
१५ १७ १६ १८
सुहृत्स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः ।
२ ३ १ ४ २०
निमज्जंतं जंतुं नरककुहरे रक्षितुमलं,
६ ५ ८ ९ १९ ७
गुरोर्धर्माऽधर्म्मप्रकटनपरात्कोऽपि न परः ॥ १५ ॥

॥ श्लोक १५ ॥

| | |
|---|---|
| पिता બાપ | सूनुनिवहः પુત્રોનો સમૂહ |
| माता મા | सुहृद् મિત્ર |
| भ्राता ભાઇ | स्वामी ધણી |
| प्रिय सहचरी વહાલી સ્ત્રી | माद्यत्करिभटरथाश्वः ઉન્મત્ત હાથી, સુભટ, રથ તથા અશ્વવાળો |
| | परिकरः નોકર વર્ગ |

निमज्जन्तम् પડતા એવા
जन्तुम् પ્રાણીને
नरककुहरे નરકની ગુફામાં
रक्षितुम् બચાવવાને
अलम् સમર્થ
गुरोः ગુરૂથકી
धर्माधर्म પુણ્ય તથા પાપને
प्रकटनपरात् પ્રકટ કરવામાં તત્પર
कःअपि કોઈપણ
न परः બીજો નથી

માતાપિતાને ભાઈ નારી મિત્ર પુત્રો નાથ તે,
જે ગજ સુભટ રથ અશ્વ શખે તેમ ચાકર વર્ગ તે;
પડતા નરક રૂપ ખાણમાં આ જીવનું .રક્ષણ કરે,
ઇમ કિમ બને જે હોય જેવા તેહ નિજ જેવા કરે. ૧

પુણ્ય પાપને સમજાવતા ગુરૂરાજ વિણનું અન્યને;
ના સમજજેજ બચાવનારા નરકજાતાં જીવને,
ગણિ કેશિના સુપસાયથી રાજા પ્રદેશી દેખને,
પામ્યા અમરના સ્થાનને ઇમિ જાણજે નિર્મલ મને. ૨

અર્થઃ—નરકરૂપખાણને વિષે પડતા જીવોને પુણ્ય અને પાપ કહી દેખાડનારા ગુરૂવિના બીજા કોઈ પિતા, માતા, ભાઈ, પ્રિય સ્ત્રી, પુત્રનો સમૂહ, મિત્ર, મદોન્મત્તહાથી, સુભટ, અશ્વ, રથવાળો સ્વામી કે સેવકાદિ વર્ગ રક્ષણ કરવાને સમર્થ નથી.

હવે ગુરૂની આજ્ઞાનું મહાત્મ્ય બતાવે છે.

( शार्दूलविक्रीडित वृत्तम्. )

२ १ ४ ३ ५ ६
किं ध्यानेन भवत्वशेषविषयत्यागैस्तपोभिः कृतं,
८ ७ १० ९ १२ ११
पूर्णं भावनयाऽलमिंद्रियदमैः पर्याप्तमाप्तागमैः ।

१३ १४ १५ १६ २० १९ १७ १८
**किं त्वेकं भवनाशनं कुरु गुरुप्रीत्या गुरोः शासनं,**
२३ २१ २२ २५ २६ २७ २८ २४
**सर्व्वे येन विना विनाथबलवत् स्वार्थाय नाऽलं गुणाः ॥ १६ ॥**

॥ श्लोक १६ ॥
किम्, ध्यानेन ધ્યાન કરવાથી
भवतु હો, સર્યું, [શું
अशेष विषय त्यागैः બધા વિષયો તજવાથી
तपोभिःकृतम् તપશ્ચર્યાથી થયું
पूर्ण સંપૂર્ણ થયું. (સર્યું)
भावनया સારી ભાવનાથી
अलम् બસ છે
इन्द्रियदमैः ઈન્દ્રિયોને દમવાથી
आप्तागमैः આગમોના જ્ઞાનથી
किंतुएकम् પણ એક
भवनाशनम् સંસારને નાશ કરનાર
कुरु કર
गुरुप्रीत्या અતિશય પ્રેમથી.
गुरोःशासनम् ગુરૂના હુકમને
सर्वे બધા
येन विना ગુરની આજ્ઞાવિના
विनाथ बलवत् નાયક વિનાના સૈન્યની જેમ
स्वार्थाय પોતાનું કામ સાધી આપવાને
नअलम् નથી સમર્થ
गुणाः ગુણો

આણા વિણા ગુરૂરાજની કર્યું ધ્યાન તપને આદર્યું,
છોડયા બધા વિષયો તથા ઈંદ્રિયદમનને તેં કર્યું;
ભાવી તથા વર ભાવના જૈનેન્દ્ર આગમને ભણ્યો,
સૈનિક વિનાના સૈન્યની જિમ લાભ તેથી શું થયો. ૧
ગોશાલ મંખલિ પુત્ર કુલ વાલક જમાલિ નિન્હવો,
ઈત્યાદિ બહુ દ્રષ્ટાન્ત છે હેવાલ શ્રુતથી જાણવો;
ભવને હણંતી આણ ગુરૂની ઓલવી ધ્યાનાદિને,
કરતાં છતાં પણ ફલ ન પામે "કલ્પસૂત્ર" તું દેખને. ૨

અર્થઃ—ધ્યાન કરવાથી શું ? સર્વ વિષયનો ત્યાગ કરવાથી પણ શું ? તપશ્ચર્યા કરવાથી પણ શું ? શુભ ભાવે કરીને પણ શું ? ઇન્દ્રિઓના દમવાથી પણ શું ? તથા સિદ્ધાન્તના અભ્યાસથી પણ શું ? ( અર્થાત્ એ સર્વ એકલાં એટલે ગુરૂની આજ્ઞાવિના નિષ્ફલ છે. ) માટે અધિક પ્રીતિવડે સંસારના ભ્રમણને નાશ કરનારાં એવાં ગુરૂનાં ફક્ત શિક્ષા-વચનો અંગીકાર કર કે જેનાવિના અધિપતિ ( નાયક ) વિનાની સેનાની પેઠે ( એ ઉપર કહેલા ) સર્વે પોતપોતાનાં ફલ આપવા માટે સમર્થ નથી અર્થાત્ નિષ્ફલ છે.

હવે ચાર કાવ્યે કરીને જિનોક્ત સિદ્ધાંતનું મહાત્મ્ય જણાવે છે.

( शिखरिणीवृत्तम् )

४ ३ ६ ५ ८ ७ ९ ११ १०
**न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं,**
१३ १२ १५ १४ १७ १६ १९ १८
**नधर्म्मं नाऽधर्म्मं न गुणपरिणद्धं न विगुणम् ।**
२१ २० २३ २२ २६ २४ २५ २९ २८ २७
**न कृत्यं नाऽकृत्यं न हितमहितं नापि निपुणं,**
३० २ १
**विलोकंते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥ १७ ॥**

॥ श्लोक १७ ॥

न, देवम् ઉત્તમ દેવને ( જો-તા ) નથી

न, अदेवम् કુદેવને (જોતા) નથી

न, शुभगुरुम् ઉત્તમ ગુરૂને (જોતા) નથી

न, कुगुरुम् કુગુરૂને નથી જાણતો

न, धर्मम् ધર્મને (જાણતા) નથી

न, अधर्म्मम् અધર્મને (જા-ણતા ) નથી

न, गुण परिणद्धम् પૂર્ણ ગુણ વાળાને (જાણતા) નથી

न, विगुणम् ગુણ રહિતને (જાણુતા) નથી
न, कृत्यम् કરવા યોગ્ય (જાણુતા) નથી
न, अकृत्यम् નહિ કરવા યોગ્ય (જાણુતા) નથી
न हितम् હિતને(જાણુતા)નથી
न अहितम् અહિતને (જાણુતા) નથી

न, अपि, निपुणम् સારી રીતે (જાણુતા) નથી
विलोकन्ते, જાણુતા
लोकाः લોકો
जिनवचनचक्षु જીનેશ્વરના વચનરૂપી ચક્ષુથી
विरहिताः રહિત એવા

પ્રભુના વચન તે આંખ સાચી તેહથી અલગાનરા,
જાણે સુદેવ કુદેવને ના તિમ કુગુરૂ શુભગુરૂ ખરા;
જાણે ન ધર્મ અધર્મને ગુણવંતને ગુણહીનને,
શું ઉચિત કરવાને અનુચિત શર્મ દુઃખના હેતુને. ૧

સુણનાર પ્રભુના વચનને જાણે કહેલા ભાવને,
માટેજ દશવૈકાલિકે ઇમ ઉચ્ચરૂં તે ભાવને.
જિન વચન મીઠાં સાંભળી કલ્યાણને વલિ પાપને
અંને પિછાણે પૂર્ણ રીતે દક્ષ સાધે ભદ્રને. ૨

અર્થઃ—જૈનશાસ્ત્રરૂપ ચક્ષુથી રહિત એવા લોકો નથી દેવને જાણુતા કે નથી કુદેવને જાણુતા. નથી સુગુરૂને ઓળખતા કે નથી કુગુરૂને ઓળખતા નથી જાણુતા ધર્મ અધમને કે નથી જાણુતા ગુણી નિર્ગુણીને. વળી કરવા યોગ્ય કાર્ય શું છે? અને નહિ કરવા યોગ્ય શું છે? તે પણ નથી જાણુતા. વળી પોતાને શું સુખનું કારણ છે? અને શું દુઃખનું કારણ છે? તે પણ તેઓ સારી રીતે જાણુતા નથી.

( शार्दूलविक्रीडितवृत्तम् )

૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૬ ૧૪
मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
૧૫ ૧૬ ૮ ૧૫ ૧૭
निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीम् ।
૧૯ ૧૮ ૨૦ ૭ ૨૧
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभां,
૨ ૩ ૧ ૪ ૬ ૫
सार्वज्ञः समयोदयारसमयो येषां न कर्णातिथिः ॥१८॥

॥ श्लोक १८ ॥

मानुष्यम् મનુષ્યપણું
विफलम् નિષ્ફળ
वदन्ति બોલે છે
हृदयम् હૃદય
व्यर्थम् નકામું
वृथा નિષ્ફળ
श्रोत्रयोः બે કાનની
निर्माणम् રચના
गुणदोष भेद कलनाम् ગુણ દોષના ભેદનો વિચાર
तेषाम् તે પુરૂષોની
असंभाविनीम् ન સંભવે એમ
दुर्वारम् ન રોકાય એવું છે
नरकअंधकुप નરકરૂપી અંધ કૂવામાં
पतनम् પાત, પડવું તે
मुक्तिम् મોક્ષને
बुधाः ડાહ્યા માણસો
दुर्लभाम् ન મલીશકે તેવા
सार्वज्ञः સર્વજ્ઞએ કહેલો
समयः સિદ્ધાંત
दयारसमयः દયારૂપી રસવાળો
येषाम् જે પુરૂષોને
न, कर्णाः—तिथि, કાને સાંભળવામાં આવ્યો નથી.

કરૂણા સ્વરૂપ સિદ્ધાન્ત જિનનો જેમણે ના સાંભલ્યો,
ડાહ્યાજનો બોલે મનુજભવ તેમનો એળે ગયો;
મન શુન્ય તેઓનું નકામા કાન પણ તેઓ તણા,
ગુણદોષની ન વિચારણા હોવેજ ચિત્તે તેમના ૧

**આ નરકરૂપી અંધ કૂવો તેહમાં તેઓ પડે,**
**રોકી શકાયે કેમ તેને કાર્ય કીધેલું નડે;**
**પામે ન તેઓ મુક્તિરણી શ્રવણવિણ જિણવયણના,**
**ઇમ જાણીને ચેતનસદા સુણ તેહ ના રાખીશ મણા. ૨**

**અર્થ**:—સર્વજ્ઞ શ્રી વીતરાગ ભગવાને કહેલો એવો દયામય આગમ જે પુરૂષોના કાનમાં નથી પડયો તેમના મનુષ્ય જન્મને પંડિતજનો નિષ્ફળ કહે છે. તેમના ચિત્તને નિરર્થક કહે છે, તેમની કર્ણઇન્દ્રિયનું બનાવવું વૃથા ( નકામું ) છે, તેમનામાં ગુણદોષના વિવેકનો વિચાર પણ દુર્લભ છે, તેમનું નરકરૂપ અંધકારમય કૂવાને વિષે પડવું તે રોકી રાખવું કઠણ છે અને તેમને મુક્તિ પણ દુર્લભ છે.

૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
**पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमः स्तोमव-**
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
**न्मित्रं शात्रववत् स्रजं भुजगवच्चिंतामणिं लोष्टवत् ।**
૨૧ ૨૨ ૮ ૨૩ ૩
**ज्योत्स्नां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं,**
૪ ૫ ૬ ૧ ૨ ૭
**जैनेंद्रं मतमन्यदर्शनसमं यो दुर्मतिर्मन्यते ॥ १९ ॥**

॥ श्लोक १९ ॥

पीयूषम् અમૃતને
विषवत् વિષ જેવું
जलम् પાણીને
ज्वलनवत् અગ્નિની જેવું
तेजः પ્રકાશને
तमः स्तोमवत् અન્ધકારના સમૂહ જેવો
मित्रम् ભાઇબંધને
शात्रव वत् શત્રુ સમાન
स्रजम् માલાને
भुजगवत् સર્પની પેઠે
चिंतामणिम् તે રત્નને
लोष्टवत् પથ્થર સમાન
ज्योत्स्नाम् કૌમુદીને
ग्रीष्मजघर्मवत् ઉષ્ણ કાલના તાપ જેવી

सः मनुते તે માણુસ માને છે
कारूण्य पण्य आपणं દયા-
રૂપી કરિયાણાની દુકાન
जैनेंद्र मतम् જીનેશ્વરના મતને
अन्य दर्शन सनम् બીજાં
મતના સરખો
यः दुर्मतिः જે મૂર્ખ માણુસ
मन्यते માને છે.

કરિયાણું કરૂણારૂપ તેનું હાટ જિનમત જાણને,
પરમત સમાન ગણે નરા જે મૂર્ખતાએ તેહને;
તે ઝેર જેવું અમૃત માને અગ્નિસરખું પાણિને,
અંધકારના જત્થા સરીખા લેખતા સુપ્રકાશને. ૧
નિજશત્રુમાને મિત્રને તિમસર્પ ફૂલની માલને,
પત્થર ગણે ચિંતામણિને ચન્દ્રકેરી કાંતિને;
આતપ ઉનાલાનો ગણે અમૃત પ્રમુખ સમનાથનો,
મત જાણજે વિષ આદિ સરખો અન્યમત હરિ આદિનો.૨

અર્થઃ—જે મૂર્ખજન કરૂણારૂપી વસ્તુના હાટ (દુકાન) સમાન એવા જીનેંદ્રના શાસનને અન્યદર્શન સમાન માને છે. તે અમૃતને ઝેર સમાન, જળને અગ્નિ સમાન, પ્રકાશને અંધકારના સમૂહ સમાન, મિત્રને વૈરી સમાન, ફૂલની માળાને સર્પ સમાન, ચિંતામણિ રત્નને પત્થર સમાન, અને ચંદ્રમાની કાંતિને ઉનાળાના તાપ સમાન માને છે. અહીં અમૃતાદિક સમાન જૈનશાસન અને વિષયાદિક સમાન અન્ય દર્શન જાણવું.

धर्म्मं जागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं,
भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मश्नाति मिथ्यामतिम् ॥
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-
स्तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ॥ २० ॥

॥ श्लोक २० ॥

| | |
|---|---|
| धर्म्मम् ધર્મને | वैराग्यम् વૈરાગ્યને |
| जागरयति ઉજ્વલ કરે છે | वितनोति વિસ્તારે છે |
| अघम् પાપને | पुष्यति પુષ્ટ કરે છે |
| विदलयति દળી નાંખે છે | कृपाम् દયાને |
| उत्थापयति ઉખેડી નાંખે છે | मुष्णाति હરણ કરે છે |
| उत्पथम् કુમાર્ગને | तृष्णाम् તૃષ્ણાને |
| भिंत्ते ભેદી નાંખે છે | यत् જે મત |
| मत्सरम् દ્વેષને | तत् जैनं मतम् તે જીનેશ્વરના મતને |
| उच्छिनत्ति નાશ કરે છે | अर्चति પૂજા કરે છે |
| कुनयम् અન્યાયને | प्रथयति વિસ્તારે છે |
| मथ्नाति નાશ કરે છે | ध्यायति ધ્યાન કરે (ભણે) છે |
| मिथ्यामतिम् મિથ્યાત્વની બુદ્ધિને | अधीते અભ્યાસ કરે છે |
| | कृती કાર્ય કુશળ પુરૂષ |

હે જીવ શાસન નાથનું જે ધર્મને વિકસાવતું,
વલિ પાપને દૂરે કરે આચાર અવળો વારતું;
ભેદેજ ગુણિના દ્વેષને અન્યાયને ઉચ્છેદતું,
મિથ્યામતિ દૂરે કરે વૈરાગ્યને વિસ્તારતું. ૧

પોષણ કરે કરૂણાતણું વલિ લોભને દૂરે કરે,
જો પુણ્યકેરો ઉદય પૂરો તોજ સેવા તસમલે.
પ્રભુપાસ તું એ માગજે હું યાચું જિનમતરાગને,
મુકિતજતાં વચમાં ન ભૂલજે વિશદ વાચકવયણને. ૨

અર્થ:—પંડિત પુરૂષ જે જીનશાસનની પૂજા કરે છે, જેનો વિસ્તાર કરે છે, જેનું ધ્યાન કરે છે, અને વળી જેને પઠન કરે (ભણે) છે, તે જૈનશાસન ધર્મનો ઉદ્યોત કરે છે,

પાપને દૂર કરે છે, અનાચારનું નિવારણ કરે છે. દ્વેષ ભાવનો વિનાશ કરે છે, અન્યાયનો ઉચ્છેદ ( નાશ ) કરે છે, મિથ્યામતિને દૂર કરે છે, વૈરાગ્યનો વિસ્તાર કરે છે, દયાનું પોષણ કરે છે, અને લોભને દૂર કરે છે.

હવે ચાર કાવ્યે કરીને સંઘના મહિમાનું વર્ણન કરે છે.

२ ३ १ ४ ५ ६
रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव ।
७ ८ ९ १० ११ १२
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव ।
१३ १४ १५ १७ १९ १८ १६
पाथोधिः पयसामिवें× दुमहसांस्थानं गुणानामसा,
२० २१ २५ २२ २३ २४
वित्यालोच्य विरच्यिता भगवतः संघस्य पूजाविधिः ॥ २१॥

॥ श्लोक २१ ॥
रत्नानाम् इव રત્નોના જેમ
रोहण क्षितिधरः રોહણાચલ પર્વત
खम् આકાશ
तारकाणाम તારાઓનો
इव જેમ
स्वर्गः સ્વર્ગ
कल्प महीरुहाणां કલ્પવૃક્ષોનું
इव જેમ
सरः સરોવર
पंकेरुहाणाम् કમળોનું
पाथोधिः સમુદ્ર
पयसां જલોનું
शशीव ચંદ્રમા જેમ
महसाम् તેજનું
स्थानम् સ્થાન
गुणानाम् ગુણોનું
असौ આ સંઘ
इति आलोच्य એ પ્રમાણે વિચારીને
विरच्यताम् કરો
भगवतः પુજ્ય એવા
संघस्य ચાર પ્રકારના સંઘની
पूजाविधिः વિધિપૂર્વક પૂજા

× 'शशीव महसां' इति पाठः ।

જિમ ઠાણ રોહણ ગિરિરયણનું ગગન તારાઓતણું.
વલિ કલ્પવૃક્ષોનું સુરાલય જિમ સરોવર કમલનું,
જિમ જલધિ શશિસમ વિમલજલનું સ્થાન સર્વ ગુણો
તણો, આધાર તિમ આ સંઘ ભવ્યો પૂજનવિધિ તસ
આદરો. ૧

અર્થઃ—હે ભવ્ય જીવો ? જેમ રોહણાચળ પર્વત રત્નોનું, આકાશ તારાઓનું, સ્વર્ગ કલ્પવૃક્ષનું, સરોવર કમલ પુષ્પનું, સમુદ્ર ચંદ્રમા સમાન નિર્મળ જળનું, અથવા ચંદ્રમા તેજનું નિવાસ સ્થાનક છે; તેમ આ (સંઘ)* સર્વ ગુણોનું નિવાસ સ્થાન છે. એમ ધારીને એ પૂજન કરવા યોગ્ય સંઘનો પૂજાવિધિ કરો.

૨ ૧ ૩ ૪
यः संसार निरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
૬ ૭ ૮ ૫ ૯ ૧૩ ૧૨ ૧૧ ૧૦
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नाऽन्यः समः ।
૧૫ ૧૪ ૧૬ ૧૮ ૧૭ ૧૯ ૨૦
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
૨૩ ૨૧ ૨૨ ૧૭ ૨૪ ૨૬ ૨૫ ૨૮ ૨૯ ૩૦
स्फूर्तिर्यस्य परा वसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यताम्
॥ २२ ॥

॥ શ્લોક ૨૨ ॥

| | |
|---|---|
| यः | જે સંઘ |
| संसार निरास | સંસારના ત્યાગમાં |
| लालसमतिः | ઇચ્છાયુકત બુદ્ધિવાળો |
| मुक्त्यर्थम् | મુકિતને માટે |
| उत्तिष्ठते | સાવધાન થાય છે |
| यम् | જે સંઘને |
| तीर्थम् | તીર્થ જેવું |
| कथयन्ति | કહે છે |
| पावनतया | પવિત્રપણાથી |

* સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

| | |
|---|---|
| येन જે તીર્થની | शुभं जायते કલ્યાણ થાય છે |
| अस्ति છે | स्फूर्त्तिः મહિમા |
| न, अन्यः બીજો નથી | यस्य જે સંઘનો |
| समः તુલ્ય | परा ઘણોજ |
| यस्मै જે સંઘને | वसन्ति વસે છે |
| तीर्थपतिः તિર્થંકર | गुणाः ગુણો |
| नमस्यति નમસ્કાર કરે છે | यस्मिन् જે સંઘમાં |
| सताम् સજ્જનોનું | सः संघः તે સંઘ |
| यस्मात् જે સંઘથી | अर्च्चताम પૂજાઓ |

જે સંઘ ભવ છોડાવનારી ચાહના વાલી મતિ,
ધારણ કરી તત્પર રહે શિવસાધવાને નિતઅતિ;
નિર્મલપણાના ગુણ થકી બુધ તીર્થ બોલે જેહને,
જેના સરીખો અવર નાંહી જેહને જિનપતિ નમે. ૧
આરાધનાથી જેહની કલ્યાણ સાધે સજ્જના,
ઉત્કૃષ્ટ મહિમા જેહનો જેમાં રહે ગુણ નિર્મલા;
તે સંઘને હે ભવ્યજીવો ભાવના ઉત્તમ ધરી,
પૂજો કરો સન્માન હોંશે સમય નાવે ફરી રી. ૨

અર્થઃ—હે ભવ્યાત્માઓ ? જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુદ્ધિ જેની એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "नमो तित्थस्स" એમ કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેને વિષે (અનેક) ગુણો રહે છે, એવા તે (ચતુર્વિધ) સંઘની પુજા કરો.

૬ ૭ ૮ ૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩
**लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्त्तिस्तमालिंगति,**
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૨૧ ૧૯ ૨૦ ૧૮
**प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कंठया ।**
૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૮ ૨૬ ૨૭ ૨૯
**स्वः श्रीस्तं परिरब्धु मिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,**
૨ ૪ ૩ ૧ ૫
**यः संघं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥२३॥**

॥ श्लोक २३ ॥

लक्ष्मीः લક્ષ્મી
तम् તે માણસને
स्वयम् પોતાની મેળે
अभ्युपैति સામી આવે છે
रभसा જલ્દી
कीर्तिः યશ
तम् आलिंगति તે માણસનો આશ્રય કરે છે
प्रीतिः પ્રીતિ
तं भजते તેને સેવે છે
मतिः મતિ
प्रयतते યત્ન કરે છે
तम् लब्धुम् તેને મેળવવાને
उत्कंठया ઉત્સાહથી
स्वः श्रीः સ્વર્ગની લક્ષ્મી
तम् તે માણસને
परिरब्धुम् મેળવવાને
इच्छति ઇચ્છા કરે છે
मुहुः વારંવાર
मुक्तिः મોક્ષ
तम् आलोकते તેને જુએ છે
यः संघम् જે માણસ સંઘને
गुणराशि ગુણના સમૂહને
केलि सदनम् ક્રીડાનું સ્થાન
श्रेयोरुचिः કલ્યાણની ઇચ્છાવાળો
सेवते સેવે છે

**આ સંઘ ક્રીડા ઘર સરીખો ગુણ સમૂહ તણા કલી,**
**કલ્યાણમાં રૂચિવંત સેવે જેહ તેને રીત ભલી;**
**તે પુરૂષની સન્મુખ આવે સકલ સંપત્તિ મલી,**
**કરે કીર્તિ આલિંગન તથા તેને ભજે પ્રીતિવલી. ૧**

વર બુદ્ધિ ઉત્સુકતા ધરી કરે યત્ન તેને પામવા,
ચાહેજ વારંવાર લક્ષ્મી સ્વર્ગ કેરી ભેટવા;
જોવેજ વારંવાર નેહે મુક્તિ રમણી તેહને,
રોમાંચ થાય વિકસ્વરા શ્રી સંઘ દેખી ભવ્યને. ૨

અર્થઃ—ગુણોના સમૂહના ક્રીડાઘર એવા શ્રીસંઘને કલ્યાણને વિષે રૂચિવાળો એવો જે પુરૂષ સેવે છે, તે પુરૂષને સંપત્તિ ઝટ પોતાની મેળે સન્મુખ આવે છે, કીર્તિ આલિંગન દે છે, પ્રીતિ સેવે છે, બુદ્ધિ ઉત્સુકતાથી તેને પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરે છે. સ્વર્ગલક્ષ્મી તેને વારંવાર આલિંગન દેવાને ઇચ્છે છે અને મુક્તિસ્ત્રી તેને જોયા કરે છે.

१ ६ २ ५ ३ ४
यद्भक्तेः फलमर्हदादिपदवीमुख्यं कृषेः शस्यवत्,
७ ८ ९ १० ११
चक्रित्वं त्रिदशेंद्रतादि तृणवत् प्रासंगिकं गीयते ।
१६ १५ १७ १८ १३ १४ १२
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः,
२१ २० १९ २५ २२ २३ २४
संघः सोऽघहरः पुनातु चरणन्यासैःसतां मंदिरम् ॥२४॥

॥ श्लोक २४ ॥

यद्भक्तेः જે સંઘની ભકિતનું
फलम् ફળ
अर्हत्, आदि, पदवी તીર્થંકર વિગેરેની પદવી
मुख्यम् વિગેરે
कृषेः ખેતીનું
शस्यवत् ધાન્યની માફક
चक्रित्वम् ચક્રિપણું
त्रिदशइन्द्रतादि દેવોમાં ઇંદ્રપણું વિગેરે
तृणवत् ઘાસ જેવું
प्रासङ्गिकम् પ્રસંગોપાત મળેલું
गीयते ગવાય છે
शक्तिम् શક્તિને

यत् महिम स्तुतौ જે સંઘના પ્રભાવની સ્તુતિ કરવામાં
न, दधते નથી, ધારણ કરતી
वाचः अपि વાણી પણ
वाचस्पतेः બૃહસ્પતિની
संघः सः તે સંઘ
अघहरः પાપને હરણ કરનાર
पुनातु પવિત્ર કરો
चरण न्यासैः પગલાં કરવા વડે
सताम् સજ્જનોના
मन्दिरम् ઘરને

**ખેતીતણું ફલ ધાન્ય જિમ તિમ ભકિતનું ફલજેહની,**
**પદવી જિનેશાદિક તણી એ મુખ્ય લાભ મુણોવલી;**
**વચમાં અમરપતિ ચક્રિપદવી પ્રમુખ વિણમ્હેનત મલે,**
**જિમ વાવતાં કણ ઘાસ નિપજે તે અનાયાસે ફલે ૧.**

**મહિમા તણા વર્ણન વિષે જસ વાણી વાચસ્પતિતણી,**
**પણ ના સમર્થ બને દુરિત હરનાર તે શ્રી સંઘની;**
**આગલ વદે ઉત્તમજનો પગલા કરી મુજગેહને,**
**પાવન કરો પાવન કરો શિવદાયિ સમકીતને મને. ૨.**

અર્થઃ—ધાન્યપ્રાપ્તિ જેમ ખેતીનું મુખ્ય ફળ છે, તેમ અરિહંતાદિકની પદવી એજ જે (સંઘ)ની ભક્તિનું મુખ્ય ફળ છે, વળી જે સંઘને ક્ષેત્રનાઘાસની પેઠે ચક્રવર્તિપણું, દેવેંદ્રાદિકની પદવી વિગેરે તો પ્રસંગથીજ (અનાયાસે-વગર મહેનતે) મળતી કહેવાય છે, અને વળી જેના મહિમાના વર્ણનને વિષે બૃહસ્પતિની વાણી પણ સમર્થ થતી નથી, એવો પાપને હરણ કરનારો શ્રીસંઘ પોતાનાં પગલાં સ્થાપન કરીને ઉત્તમ જનોના ઘરને પવિત્રકરો.

હવે ચાર કાવ્યે કરીને સર્વ જીવોની દયા કરવાનું ફરમાવે છે,

क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजः संहारवात्या भवो-
दन्वन्नौर्व्यसनाग्निमेघपटली संकेतदूती श्रियाम् ।
निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला,
सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ॥२५॥

॥ श्लोक २५ ॥

क्रीडाभूः ક્રીડાનું સ્થાન
सुकृतस्य પુણ્યનું
दुष्कृतरजः પાપરૂપી ધૂળને
संहार वात्या સંહાર કરવામાં વાયુના સમૂહ જેવી
भव, उदन्वन्, नौः સંસારરૂપિ સમુદ્રમાં નાવ જેવી
व्यसन अग्नि કષ્ટરૂપી અગ્નિને ઠારવાને
मेघ पटली મેઘના સમૂહ જેવી
संकेत दूती સંકેત સ્થાનમાં લઈ જનારી દૂતિ જેવી
श्रियाम् સંપત્તિઓને
निःश्रेणिः નીસરણી
त्रिदिवौकसः સ્વર્ગની
प्रिय सखी વહાલી સખી જેવા
मुक्तेः મુક્તિની
कुगति, अर्गला દુર્ગતિને રોકવામાં, ભૂંગળ જેવી
सत्त्वेषु પ્રાણીયોમાં
क्रियताम् કરો
कृपाएव દયાજ
भवतु પૂર્ણ છે; બસ છે
क्लेशैः કલેશોવડે
अशेषैः સંપૂર્ણ એવા
परैः બીજા કાય કલેશાદિ

જિનધર્મનો એ સાર કરૂણા પાલવી તે સાધવા,
બીજા બધા વ્રત નિયમ ભાખ્યા પ્રવચને જિનરાજના;
તપ જપ નિયમ જે સાધ્ય કષ્ટે આચરે પણ નવિ કરે,
કરૂણા ઉભય ભેદે કરી શો લાભ તેઓથી મલે. ૧

એવા અભિપ્રાયે કહે પર કષ્ટ સાધ્ય ક્રિયાભલે,
ના થાય પણ પાલે દયા જો સાધ્ય સઘલા ઝટ ફલે;
પુણ્યકેરૂં ક્રીડાસ્થાન તે છે પાપ ધૂલ વિખેરવા,
વંટોલિઆ સમ ભવસમુદ્રે નાવ તસપારે જવા.
છે તેહ મેઘઘટાસમી દુઃખરૂપ અગ્નિ શમાવવા,
સંકેત દૂતી સારિખી દ્રવ્ય ભાવ લક્ષ્મી પામવા;
વલિ સ્વર્ગરૂપિ મ્હેલમાં ચઢવા નિસરણી તે ભલી,
મુકિતતણી વ્હાલી સખી ભુંગળ કુગતિદ્વારે વલી. ૩૨

અર્થઃ-હે ભવ્ય જીવો? અન્ય સર્વ કાયાનાં દુઃખોને રહેવા દઈને (અર્થાત્ અન્ય સર્વ કાયાને કષ્ટ આપનાર તપ જપાદિ ન થાય તો રહ્યું પણ) સારા કૃત્યોનું ક્રીડાસ્થાન, પાપરૂપી રજને દૂર કરવામાં વાયુના સમૂહ (વંટોળીયા વાયરા) સમાન, ભવસમુદ્રને વિષે નાવ સમાન, કલેશરૂપી અગ્નિને મેઘની ઘટા સમાન, સંપત્તિઓને સંકેતસ્થાન વિષે પહોંચાડનારી દૂતી સમાન, સ્વર્ગની નિસરણી સમાન અને મુક્તિસ્ત્રીની પ્રિય સખી એવી જે જીવદયા તેજ કરો.

( शिखरिणीवृत्तम् )

१ २ ३ ४ ६ ५ ८
यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति,
७ १० ९ १४ १३ ११ १२
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।
१५ १६ २१ २० १७ १८ १९
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्याऽपि जगतः,
३० २४ २२ २३ २९ २५ २६ २७ २८
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वाऽपि सुकृतम्॥२६॥

॥ श्लोक २६ ॥

यदिग्रावा જો પથ્થર
तोये પાણીમાં
तरति તરે
तरणिः સૂર્ય
यदि, उदयति જો ઉદય પામે
प्रतीच्याम् પશ્ચિમ દિશામાં
सप्तार्चिः અગ્નિ
यदि भजति જો પામે
शैत्यम् ઠંડાશને
कथमपि કોઇ પણ પ્રકારે
यदि क्ष्मापीठम् જો પૃથ્વી મંડળ
स्यात् થાય
उपरि ઉપર
सकलस्यअपि સંપૂર્ણ એવા
जगतः જગતની
प्रसूते ઉત્પન્ન કરી શકે
सत्त्वानाम् પ્રાણીયોનો
तदपि क्वापि તો પણ કોઇ જગ્યાએ
न, वधः વધ નહિ [પણ
सुकृतम् પુણ્યને

પત્થર કદી જલમાં તરે ઊગે સૂરજ પશ્ચિમ દિશે,
શીતલ બને અગ્નિ કદી વલિ સવિ જગતની ઉપરે;
હોવેય ભૂમંડલ કદી પણ પ્રાણિનો વધ પુણ્યને,
ઉત્પન્ન કરે ના કોઇ ક્ષેત્રે કોઇ કાલે કોઇને. ૧

અર્થ:—જો કદી પત્થર જળને વિષે તરે, સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે. અગ્નિ કોઈ પણ રીતે શીતલપણું પામે, અને પૃથ્વીમંડળ સર્વ જગતની ઉપર આવે; તોપણ જીવહિંસા રૂપકાર્ય ક્યાંય પણ પુણ્ય ઉત્પન્ન કરતું નથી.

( मालिनीवृत्तम् )

६ ८ ७ १० ९
स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता–
१२ १५ १४ १३
दमृतमुरगवक्त्रात्साधुवादं विवादात् ।

૧૬ ૧૧ ૧૮ ૧૭
रुगपगममजीर्णाज्जीवितं कालकूटा-
१९ ३ १ २ ४ ५
दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥२७॥

॥ શ્લોક ૨૭ ॥

सः તે માણસ
कमलवनम् કમળોના વનને
अग्नेः અગ્નિ પાસેથી
वासरं દિવસને
भास्वद स्तात् સૂર્યના અસ્ત
अमृतम् અમૃત [થયા પછી
उरगवक्त्रात् સર્પના મુખથી
साधुवादम् કીર્તિને
विवादात् કલેશ થકી
रुग पगमम् રોગના નાશને
अजीर्णात् અપચાથી
जीवितम् જીવનને
काल कूटात् વિષથકી
अभिलषति ચાહે છે
वधात् यः હણવાથી જે
प्राणिनाम् પ્રાણીયોને
धर्मम् ધર્મને
इच्छेत् માને છે.

જે આચરીને જીવહિંસા ધર્મને ઇચ્છે અરે,
તે દેખવા વનને કમલના અગ્નિ પાસેથી ખરે;
ચાહે તથા સૂર્યાસ્તકાલે દિવસ જોવા ચાહતો
વલિ સર્પના મુખથી અમૃતને કલેશથી યશ ચાહતો. ૧

છે ઉદરમાંહિ અજીર્ણ ચાહે તેથી રોગ વિનાશને,
વલિ ઝેર ખાઈ જીવન ઇચ્છે કાર્ય મૂર્ખ તણું કરે;
હે જીવ જેવા પ્રાણ વ્હાલા તાહરા જિમ છે તને,
તિમ જાણજે જનમાત્રને ન કરીશ દુખિયો અન્યને. ૨

અર્થઃ—જે પુરૂષ જીવહિંસા થકી ધર્મને વાંછે છે, તે પુરૂષ અગ્નિ પાસેથી કમળના વનને (જોવાને) ઈચ્છે છે. સૂર્યના અસ્ત થયા પછી દિવસને જોવાની ઇચ્છા કરે છે, વળી સર્પના

મુખ થકી અમૃત, કલેશ થકી કીર્તિ, અજીર્ણ થકી રોગનો નાશ, અને ઝેર ખાવાથી જીવિતને ઇચ્છે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

૩ ૪ ૫ ૬ ૭ ૮
आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं,
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम् ।
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
आरोग्यं विगतांतरं त्रिजगति श्लाघ्यत्वमल्पेतरं,
૨૦ ૨૨ ૨૧ ૨ ૧
संसारांबुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रांतरम्॥२८॥

॥ श्लोक ॥ २८ ॥

आयुः આયુષને
दीर्घतरम् લાંબા
वपुः શરીરને
वरतरम् અતિશ્રેષ્ટ
गोत्रम् કુલને
गरीयस्तरम् ઘણાં મોટાં
वित्तम् ધનને
भूरितरम् અતિશય
बलम् બલને
बहु तरम् ઘણાંજ
स्वामित्वम् પ્રભુપણાંને
उच्चैस्तरम् મોટાં
आरोग्यम् નીરોગીપણું
विगतान्तरम હંમેશાં
त्रिजगति ત્રણે જગતમાં
श्लाघ्यत्वम् વખાણ કરવા લાયક પણાને
अल्पेतरम् અતિશય
संसाराम्बुनिधिम् સંસાર સાગરને
करोति કરે છે.
सुतरम् સુખે તરાય એવો
चेतः મન
कृपार्द्रान्तरम् દયાથી ભીંજાયેલો છે મધ્ય ભાગ જેનું

મધ્યભાગ ભીનો જેહનો કરૂણાથકી નરચિત્ત તે,
આયુષ્યને ઘટવા દીયેના કરત સુંદર શરીરને;
મોટાઇ નિજ કુલની વધારે દ્રવ્યને તનુશક્તિને,
સ્વામિપણું ઉત્કૃષ્ટ આપે નિતહરે સવિરોગને. ૧

**લોકે પ્રશંસા બહુ પમાડે જન્મ મરણ જલે કરી;**
**ભરિયો સદા સંસાર જલનિધિ તે તરાવે જિમતરી;**
**દ્રષ્ટાન્ત રાજા મેઘરથનું જાણ હરિબલ મચ્છીનું,**
**રક્ષણ કરે પ્રભુ વીર તારા દ્વેષિ મંખલિ પુત્રનું. ૨**

**અર્થઃ**—કૃપા (દયા) થકી ભીનો છે મધ્યભાગ જેનો એવું જે મનુષ્યનું ચિત્ત, તે આયુષ્યને ઘટવાદેતું નથી. શરીરને સુંદર બનાવે છે, કુળને મ્હોટું કરે છે, દ્રવ્યને વધારે છે, બળમાં વૃદ્ધિ કરે છે, મ્હોટાઈનો વધારો કરે છે, નિરંતર નિરોગી રાખે છે, ત્રણ જગતમાં માણસોની પ્રશંસા પ્રાપ્ત કરાવે છે, અને સંસારરૂપ સમુદ્રને સુખે તરી શકાય એવો બનાવે છે.

હવે ચાર કાવ્યે કરીને સત્યનો મહિમા કહે છે.

**विश्वासायतनं[१] विपत्तिदलनं[२] देवैः[३] कृताराधनं[४],**
**मुक्तेः[५] पथ्य[६]दनं[७] जलाग्निशमनं[८] व्याघ्रोरगस्तंभनम्[९] ।**
**श्रेयःसंवननं[१०] समृद्धिजननं[११] सौजन्यसंजीवनं[१२],**
**कीर्त्तेः[१३] केलिवनं[१४] प्रभावभवनं[१५] सत्यं[१७] वचः[१८] पावनम्[१९] ॥२९॥**

॥ श्लोक २९ ॥
विश्वासायतनम् વિશ્વાસનું સ્થાન
विपत्तिदलनम् આપત્તિને દળી નાંખનાર
देवैः દેવતાઓએ
कृताराधनम् કરી છે સેવા જેની
मुक्तेः મોક્ષના
पथि अदनम् માર્ગમાં ખાવાનું ભાતું
जल अग्नि शमनं પાણીતથા અગ્નિના ભયને શાન્ત કરનાર
व्याघ्र, उरग વાઘ તથાસર્પને
स्तंभनम् અટકાવનાર

श्रेयःसंवननम् કલ્યાણનું વશીકરણ
समृद्धि जननम् ઋદ્ધિને
कीर्त्तेः- કીર્ત્તિનું [ આપનાર
केलिवनम् ક્રીડાનું સ્થાન
प्रभाव भवनम् પ્રભાવનું ઘર
सत्यम् वचः સત્ય વચન
पावनम् પવિત્ર

તું વચન સાચું બોલજે વિશ્વાસનું તે સ્થાન છે,
આપત્તિનો પણ નાશ તેથી સેવતા સુર તેહને,
ભાતા સ્વરૂપ શિવપંથ જાતાં જલ અનલની બીકને,
દૂરે કરે અટકાવનારૂં વાઘને વલિ સર્પને. ૧.
વલિ મોક્ષને સ્વાધીન કરવા હેતુ ઉત્તમ તેહ છે,
સમૃદ્ધિને નિપજાવનારૂં સુજનતાના લાભને;
આપેજ ક્રીડાવન વલિને કીર્ત્તિનું મહિમાતણું.
તે ગેહ જાણ પ્રમાણમાં હિત બોલ સાચું નિતભલું. ૨.

અર્થઃ-હે ભવ્યજનો ? વિશ્વાસના સ્થાનરૂપ. આપત્તિઓનો નાશ કરનારૂં, દેવતાઓએ પણ જેનું આરાધન કરેલું છે એવું, મોક્ષમાર્ગને વિષે ભાતારૂપ, જળ તથા અગ્નિના ભયને શમાવનારૂં, વાઘ તથા સર્પને થંભાવનારૂં, મોક્ષનું વશીકરણ સમૃદ્ધિને ઉત્પન્ન કરનારૂં, સુજનતાને નિપજાવનારૂં, કીર્ત્તિનું ક્રીડાવન, અને મહિમાના ઘરરૂપ એવું જે પવિત્ર સત્યવચન તેજ બોલો.

५ ४ २ ३ २
यशः यस्माद्भस्मीभवति वनवह्लेरिव वनं,
१२ ११ ७ ८ ९ १०
निदानं दुःखानां यदवनिरुहाणां जलमिव ।
१८ १३ १९ १५ १४ १७ १६
न यत्र स्याच्छायाऽऽतप इव तपःसंयमकथा,
२३ २० २१ २५ २४ २२
कथंचित्तन्मिथ्यावचनमभिधत्ते न मतिमान् ॥६०॥

॥ श्लोक ३० ॥

यशः જશ

यस्मात् જે અસત્ય વચનથી

भस्मीभवति નષ્ટ થઈ જાય છે.

वनवह्नेः દાવાનલથી

इव જેમ

वनम् જંગલ

निदानम् કારણભૂત

दुःखानाम् દુઃખોનું

यत् જે અસત્ય

अवनिरुहाणाम् વૃક્ષોનું કારણ.

जलम् इव જલ જેમ

न, यत्र, स्यात्, જે અસત્યમાં નથી હોતી

छाया છાયો, પડછાયો

आतपे इव સૂર્યના તાપમાં જેમ

तपः संयम कथा તપ સંયમની વાત

कथंचित् કોઇ વખત પણ

तत् मिथ्यावचनं તે અસત્ય વચનને

अभिधत्ते न બોલતો નથી

मतिमान् ડાહ્યો માણસ

જિમ વન બલે દાવાગ્નિ યોગે તેમ યશ જેથી બલે.
વૃક્ષોનું કારણ જેમ જલ છે તેમ દુઃખનો હેતુ જે;
જિમ સૂર્યના તડકા વિષે છાયા ન હોવે તિમ જિહાં,
તપની વિમલ સંયમતણી ના વાત પણ હોવે જરા. ૧
જુઠાં વચણને બોલતાં તપની તથા સંયમતણી,
આરાધના નિષ્ફલ બને હોવે કરેલ ભલે ઘણી;
એ ભાવ સાચો દીલ ધારી કષ્ટ આવે તો ભલે,
પણ વચન ખોટું ના વદે મતિમંત વસુરાજા સ્મરે. ૨.

અર્થઃ—જેમ દાવાગ્નિથી વન ભસ્મ થાય છે, તેમ જે અસત્ય વચનથી યશ ભસ્મ થાય છે (નાશ પામે છે), વળી જે અસત્યવચનઃ જળ જેમ વૃક્ષોના કારણરૂપ છે, તેમ દુઃખોનાં હેતુરૂપ છે, અને વળી જે અસત્ય વચનને વિષે,

સૂર્યના તડકાને વિષે જેમ છાયા ન હોય, તેમ તપ અને સંયમની કથાપણ હોતી નથી, એવા અસત્ય વચનને બુદ્ધિમાન પુરૂષો કષ્ટ આવે છતે પણ બોલતા નથી.

હવે અસત્યપણાના દોષો બતાવે છે.

( वंशस्थवृत्तम् )

**असत्यमप्रत्ययमूलकारणं,**
**कुवासनासद्म समृद्धिवारणम् ।**
**विपन्निदानं परवंचनोर्जितं,**
**कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥३१॥**

॥ श्लोक ३१ ॥

असत्यम् જુઠું વચન
अप्रत्यय मूल कारणं અવિશ્વાસનું મુખ્ય કારણ
कुवासना सद्म પાપનું ઘર
समृद्धि वारणम् ઋદ્ધીનું વારણ કરનાર
विपत् निदानम् આપત્તિનું કારણ
पर वंचन ऊर्जितम् પરાયાને છેતરવામાં ચતુર
कृता पराधम् અપરાધવાળું
कृतिभिः પંડિતોએ
विवर्जितम् તજેલું છે.

વિશ્વાસપાત્ર બને ન લોકે પુરૂષ જેને ઉચ્ચરી,
ઘર પાપ બુદ્ધિ તણુંજ જે છે ઋદ્ધિને રોકે વલી;
આપત્તિનું કારણ અને બલવંત ઠગવા અપરને,
કરનાર ગુનો સર્વનો જે બુધ તજે તે વિતથને. ૧

અર્થઃ—અવિશ્વાસનું મૂળકારણ, માઠી વાસના એટલે પાપ બુદ્ધિનું ઘર, લક્ષ્મીને વારનારૂં, આપત્તિઓનું કારણ, અન્ય-

જનોને છેતરવામાં બળવાન અને અપરાધી એવું જે અસત્ય વચન, તેને પંડિત જનોએ તજેલું છે.

હવે સત્ય વચનનો પ્રભાવ જણાવે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

५ ६ ७ ८ ९ १० ११ १२ १३
तस्याऽग्निर्जलमर्णवः स्थलमरिर्मित्रं सुराः किंकराः,
१४ १५ १६ १७ १८ १९ २० २१
कांतारं नगरं गिरिर्गृहमहिर्माल्यं मृगारिर्मृगः ।
२२ २३ २४ २५ २६ २७ २८
पातालं बिलमस्त्रमुत्पलदलं व्यालः शृगालो विषं,
२९ ३१ ३२ ३० ३ २ ४ १
पीयूषं विषमं समं च वचनं सत्याश्रितं वक्ति यः ॥३२॥

॥ શ્લોક ૩૨ ॥

तस्य તે સત્ય બોલનારને
अग्निः દેવતા
जलम् પાણી જેવો
अर्णवः સમુદ્ર
स्थलम् જમીન જેવો
अरिः શત્રુ
मित्रम् ભાઇબંધ જેવો
सुराः દેવતા
किंकराः નોકરો જેવા
कान्तारम् જંગલ
नगरम् નગર જેવું
गिरिः પર્વત
गृहम् ઘર જેવો
अहिः સર્પ
माल्यम् માલા જેવો
मृगारिः સિંહ
मृगः હરણ જેવો
पातालम् પાતાળ
बिलम् બીલ જેવું
अस्त्रम् અસ્ત્ર
उत्पल दलम् કમલના પત્ર જેવું
व्यालः દુષ્ટ હાથી
शृगालः શિયાળ જેવો
विषम् ઝેર
पीयूषम् અમૃતજેવું
विषमम्, समम् કઠીન સ્થાન પણ સુખ કારક થાય છે
सत्याश्रितम् સત્યતા યુક્ત વચનને
वक्ति यः જે માણસ બોલે છે

જે વચન સાચાં બોલતાં તેને અનલ જલરૂપ બને,
સ્થલ રૂપ થાય સમુદ્ર શત્રુ જેહ મિત્ર સમ તે બને;
દેવો કરે તસ સેવના વલિ વન નગર રૂપે બને,
ઘરરૂપ પર્વત સંપજે વલિ સર્પ પણ માલા બને. ૧

સિંહ હરિણ સમ થાયે વલી પાતાલ છિદ્ર સમું બને,
હથિયાર પત્ર સમું કમલના ગજ શિયાલ સમો બને;
વિષ થાય અમૃતરૂપ દુઃખનું સ્થાન સુખદાયક બને,
હરિશ્ચંદ્ર રાજા ટેક રાખી સત્યની સુખિયો બને. ૨.

અર્થઃ—જે પુરૂષ સત્યતાયુક્ત વચન બોલે છે, તેને અગ્નિ જળસમાન, સમુદ્ર સ્થળસમાન, શત્રુ મિત્રસમાન, દેવતા સેવકસમાન; વન નગરસમાન, પર્વત ઘરસમાન, સર્પ ફૂલની માળાસમાન, સિંહ હરિણસમાન, પાતાળ છિદ્રસમાન, શસ્ત્ર કમળપત્રસમાન, હાથી શિયાળસમાન, વિષ અમૃતસમાન, અને વિષમ સ્થાન સંપત્તિના સ્થાન સમાન થાય છે,

હવે અદત્તાદાન વ્રત વર્ણવે છે.

( मालिनीवृत्तम् )

६ ७ ५ ९ १० ८
तमभिलषति सिद्धिस्तं वृणीते समृद्धि-
१२ १३ ११ १६ १५ १४
स्तमभिसरति कीर्तिर्मुचते तं भवार्त्तिः ।
१९ १७ १८ २२ २३ २० २१
स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं,
२६ २४ २५ १ ३ ४ २
परिहरति विपत्तं यो न गृह्णात्यदत्तम् ॥३३॥

॥ શ્લોક ૩૩ ॥

तम् તે માણસની
अभिलषति ઈચ્છા કરે છે
सिद्धिः મુક્તિ
तम् वृणीते તે પુરૂષને વરે છે
समृद्धिः સંપત્તિ
तम् अभिसरति તેની પાસે આવે છે
कीर्त्तिः જશ
मुञ्चते તજી દે છે
भवार्त्तिः સંસારની પીડા
स्पृहयति ઈચ્છે છે
सुगति ઉત્તમ ગતિ
तम् તે માણસને
न, ईक्षते નથી જોતી
दुर्गतिः ખરાબ ગતિ
परिहरति ત્યાગ કરે છે
विपत् આપત્તિ
यः न જે માણસ, નહિ
गृह्णाति ગ્રહણ કરે
अदत्तम् ન આપેલું (ચોરી)

દીધા વિનાની વસ્તુ જે નર ગ્રહણ કરતો ના જરી,
મુક્તિ ચહે તેને વરે સઘલી મલી સંપદ વલી;
યશ જાય તેની પાસ પીડા ભવતણી તેને તજે,
વાંછે સુગતિ તેને સદા તિમ કુગતિ સામું ના જુએ. ૧.

આપત્તિ છોડે તેહને દીધેલ વસ્તુ જે ગ્રહે,
મહિમા ઘણો વ્રત નિયમ કેરો જે ધરે તે શિવ લહે;
લેતાં વગર આપેલ વસ્તુ દુઃખ હોવે અન્યને,
સુખ આપતાં બુધ ઉષ્ણ જલ જિમ ભોગવીને દુઃખને. ૨.

અર્થઃ-જે પુરૂષ નહિં આપેલું અર્થાત્ પારકું ( કાંઈ પણ ) નથી ગ્રહણ કરતો તે પુરૂષની મુક્તિ ઈચ્છા કરે છે, સમૃદ્ધિ તેને વરે છે, યશ તેની પાસે જાય છે, સંસારનાં દુઃખ તેને તજી દે છે, સુગતિ તે પુરૂષની વાંછા કરે છે, દુર્ગતિ તેના સામું જોતી નથી, અને વિપત્તિ તો તેનો ત્યાગ જ કરે છે.

હવે અદત્ત નહિ ગ્રહણ કરનારને ફાયદો જણાવે છે.

( शिखरीणोवृत्तम् )

५ ६ ७ १ ३ ४ २
अदत्तं नाऽऽदत्ते कृतसुकृतकामः किमपि यः,
१२ ८ १३ १० ११ ९
शुभश्रेणिस्तस्मिन् वसति कलहंसीव कमले ।
१८ १४ १९ २० १६ १७ १५
विपत्तस्माद्दूरं व्रजति रजनीवांबरमणे-
२२ २३ २४ २५ २६ २१
विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीभजति तम्॥३४॥

॥ श्लोक ३४ ॥

अदत्तम् નહિ આપેલી વસ્તુ
न आदत्ते નથી ગ્રહણ કરતો
कृत सुकृत कामः પુણ્યની ઇચ્છા રાખનાર
किमपि કંઇપણ
यः જે માણસ
शुभश्रेणिः કલ્યાણની પરંપરા
तस्मिन् તે પુરૂષને વિષે
वसति વસે છે
कलहंसी इव રાજહંસી જેમ
कमले કમળમાં
विपद् આપત્તિ
तस्मात् તે પુરૂષથી
दूरं व्रजति વેગળી જતી રહે છે
रजनी इव રાત્રીની પેઠે
अम्बर मणेः સૂર્ય થકી
विनीतम् વિનયવાળા માણસને
विद्याइव વિદ્યા જેમ તેમ
त्रिदिव સ્વર્ગની
शिव મોક્ષની
लक्ष्मीः લક્ષ્મી જે તે
भजति ભજે છે
तम् તે માણસને

કરનાર ઇચ્છા પુણ્યની જે અણ દિધેલું ના લિયે,
જિમ કમલ ઉપર રાજહંસી મોઝથી વાસો કરે;
તે જન વિષે ગણ પુણ્ય કેરો તિમ સકલ ભાવે વસે,
વલિ સૂર્યથી જિમરાત ભાગે તેમ તેથી દુઃખ ખસે. ૧.

વિદ્યા વિનયિનરને ભજે જિમ તેમ લક્ષ્મી સ્વર્ગની,
વલિ મોક્ષની તેને ભજે નિત ઉચિત મેલાપે કરી;
સઘલા ગુણો ભાખ્યા બુધે હિતકાજ ત્રીજાવ્રત તણા,
પચ્ચખાણ કર તું જીવ જાણી ઇમ અદત્તાદાનના. ૨.

**અર્થઃ**—પુણ્યની ઈચ્છા કરનારો જે મનુષ્ય, કોઈપણ અદત્ત પદાર્થ લેતો નથી, તે પુરૂષને વિષે, કમલને વિષે જેમ રાજહંસી રમે છે, તેમ કલ્યાણનો સમૂહ વાસ કરે છે, વળી સૂર્યથી જેમ રાત્રી નાસી જાય છે, તેમ તે પુરૂષથી વિપત્તિ દૂર જતી રહે છે, અને જેમ વિદ્યા, વિનયિ પુરૂષ પાસે આવે છે, તેમ સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી તે પુરૂષને સેવે છે.

હવે બે કાવ્યોમાં અદત્તના દોષો બતાવે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ २ ३ ४
यन्निर्वर्त्तितकीर्तिधर्मनिधनं सर्वागसां साधनं,
५ ६
प्रोन्मीलद्वधबंधनं विरचिताक्लिष्टाशयोद्बोधनम् ।
७ ८
दौर्गत्यैकनिबंधनं कृतसुगत्याश्लेषसंरोधनं,
९ १५ १४ ११ १० १२ १३
प्रोत्सर्प्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥३५॥

॥ श्लोक ३५ ॥

यत् જે નહિ આપેલું ધન
निर्वर्त्तित કર્યો છે
कीर्तिधर्म કીર્ત્તિ તથા ધર્મનો
निधनम् નાશ જેણે
सर्वागसाम् સમગ્ર આપત્તિ-યોનું
साधनम् કારણ
प्रोन्मीलत् પ્રકટ થતા છે [જેથી
वध बंधनम् વધ તથા બંધન
विरचित કર્યો છે
क्लिष्ट, आशय દુષ્ટ અભિપ્રાય
उद्बोधनम् પ્રગટ જેણે
दौर्गति દુર્ગતિનું

ઇક નિબંધનમ્ અસાધારણ કારણ
કૃત કર્યું છે.
સુગતિ આશ્લેષ સુગતિના મેલાપનું
સંરોધનં નિવારણ જેણે
પ્રોત્સર્પત્ પ્રધનમ્ મરણને પ્રાપ્ત કરાવનાર
જિઘૃક્ષતિ ગ્રહણ કરવાને ઇચ્છે
ન નહિ
તત્ તે
ધીમાન્ બુદ્ધિમાન
અદત્તમ્ ધનમ્ ન આપેલું ધન; ચોરી

કીર્તિ તણો ધનનો વલી સંહાર જે કરવા થકી,
કારણ સકલ અપરાધનું જે પ્રકટ હોવે જે થકી;
વધ તેમ બંધન પ્રકટ કરતું જેહ નીચ અભિપ્રાયને,
દારિદ્રયનું જે મુખ્ય કારણ રોકતું જે સુગતિને. ૧.
વલિ મરણ હોવે જેહથી તે અણદિયેલ ધનાદિને,
ના ગ્રહણ કરવા ઇચ્છતા મતિમંત રસિયા નિજહિતે;
આ કાર્યથી શો લાભ ને વલી ઘેર લાભ થશે મને,
એવો કરી સુવિચાર આદર નિત્ય સુંદર કાર્યને. ૨

અર્થઃ-જેનાથી કીર્ત્તિ તથા ધનનો નાશ થાય છે, જે સર્વ અપરાધોનું કારણરૂપ છે, જેનાથી પ્રહાર બંધન આદિ પ્રગટ થાય છે, જે દુષ્ટ અભિપ્રાયને પ્રગટ કરે છે, જે દરિદ્રતાનું અસાધારણ કારણ છે, જે સુગતિને પ્રાપ્ત કરતાં નિવારણ કરે છે, અને જેનાથી મરણ થાય છે, એવું જે અદત્ત ધન, તેને બુદ્ધિમાન પુરૂષો ગ્રહણ કરતા નથી.

( हरिणीवृत्तम् )

परजनमनःपीडाक्रीडावनं[1] वधभावना-
भवनमवनिव्यापिव्यापल्लताघनमंडलम्[2][3]

**कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलं,**

**नियतमनुपादेयं स्तेयं नृणां हितकांक्षिणाम् ॥३६॥**

॥ श्लोक ३६ ॥

परजनमनः- પરાયા માણુ-
સોના મનના

पीडाक्रीडावनम् દુઃખને રમવા
ક્રીડાના વન જેવું

वध भावना, भवनम् હિંસાના
વિચારનું ઘર

अवनि व्यापि પૃથ્વીમાં
ફેલાયલી

व्यापत् लता આપત્તિરૂપી
વેલોમાં

घनमंडलम् મેઘના સમૂહ જેવું

कुगति गमने નરકાદિ ગ-
તિમાં

मार्गः રસ્તા જેવું

स्वर्ग अपवर्गपुर સ્વર્ગ અથવા
મોક્ષરૂપી નગર(ના બારણાં)ને

अर्गलम् ભુંગળ જેવું

नियतम् નિશ્ચયે

अनुपादेयम् ગ્રહણ કરવા
લાયક નથી

स्तेयम् ચોરીનું ધન

नृणाम् મનુષ્યોને

हित कांक्षिणाम् હિતની
ઇચ્છાવાળા

રમવા બગીચો પીડને જે પરજનોના મનતણી,
હિંસા તણી તિમ ભાવનાનું ગેહ ફેલાઈ રહી;
જે વિશ્વમાં આપત્તિઓ તે રૂપ લતાઓ સિંચવા,
આ અવ્રત તીજું ગણ સરીખું દીસતું વલી મેઘના. ૧
કુગતિ જવાનો માર્ગ દ્વારે સ્વર્ગમુક્તિ નગરતણા,
ભુંગળ સરીખું જેહ કીધું તે ધનાદિક ચોરીના;
હિત વાંછનારા માનવોને જોઈયે લેવું નહીં,
બહુકાલ વસ્તુ તે ટકે છે ન્યાય રીતે જે લહી. ૨

અર્થઃ—અન્ય જનોના મનની પીડાને રમવાના વન સમાન, હિંસાની ચિંતવનાના ઘરરૂપ, પૃથ્વીને વિષે ફેલાઈ

રહેલી જે આપદારૂપી લતાઓ, તેને વધારવામાં મેઘના સમૂહ સમાન, કુગતિને વિષે જવાના માર્ગરૂપ, તથા સ્વર્ગ અને મોક્ષપુરીના બારણે આગળીઆ (ભોંગળ) રૂપ એવું જે અદત્ત (ચોરી) તે નિશ્ચે હિતવાંછક જનોએ ગ્રહણ કરવા યોગ્ય નથી.

હવે પર સ્ત્રીગમન કરનારને ગેરફાયદા દેખાડે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

१२ ९ १० ११ १३ १४
दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चकः,
१५ १६ १७ १८
चारित्रस्य जलांजलिर्गुणगणारामस्य दावानलः ।
२० १९ २१ २३ २२
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः,
१ ८ ५ ६ ३ ७ ४ २
*कामार्त्तस्त्यजति प्रबोधयति वा स्वस्त्रीं परस्त्रीं न यः ॥३७

॥ श्लोक ३७ ॥

दत्तः વગડાવ્યો
तेन તે માણસે
जगति જગતમાં
अकीर्तिपटहः અપજશનો ઢોલ
दत्तः ફેરવ્યો
गोत्रे પોતાના કુલમાં
मषी कूर्चकः રૂશણાઈનો કુચો
चारित्रस्य ચારિત્રને
जल अंजली જલની અંજલી આપી; બગાડયું
गुणगण ગુણ સમૂહના
आरामस्य બગીચાને
दावानलः દાવાનલ આપ્યો
संकेतः આવવાની સંજ્ઞા કરી
सकल आपदाम् બધી આપત્તિઓને
शिवपुरद्वारे મોક્ષનગરના બારણે
कपाटः કપાટ, કમાડ (જડયા)
दृढः મજબુત
शीलम् શીલ, બ્રહ્મચર્ય
येन જે માણસે
निजम् પોતાનું

---

* शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिन्तामणिः इति पुस्तकांतरे पाठः ॥

| | |
|---|---|
| विलुप्तम् લોપ્યું, ખોયું | त्रैलोक्यचिंतामणिः ત્રણે લો- |
| अखिलम् બધું | કમાં ચિંતામણિ જેવું |

નિજનાર બોલાવે ન તિમ જે નાર પરની ના તજે,
અપકીર્તિ કેરો ઢોલ વગડાવ્યો જગતમાં તે જને;
નિજગોત્ર ઉપરે ફેરવ્યો કૂચો મશીનો ચરણને,
આપી જલાંજલિ મૂલથી શું કાર્ય સૂઝયું તેહને. ૧.
દાવાગ્નિ સળગાવ્યો અરે ગુણ સમૂહરૂપ આરામમાં,
નિજ પાસ બોલાવી વિપત્તિ સકલ તેણે પલકમાં;
વલિ મોક્ષરૂપ નગરી તણા દેઈ કમાડો બારણાં,
તે મૂર્ખ જીવે બંધ કીધા ભૂલમાં શું છે મણા. ૨.

**અર્થ**:-કામથી પીડાએલો જે માણસ પોતાની સ્ત્રીને બોલાવતો નથી અને પરસ્ત્રીને તજતો નથી, તેણે જગતને વિષે અપકીર્તિરૂપ ઢોલ વગડાવ્યો છે. પોતાના ગોત્રની ઉપર રૂસનાઈ(મેશ) નો કૂચડો ફેરવ્યો છે. સંયમને જલાંજલિ આપી છે–અર્થાત્ ચારિત્ર તેનાથી દૂર રહે છે; ગુણ સમૂહરૂપી ઉદ્યાનને વિષે દાવાનળ સળગાવ્યો છે, સર્વ આપત્તિઓને પોતાની પાસે બોલાવી છે, અને મોક્ષરૂપી નગરીના દ્વારને વિષે કમાડ મજબુત બંધ કર્યા છે.

હવે ત્રણ કાવ્યે કરીને શીલવ્રતનો મહિમા કહે છે.

व्याघ्रव्यालजलानलादिविपदस्तेषां व्रजंति क्षयं,
कल्याणानि समुल्लसंति विबुधाः सान्निध्यमध्यासते।
कीर्तिः स्फूर्तिमियर्ति यात्युपचयं धर्मः प्रणश्यत्यघं,
स्वर्निर्वाणसुखानि संनिदधते ये शीलमाबिभ्रते ॥३८॥

॥ श्लोक ३८ ॥

व्याघ्र: વાઘ
व्याल હાથી અથવા સર્પ
जल, अनल પાણી, અગ્નિ
आदि विपद: વિગેરેની આપ-
तेषाम्, તે પુરૂષોની [ ત્તિયો
व्रजन्ति પામે છે
क्षयम् નાશને
कल्याणानि ઉત્તમ કાર્યો
समुल्लसन्ति વૃદ્ધિને પામે છે
विबुधाः દેવતાઓ
सांनिध्यम् નજીકમાં; પાસે
अध्यासते બેસે છે; સહાય કરેછે
कीर्तिः યશ
स्फूर्त्तिम् વિસ્તારને
इयर्ति પામે છે
याति પામે છે
उपचयम् વૃદ્ધિને
धर्मः ધર્મ
प्रणश्यति નાશ પામે છે
अघम् પાપ
स्वः निर्वाण सुखानि સ્વર્ગ તથા મોક્ષના સુખ
संनिदधते પાસે આવે છે
ये शीलं आबिभ्रते જે માણસો શીલને ધારણ કરે છે.

જે ભાગ્યવંતા માનવો શીલ નિર્મલું ધારણ કરે,
સર્પો તથા ગજ દુષ્ટ સિંહો વાઘ જલ અગ્નિ સવે;
આપત્તિ તેઓની હઠે કલ્યાણ સાધન વલિ વધે,
કીર્તિ લહે વિસ્તાર પામે ધર્મ પુષ્ટિ દુરિત ટલે. ૧

સુખ સ્વર્ગના તિમ મુક્તિના આવે નજીક તેઓ તણી,
તેજસ્વિઓ તેઓ બને બલવંત ચિરંજીવિત ઘણી;
સંસ્થાનને સંઘયણ પામે પ્રવર શીલને સાધતા,
વંદન કરાયે હરિગણોથી નિત સિંહાસન બેસતા. ૨

**અર્થ**:—જે માણસો શીલ વ્રતને ધારણ કરે છે; તેમની વાઘ, સર્પ જળ, અગ્નિ પ્રમુખની આપત્તિઓ નાશ પામે છે, કલ્યાણ વૃદ્ધિ પામે છે, દેવતાઓ સહાય્ય કરે છે, કીર્તિ

વિસ્તાર પામે છે, ધર્મ પોષણ (વૃદ્ધિ) પામે છે, પાપ નાશ પામે છે, તથા સ્વર્ગ અને મોક્ષનાં સુખ પાસમાં આવે છે.

(मालिनीवृत्तम्)

४ ३ ६ ५
हरति कुलकलंकं लुंपते पापपंकं,
७ ८ ९ १०
सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति ।
१२ ११ १४ १३
नमयति सुरवर्गं हंति दुर्गोपसर्गं,
१७ १ २ १५ १६
रचयति शुचिशीलं स्वर्गमोक्षौ सलीलम् ॥ ३९ ॥

॥ श्लोक ३९ ॥

हरति દૂર કરે છે
कुलकलंकम् કુલના કલંકને
लुंपते નાશ કરે છે
पाप पंकम् પાપરૂપી કાદવને
सुकृतम् પુણ્યને
उपचिनोति વધારે છે
श्लाघ्यताम् પ્રશંસાને
आतनोति ફેલાવે છે
नमयति નમાવે છે
सुरवर्गम् દેવતાઓના સમૂહને
हन्ति હણે છે
दुर्ग उपसर्गम् ભયંકર ઉપ-[દ્રવને
रचयति આપે છે
शुचि शीलम् પવિત્ર શીલ
स्वर्गमोक्षौ સ્વર્ગ તથા મોક્ષને
सलीलम् રમત માત્રમાં

કુલનું કલંક હરે વિમલશીલ પાપ રૂપ કાદવતણો,
કરેનાશ પુણ્ય વધારનારૂં ભયંકર ઉપસર્ગનો,
સંહાર કરનારૂં પ્રશંસાના કરે વિસ્તારને,
સુરગણ નમાવે રમત માત્રે દ્યે અમર ઘર મુકિતને. ૧.

અર્થઃ-નિર્મળ એવું શીલવ્રત-કુળના કલંકનું હરણ કરે છે, પાપરૂપી કાદવનો નાશ કરે છે, પુણ્યનો વધારો કરે છે,

પ્રશંસાનો વિસ્તાર કરે છે, દેવતાઓના સમૂહને નમાવે છે, ભયંકર ઉપસર્ગોને હણે છે. તથા રમત માત્રમાં સ્વર્ગ અને મોક્ષને આપે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

६ ४ ५ ९ ७ ८ १० ११ १२
तोयत्यग्निरपि स्रजत्यहिरपि व्याघ्रोऽपि सारंगति,
१३ १४ १५ १६ १७ १८ १९ २० २१
व्यालोऽप्यश्वति पर्वतोऽप्युपलति क्ष्वेडोऽपि पीयूषति।
२२ २३ २४ २७ २५ २६ ३०
विघ्नोऽप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां,-
२८ २९ ३३ ३१ ३२ १ २ ३
नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद्ध्रुवम्॥४०॥

॥ श्लोक ४० ॥

तोयति પાણી જેવો થાય છે
अग्नि: अपि અગ્નિ પણ
स्रजति પુષ્પની માલા જેવો થાય છે.
अहि: अपि સર્પ પણ
व्याघ्र: अपि વાઘ પણ
सारंगति હરિણ જેવો થાયછે
व्यालः अपि દુષ્ટ હાથી પણ
अश्वति ઘોડા જેવો થાય છે
पर्वत: अति પર્વત પણ
उपलति પથ્થર જેવો થાય છે
क्ष्वेडः अपि ઝેર પણ
पीयूषति અમૃત જેવું થાય છે
विघ्नः अपि વિઘ્ન પણ
उत्सवति ઉત્સવ જેવું થાય છે
प्रियति સગાં જેવો થાય છે
अरिः अपि શત્રુ પણ
क्रीडा तडागति રમવાના તળાવ જેવો થાય છે
अपांनाथ: अपि સમુદ્ર પણ
स्वगृहति પોતાના ઘર જેવું થાય છે
अटवी अपि જંગલ પણ
नृणाम् મનુષ્યોને
शीलप्रभावात् શીલના પ્રભા- [વથી
ध्रुवम् નિશ્ચયે

શીલના પ્રભાવે નિશ્ચયે જનને અનલ જલ સમ બને,
સર્પો બને માલા સરીખા વાઘ હરિણ સમો બને;
હાથી બને ઘોડા સરીખો અચલ પત્થર સમ બને,
વિષ અમિય હોવે હર્ષદાયક વિઘ્ન પણ હોવે ક્ષણે. ૧.
નિજશત્રુ હોવે મિત્ર જલધિ વર તળાવ સમો બને.
નિત ખેલવાને તેમ નિજ ઘર સારિખી અટવી બને;
સ્થૂલિ ભદ્ર મુનિરાજે તથા તે શ્રાદ્ધશેઠ સુદર્શને,
અનુકૂલ ઉપસર્ગો સહીને સાચવ્યું નિજશીલને. ૨.

અર્થઃ—શીલવ્રતના પ્રભાવથી મનુષ્યને નક્કી અગ્નિ જળસમાન, સર્પ પુષ્પની માળાસમાન, વાઘ હરિણસમાન, હાથી ઘોડાસમાન, પર્વત પત્થરસમાન, ઝેર અમૃતસમાન, વિઘ્ન ઉત્સવસમાન, શત્રુ મિત્રસમાન, સમુદ્ર ક્રીડા કરવાના સરોવરસમાન અને અટવી પોતાના ઘરસમાન થાય છે.

હવે ચાર કાવ્યે કરીને પરિગ્રહનું વિવેચન કરે છે.

૨ ૩ ૧ ૫ ૪
कालुष्यं जनयन् जडस्य रचयन् धर्म्मद्रुमोन्मूलनं,
७ ६ ८ ९
क्लिश्यन्नीतिकृपाक्षमाकमलिनीर्लोभांबुधिं वर्द्धयन् ।
१० ११ १२ १३
मर्यादातटमुद्रुजन् शुभमनोहंसप्रवासं दिशन्,
१७ १९ १८ १४ १५ १६
किं न क्लेशकरः परिग्रहनदीपूरः प्रवृद्धिं गतः ॥४१॥

॥ श्लोक ४१ ॥

कालुष्यम् ખરાબ વિચાર
जनयन् ઉત્પન્ન કરનાર
जडस्य જડ માણસને
रचयन् કરનાર
धर्मद्रुमोन्मूलनम् ધર્મ રૂપી વૃક્ષનું ઉખેડવું

क्लिश्यन् વિખેરનાર
नीति, कृपा, क्षमा, ન્યાયદયા ને ક્ષમારૂપી
कमलिनीः કમલીનીયોને
लोभाम्बुधिम् લોભરુપી સમુદ્રને
वर्द्धयन् વધારનાર [
मर्यादातटम् મર્યાદારૂપી તટને
उद्रुजन् પીડા કરતો
शुभमनोहंसप्रवासं શુભ મનરૂપી હંસને દેશવટો
दिशन् આપનાર
किं न क्लेशाकरः શું કલેશ કરતો નથી?
परिग्रह नदीपूरः પરિગ્રહરૂપી નદીનો પ્રવાહ
प्रवृद्धिम् વૃદ્ધિને
गतः પામેલો

વધતું નદીનું પૂર બગાડે જેમ નિર્મલ નીરને,
મૂર્છા નદીનું પૂર બગાડે તેમ જડના ચિત્તને;
વધતું નદીનું પૂર જિમ કાંઠે રહેલાં વૃક્ષને,
મૂર્છા નદીનું પૂર ઉખાડે તેમ ધર્મ વૃક્ષને. ૧.
વધતું નદીનું પૂર પીડે પોયણીઓને યથા,
મૂર્છા નદીનું પૂર કરૂણા ક્ષાંતિ નીતિને તથા;
વધતું નદીનું પૂર પમાડે વૃદ્ધિ જેમ સમુદ્રને,
પરિગ્રહ નદીનું પૂર વધારે તેમ લોભ સમુદ્રને. ૨.
વધતું નદીનું પૂર ભાંગે જેમ કાંઠાઓ સહી,
પરિગ્રહ નદીનું પૂર મર્યાદા સ્વરૂપ તટને અહીં;
વધતું નદીનું પૂર ઉડાડે જેમ સઘલા હંસને,
પરિગ્રહ નદીનું પૂર ઉડાડે તેમ શુભ મનહંસને. ૩.
મમ્મણ અને નૃપ નંદ ઘસતા હાથના ચાલ્યા ગયા.
મૂર્છા પરિગ્રહ એમ દશવૈકાલિકે ગુરૂ કહી ગયા;
જ્યાં લાભ લોભ વધે તિહાં જે અધિક માત્રે સોહતો,
અવળો કરીને લોભને તું થા ભલો સંતોષિયો. ૪.

અર્થઃ—જેમ વૃદ્ધિ પામેલું નદીનું પૂર નિર્મળ જળને મલીન કરે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ મૂર્ખ મનુષ્યોના ચિત્તને મલાન કરે છે. જેમ વૃદ્ધિ પામેલું નદીનું પૂર કાંઠે રહેલા વૃક્ષોને ઉખેડી નાંખે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ ધર્મરૂપી વૃક્ષને ઉખેડી નાંખે છે. જેમ વૃદ્ધિ પામેલું નદીનું પૂર કમલિનીઓને પીડા કરે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ નીતિ દયા અને ક્ષમારૂપ કમલિનીને પીડા કરે છે. જેમ વૃદ્ધિ પામેલું નદીનું પૂર સમુદ્રને વૃદ્ધિ પમાડે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ લોભરૂપી સમુદ્રને વૃદ્ધિ પમાડે છે. જેમ વૃદ્ધિ પામેલું નદીનું પૂર કાંઠાઓને તોડી નાંખે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ ધર્મરૂપ મર્યાદાના તટરૂપ ચારિત્રને ઉખેડી નાંખે છે. તેમજ વૃદ્ધિ પામેલું નદીનું પૂર જેમ હંસોને ઉડાડી મૂકે છે, તેમ વૃદ્ધિ પામેલું પરિગ્રહરૂપી નદીનું પૂર પણ શુભ મનરૂપી હંસને ઉડાડી મૂકે છે. એવું જે નવવિધ[1] પરિગ્રહરૂપી નદીનું પૂર, તે વૃદ્ધિ પામે છતે શું કલેશકારી નથી? અર્થાત્ છે જ.

( मालिनीवृत्तम् )

**कलहकलभविंध्यः[1] क्रोधगृध्रश्मशानं[2],**

**व्यसनभुजग[3]रंध्रं द्वेषदस्यु[4]प्रदोषः ।**

---

૧ ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, રૂપું, સોનું, ત્રાંબુ પીતળ દ્વિપદ અને ચતુષ્પદ.

**सुकृतवनदवाग्निर्मार्दवांभोदवायु-**
**र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुरागः ॥ ४२ ॥**

॥ શ્લોક ૪૨ ॥

कलह कलभ विंध्यः ક્લેશ રૂપી હાથીને વસવા વિંધ્ય પર્વત જેવો

क्रोधगृध्र श्मशानं ક્રોધરૂપી ગીધને વસવા શમશાન જેવો

व्यसनभुजग દુઃખરૂપી સર્પને રહેવાને

रन्ध्रः બીલ જેવો

द्वेषदस्यु દ્વેષરૂપી ચોરને માટે

प्रदोषः રાત્રી જેવો

सुकृतवन પુણ્યરૂપી વનને બાળવામાં

दवाग्निः દાવાનલ જેવો

मार्दव अम्भोद મૃદુતારૂપી મેઘને ઉડાડવામાં

वायुः પવન જેવો

नयनलिन ન્યાયરૂપી કમલને બાળવામાં

तुषारः બરફ જેવો

अत्यर्थं અતિશય

अर्थानुरागः દ્રવ્યને વિષે પ્રેમ

જે વિંધ્યગિરિ સમ ક્લેશરૂપિ હાથીને વસવા સદા,
શમશાન જેવો ક્રોધરૂપી ગીધને વસવા સદા;
જે રાફડા સમ દુઃખરૂપી સર્પને વસવા સદા,
વલિ રાત સરખો દ્વેષ રૂપી ચોરને ફરવા સદા. ૧.
દાવાગ્નિ સરખો બાલવાને પુણ્યરૂપ વનને સદા.
વલિ વાયુ જેવો સરલતારૂપ મેઘને દૂર નાંખવા;
જેહીમ જેવો ન્યાયરૂપી પોયણીને બાલવા,
તે લોભને ચેતન તજો જો ચાહના શિવપુર જવા. ૨.

અર્થઃ—દ્રવ્યને વિષે અત્યંત પ્રીતિ છે તે કલેશરૂપી હાથીને રહેવા વિંધ્યાચળ સમાન છે, ક્રોધરૂપી ગીધપક્ષીને રહેવાને શમશાન તુલ્ય છે, દુઃખરૂપી સર્પને રહેવાને રાફડા

જેવો છે, અને દ્વેષરૂપી ચોરને રાત્રી સમાન છે. વળી તે પુણ્યરૂપી વનને ( બાળવાને ) દાવાગ્નિસમાન, નમ્રતારૂપી મેઘને (નાશ કરવાને) વાયુસમાન અને ન્યાયરૂપી કમલિની ( પોયણી ) ને ( નાશ કરવાને ) હીમ સમાન છે.

( शार्दूलविक्रीडित वृत्तम् )

२ १ ४ ३ ५ ६
प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः,
७ ८ ९ १० ११ १२
पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ।
१३ १४ १५ १६ १७ १८ १९
व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्य हेतुः कलेः,
२० २१ २३ २४ २२
केलीवेश्म परिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम् ॥४३॥

॥ श्लोक ४३ ॥

प्रत्यर्थी શત્રુ
प्रशमस्य શાન્તિનો
मित्रम् મિત્ર
अधृतेः અધિરતાનો
मोहस्य મોહને
विश्रामभूः વિશામાનું સ્થાન
पापानाम् પાપોની
खनिः ખાણ
आपदाम् આપત્તિયોનું
पदम् સ્થાન
असद्ध्यानस्य રૌદ્રધ્યાનને
लीलावनम् ક્રીડાનું વન
व्याक्षेपस्य વ્યાકુલતાનું
निधिः ભંડાર
मदस्य મદનો
सचिवः મંત્રી
शोकस्य શોકનું
हेतुः કારણ
कलेः ક્લેશને
केलीवेश्म રમવાનું મકાન
परिग्रहः સ્ત્રી ધન વિગેરેની મૂર્છા
परिहृतेः છોડવાને
योग्यः લાયક છે
विविक्तात्मनाम् વિવેકી પુરૂષોને

ઉપશમ તણો જે શત્રુ અણ સંતોષનો છે મિત્ર જે,
વિશ્રામ ભૂમિ મોહની વલિ પાપની જે ખાણ છે;
આપત્તિઓનું ઠાણ ક્રીડાવન તથા દુર્ધ્યાનનું,
અભિમાનનો મંત્રી તથા કારણ વળી જે શોકનું. ૧.
ભંડાર વ્યાકુલતા તણો ઘર કલેશને રમવા તણું,
તેવો પરિગ્રહ જાણ ક્રીધું પંડિતે થોડે ઘણું;
વલિ વિઘ્ન હોવે સાધવામાં ધર્મને તેના વશે,
છે છોડવાને યોગ્ય તે ઇમ વર વિવેકી માનશે. ૨.

અર્થઃ—ઉપશમના શત્રુરૂપ, અસંતોષના મિત્રસમાન, મોહની વિશ્રામભૂમિ, પાપની ખાણ, આપત્તિઓનું સ્થાન, અશુભ ધ્યાનનું ક્રીડાવન, વ્યાકુળતાનો ભંડાર, અહંકારનો મંત્રી, શોકનો હેતુ, અને કલેશને રમવાનું ઘર, એવો જે પરિગ્રહ છે, તે વિવેકી પુરૂષોએ ત્યાગ કરવા લાયક છે.

૩ ૬ ૫ ૪ ૨ ૧ ૯ ૮ ૭
वह्निस्तृप्यति नेंधनैरिह यथा नांभोभिरंभोनिधि,
૧૦ ૧૧ ૧૩ ૧૪ ૧૫ ૧૨ ૧૬ ૧૭
स्तद्वन्मोहघनो घनैरपि धनैर्जंतुर्न संतुष्यति ।
૨૦ ૧૮ ૧૯ ૨૧ ૨૫ ૨૪ ૨૩ ૨૬ ૨૭
न त्वेवं मनुते विमुच्य विभवं निःशेषमन्यं भवं,
૨૮ ૨૨ ૨૯ ૩૦ ૩૫ ૩૩ ૩૨ ૩૪
यात्यात्मा तदहं मुधैव विदधाम्येनांसि भूयांसि किम्?॥४४॥

॥ श्लोक ૪૪ ॥

वह्निः અગ્નિ
तृप्यति, न તૃપ્ત થતો નથી
इन्धनैः લાકડાંથી
इह, यथा અહીં જેમ
न, નહિ
अम्भोभिः જલ વડે
अंभोनिधिः સમુદ્ર

तद्वत् તેની માફક
मोहघनः ઘણા મોહવાળો
घनैः अपि ઘણાં પણ
धनैः ધનવડે
जन्तुः જીવ
न संतुष्यति નથી સંતોષ પામતો
न तु एवं मनुते એ પ્રમાણે જાણતો નથી કે
विमुच्य છોડીને, તજીને
विभवम् વૈભવને
निःशेषम् બધા
अन्यम भवम् બીજા ભવ
याति જાય છે [ પ્રત્યે
तद्, अहम् તેટલા માટે, હું
मुधा एव ફોગટ જ,
विदधामि કરૂં છું
एनांसि પાપોને
भूयांसि ઘણાં
किम् શા માટે

બહુ લાકડાંઓ નાંખતાં પણ અગ્નિ તૃપ્તિ લહે નહી,
બહુ નીરથી પણ તૃપ્તિ પામે ના સમુદ્ર યથા સહી.
ધનઆદિમાં આસકિતનો ધરનાર માનવ ના લહે,
સંતોષને દ્રવ્યાદિ જો પામે ઘણાયે તો ભલે. ૧.

તે એમ માને ના અરે આ સર્વ દ્રવ્યાદિક તજી,
પરભવ જવાનો એકલો હું પોઠ પાપ તણી સજી;
ના આવશે લવલેશ સાથે યાદ પણ ના આવશે,
તો કાજ કેના પાપ ફોગટ બહુ કરૂં હું મદ વશે. ૨.

અથ:—જેમ આ લોકને વિષે ઘણાં કાષ્ટોથી અગ્નિ અને જળથી સમુદ્ર તૃપ્તિ પામતો નથી, તેમ મોહથી વ્યાપ્ત એવો જીવ ઘણા દ્રવ્યથી પણ સંતોષ પામતો નથી. પરંતુ તે એમ નથી માનતો કે. આત્મા તો સમસ્ત વૈભવને તજી દઈને બીજો જન્મ પ્રાપ્ત કરે છે, માટે હું શામાટે નકામા વધારે પાપ કરૂં ?

હવે ક્રોધને જીતવાને બે કાવ્યોમાં ઉપદેશ આપે છે.

૧ ૪ ૩ ૨ ૫
**यो मित्रं मधुना विकारकरणे संत्राससंपादने,**
૧ ૭ ૩ ૮ ૯ ૧૦
**सर्पस्य प्रतिबिंबमंगदहने सप्तार्चिषः सोदरः ॥**
૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૪
**चैत्यन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं,**
૧૧ ૧૭ ૧૮ ૧૯
**स क्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मूलमुन्मूल्यताम् ॥**

॥ श्लोक ४५ ॥

यः જે ક્રોધ
मित्रम् મિત્ર
मधुनः મદિરાનો
विकार करणे વિકાર ઉત્પન્ન કરવામાં
संत्रास संपादने ત્રાસ ઉત્પન્ન કરવામાં
सर्पस्य સર્પના
प्रतिबिम्बम् જેવો
अंगदहने શરીરને બાળવામાં
सप्तार्च्चिषः અગ્નિનો
सोदरः ભાઇ
चैतन्यस्य જ્ઞાનનો
निषूदने નાશ કરવામાં
विषतरोः ઝેરી ઝાડનો
सब्रह्मचारी જેવો
चिरम् ઘણા કાલથી
क्रोधः सः તે ક્રોધ
कुशल કલ્યાણને
अभिलाष ચાહવામાં
कुशलैः ચતુર માણસોએ
प्रोन्मूलम् મૂળમાંથી
उन्मूल्यताम् ઉખેડી નાખવો જોઇએ

ત્રણ યોગમાં કરવા વિકારો દારૂનો જે મિત્ર છે,
ઉપજાવવામાં બીકને જે સર્પ જેવો ક્રોધ છે,
ભ્રાતા અનલનો બાલવાને અંગને જે તાહરો,
વિષવૃક્ષનો સાધર્મિ જેવો નાણને વિણસાવવા. ૧

**તે ક્રોધને હિત ચાહવામાં કુશલ પુરૂષે છેદવો,**
**ઝટ મૂલથીજ ન તિમ કરે જો વધત વ્યાધિ જેહવો;**
**સુખ કાજ નાંહી તેમ વધતા અગ્નિ જેવો જાણજે,**
**વલિ ચંડકૌશિક સર્પને પણ આ સમય સંભાલજે. ૨.**

અર્થઃ-જે ક્રોધ (ચિત્તને વિષે) વિકાર કરવામાં મદ્યનો મિત્ર છે; તથા ત્રાસ ઉત્પન્ન કરવામાં સર્પની જેવો, શરીરને બાળવાને અગ્નિની જેવો, અને જ્ઞાનનો નાશ કરવામાં અતિશયપણે વિષ વૃક્ષની જેવો છે; તે ક્રોધનો પોતાના હિતને ચાહવામાં કુશળ એવા પુરૂષોએ મૂળથીજ ઉચ્છેદ કરવો.

( हरिणीवृत्तम् )

**फलति[६] कलितश्रेयःश्रेणिप्रसूनपरंपरः[१],**
**प्रशमपयसा[२] सिक्तो[३] मुक्तिं[५] तपश्चरणद्रुमः[४] ।**
**यदि[९] पुनर[७]सौ[८] प्रत्यासत्तिं[११] प्रकोपहविर्भुजा[१०],**
**भजति[१२] लभते[१६] भस्मीभावं[१५] तदा[१३] विफलोदयः[१४] ॥४६॥**

॥ श्लोक ४६ ॥

फलति ફળે છે; ફળ આપે છે
कलित ઉત્પન્ન કરી છે
श्रेयः श्रेणि કલ્યાણની પંક્તિ રૂપ
प्रसून परंपरः પુષ્પોની શ્રેણિ જેણે
प्रशम पयसा શાંતિરૂપી
सिक्तः છંટાયેલો [જલવડે
मुक्तिम् મોક્ષને
तपश्चरणद्रुमः તપશ્ચર્યા અને ચારિત્ર રૂપી
यदि पुनः જો વળી [વૃક્ષ
असौ એ તપ અને ચરિત્ર રૂપી વૃક્ષ
प्रत्यासत्तिं નજીકપણાને (પાસે)
प्रकोप हविर्भुजः ક્રોધરૂપી અગ્નિની
भजति ભજે; સેવે. (આવે)

लभते પામે છે
भस्मी भावम् ભસ્મપણાને
तदा ત્યારે

विफलोदयः ફલના દેખાવથી
રહિત એવો

કલ્યાણની શ્રેણિ સ્વરૂપ ઉત્તમ ફૂલોની શ્રેણિને,
જેણે કરી ઉત્પન્ન-સિંચાયું પ્રશમ જલથીજ જે;
તપને ચરણરૂપ ઝાડ તે વર-મોક્ષ ફલને આપતું,
પણ ક્રોધ રૂપી અગ્નિની જો નજીકમાં તે આવતું. ૧
તો પામતું ફલને નહીંને શીઘ્ર રાખોડી થતું,
અગ્નિ દીયે દુઃખ આજ ભવમાં ભેદ આ ના ભૂલ-તું;
આ ક્રોધ આ ભવમાં તથા પરભવ વિષે દે દુઃખને,
જેને લઇને ક્રોધ પ્રગટે દૂર કરજે તેહને. ૨.

અર્થઃ-જેણે કલ્યાણની પંકિતરૂપ પુણ્યની શ્રેણિને ઉત્પન્ન કરી છે, અને જે શાંતિરૂપી જળથી સિંચાયું છે એવું જે તપ અને ચારિત્રરૂપી વૃક્ષ છે, તે મોક્ષને આપે છે; પરંતુ જો એ વૃક્ષ ક્રોધરૂપી અગ્નિની પાસે જાય, તો તે ફળ નહિ પ્રાપ્ત કરતાં રાખ થઇ (બળી) જાય છે. “હવે બે કાવ્યે કરીને ક્રોધના દોષો જણાવે છે.”

કારણ આગળના શ્લોકની અવતરણા છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ५ ४ ६ ५ ६
संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय-
७ ८ ९ १० १२ ११
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ॥
१२ १३ १४ १५ १७ १६
कीर्त्तिं कृंतति दुर्मतिं वितरति व्याहंति पुण्योदयं,
१९ १ १८ २० २४ २५ २२ २१ २३
दत्ते यःकुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम्॥४७॥

॥ શ્લોક ૬૭ ॥

संतापम् ચિત્તના ઉદ્વેગને
तनुते વિસ્તારે છે
भिनत्ति નાશ કરે છે
विनयम् વિવેકને (નો)
सौहार्दम् મિત્રતાનો
उत्सादयति નાશ કરે છે
उद्वेगम् ઉચ્ચાટને
जनयति ઉત્પન્ન કરે છે
अवद्यवचनम् ખરાબ વચનને
सूते ઉત્પન્ન કરે છે
विधत्ते પેદા કરે છે
कलिम् કજીયાને
कीर्तिम् કીર્તિનો
कृन्तति નાશ કરે છે
दुर्मतिम् દુષ્ટ બુદ્ધિને
वितरति ફેલાવે છે
व्याहन्ति હણે છે
पुण्योदयम् પુણ્યના ઉદયને
दत्ते આપે છે
यः જે રોષ
कुगतिम् ખરાબ ગતિને
सः તે (રોષ)
हातुम् તજવાને
उचितः યોગ્ય છે
रोषः ક્રોધ
सदोषः દોષવાળો
सताम् સજ્જનોને

તે ક્રોધ તજવા યોગ્ય છે ઉત્તમ પુરૂષને નિત સહી,
જે સહિત દોષે ચિત્તમાંહે ખેદ વિસ્તારે વલી;

સંહાર વિનયતણો કરે તિમ મિત્રતાનો જે વલી;
ઉચ્ચાટને ઉપજાવનારો વચનને જૂઠાં વલી. ૧.

કજીયા તણો પ્રકટાવનારો છેદનારો કીર્તિને,
દેનાર નીચી બુદ્ધિને જે પુણ્યના વલિ ઉદયને;

હણનાર આપે દુષ્ટ ગતિને ક્રોધ તે શું ના કરે,
તત્વો તણીજ વિચારણા કરનાર ક્રોધ સદા હરે. ૨.

**અર્થઃ**–જે ક્રોધ સંતાપને વિસ્તારે છે, વિવેકનો નાશ કરે છે, મિત્રતાનો નાશ કરે છે, ઉદ્વેગ ઉત્પન્ન કરે છે, અસત્ય વચનને પેદા કરે છે, કલેશ કરાવે છે, કીર્તિનું ઉચ્છેદન કરે છે. દુષ્ટમતિ ફેલાવે છે, પુણ્યના ઉદયનો નાશ કરે છે અને કુગતિમાં લઇ જાય છે એવો જે દોષયુક્ત ક્રોધ, તે સત્પુરૂષોએ તજવા યોગ્ય છે. (ક્ષમા રાખવી)

૧ ૫ ૬ ૩ ૨ ૪ ૧૧ ૧૦ ૮
**यो धर्मं दहति द्रुमं दव इवोन्मथ्नाति नीतिं लतां,**
૭ ૯ ૧૩ ૧૨ ૧૪ ૧૭ ૧૬ ૧૫
**दंती वेंदुफलां विधुंतुद इव क्लिश्नाति कार्तिं नृणाम्॥**
૨૧ ૧૮ ૨૦ ૧૯ ૨૨ ૨૭ ૨૬
**स्वार्थं वायुरिवांबुदं विघटयत्युल्लासयत्यापदं,**
૨૪ ૨૩ ૨૫ ૩૨ ૨૮ ૨૯ ૩૦ ૩૧
**तृष्णां घर्म इवोचितःकृतकृपालोपः स कोपःकथम्॥४८॥**

॥ श्लोक ४८ ॥

**यः** જે કોપ
**धर्मम्** ધર્મને
**दहति** બાળે છે
**द्रुमम्** વૃક્ષને
**दवः इव** દાવાનલ જેવી રીતે
**उन्मथ्नाति** ઉખેડી નાંખે છે
**नीतिम्** ન્યાય રૂપ
**लताम्** વેલડીને
**दंतीइव** ગજ જેવી રીતે
**इन्दुकलाम्** ચંદ્રનીકલાને
**विधुन्तुदइव** રાહુ જેવી રીતે
**क्लिश्नाति** કલેશ આપે છે
**कीर्तिम्** કીર્તિને
**नृणाम्** મનુષ્યોની
**स्वार्थम्**સ્વાર્થને
**वायुः इव** વાયુ જેમ
**अम्बुदम्** મેઘને
**विघटयति** વિખેરી નાંખે (બગાડે) છે
**उल्लासयति** વધારે છે
**आपदम्** આપત્તિને
**तृष्णाम्** તરસને
**घर्मः इव** બફારો જેમ
**उचितः** કરવાને યોગ્ય ગણાય ?
**कृत कृपालोपः** દયાનો લોપ [ કરનાર
**सः कोपः** તે ક્રોધ
**कथम्** કેવા રિતે

તે કોપ કરવો છે ઉચિત શું અગ્નિ વનનો વૃક્ષને,
બાલે યથા તિમ જેહ બાલે પલકમાં જિનધર્મને;
હાથી ઉખાડે વેલડીને જેમ તિમ તે નીતિને,
રાહુ કલાને ચંદ્રની જિમ પીડતો વલિ દિન દિને. ૧.
તિમ કીર્ત્તિનો સંહાર કરતો ક્રોધ જે માનવ તણી,
કરે સ્વાર્થનો જે નાશ વાયુ જિમ ઘટાનો મેઘની;
તરસા વધારે જિમ ઉનાલો તેમ જે આપત્તિને,
કરનાર નાશ દયા તણો તે ક્રોધને તું છોડને. ૨.

અર્થઃ-જેમ દાવાગ્નિ વૃક્ષને બાળે છે તેમ જે ક્રોધ ધર્મને બાળી નાખે છે; જેમ હાથી ઝાડની વેલડીને ઉખેડી નાંખે છે, તેમ જે ક્રોધ નીતિરૂપી વેલડીને ઉખેડી નાંખે છે, જેમ રાહુ ચંદ્રની કલાને કલેશ પમાડે છે, તેમ જે ક્રોધ મનુષ્યની કીર્તિને નાશ પમાડે છે; જેમ વાયુ મેઘનો વિનાશ કરે છે તેમ જે ક્રોધ સ્વાર્થનો વિનાશ કરે છે; જેમ ઉનાળો તરસ (તૃષા) ને વધારે છે, તેમ જે ક્રોધ આપત્તિને વધારે છે, અને જે દયાનો લોપ કરે છે; એવો તે ક્રોધ કરવો યોગ્ય કેમ હોય ? (ક્રોધ નજ કરવો જોઇએ.)

હવે ચાર કાવ્યે કરી અહંકારનું સ્વરૂપ વર્ણવે છે.

( मन्दाक्रान्तावृत्तम् )

१ ४ ३ २
यस्मादाविर्भवति विततिर्दुस्तरापन्नदीनां,
५ ६ ७ ८
यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति ॥
११ १० १३ १५ १२ १४
यश्च व्याप्तं वहति वधधीधूम्यया क्रोधदावं,
१८ १९ २० १७ १६
तं मानाद्रिं परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥ ४९ ॥

॥ श्लोक ४९ ॥

यस्मात् જે અભિમાનથી
आविर्भवति પ્રકટ થાય છે
विततिः સમુદાય
दुस्तर દુઃખે તરી શકાય એવો
आपद् नदीनाम् આપત્તિ રૂપી નદીયોનો
यस्मिन् જે અભિમાન રૂપ પર્વતમાં
शिष्ट अभिरुचित ઉત્તમ જનોને પસંદ પડે તેવા
गुणग्राम ગુણના સમૂહનું
नाम अपि નામ પણ
नास्ति નથી
यः જે માન
व्याप्तम् યુક્ત
वहति ધારણ કરે છે
वधधीधूम्यया હિંસાની બુદ્ધિ રૂપી ધૂમાડાના સમૂહ વડે
क्रोध दावम् ક્રોધરૂપી દાવા-
तम् તેવા પ્રકારના [નલને
मानाद्रिम् માનરૂપી પર્વતને
परिहर ત્યાગ કર
दुरारोहम् દુઃખે ચઢી શકાય તેવા
औचित्यवृत्तेः નમ્રતા ગુણને ધારણ કરવાથી

આ માન ગિરિના જેહવો છે એમ નિશ્ચય જાણજે,
તસ ત્યાગને અનુકૂલ વૃત્તિ નમ્રતાને ધારજે;
તજે તેહને વિનયે કરી જિમ ગણ નદીનો ગિરિથકી,
પ્રકટે તથા આપત્તિરૂપ 'તે' માનરૂપ પર્વત થકી. ૧.

સરિતા તણો ગણ ગ્રહણ કરજે તેહ શબ્દ થકી સહી,
જિમ પર્વતે ગુણવંત જનનું નામ પણ હોવે નહીં;
સત્પુરૂષને વે પ્રીતિ જેઓ તે ગુણોના ગણ તણું,
ના નામ પણ તિમ માનરૂપી પર્વતે શું કહું ઘણું. ૨.

ગિરિ જેમ દાવાનલ ધરે ધૂમ ગણ નીકલતો જેહથી,
તિમ માન પર્વત ક્રોધ દાવાનલ ધરે ખોટું નથી;
હિંસાતણી મતિરૂપ ધૂમના ગણ સહિત તે જાણને,
છે કઠણ ચઢવાનેજ તે તું ના જઇશ તેની કને. ૩

અર્થઃ—જેથી ન તરી શકાય એવી આપત્તિરૂપી નદીઓની પંક્તિ પ્રગટ થાય છે, તથા જેને વિષે ઉત્તમ પુરૂષોને

પ્રીતિકર એવા ગુણોના સમૂહનું નામ પણ નથી, વળી જે હિંસાની બુધ્ધિરૂપી ધૂમાડાના સમૂહથી વ્યાપ્ત એવા ક્રોધ-રૂપી દાવાનલને ધારણ કરે છે, અને જે ચઢવાને પણ કઠણ છે એવો જે માનરૂપી પર્વત તેનો યોગ્ય વિનયથી ત્યાગ કરો.

( शिखरिणिवृत्तम् )

१ २ ३ ४
शमालानं भंजन् विमलमतिनाडीं विघटयन्,
६ ५ ८ ७
किरन् दुर्वाक्पांशूत्करमगणयन्नागमसृणिम् ।
११ ९ १० १२ १३
भ्रमन्नूर्व्यां स्वैरं विनयनयवीथीं विदलयन्,
१५ १८ २० १९ २१ १४ १६ १७
जनः कं नाऽनर्थं जनयति मदांधो द्विप इव ॥५०॥

॥ श्लोक ५० ॥

शम શાંતિ રૂપ
आलानम् હાથીને બાંધવાનાં થાંભલાને
भंजन् ભાંગતો
विमलमति નિર્મલબુદ્ધિ રૂપ
नाडीम् દોરડાને
विघटयन् તોડનારો
दुर्वाक् पांशु દુષ્ટ વચનરૂપી [ધૂળના
उत्करम् સમૂહને
किरन् વિખેરતો
अगणयन् નહિ ગણતો
आगमसृणिम् સિદ્ધાંત રૂપી [અંકુશને
भ्रमन् ભમતો
ऊर्व्याम् પૃથ્વીમાં
स्वैरम् પોતાની મરજી પ્રમાણે
विनयनयवीथीम् વિવેકરૂપિ ન્યાય માર્ગને
विदलयन् ઉખેડી નાંખતો
जनः માણસ
कम् કયા એવા
न નથી
अनर्थम् અનર્થને
जनयति ઉત્પન્ન કરતો
मदान्धः મદ થકી અંધ થયેલ
द्विप इव હાથીની પેઠે

મદથી બનેલો મત્ત હાથી જેમ બંધન થંભને,
તોડે તથા "મદથી બનેલો અંધ માનવ આ"–કરે;
દૂરે ઉખાડી શાંતિ રૂપી થાંભલાને તોડતો,
ગજ જેમ સાંકલને તથા જન સુમતિ સાંકલ તોડતો.૧.
ગજ જેમ ધૂલિ સમૂહને તિમ દુર્વચન રૂપ ધૂલને,
માનવ મદાન્ધ ઉડાડતો જિમ–મત્ત ગજ અંકુશ ગણે;
ના–તેમ 'મદથી અંધ જન સિદ્ધાન્ત અંકુશને ગણે,
ન કદી'–ખરેખર અંધ સાચો વસ્તુ ન કલે આંગણે. ૨.
ગજ જેમ સારા માર્ગને તોડી ભમે જગતી તલે,
મરજી પ્રમાણે અંધજન તિમ વિનય રૂપ સન્માર્ગને;
તોડી ભમે જગમાં સહી–તું જાણ ચેતન એહને,
ભંડાર દોષ તણો વલી કરનાર સર્વ અનર્થને. ૩.

અર્થઃ–જેમ મદોન્મત્ત હાથી આલાન સ્થંભને તોડીનાંખે છે; તેમ અહંકારથી અંધ થએલો માણસ પણ શાંતિરૂપી આલાન સ્થંભને તોડી નાંખે છે; જેમ મદોન્મત્ત હાથી મજબુત સાંકળને તોડી નાંખે છે; તેમ અહંકારથી અંધ થએલો માણસ પણ નિર્મળ બુદ્ધિરૂપ સાંકળને તોડી નાંખે છે; જેમ મદોન્મત્ત હાથી ધૂળના સમૂહને ઉડાડે છે, તેમ અહંકારથી અંધ થએલો માણસ પણ દુર્વચનરૂપ ધૂળને ઉડાડે છે. જેમ મદોન્મત્ત હાથી અંકુશને ગણતો નથી, તેમ અહંકારથી અંધ થએલો માણસ પણ આગમરૂપી અંકુશને ગણતો નથી; વળી મદોન્મત્ત હાથી જેમ સારા માર્ગને તોડી નાંખીને પોતાની મરજી પ્રમાણે પૃથ્વી ઉપર ભમે છે, તેમ અહંકારથી અંધ થએલો માણસ પણ વિનયરૂપી ન્યાય-

માર્ગને તોડી નાંખીને પોતાની મરજી પ્રમાણે પૃથ્વી ઉપર ભમે છે; એવો તે અહંકારથી અંધ થએલો માણસ કયા પ્રકારના અનર્થને નથી ઉત્પન્ન કરતો ? અર્થાત્ સર્વ અનર્થને ઉત્પન્ન કરે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

५ ६ ३ २ ४
**औचित्याचरणं विलुंपति पयोवाहं नभस्वानिव,**
१२ ११ १३ ७ १० ८ ९
**प्रध्वंसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।**
१७ १५ १४ १६ १९ १८
**कीर्त्तिं कैरविणीं मतंगज इव प्रोन्मूलयत्यंजसा,**
१ २० २२ २१ २५ २४ २३
**मानो नीच इवोपकारनिकरं हंति त्रिवर्गं नृणाम् ॥५१॥**

॥ શ્લોક ૫૧ ॥

औचित्याचरणम् યોગ્ય આચારનો
विलुम्पति નાશ કરે છે
पयोवाहम् મેઘને
नभस्वान् इव પવન જેમ
प्रध्वंसम् નાશ
विनयम् વિનયનો
नयति કરે છે
अहिः इव સર્પ જેમ
प्राणस्पृशाम् પ્રાણીઓના
जीवितम् પ્રાણનો
कीर्तिम् કીર્ત્તિને
कैरविणीम् પોયણીને
मतंगज इव હાથીની જેમ
प्रोन्मूलयति ઉખેડી નાંખે છે
अंजसा તુરત
मानः અભિમાન જે તે
नीचः इव નીચ માણસની પેઠે
उपकार निकरम् ઉપકારના સમૂહને
हन्ति હણે છે
त्रिवर्गम् ધર્મ અર્થ કામને
नृणाम् માણસોના

જિમ પવન મેઘ ઘટા હણે તિમ માન ઉચિતાચારને,
જિમ સર્પ જનના જીવિતને તિમ માન હણતો વિનયને;
મદમત્તગજ જિમ પોયણીને મૂલથીજ ઉખેડતો,
તિમ માન પણ આ જન તણી વર કીર્તિનેજ ઉખેડતો. ૧.

જિમ નીચ નર પરના કરેલા ભૂરિ પણ ઉપકારને,
હણતો તથા આ માન ઝટ ધર્માર્થને વલિકામને;
આ નામ છે લક્ષ્મી તણું બોલે નકાર નહી રહે,
ધરનાર નર જે માનનો ઘર તાસ લક્ષ્મી ના રહે. ૨.

**અર્થ:**—જેમ વાયરો વાદળને હઠાવે તેમ જે અહંકાર લાયક આચારનો નાશ કરે છે; સર્પની પેઠે માન–મનુષ્યના જીવિતરૂપ વિનયનો નાશ કરે છે; મદોન્મત્ત હાથીની પેઠે કીર્ત્તિરૂપ પોયણીને ઉખેડી નાંખે છે; અને નીચ પુરૂષ જેમ ઉપકારના સમૂહને હણે છે, તેમ માન મનુષ્યોના ધર્મ–અર્થ–કામ–રૂપી ત્રણે વર્ગનો નાશ કરે છે.

( वसन्ततिलकावृत्तम् )

५ १
मुष्णाति यः कृतसमस्तसमाहितार्थ;
२ ४ ३
संजीवनं विनयजीवितमंगभाजाम् ।
६ ८ ९
जात्यादिमानविषजं विषमं विकारं,
७ १० १२ ११
तं मार्दवामृतरसेन नयस्व शांतिम् ॥ ८२ ॥

॥ શ્લોક ૫૨ ॥
मुष्णाति ચોરે છે
यः જે માન
कृत કર્યું છે
समस्त બધા
समीहितार्थ વાંછિત અર્થોનું
संजीवनम् જાગ્રતપણું (પ્રાપ્તિ) જેણે
विनय जीवितम् વિનયરૂપી જીવિતને
अंगभाजाम् પ્રાણિયોના
जात्यादि જાતિ વિગેરેના
मान विषजम् માનરૂપી ઝેરથી ઉપજેલા
विषमम् ઘોર
विकारम् ઉપદ્રવને
मार्दव મૃદુતારૂપી
अमृतरसेन અમૃત રસવડે
नयस्व કર
शान्तिम् શાંત

જે સર્વ વાંછિત અર્થ આપે તે વિનયરૂપ જીવનને,
જીવો તણા હણનાર જે તે જાતિ આદિક માનને;
તું જાણુ ઝેર સમાન તેના તેહ ઘોર વિકારને,
કર શાંત કોમલતા સુધારસ સિંચતો નિશ્ચલમને. ૧.

જો બાહુ બલિજી માન કરતાં નાણ કેવલ ના લહે,
અભિમાન છોડી બેનના વચને ક્ષણે કેવલ લહે;
લંકા ગઇ રાવણ તણી હાર્યોજ દુર્યોધન સવિ,
વલિ દેખ નંદીષેણને માને તજ્યું સંયમ સવિ. ૨.

અર્થઃ—જે સમસ્ત વાંછિતાર્થને સજીવન કરનાર (પમાડનાર) એવા મનુષ્યોના વિનયરૂપી જીવિતને ચોરે (બગાડે) છે, એવા જાતિ–કુલ પ્રમુખનાં માનરૂપી વિષથી ઉત્પન્ન થતા ભયંકર વિકારને, કોમલતારૂપી અમૃતરસથી શાંતિ પમાડો.

હવે કપટને છોડવાનો ઉપદેશ આપે છે.

( मालिनीवृत्तम् )

कुशलजननवंध्यां[१] सत्यसूर्यास्तसंध्यां[२],

कुगतियुवतिमालां[३] मोहमातंगशालाम्[४] ॥

शमकमलहिमानीं[५] दुर्यशोराजधानीं[६],

व्यसनशतसहायां[७] दूरतो[९] मुंच[१०] मायाम्[८] ॥ ५३ ॥

॥ श्लोक ५३ ॥

कुशल કલ્યાણને
जनन ઉત્પન્ન કરવામાં
वन्ध्याम् વાંઝણી સ્ત્રીની જેવી
कुगति युवति કુગતિ રૂપી સ્ત્રીને પામવા
मालाम् વરમાલા જેવી
मोह मातङ्ग મોહરૂપી હાથી (ચંડાલ)ને
शालाम् રહેવાના સ્થાન જેવી
शम कमल શાંતિરૂપી કમલને બાળવામાં
हिमानीं હિમના સમૂહ જેવી
दुर्यश: અપજશની
राजधानी રાજધાની જેવી
व्यसनशत સેંકડો દુ:ખોને
सहायाम् સહાય કરનારી [(પમાડનારી)
दूरतः દૂર થકી
मुञ्च છોડી દે
मायाम् માયાને

જિમ વાંઝણી નારી જણે ના પુત્રને માયા સહી,
તિમ કુશલને ઉત્પન્ન 'ન' કરે સૂર્ય જિમ સાંઝે નહી;
તિમ બોલવા દે નાજ માયા વચન સાચું જીવને,
વરવા પતિને ચાહનારી યુવતિ જિમ વર માલને. ૧.

કંઠે ઠવે પતિના મુદા તિમ કુગતિ યુવતિ પામવા,
વરમાલ જેવી જાણુ—માયા છોડ તેને શિવ જવા;
હાથી વસે શાલા વિષે જિમ—તેમ માયા મોહને,
વસવા સદા શાલા સમી છે—સરલતાને ધારને. ૨.
જથ્થો યથા હિમનો કમલને બાલતો માયા તથા,
બાલેજ ઉપશમ ભાવને વલિ ઠાણુ ભૂપતણું યથા;
છે રાજધાની તેમ માયા જાણતું અપયશ તણી,
તજ દૂર માયા આપનારી સેંકડો બંધ દુઃખની. ૩.

અર્થઃ—કુશલ (કલ્યાણ)ને ઉત્પન્ન કરવામાં વાંઝણી સ્ત્રીસમાન, સત્ય વચનરૂપી સૂર્યને અસ્ત થવાને સંધ્યાસમાન, કુગતિરૂપી યુવતીની વરમાળાસમાન, મોહરૂપી હસ્તીની શાળાસમાન, ઉપશમરૂપી કમળપુષ્પને હિમસમાન, અપયશની રાજધાની, અને સેંકડોબંધ દુઃખોને મદદ કરનારી (પમાડનારી) એવી જે માયા, તેનો દૂરથીજ ત્યાગ કરો.

( उपेन्द्रवज्रावृत्तम् )

५ ४ २ ३ ६ १ ७ ८
विधाय मायां विविधैरुपायैः, परस्य ये वंचनमाचरंति ।
१० १४ ११ ९ १२ १३
ते वंचयंति त्रिदिवापवर्ग-सुखान्महामोहसखाःस्वमेव ॥

॥ श्लोक ५४ ॥

विधाय કરીને
मायाम् માયાને
विविधैः અનેક પ્રકારના
उपायैः ઉપાયો વડે
परस्य બીજા માણસ પ્રત્યેને
ये જે માણસો
वंचनम् ઠગવાપણું
आचरन्ति આચરે છે (ઠગે છે)
ते वंचयन्ति તેઓ—ઠગે છે

| | |
|---|---|
| त्रिदिव સ્વર્ગનું અને | महा मोह सखा: મોટા મોહ- |
| अपवर्गसुखात् મોક્ષના સુ- | ના મિત્ર એવા |
| ખથી | स्वम् स्व પોતાના આત્માને |

માયા કરી પરને ઠગે જેઓ અનેક ઉપાયથી,
અજ્ઞાનના તે મિત્ર મોટા સ્વર્ગ કેરા શર્મથી;
તિમ મોક્ષના સુખથી અરે પોતેજ નિત્ય ઠગાય છે.
કપટે કરી સુખ સ્વર્ગનું કે મોક્ષનું ન પમાય છે. ૧.

અર્થઃ-જેઓ વિવિધ પ્રકારના ઉપાયથી કપટ કરીને બીજાને છેતરે છે, મહા અજ્ઞાનના ભાઈબંધ એવા તેઓ પોતેજ સ્વર્ગના અને મોક્ષના સુખથી પોતાના આત્માને છેતરે છે.

( इन्द्रवंशावृत्तम् )

५ ४
मायामविश्वासविलासमंदिरं,
१ २ ६ ३
दुराशयो यः कुरुते धनाशया ॥
७ ९ १५ ८
सोऽनर्थसार्थं न पतंतमीक्षते,
१४ १२ १३ १० ११
यथा बिडालो लकुटं पयः पिबन् ॥ ५५ ॥

॥ श्लोक ५५ ॥

| | |
|---|---|
| मायाम् કપટને | यः कुरुते જે માણસ કરે છે |
| अविश्वास અણભરોસાને | धनाशया ધનની આશાથી |
| विलास मन्दिरम् ક્રીડાનું ઘર | सः તે માણસ |
| दुराशयः દુષ્ટ હૃદયવાળો | अनर्थ सार्थम् દુઃખોના સ-મૂહને |

| | |
|---|---|
| पतन्तम् આવતા એવા | बिडाल: બીલ્લાડો |
| न ईक्षते નથી જોતો | लकुटम् લાઠીના પ્રહારને |
| यथा જે પ્રમાણે | पयः पिबन् દુધને પીતો |

જે દુષ્ટ આશયનો ધણી લેવા ચહીને દ્રવ્યને,
માયા કરે જોનાર નહિ તે ભાવિ દુઃખ સમૂહને;
દૂધ પાન કરતો જિમ બિલાડો લાકડીના મારને,
તું અણુભરોસાનેજ રમવા ગેહ માયા જાણને. ૧.

અર્થઃ—જે દુષ્ટ આશયવાળો માણસ દ્રવ્યની આશાથી અવિશ્વાસને રમવાના ઘરરૂપ એવી માયા (કપટ)ને કરે છે, તે માણસ બિલાડી જેમ દૂધ પીતી છતી દંડનો પ્રહાર (થશે એમ) જાણતી નથી, તેમ કષ્ટનો સમૂહ આવી પડશે એમ જાણતો નથી.

( वसन्ततिलकावृत्तम् )

२ ५
मुग्धप्रतारणपरायणमुज्जिहीते,
३ ४ १
यत्पाटवं कपटलंपटचित्तवृत्तेः ।
१७ १४ १३ ७ ८ १५
जीर्यत्युपप्लवमवश्यमिहाऽप्यकृत्वा,
६ १० १२ ११ ९ ६
नाऽपथ्यभोजनमिवामयमायतौ तत् ॥ ५६ ॥

| | |
|---|---|
| ॥ श्लोक ५६ ॥ | उज्जिहीते ઉલ્લાસ પામે છે |
| मुग्धप्रतारण ભોળાઓને છેતરવામાં | यत् पाटवम् જે, ચતુરાઈ |
| परायणम् તત્પર | कपट लंपट કપટમાં લંપટ |

| | |
|---|---|
| चित्तवृत्तेः ચિત્તની વૃત્તિવાળાની | अपथ्यभोजनम् અજીર્ણ થાય તેવું ભોજન |
| जीर्यति જીર્ણ થાય | इव જેમ |
| उपप्लवम् ઉપદ્રવને | आमयम् રોગને |
| अवश्यम् નિશ્ચય | आयतौ ભવિષ્યમાં |
| इहापि અહીં પણ | तत् તે ચતુરાઇ |
| अकृत्वा કર્યા વિના | |
| न નહિ | |

માયા વિષે લંપટ બની છે ચિત્ત વૃત્તિ જેહની,
ચતુરાઇ તત્પર મૂર્ખને ઠગવા સદા તે પુરૂષની;
નરહે કર્યા વિણ ભાવિ કાલે તે ઉપદ્રવની વ્યથા,
ભોજન અપથ્ય કર્યા વિના કદિ રોગને ન–રહે યથા. ૧.

મલ્લી પ્રભુ નિજ પુર્વ ભવમાં જે મહાબલ નામથી,
દીક્ષા લઇ ચારિત્ર સાધે તપ વિષે ખામી નથી;
માયા વશે સ્ત્રી વેદ પામ્યા કર્મ બાંધ્યાં ના ખસે,
ચતુરાઇ જે છે ઉદયમાં તે રાખ બંધ સમય વિષે. ૨.

અર્થ:–જેમ અપથ્ય ભોજન રોગ કર્યા વિના પચતું નથી, તેમ કપટને વિષે લંપટ ચિત્તવૃત્તિવાળા મનુષ્યનું મૂર્ખજનને છેતરવામાં તત્પર એવું જે ચાતુર્ય પ્રકટ થાય છે, તે ભવિષ્યમાં ઉપદ્રવ કર્યા વિના રહેતું નથી.

લોભને હવે છોડવાનો ઉપદેશ કરે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ४ ५ ६ ८ ७
यद्दूर्गामटवीमटंति विकटं क्रामंति देशांतरं,
११ ९ १० १२ १३ १४
गाहंते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
१७ १५ १६ १८
सेवंते कृपणं पातिं गजघटासंघट्टदुःसंचरं,
२० १९ २१ २१ २२
सर्प्पंति प्रधनं धनांधितधियस्तल्लोभविस्फूर्जितम्॥५७॥

॥ श्लोक ५७ ॥

यत् दुर्गाम् જે કઠીન
अटवीम् જંગલમાં
अटन्ति ભટકે છે
विकटम् ભયંકર
क्रामन्ति ફરે છે
देशान्तरम् બીજા દેશમાં
गाहन्ते પ્રવેશ કરે છે
गहनम् ઉંડા એવા
समुद्रम् સમુદ્રમાં
अतनुक्लेशाम् ઘણાં કષ્ટવાળી
कृषिम् ખેતીને
कुर्वते કરે છે
सेवन्ते સેવે છે
कृपणम् કંજૂસ એવા
पतिम् સ્વામીને
गजघटा હાથીઓના સમૂહનું
संघट्ट નજીકમાં રહેવાથી
दुःसंचरम् દુઃખેથી પેસી શકાય એવા
सर्पन्ति જાય છે
प्रधनम् સંગ્રામ (લડાઈ)માં
धनांधितधियः ધનથી અંધ બુદ્ધિવાળા
तत् તે
लोभविस्फूर्जितम् લોભનુંજ કાર્ય (પ્રતાપ) છે

છે આંધલી મતિ લોભથી ધનના સદા જેઓ તણી.
તેઓ વિષમ અટવી વિષે ભમતા ફરે લજ્જા હણી;
દૂર દેશ લાંબા સંચરે વલિ ગહન જલધિમાં ફરે,
બહુ કષ્ટથી જે હોય તેવી ખેડ નિર્દય આચરે. ૧.

કંજૂસ સ્વામિને ભજે ગજ યૂથ પાસે પાસમાં
રહેવા થકી પેસાય નહિ જેમાં જઇ તે યુદ્ધમાં;
નિજ પ્રાણને પણ હોમતાં ના આંચકો ખાયે જરી,
હે જીવ કામો 'તે કરાવે' લોભ પાપી બૂઝ જરી. ૨.

**અર્થ**:—ધનના લોભથી અંધ થઈ છે બુદ્ધિ જેની એવા પુરૂષો જે ભયંકર અટવીને વિષે ભ્રમણ કરે છે, બહુ દૂર પરદેશને વિષે ફરે છે, ઉંડા એવા સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, બહુ દુઃખવાળી ખેતી કરે છે, કૃપણ પતિની સેવા કરે છે, અને હાથીઓના સમૂહ પાસે પાસે રહેવાથી અંદર પ્રવેશ ન થઈ શકે એવા સંગ્રામને વિષે પણ જાય છે, એ સર્વ લોભનો પ્રતાપ છે. (ધનની તીવ્ર મૂર્છાવાળા જીવો ઉપરના કામો કરે છે.)

२ १ ३
**मूलं मोहविषद्रुमस्य सुकृतांभोराशिकुंभोद्भवः,**
४ ५ ६ ७
**क्रोधाग्नेररणिः प्रतापतरणिप्रच्छादने तोयदः ।**
९ ८ १० ११
**क्रीडासद्म कलेर्विवेकशशिनः स्वर्भानुरापन्नदी-**
१२ १३ १४ १५
**सिंधुः कीर्तिलताकलापकलभो लोभः पराभूयताम् ॥५८॥**

॥ શ્લોક ૫૮ ॥
मूलम् મૂલિયું
मोहविष મોહરૂપી ઝેરી
द्रुमस्य ઝાડનું
सुकृत પુણ્યરૂપ
अंभोराशि સમુદ્રને શોષવા (ખાલી કરવા)માં

कुंभोद्भवः અગસ્ત્ય મુનિ જેવો
क्रोध अग्नेः ક્રોધ રૂપી અ-ગ્નિને
अरणिः અરણી લાકડાની જેવો
प्रतापतरणि પ્રતાપરૂપી સૂ-ર્યને
प्रच्छादने ઢાંકવામાં
तोयदः મેઘ જેવો

| | |
|---|---|
| क्रीडा सद्म રમવાનું ઘર | सिन्धुः સમુદ્ર જેવો |
| कलेः કજીયાને | कीर्तिलता કીર્તિરૂપી વેલના |
| विवेक शशिनः વિવેકરૂપી ચંદ્રને | कलाप સમૂહને (ઉખેડવામાં) |
| स्वर्भानुः રાહુ જેવો | कलभः હાથીના બચ્ચા જેવો |
| आपद्नद्यो આપત્તિરૂપી નદીઓના | लोभः લોભ |
| | पराभूयताम् દૂર કરો |

અજ્ઞાન આ છે ઝાડ ઝેરી જાણુ મૂલ તસ લોભને,
ઋષિ જિમ અગસ્તિ સમુદ્ર શોષે લોભ શોષે પુણ્યને;
જિમ અગ્નિ અરણિકાષ્ટથી તિમ ક્રોધ લોભ થકી હુવે,
જિમ મેઘ ઢાંકે સૂર્યને તિમ દુષ્ટલોભ પ્રતાપને ૧.

ઘર ખેલવાને કલેશને આ લોભ ઇમ તું જાણને,
રાહુ ગલે જિમ ચંદ્રને તિમ લોભ ગલત વિવેકને;
નદીઓ તણું જિમ ઠાણુ જલધિ લોભ કષ્ટોનું તથા,
કરિબાલ વેલડીઓ ઉખાડે લોભ કીર્તિને તથા. ૨.

તે લોભ સંતોષે તજો જિમ શેલડીને ચાવતાં,
આવે સમય ઝટ થૂંકવાનો લોભ ખાવાનો થતાં;
ઈમ લોભ બોલે અધિકમાત્રે હુંજ છું ના લાભ છે,
સવળો સબલ છું દાસ તેનો જે મને અવલો કરે. ૩.

અર્થઃ—હે ભવ્ય જીવો ? અજ્ઞાનરૂપી ઝેરી ઝાડના મૂળીયા જેવો, પુણ્યરૂપી સમુદ્રને (શોષણ કરવાને) અગસ્ત્યઋષિસમાન, ક્રોધરૂપી અગ્નિને (સળગાવવાને) અરણિના લાકડા સમાન, પ્રતાપરૂપી સૂર્યને ઢાંકવામાં મેઘસમાન,

ક્લેશનું ક્રીડાગૃહ, વિવેકરૂપી ચંદ્રમાને ( ગળી જવાને ) રાહુસમાન, આપત્તિરૂપી નદીઓના સમુદ્રસમાન, અને કીર્તિરૂપી વેલડીના સમૂહનો નાશ કરવામાં હાથીના બચ્ચા સમાન એવો જે લોભ, તેને દૂર કરો.

( वसन्ततिलकावृत्तम् )

निःशेषधर्मवनदाहविजृंभमाणे,[1]
दुःखौघभस्मनि[2] विसर्पदकीर्तिधूमे[3] ।
बाढं[4] धनेंधनसमागमदीप्यमाने[5];
लोभानले[6] शलभतां[8] लभते[9] गुणौघः[7] ॥ ५९ ॥

॥ श्लोक ५९ ॥

निःशेष બધા
धर्मवन ધર્મરૂપી જેવન તેને
दाह विजृंभमाणे બાળવાથી વિસ્તાર પામતા
दुःख ओघ દુઃખના સમૂહરૂપ
भस्मनि રાખવાળા
विसर्पत् ફેલાતી એવી
अकीर्ति ખરાબ કીર્તિરૂપ
धूमे ધૂમાડાવાળા
बाढं અતિશય
धन इन्धन ધનરૂપી લાકડાના
समागम સંબંધથી
दीप्यमाने ધગધગતા; સળગતા
लोभ अनले લોભરૂપી અગ્નિમાં
शलभताम् પતંગીયાના સ્વરૂપને
लभते પામે છે
गुणौघः ગુણનો સમૂહ

આ લોભ અગ્નિ રૂપ છે ઈમ જાણજે સાચે મને,
સવિ ધર્મરૂપ વન બાળવાએ કરી લહત વિસ્તારને;
દુઃખરૂપ રક્ષા, જેહમાં અત્યંત ફેલાતી સદા,
અપકીર્તિરૂપ છે ધૂમ જેમાં દ્રવ્યરૂપ કાષ્ઠો તણા. ૧.

સંગમ વશે જે દીપતો તે લોભરૂપ અગ્નિ વિષે,
જ્ઞાનાદિ ગુણનો ગણ લહે છે ઝટ પતંગ સ્વરૂપને;
જિમ હોય નષ્ટ પતંગિયો દીવા વિષે ઝપલાઇને,
તિમ લોભ દુર્ગુણના વશે ગુણ સર્વ પામે નાશને. ૨.

અર્થઃ—બધા ધર્મરૂપી વનને બાળવાથી વિસ્તાર પામતા, દુઃખોના સમૂહરૂપી રાખવાળા, ફેલાતી અપકીર્તિરૂપી ધૂમાડાવાળા, અને ધનરૂપી લાકડાના સંબંધથી અત્યંત જ્વાજલ્યમાન એવા લોભરૂપી અગ્નિને વિષે (સર્વ) સદ્ગુણોનો સમૂહ પતંગપણાને પ્રાપ્ત થાય છે, અર્થાત્ એવા લોભરૂપ અગ્નિમાં પડીને સદ્ગુણોનો સમૂહ બળી જાય છે.

હવે સંતોષના ગુણો કહે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

८ ७ ६ ९ ५ ११ १०
जातः कल्पतरुः पुरःसुरगवा तेषां प्रविष्टा गृहे,
१२ १३ १४ १७ १५ १६
चिंतारत्नमुपस्थितं करतले प्राप्तो निधिः संनिधिम् ।
१८ २१ ५९ २० २३ २२
विश्वं वश्यमवश्यमेव सुलभाःस्वर्गापवर्गश्रियो,
१ ३ २ ४
ये संतोषमशेषदोषदहनध्वंसांबुदं बिभ्रते ॥ ६० ॥

॥ श्लोक ६० ॥

जातः ઉત્પન્ન થયો
कल्पतरुः કલ્પવૃક્ષ
पुरः આગળ
सुरगवी કામધેનુ
तेषाम् તે પુરૂષોના
प्रविष्टा પેઠી
गृहम् ઘરમાં
चिंतारत्नम् ચિંતામણિ રત્ન
उपस्थितम् પ્રાપ્ત થયું
करतले હાથના તળીયામાં
प्राप्तः પ્રાપ્ત થયો
निधिः ભંડાર

| | |
|---|---|
| संनिधिम् નજીકપણાને | ये જે માણસો |
| विश्वम् જગત | संतोषम् સંતોષને |
| वश्यम् આધીન થાય છે | अशेष બધા |
| अवश्यमेव નક્કી | दोषदहन દોષરૂપી અગ્નિને |
| सुलभाः સુએથી મેળવવા યોગ્ય | ध्वंस ઠારવામાં |
| स्वर्ग अपवर्ग श्रियः સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મી | अम्बुदम् મેઘ જેવા |
| | बिभ्रते ધારણ કરે છે |

જે મેઘ જેવો ઠારવા સવિ દોષરૂપિ અગ્નિને,
વૈરાગ્ય રંગી જે નરા ધરનાર તે સંતોષને;
સુરવૃક્ષ આગલ તેમની સાક્ષાત આવીને રહે,
દાખલ થયેલી જાણવી સુરગાય તેઓના ગૃહે. ૧.

ચિંતામણિ કર્યું પ્રાપ્ત કરમાં તે જનોએ ગુણધરી,
ધનનો નિધાન મલ્યોજ સ્હેજે તેમને તૃષ્ણાહરી;
આધીન હોવે જગત કેરા પ્રાણિયો વલિ તેમને,
તેઓ લહે હરખે સુરોની મોક્ષની તિમ લક્ષ્મિને. ૨.

અર્થઃ–બધા દોષરૂપી અગ્નિને ઠારવામાં મેઘસમાન એવો જે સંતોષ, તેને જે પુરૂષો ધારણ કરે છે, તેમની આગળ કલ્પવૃક્ષ ઉત્પન્ન થયું સમજવું તેમના ઘરમાં કામધેનુએ પ્રવેશ કર્યો છે, તેમના હાથના તળીયામાં ચિંતામણિ રત્ન આવ્યું એમ સમજવું છે, તેમજ તેમને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી અવશ્ય સુલભ છે. ( એમ સમજવું )

---

હવે સૌજન્યતા (મૈત્રી ભાવ) રાખવાનો ઉપદેશ આપે છે.

( शिखरिणिवृत्तम् )

५ ३ ४ १ २
वरं क्षिप्तः पाणिः कुपितफणिनो वक्त्रकुहरे,
९ ८ ६ ७
वरं झंपापातो ज्वलनदनलकुंडे विरचितः ।
१४ १३ १० ११ १२
वरं प्रासप्रांतः सपदि जठरांतर्विनिहितो,
२१ २२ २० १५ १६ १८ १९ १७
न जन्यं दौर्जन्यं तदपि विपदां सद्म विदुषा ॥६१॥

॥ श्लोक ६१ ॥

वरं ઉત્તમ, શ્રેષ્ઠ, સારૂં.
क्षिप्तः નાંખવો
पाणिः હાથ
कुपित ક્રોધાયમાન
फणिनः સર્પના
वक्त्र कुहरे મુખના છિદ્રમાં
झंपापातः કૂદકો મારીને પડવું
ज्वलदनलकुण्डे સળગતા અગ્નિના કુંડમાં
विरचितः રચેલો, કરેલો
प्रास प्रान्तः ભાલાની અણી
सपदि તુરત
जठरान्तः પેટની અંદર
विनिहितः નાંખેલો, ભોંકયો
न जन्यम् ન કરવું જોઇએ
दौर्जन्यम् દુર્જનપણું
तदपि તો પણ
विपदाम् વિપત્તિયોનું
सद्म ઘર
विदुषा પંડિત માણસે

ક્રોપાયમાન થયેલ અહિના વદનમાં કર નાંખવો,
બળતાજ અગ્નિકુંડમાં વર ભૂસકો ઝટ મારવો;
સારી અણી ભાલાતણી ઝટ ઉદરમાંહે ભોંકવી,
પણ આપદાનું ઠાણુ વિજ્ઞે પિશુન ટેવ ન પાડવી. ૧.

**અર્થ**:-કોપાયમાન થયેલા સર્પના મુખને વિષે હાથ નાંખવો તે સારો; જ્વાજલ્યમાન અગ્નિના કુંડને વિષે ઝંપાપાત કરવો તે સારો; ઉદરના મધ્યભાગને વિષે ભાલાનો અગ્રભાગ નાંખવો તે સારો; પણ પંડિત પુરૂષે આપત્તિનું સ્થાનક એવું દુર્જન પણું કરવું તે વ્યાજબી (ઠીક) નહી.

( वसन्ततिलकावृत्तम् )

२ ३ ११ ४ १
**सौजन्यमेव विदधाति यशश्चयं च,**
६ ५ ८ ७ १० ९
**स्व श्रेयसं च विभवं च भवक्षयं च ।**
१५ १६ १४ १२ १३
**दौर्जन्यमावहसि यत् कुमते तदर्थं,**
१९ २० २१ १७ १८
**धान्येऽनलं दिशसि तज्जलसेकसाध्ये ॥ ६२ ॥**

॥ श्लोक ६२ ॥

सौजन्यम् एव સુજનતાજ
विदधाति પમાડે છે.
यशश्चयम् યશના સમૂહને
स्व श्रेयसम् પોતાના કલ્યાણને
विभवम् ધનને
भवक्षयम् સંસારના ક્ષયને (મોક્ષ)
दौर्जन्यम् દુર્જનપણું
आवहसि ધારણ કરે છે
यत् જે
हे कुमते હે દુષ્ટ બુદ્ધિવાળા ?
तदर्थम् તે વસ્તુઓને માટે
धान्ये ધાન્યના ક્ષેત્રમાં
अनलम् અગ્નિને
दिशसि આપે છે (દેવા જેવું કામ કરે છે
तत् તે તો
जलसेकसाध्ये પાણિના સિંચનથી થનાર એવા

આચારને સત્પુરૂષના જે પાલવા સૌજન્ય તે,
યશનો સમૂહ પમાડતું વલિ કરત નિજ કલ્યાણને;
ધનને પમાડે ક્ષય કરે સંસારના યશ આદિને,
કાજેજ દુર્જનતા ધરે હે દુર્મતિ તું શીદને. ૧.

જલ સિંચવાથી પામવાને યોગ્ય ખેતર ધાન્યનું,
તેમાં ઠવે છે અગ્નિને તુજ કાર્ય આ મૂરખતણું;
જિમ અગ્નિ બાલે સર્વથા વાવેલ પણ સવિ ધાન્યને,
પામેલ પણ યશ આદિને દૌર્જન્ય તેમ ક્ષણે હણે. ૨.

અર્થઃ—સદાચારિપણુંજ પુરૂષોને યશનો સમૂહ પમાડે છે, તેમનું શ્રેય કરે છે, વૈભવ પમાડે છે, અને સંસારનો ક્ષય કરે છે, હે દુર્બુદ્ધિ ? તું તે કારણ (યશ, વૈભવ અને સંસારનો ક્ષય કરવા) ને અર્થે દુરાચાર સેવે છે, તે તો તું જળસિંચન (પાવા)થી મેળવવા યોગ્ય એવા ધાન્યના ક્ષેત્રને વિષે અગ્નિ મૂકવા જેવું ભૂલ ભરેલું કામ કરે છે.

( પૃથ્વીવૃત્તમ્ )

४ ३ २
**वरं विभववंध्यता सुजनभावभाजां नृणा-**
६ ९ ५ ७ ८
**मसाधुचरितार्ज्जिता न पुनरूर्ज्जिताः संपदः ।**
१३ १४ १५ १२ १० ११
**कृशत्वमपि शोभते सहजमायतौ सुंदरं,**
१७ २० १६ १८ १९
**विपाकविरसा न तु श्वयथुसंभवा स्थूलता ॥६३॥**

॥ श्लोक ६३ ॥

वरम् સારૂં
विभव वन्ध्यता ધન રહિત પણું (દારિદ્રય)
सुजन भाव भाजाम् સદાચાર પાલનાર
नृणाम् મનુષ્યોને
असाधु चरितार्ज्जिता અન્યાયથી મેળવેલી
नपुनः નહી, પરંતુ
ऊर्जिताः ઘણી
संपदः લક્ષ્મી
कृशत्वम् अपि દુર્બલપણું
शोभते શોભે છે [ પણ

सहजम् સ્વાભાવિક
आयतौ ભવિષ્યમાં
सुन्दरम् સુન્દર
विपाक विरसा ભવિષ્યમાં દુઃખ દેનાર
श्वयथु संभवा સોજાથી ઉત્પન્ન થયેલી
स्थूलता જાડાશ

આચારને ઉત્તમ પુરૂષના સેવનારા જે નરા,
દારિદ્રય સારૂં તેમને છે ના ભલી તે સંપદા;
જે મેળવેલી દુષ્ટ વ્યાપરે કરી પુષ્કલ વલી,
ના તે ટકે બહુકાલ જાવે મૂલ મીલ્કતને લઈ. ૧.

દુર્બલપણું પણ સહજ સોહે લાભકારિ ભવિષ્યમાં.
સોહે ન પણ જાડાશ સોજાની વિપત્તિ ભવિષ્યમાં.
સોજાતણી જાડાશ જેવી સંપદાને જાણવી,
દુર્બલપણાના જેહવી નિર્ધન દશાને જાણવી. ૨.

**અર્થ**:—સદાચારિ મનુષ્યોને નિર્ધનપણું અર્થાત્ દારિદ્રય એજ સારૂં છે; પણ દુષ્ટ આચરણ વડે મેળવેલી ઘણી પણ સંપત્તિ સારી નથી; કારણ કે ભવિષ્યકાળને વિષે સુંદર એવું જે સ્વાભાવિક દુર્બળપણું (કૃશપણું) તે શોભે છે. પણ પરિણામે ભયંકર એવી જે સોજો ચઢવાથી થએલી પુષ્ટતા તે શોભતી નથી.

(शार्दूलविक्रीडितवृत्तम्)

३ २ ६ ८ ४ ५ ७
न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं,
१० ११ ९ १२ १४ १३
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।

૧૫ ૧૬ ૧૭ ૧૯ ૨૦ ૧૮ ૨૨ ૨૧ ૨૩
स्वश्लाघां न करोति नोज्झति नयं नौचित्यमुल्लंघय-
૨૫ ૨૬ ૨૪ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૨ ૩૧
त्युक्तोप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥६४॥

॥ श्लोक ६४ ॥

न ब्रूते નથી બોલતા
परदूषणम् પરાયા દોષોને
परगुणम् પરાયા ગુણને
वक्ति બોલે છે
अल्पम् अपि થોડા પણ
अन्वहम् નિરંતર
संतोषम् સંતોષને
वहते ધારણ કરે છે
पर ऋद्धिषु બીજાની સંપત્તિમાં
पराबाधासु બીજાના દુઃખમાં
धत्ते ધારણ કરે છે.
शुचम् શોકને
स्वश्लाघाम् પોતાનાં વખાણ
न करोति નથી કરતા
न उज्झति નથી તજતા
नयम् નીતિને
औचित्यम् યોગ્યતાને
न નથી
उल्लंघयति તજતા
उक्तः अपि કહ્યું (હોય) તોપણ
अप्रियम् (સામું) કડવું વેણ
अक्षमाम् ક્રોધને
न रचयति નથી કરતા
एतत् એ સર્વે
चरित्रम् આચાર, (ગુણો)
सताम् સજ્જન પુરૂષોનો

આચાર આ સત્પુરૂષનો જાણી સુધરજે જીવરે,
બોલે ન અવગુણ અન્યના તે સ્હેજ પણ પરગુણ વદે;
ઇચ્છે ન પરની ઋદ્ધિને પરજીવને દુઃખિયો કલી,
ચિત્તે ધરે તે શોકને ન કરે પ્રશંસા આપની. ૧.

પથ ન્યાયનો છોડે નહી નિજ યોગ્યતા ન અતિક્રમે,
સામો વદે કડવું છતાં પણ ક્રોધથી ના ધમ ધમે;

દોષો મટાડે ઉષ્ણ નીર'જિમ કષ્ટ કાલે પણ યથા,
દોષો મટાડે અન્યના આપત્તિકાલે તે તથા. ૨.

અર્થઃ-સજ્જન પુરૂષો બીજાના દોષને કહેતા નથી; પરંતુ બીજાના ગુણને, તે અલ્પ હોય તો પણ નિરંતર, કહે છે, પારકી સંપત્તિને વિષે (પારકી સંપત્તિને જોઇને) સંતોષ અને પરપીડાને વિષે (પરપીડાને જોઇને) શોક ધારણ કરે છે; આપબડાઇ કરતા નથી; ન્યાયનો ત્યાગ કરતા નથી, અને યોગ્યતાનું ઉલ્લંઘન કરતા નથી, વળી તેમને કડવાં વચન કહ્યાં હોય તોપણ તેઓ ક્રોધ કરતા નથી, આવું સત્પુરૂષોનું ચરિત્ર (જીવન) છે.

હવે ગુણિની સોબત તજીને કલ્યાણની ચાહના રાખનાર જીવ કેવો હોય? તેનો જવાબ આપે છે.

११ १० १३ १२ १५ १४ ९
धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्,
१७ १६ १९ १८ २० २१
काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
२३ २२ २५ २६ २४ २७ ८
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ,
१ ४ ३ ५ २ ६ ७
यः संगं गुणिनां विमुच्य विमतिःकल्याणमाकांक्षति ॥

॥ श्लोक ६५ ॥

धर्मम् ધર્મને
ध्वस्तदयः નિર્દય છતાં
यशः યશને
च्युतनयः અન્યાય કરનાર
वित्तम् ધનને
प्रमत्तः પ્રમાદી
पुमान् પુરૂષ
काव्यम् કાવ્યને
निष्प्रतिभः બુદ્ધિ વિનાનો છતાં
तपः તપને
शमदयाशून्यः શમ દયા વિનાનો માણસ
अल्पमेधाः અલ્પ બુદ્ધિવાળો
श्रुतम् શાસ્ત્રને

| | |
|---|---|
| वस्तु आलोकम् વસ્તુ–પદાર્થને જોવાને | यः જે ( માણસ ) |
| अलोचनः નેત્ર વિનાનો છતાં | संगम् સોબતને |
| चलमनाः અસ્થિર મનવાળો છતાં | गुणिनाम् ગુણી પુરૂષોની |
| ध्यानम् ધ્યાનને | विमुच्य છોડીને |
| वांछति ઈચ્છે છે | विमतिः બુદ્ધિ વિનાનો માણસ |
| असौ આ માણસ | कल्याणम् કલ્યાણને |
| | आकांक्षति ઇચ્છે છે. |

નિર્બુદ્ધિ 'જે' સોબત તજી ગુણિની ચહે કલ્યાણને,
પ્રાણિ દયા દૂરે તજીને ચાહતો તે પુણ્યને,
ઇચ્છા કરે યશની ઘણી દૂરે તજીને ન્યાયને,
ઇચ્છા કરે છે દ્રવ્યની પણ છોડતો ન પ્રમાદને. ૧.

બુદ્ધિ વિનાનો તે ચહે રચવાજ કવિતાને વલી,
ઉપશમ દયા વિણ ચાહતો કરવા તપસ્યાને વલી;
બુદ્ધિ ઘણી ન છતાં ચહે છે શાસ્ત્રના અધ્યયનને,
ચક્ષુ વિનાનો તેજ ઇચ્છે દેખવા ઘટ આદિને. ૨.

વાંછા કરે છે ધ્યાન કરવા પણ ચપલતા ચિત્તની,
એ આઠ વાનાં ના બને ખામીજ છે નિજ હેતુની;
પુન્યાદિ કાર્યો નીપજે ના જો મણા કરૂણાદિની,
કલ્યાણ ના હોવે કદી સોબત વિના ગુણવંતની. ૩.

અર્થઃ—જે બુદ્ધિહીન પુરૂષ ગુણિજનોનો સંગ છોડીને કલ્યાણની ઈચ્છા રાખે છે; તે દયાનો ત્યાગ કરીને ધર્મની ઇચ્છા કરે છે (એમ સમજવું) ન્યાયનો ત્યાગ કરીને યશની, પ્રમાદી થઇને દ્રવ્યની, બુદ્ધિ વિના કાવ્ય કરવાની,

શમતા અને દયા વિના તપની, અલ્પમતિવાળો છતાં શાસ્ત્રના અધ્યયનની, નેત્ર વિના વસ્તુઓને જોવાની, અને ચંચળ ચિત્તવાળો છતાં ધ્યાનની ઇચ્છા કરે છે (એમ સમજવું) એટલે દયા વિગેરે ન હોય તો જેમ પુણ્યાદિનો લાભ ન મલી શકે, તેમ ગુણિજનની સોબત વિના કલ્યાણ થાયજ નહીં.

( हरिणीवृत्तम् )

३ २ ५ ४ ७ ६
**हरति कुमतिं भित्ते मोहं करोति विवेकितां,**

९ ८ ११ १० १३ १२
**वितरति रतिं सूते नीतिं तनोति गुणावलिम् ।**

१५ १४ १७ १६ १९ १८
**प्रथयति यशो धत्ते धर्म्मं व्यपोहति दुर्गतिं,**

२४ २० २१ २३ २२ १
**जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसंगमः ॥६६॥**

॥ श्लोक ६६ ॥

हरति હરણ કરે છે
कुमतिम् ખરાબ બુદ્ધિને
भित्ते નાશ કરે છે.
मोहम् અજ્ઞાનનો
करोति કરે છે
विवेकिताम् વિવેકીપણાને
वितरति આપે છે
रतिम् સંતોષને
सूते ઉત્પન્ન કરે છે
नीतिम् નીતિને
तनोति વિસ્તારે (પમાડે) છે
गुणावलिम् ગુણોની પંક્તિને
प्रथयति ફેલાવે છે
यशः જશને
धत्ते ટકાવે છે
धर्मम् ધર્મને
व्यपोहति નાશ કરે છે
दुर्गतिम् નરકાદિ ગતિનો
जनयति પમાડે
नृणाम् મનુષ્યોને
किं શું
न अभीष्टम् ઇચ્છિત વસ્તુ નહીં
गुण उत्तम ગુણોવડે ઉત્તમ
संगमः સોબત [જનોની

ગુણ ગણધરી ઉત્તમ બનેલા ભવ્યકેરી સંગતિ,
વાંછિત દીયે શું ના નરોના ઇષ્ટ સઘલા દે અતિ;
દુર્બુદ્ધિને દૂરે કરે અજ્ઞાનને તે સંહરે,
તેહી કરાવે ભાન તત્વાતત્વનું સત્સંગિને. ૧.
સંતોષ વૃત્તિને પમાડે ન્યાયવૃત્તિની વલી;
વૃદ્ધિ કરે ગુણ ગણતણી યશને વધારે જે વલી;
નિજ ધર્મમાં સ્થિર નિત કરે તે દુર્ગતિને સંહરે,
એ લાભ સત્સંગતિ તણો જે ભવ્ય તે તેને કરે. ૨.

અર્થઃ—ગુણો વડે ઉત્તમ એવા જનોની સોબત મનુષ્યોને શું શું ઇચ્છિત વસ્તુ નથી ઉત્પન્ન કરતી? (દેતી નથી?) તે(સોબત) કુમતિને દૂર કરે છે, મોહને હઠાવે છે, તત્વ અને અતત્વનું ભાન કરાવે છે, સંતોષ આપે છે, નીતિને પ્રકટાવે છે. ગુણોના સમૂહને વિસ્તારે છે, યશને ફેલાવે છે, ધર્મમાં સ્થિર કરે છે. અને દુર્ગતિને દૂર કરે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

૫ ૪ ૬ ૭ ૯ ૮
लब्धुं बुद्धिकलापमापदमपाकर्त्तुं विहर्तुं पथि,
૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪ ૧૫
प्राप्तुं कीर्तिमसाधुतां विधुवितुं धर्मं समासेवितुम् ।
૧૭ ૧૬ ૧૯ ૧૮
रोद्धुं पापविपाकमाकलयितुं स्वर्गापवर्गश्रियं,
૩ ૨ ૧ ૨૦ ૨૨ ૨૩ ૨૧ ૨૪
चेत्त्वं चित्त समीहसे गुणवतां संगं तदंगीकुरु ॥६७॥

॥ શ્લોક ૬૭ ॥

લબ્ધુમ્ મેળવવાને
બુદ્ધિ કલાપમ્ બુદ્ધિના સમૂહને
આપદમ્ સંકટ (દુઃખ) ને
અપાકર્ત્તુમ્ દૂર કરવાને
વિહર્ત્તુમ્ ચાલવાને.

पथि ન્યાય માર્ગમાં
प्राप्तुम् મેળવવાને
कीर्तिम् કીર્તિને
असाधुताम् દુર્જનતાને
विधुवितुम् દૂર કરવાને
धर्मम् ધર્મને
समासेवितुम् સેવવાને
रोद्धुम् રોકવાને
पाप विपाकम् પાપના ફલને
आकलयितुम् મેળવવાને
स्वर्गापवर्गश्रियम् સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મીને
चेत् જો
त्वम् તું
चित्त હે મન?
समीहसे ઇચ્છે છે (તો)
गुणवताम् ગુણિ પુરૂષોની
संगम् સોબત
तत् अङ्गीकुरु તો કર

હે ચિત્ત જો તું બુદ્ધિના ગણને ચહે છે પામવા,
વલિ આપદાને દૂર કરવા ન્યાય માર્ગે ચાલવા;
તિમ પામવાને કીર્તિને દુર્જનપણું સંહારવા,
સદ્ધર્મને આરાધવાને પાપના ફલ રોકવા. ૧

તિમ સ્વર્ગનીને મુક્તિ કેરી લક્ષ્મીને વલિ પામવા,
ઇચ્છેજ છે તો સંગને કરજે સદા ગુણવંતના;
તું જાણ જીવ નિમિત્તવાસી તેહ જેવા હેતુને,
પામે લહે તે ભાવને ના ભૂલ જિન સિદ્ધાન્તને. ૨

અર્થઃ—હે ચિત્ત? જો તું બુદ્ધિના સમૂહને પ્રાપ્ત કરવાને, આપત્તિને દૂર કરવાને, ન્યાયમાર્ગને પાલવા, કીર્તિને પામવાને, દુર્જનતાનો ત્યાગ કરવાને, ધર્મનું ઉત્તમ રીતે સેવન કરવાને, પાપના ફળને રોકવાને અને

સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મીનો અનુભવ કરવાને ઈચ્છતું હોય તો ગુણિજનની સોબત કર.

### હવે નિર્ગુણિની સોબતથી થતા દોષો કહે છે.

( हरिणीवृत्तम् )

३ २ ५ ४
हिमति महिमांभोजे चंडानिलत्युदयांबुदे,
७ ६ ८ ९
द्विरदति दयारामे क्षेममक्षमाभृति वज्रति ।
११ १० १३.. १२ १
समिधति कुमत्यग्नौ कंदत्यनीतिलतासु यः,
१८ १७ १६ १९ १४ १५
किमभिलषता श्रेयः श्रेयः? स निर्गुणसंगमः॥६८॥

॥ श्लोक ६८ ॥

हिमति હિમ જેવો વર્તે છે
महिमा अंभोजे મોટાઈરૂપી કમલમાં
चंड अनिलति કઠોર વાયુ જેવો વર્તે છે
उदयअम्बुदे ઉદયરૂપી મેઘમાં
द्विरदति હાથી જેવો વર્તે છે
दया आरामे દયારૂપી બગીચામાં
क्षेम क्षमाभृति કલ્યાણરૂપી પર્વતમાં
वज्रति વજ્ર જેવો વર્તે છે
समिधति લાકડાં જેવો વર્તે છે
कुमति अग्नौ દુષ્ટ બુદ્ધિ રૂપી અગ્નિમાં
कंदति કંદ જેવો વર્તે છે
अनीति लतासु અન્યાય રૂપી વેલડીયોમાં
किम् શું [
अभिलषता ઈચ્છનારે
श्रेयः કલ્યાણને
श्रेयः કરવી તે વ્યાજબી છે?
स તે
निर्गुण संगमः નિર્ગુણીયોની સોબત

નિર્ગુણ નરોની સોબતે હોનાર દોષો કવિ કહે,
બાલે કમલને જેમ હિમ મોટાઇને તિમ જે દહે;
વંટોલિયો જિમ વાદલાંને તેમ નિર્ગુણ સંગ રે,
ધન ધાન્ય કેરી વૃદ્ધિને પલવારમાંહે-સંહરે. ૧
હાથી બગીચાને ઉખાડે તિમ દયાને જે સહી,
તોડે ગિરિને વજ્ર જિમ જે કુશલને છેદે સહી;
કાષ્ઠો થકી અગ્નિ વધે જેથી કુમતિ વાધે વલિ,
મૂલ વેલડીનું કંદ જિમ અન્યાયનું મૂલ જે વલી. ૨.
તે સંગને નિર્ગુણ તણા કરવો ઉચિત શું તે જને,
કલ્યાણને જે ઇચ્છતો ના બેસવું તેની કને;
મીઠો છતાં પણ આમ્ર કડવો નિંબ સંગે નિપજે,
દ્રષ્ટાન્ત ગિરિશુક પુષ્પ શુકનું ગુરૂ મુખે તે જાણજે. ૩

અર્થ:-જે (નિર્ગુણી જનની સોબત) મોટાઈરૂપી કમલની ઉપર હિમ જેવી છે, આબાદીરૂપી મેઘને વિષે કઠોર વાયરા જેવી છે, દયારૂપી બગીચાને વિષે હાથીની જેવી છે, કલ્યાણરૂપી પર્વતને વિષે વજ્ર જેવી છે, ખરાબ બુદ્ધિરૂપી અગ્નિને વિષે લાકડાં જેવી છે, અને અન્યાયરૂપી વેલડીયોને વિષે કંદ જેવી છે; એવી જે નિર્ગુણી મનુષ્યની સોબત, તે શું કલ્યાણની ઈચ્છાવાળા પુરૂષોએ કરવી યોગ્ય છે? અર્થાત્ નથી

હવે ઇંદ્રિયોનો જય કરવા બોધ કરે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ४ १ ५
आत्मानं कुपथेन निर्गमयितुं यः शूकलाश्वायते,
७ ६ ८
कृत्याकृत्यविवेकजीवितहृतौ यःकृष्णसर्पायते ।

९ १० ११
यः पुण्यद्रुमखंडखंडनविधौ स्फूर्जत्कुठारायते,
१२ १३ १४ १६ १७
तं लुप्तव्रतमुद्रमिंद्रियगणं जित्वा शुभंयुर्भव ॥ ६९ ॥

॥ श्लोक ६९ ॥

आत्मानम् આત્માને
कुपथेन ખરાબ માર્ગે
निर्गमयितुम् લઇ જવાને
यः જે ઇંદ્રિયોનો સમૂહ
शूकल તોફાની, જક્કી
अश्वायते ઘોડાની જેવો છે
कृत्याकृत्य કરવા લાયક તથા
ન કરવા લાયક કાર્યના
विवेक जीवित વિવેકરૂપિ
જીવનને
हृतौ હરણ (નાશ) કરવામાં
यः જે ઇંદ્રિયોના સમૂહ
कृष्ण सर्पायते કાળા સર્પ
જેવો છે
पुण्यद्रुम પુણ્યરૂપિ ઝાડના
खंड વનને
खंडन विधौ નાશ કરવામાં
स्फूर्जत् અણીદાર
कुठारायते કુહાડાની જેવો છે
तम् તે
लुप्तव्रत मुद्रम् વ્રતની મર્યાદા
લોપનારા
इन्द्रिय गणम् ઇંદ્રિયોના
जित्वा જીતીને [ સમૂહને
शुभंयुः સુખીયો
भव થા

હે જીવ? ગણુને ઇન્દ્રિયોના જીતીને સુખિયો થજે,
તે છેદનારો વાડને વ્રતની-હઠીલા [૬]હય પરે;
લઇ જાય આત્માને કુમાર્ગે-શ્યામ સર્પ તણી પરે,
તે કૃત્ય'ને' અપ કૃત્યના સુવિવેક જીવનને હરે. ૧.
દેદીપ્યમાન કુઠાર જિમ છેદેજ વનને ઝાડના,
તિમ છેદતો વનનેજ ઝટ તે પુણ્ય રૂપી ઝાડના;
[૧]કરી [૨]મીન [૩]ષટપદ [૪]શલભ [૫]મૃગએ તેહના પાશે જતાં,
નિજ પ્રાણ પણ છેવટ ગુમાવે કર્મ આડાં આવતાં. ૨.

૧ હાથી. ૨ માંછલું. ૩ ભમરો. ૪ પતંગિયું. ૫ હરિણ ૬ ઘોડો.

અર્થઃ—હે ભવ્યજીવ ? વ્રતની મર્યાદાને છેદનારો એવો જે ઇંદ્રિયોનો સમૂહ, તે આત્માને કુમાર્ગે લઈ જવાને હઠીલા ઘોડાની જેવો (જેવું આચરણ કરે) છે, કૃત્ય અને અકૃત્યના વિવેકરૂપી જીવિતનું હરણ કરવામાં કાળાસર્પ જેવો ( જેવું આચરણ કરે) છે અને ધર્મરૂપી ઝાડના વનને છેદવામાં અણીદાર કુહાડી જેવો (જેવું આચરણ કરે) છે, તે ઇંદ્રિયના સમૂહને જીતીને સુખી થા.

( शिखरिणीवृत्तम् )

२ १ ३ ४ ५ ६
प्रतिष्ठां यन्निष्ठां नयति नयनिष्ठां विघटय-
७ ९ ८ ९ १० ११
त्यकृत्येष्वाधत्ते मतिमतपसि प्रेम तनुते ।
१२ १३ १४ १७ १५ १६
विवेकस्योत्सेकं विदलयति दत्ते च विपदं,
२० १८ १९ २१ २३ २२
पदं तद्दोषाणां करणनिकुरंबं कुरु वशे ॥ ७० ॥

॥ श्लोक ७० ॥

प्रतिष्ठाम् મોટાઇનો
यत् જે ઇંદ્રિયોનો સમુદાય
निष्ठाम् નાશ
नयति કરે છે
नयनिष्ठाम् ન્યાય માર્ગની શ્રદ્ધા ( વિચાર ) નો
विघटयति નાશ કરે છે
अकृत्येषु ન કરવા યોગ્ય કાર્યો કરવામાં (ની)
आधत्ते કરાવે છે
मतिम् ઇચ્છા ( ને )
अतपसि અવિરતિમાં
प्रेम પ્રેમ ( ને )
तनुते વિસ્તારે (વધારે) છે
विवेकस्य વિવેક (ની)
उत्सेकम् ઉન્નતિ વૃદ્ધિ (ના)
विदलयति નાશ કરે છે
दत्ते આપે છે
विपदम् આપત્તિને
पदम् સ્થાન

| | | |
|---|---|---|
| तत् તે | कुरु કર | [સમૂહને |
| दोषाणाम् દોષોના | वशे વશ | |
| करण निकुरंबम् ઇંદ્રિયોના | | |

હે ભવ્ય વશ કર ઇંદ્રિયોના શીઘ્ર તેહ સમૂહને,
મોટાઇનો ક્ષય જે કરે કરે નષ્ટ ન્યાય વિચારને;
દુષ્કાર્ય સઘલા સાધવામાં જેહ જોડે બુદ્ધને,
કરે નેહ અવિરતિમાં હણે તિમ જેહ વધત વિવેકને. ૧.
વધ મરણુ આદિક કષ્ટને આપેજ છે જે સર્વદા,
દોષો તણું જે સ્થાન ના-થા-તેહને વશ તું કદા;
તે ઇંદ્રિયોને કાબુમાં રાખેજ જે ધાર્મિક નરા,
તે શક્રથી પણ અધિક સુખિયા સાધ્યને સાધેખરા. ૨.

અર્થઃ-હે ભવ્ય જીવ ! સર્વ દોષોનું સ્થાનક એવો જે ઇંદ્રિયોનો સમુદાય તે મોટાઇનો નાશ કરે છે, ન્યાયની ભાવના તોડી નાંખે છે, અકાર્યોને વિષે મતિ ધારણ કરે છે, (અકાર્ય કરાવે છે.) અવિરતિને વિષે સ્નેહ કરે (કરાવે) છે, વધતા વિવેકનો વિનાશ કરે છે, અને વિપત્તિ (દુઃખ)ને આપે છે, તે ઇંદ્રિયોના સમુદાયને તું પોતાને સ્વાધીન કર. (ઇંદ્રિયો ચપલ છે. તેને વશ કરી ધર્મ આરાધવો ).

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ १ ३ ४ ५ ६
धत्तां मौनमगारमुज्झतु विधिप्रागल्भ्यमभ्यस्यता-
८ ७ ९ १० ११ १२
मस्त्वंतर्गणमागमश्रममुपादत्तां तपस्तप्यताम् ।
१४ १७ १३
श्रेयःपुंजनिकुंजभंजनमहावातं न चेदिंद्रिय-
१५ १६ १८ २१ २२ २३ २० १९
व्रातं जेतुमवैति भस्मनि हुतं जानीत सर्वं ततः॥७१॥

॥ શ્લોક ૭૧ ॥

धत्ताम् ધારણ કરો
मौनम् મૌનપણું
अगारम् ઘરને (નો)
उज्झतु ત્યાગ કરો; છોડો
विधि प्रागल्भ्यम् ધર્મક્રિયા કરવાની શક્તિનો (ને)
अभ्यस्यताम् અભ્યાસ કરો; કેળવો
अस्तु હો.
अन्तर्गणम् ગચ્છની અંદર (રહેવું)
आगम श्रमम् સિદ્ધાન્તોના (અભ્યાસના) પરિશ્રમને
उपादत्ताम् અંગીકાર કરો
तपः તપને
तप्यताम् તપો (કરો)
श्रेयः पुंज કલ્યાણના સમૂહ રૂપ
निकुंज भंजन ઘાટાવનને ભાંગવામાં
महावातम् મોટા પવન (વંટોળીયાની) જેવા
इन्द्रिय व्रातम् ઇંદ્રિયોના સમૂહને
जेतुम् જીતવાને
न, चेत्, अवैति જો જાણતા નથી
भस्मनि ભસ્મમાં, રાખમાં.
हुतम् હોમ્યું (એમ)
जानीत જાણો
सर्वम् બધું (અહીં કહેલું)
ततः તો

કલ્યાણના ગણ રૂપ વનને ભાંગવાને મૂલથી,
વંટોલિયા સમ ઇંન્દ્રિયોનો છે સમૂહ વિતથ નથી;
જો જીતવાનું તેહને જાણ્યું ન તો આ વ્યર્થ જે.
નિત મૌન વ્રત ધારણ કરે વૈરાગ્યથી ઘરને તજે. ૧.

આચાર સઘલા પાલવામાં હુંશિયારી વાપરે,
વલિ ગચ્છમાં વાસો કરે સિદ્ધાન્ત ભણવા શ્રમ કરે;
તપને તપે રખ્યા વિષે હોમેલ ઘી જેવું જ એ,
ઇંદ્રિય દમન પૂર્વક કરેલા કાર્ય સઘલા સફલ છે ૨

**અર્થ**:-હે સાધુ? મૌનવ્રત ધારણ કરો, ઘરનો ત્યાગ કરો, ધર્મક્રિયા કરવાના સામર્થ્યને કેળવો, ગચ્છવાસ કરો, સિદ્ધાન્તના પાઠનો અભ્યાસ કરો. તીવ્ર તપશ્ચર્યા કરો (એ બધું ગમે એટલું કરો) પણ જ્યાં સુધી કલ્યાણના સમૂહરૂપ ઘાટાવનને ભાંગવાને મહાવાયુ (વટોળીયો) જેવો એવો જે ઈંદ્રિયોનો સમૂહ તેને પરાજય કરવાનું જાણ્યું નથી ત્યાં સુધી તે સર્વ (મૌનવ્રત આદિ) રખ્યાને વિષે હોમેલા (ઘી વિગેરે) જેવું (વૃથા) જાણો.

**धर्मध्वंसधुरीणमभ्रमरसावारीणमापत्प्रथा-**
**लंकर्मीणमशर्मनिर्मितिकलापारीणमेकांततः ।**
**सर्वान्नीनमनात्मनीनमनयात्यंतीनमिष्टे यथा,**
**कामीनं कुमताध्वनीनमजयन्नक्षौघमक्षेमभाक् ॥७२॥**

॥ શ્લોક ૭૨ ॥

**धर्मध्वंसधुरीणम्** ધર્મનો નાશ કરનારમાં મુખ્ય
**अभ्रमरस** સત્ય જ્ઞાનના સ્વભાવને, સાચા આનંદને
**आधारीणम्** ઢાંકનાર
**आपत् प्रथा** આપત્તિને ફેલાવવામાં
**अलंकर्मीणम्** પુરૂષાર્થ (શક્તિ) વાળો
**अशर्मनिर्मिति** દુઃખોને પેદા કરવામાં
**कलापारीणम्** ચતુર એવા
**एकान्ततः** નિશ્ચયથી
**सर्वान्नीनम्** સર્વ (ના) અન્નને ખાનારો
**अनात्मनीनम्** આત્માનું અહિત કરનાર
**अनय** અન્યાયના રસ્તે
**अत्यंतीनम्** અત્યંત ગમન કરનારો
**इष्टे** ઇષ્ટ વસ્તુમાં

| | |
|---|---|
| यथाकामीनम् ઇચ્છા પ્રમાણે વર્તનારો | अजयन् નહિ જીતતો છતો |
| कुमत ખરાબ વિચારના | अक्षओघम् ઇંદ્રિયોના સમૂહને |
| अध्वनीनम् રસ્તે જનારો | अक्षेमभाक् ઉપદ્રવને પામનાર |

જે ધર્મ કેરો નાશ કરવા મુખ્ય પદ ધારણ કરે;
તિમ જેહ બલિયો ઢાંકવાને શીઘ્ર સાચા નાણને;
આપત્તિને ફેલાવવામાં કષ્ટને નિપજાવવા,
જે છે ચતુર સવિ ધાન્ય ખાવે દક્ષ અહિત પમાડવા.૧.

અન્યાય રસ્તે બહુજનારો ઇષ્ટ વસ્તુમાં વલી,
સ્વેચ્છા પ્રમાણે વર્ત્તનારો જાય દુષ્ટ મતે વલી;
ના જીતનારો ઇંદ્રિયોના–તેહ ગણને જીત્ર જે,
કલ્યાણને તે પામનારો હોય ના કોઈ ક્ષણે. ૨.

અર્થઃ-ધર્મનો નાશ કરવામાં અગ્રેસર, સત્ય જ્ઞાનને ઢાંકનાર, આપત્તિને ફેલાવવામાં સમર્થ, દુઃખ ઉપજાવવામાં હુંશિયાર, એકાંત સર્વ–અન્ન ભક્ષક, આત્માને અહિતકારી, અન્યાય માર્ગમાં ચાલનાર. ઈષ્ટમાર્ગે સ્વેચ્છાએ વર્તનારો, અને ખરાબ વિચારને રસ્તે જનારો એવો જે ઈંદ્રિયોનો સમૂહ છે, તેને નહિ જીતનારો પ્રાણી કલ્યાણને ભજનારો થતો નથી, અર્થાત્ એવા મનુષ્યનું કલ્યાણ થતું નથી.

હવે લક્ષ્મીના સ્વભાવનું વર્ણન કરે છે.

૫ ૬ ૨ ૩ ૪ ૭ ૮ ૧૦
निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कंभते,
૯ ૧૧ ૧૨ ૧૪ ૧૩ ૧૫ ૧૬ ૧૮ ૧૭
चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव दत्तेंऽधताम् ।

૨૧ ૧૯ ૨૦ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૭
चापल्यं चपलेव चुंबति दवज्वालेव तृष्णां नय-
૨૬ ૨૮ ૨૯ ૧ ૩૦ ૩૧
त्युल्लासं कुलटांगनेव कमला स्वैरं परिभ्राम्यति ॥७६॥

॥ શ્લોક ૭૨ ॥

निम्नं નીચાણુવાળા પ્રદેશમાં
गच्छति જાય છે
निम्नगा इव નદીની જેમ
नितराम् અત્યન્ત
निद्रा इव ઉંઘની પેઠે
विष्कंभते નાશ કરે છે, રોકે છે.
चैतन्यम् જ્ઞાનનો (ને)
मदिरा इव દારૂની પેઠે
पुष्यति પુષ્ટ કરે (વધારે) છે
मदम् અહુંકારને, મદને
धूम्या इव ધૂમાડાના સમૂહની
दत्ते આપે છે, [પેઠે

अन्धताम् અંધપણાને
चापल्यम् ચપલતાને
चपला इव વીજળીની પેઠે
चुंबति ભજે છે [જ્વાલાની પેઠે
दव ज्वाला इव દાવાનલની
तृष्णाम् લોભને, તરસને
नयति પમાડે છે.
उल्लासम् વધવું (વૃદ્ધિ)
[સ્ત્રીની પેઠે
कुलटा अंगना इव ખરાબ
कमला લક્ષ્મી
स्वैरम् ઇચ્છા પ્રમાણે
परिभ्राम्यति ભટકે છે.

નીચાણુવાલા માર્ગમાં નિત આ નદી જિમ જાય છે,
તિમ આજ લક્ષ્મી નીચ જનના ગેહ માંહે જાય છે;
નિદ્રા હણે ચૈતન્યને—લક્ષ્મી હણે ચૈતન્યને,
મદિરા વધારે ગાંડછાને—તેમ લક્ષ્મી માનને.

અંધારા ધૂમ સમૂહ જેમ કરે તથા લક્ષ્મી કરે,
લક્ષ્મી ચપલ—જિમ વીજલી—તરસા વધારે જીવને;
જ્વાલા યથા દાવાગ્નિની લક્ષ્મી વધારે લોભને,
ઇચ્છાનુસારે ભમત લક્ષ્મી દેખ અવળી નારને,

**અર્થ**:–લક્ષ્મી નદીની પેઠે નીચ પ્રત્યે ( હલકા જનને ઘેર ) જાય છે; નિદ્રાની પેઠે ચૈતન્યનો વિનાશ કરે છે, મદિરાની પેઠે ગાંડછા (અહંકાર)નું પોષણ કરે ( વધારે ) છે; ધૂમાડાના સમૂહની પેઠે અંધપણું આપે છે; વીજળીની પેઠે અસ્થિરપણાને ભજે છે; દાવાગ્નિની પેઠે લોભ (તરસ) વધારે છે; અને અવળી સ્ત્રીની પેઠે મરજી પ્રમાણે ફરે છે.

હવે ધનના સ્વભાવને વર્ણવે છે.

**१ २ ३ ४ ५**
**दायादाः स्पृहयंति तस्करगणा मुष्णंति भूमीभुजो,**
**८ ६ ७ ९ ११ १०**
**गृह्णंति च्छलमाकलय्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।**
**१२ १३ १५ १६ १४ १८ १७**
**अंभः प्लावयति क्षितौ विनिहितं यक्षा हरंते हठात्,**
**१९ २० २२ २१ २५ २३ २४**
**दुर्वृत्तास्तनया नयंति निधनं धिग्बह्वधीनं धनम् ॥७४॥**

॥ श्लोक ७४ ॥

दायादाः વારસાના હકદાર
स्पृहयन्ति ચાહે છે
तस्करगणाः ચોરોનો સમૂહ
मुष्णन्ति ચોરે છે
भूमीभुजः રાજાઓ
गृह्णन्ति ગ્રહણ કરે છે
छलम् કપટને
आकलय्य કરીને
हुतभुक् અગ્નિ
भस्मी करोति રાખ કરે છે
क्षणात् ક્ષણવારમાં, પલકમાં
अम्भः પાણી
प्लावयति પલાળે છે
क्षितौ પૃથ્વીમાં
विनिहितम् દાટેલું
यक्षाः યક્ષ જાતિના દેવો
हरन्ति ઉપાડી જાય છે
हठात् હઠથી, બલાત્કારે.
दुर्वृत्ताः ખરાબ આચરણ
तनयाः પુત્રો ( સેવનારા
नयन्ति પમાડે છે
निधनम् નાશ
धिक् ધિક્કાર છે
बहु अधीनम् ઘણાઓને તાબે રહેલા
धनम् દ્રવ્યને

જેને જનો સમ ગોત્રના ઇચ્છે-હરે-ચોરો વલી,
માયા કરી રાજા લઈ લે અગ્નિ બાલે પણ વલી;
પાણી ડુબાવે ભૂમિમાંહે દાટતાં હઠથી ગ્રહે,
વ્યંતર સુરો ના દાટનારોઃ લેશને ધનના લહે. ૧.

પુત્રો દુરાચારી ગુમાવે જેહને ઇમ જાણ તું,
આધીન આ ધન બહુ જણાને તેહને ધિક્કારતું;
જે લાત મારે આવતાં બઇડા વિષે-જાયે સહી,
છાતી વિષે ઝટ લાત મારી તેહથી દોલત કહી. ૨

**અર્થઃ**—જેની દાયાદો ( એક ગોત્રમાં જન્મેલા ) ઈચ્છા કરે છે, જેને ચોર લોકો ચોરી જાય છે, રાજાઓ કપટ કરીને લઈ લે છે, અગ્નિ ક્ષણમાત્રમાં ભસ્મ કરે ( બાળી નાંખે ) છે, જળ ડૂબાવી દે છે. ભૂમિને વિષે રાખ્યાથી વ્યંતરો બળાત્કારે ઉપાડી જાય છે, અને જેનો દુરાચારી પુત્રો વિનાશ કરે છે એમ બહુ જણાને આધીન એવું જે ધન તેને ધિક્કાર થાઓ.

५ ६ ७ ८ ९ १२ १० ११
नीचस्याऽपि चिरं चटूनि रचयंत्यायांति नीचैर्नतिं,
१५ १६ १३ १४ १९ १७ १८
शत्रोरप्यगुणात्मनोऽपि विदधात्युच्चैर्गुणोत्कीर्तनम् ।
२४ २५ २६ २३ २० २१ २२
निर्वेदं न विदंति किंचिदकृतज्ञस्यापि सेवाक्रमे,
२८ २७ २९ १ २ ४ ३० ३
कष्टं किं न मनस्विनोऽपि मनुजाःकुर्वंति वित्तार्थिनः॥७५॥

॥ श्लोक ७६॥
नीचस्य अपि નીચના આ-
चिरम् ઘણીવાર [ગળ પણ
चटूनि મીઠાં વચનોને
रचयन्ति બોલે છે
आयान्ति કરે છે.

नीचै: નીચ માણસોને
नतिम् નમસ્કાર
शत्रो: अपि શત્રુના પણ
अगुणात्मन: अपि નિર્ગુણ
विदधाति કરે છે [એવા
उच्चै: ઉંચે સ્વરે (ઘાંટા પાડીને)
गुणोत्कीर्त्तनम् ગુણોના વખાણ
निर्वेदम् ખેદને
न विदन्ति નથી પામતો
किंचिद् જરા

अकृतज्ञस्य अपि ગુણ નહિ માનનાર એવા પુરૂષની
सेवाक्रमे સેવા કરવામાં
कष्टम् મુશ્કેલી ભરેલું કામ
किम्, न, શું નથી
मनस्विनः ઉત્તમ (સ્વાધીન) મનવાલા પણ
मनुजाः મનુષ્યો
कुर्वन्ति કરતા
वित्तार्थिनः ધનની ઈચ્છાવાળા

જો ભાઈ ધનને ચાહનારા બુદ્ધિશાલિ પણ નરા,
હલકા જનોની પાસ પણ ધન 'માગતાં થઈ કિંકરા,
વચનો વદે બહુ કાલ મીઠાં નીચ જનને પણ નમે,
ગુણ ગાન કરતા ગુણ રહિત પણ શત્રુનું મોટે સ્વરે. ૧.

જાણે ન જેહ કરેલ ગુણને તેહવા સ્વામિતણી,
ન ગણે હૃદયમાં દુઃખ કરતા સેવના ક્રમસર ઘણી;
જાયે નરકમાં તીવ્ર મૂર્છા જેહ દ્રવ્ય વિષે કરે,
ઠાણાંગ સૂત્ર તણું વચન એ ભવ્ય જન ના વિસ્મરે. ૨

**અર્થ**:-ઉત્તમ (સ્વાધીન) મનવાળા મનુષ્યો પણ દ્રવ્યના અર્થી થઈને, નીચ પુરૂષોની આગળ ઘણો ટાઈમ મિષ્ટ વચન બોલે છે (ખુશામત કરે છે), નીચ પુરૂષોને નમસ્કાર કરે છે, નિર્ગુણી શત્રુનું (ના) પણ ઉંચે સ્વરે ગુણવર્ણન (વખાણ) કરે છે; અને કરેલા ગુણને નહિ જાણનારા સ્વામીની સેવા કરવામાં પણ કાંઇ કંટાળો પામતા નથી; આમ તેઓ શું શું કષ્ટ (મુશ્કેલી ભરેલું કામ) નથી કરતા ?

૧ ૨ ૪ ૫ ૩
लक्ष्मीः सर्प्पति नीचमर्णवपयः संगादिवांभोजिनी-
૬ ૭ ૮ ૧૨ ૯ ૧૦ ૧૩ ૧૧
संसर्गादिव कंटकाकुलपदा न क्वाऽपि धत्ते पदम् ॥
૧૭ ૧૪ ૧૫ ૧૬ ૧૯ ૧૮
चैतन्यं विषसन्निधेरिव नृणामुज्झासयत्यंजसा,
૨૨ ૨૧ ૨૫ ૨૦ ૨૩ ૨૪
धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्याः फलम् ॥७६॥

॥ श्लोक ૬૭ ॥

लक्ष्मीः ધન
सर्पति જાય છે
नीचम् નીચ પ્રત્યે (ને ત્યાં)
अर्णव સમુદ્રના
पयः संगात् इव પાણીના સંગથી જાણે હોય નહિ તેમ
अंभोजिनी પોયણીની
संसर्गात् इव સોબતથી જાણે હોય નહિ તેમ
कंटक કાંટાવડે [વાળી
आकुल पदा યુક્ત પગ (સ્થાન)
क्वापि કોઈ જગ્યાએ પણ
नधत्ते નથી સ્થિર કરતી
पदम् પગને
चैतन्यम् જ્ઞાનને
विष सन्निधेः इव વિષની સાથે એક સ્થાનમાં રહેવાથી જાણે હોયની તેમ
नृणाम् મનુષ્યોના
उज्झासयति નાશ કરે છે
अंजसा તુરત
धर्मस्थान ધર્મના કામમાં
नियोजनेन વાપરવા એ કરી
गुणिभिः ગુણિ પુરૂષોએ
ग्राह्यम् ગ્રહણ કરવું (લેવું) જોઈએ
तत् તેટલા માટે
अस्याः આ લક્ષ્મીનું
फलम् ફળ

જો ભાઇ લક્ષ્મી નીચ જન ઘર જાય કવિ બોલે અહીં,
જલના જલધિના સંગથી ઇમ હોયની જાણે સહી;
લક્ષ્મી તણું છે ઠાણ જલધિ એમ અન્યમતી વદે,
સંસર્ગથી ગુણ દોષ હોવે તેહથી કવિ ઇમ વદે. ૧.

કોઈ સ્થલે થીર પગ ન મૂકે પોયણીના સંગથી,
પગમાંય કાંટો વાગવાથી તેમ જાણે હોયની;
રહેવા થકી વિષ સાથ જાણે હોયની તિમ તે હણે,
ચૈતન્યને ઝટ માનવોના જેહથી હિત ના મુણે[1] ૨.

લક્ષ્મી તણું ને ઝેરનું છે ઠાણ જલાધ પરમતે.
એ ભાવ ચિત્તે રાખનારો જાણશે આ ભાવને;
લક્ષ્મી તણો એ ભાવ જાણી ગુણિજનોએ-સર્વદા.
લક્ષ્મી સુપાત્રે વાપરી કરવી સફલ દૂર આપદા. ૩

**અર્થ**:-લક્ષ્મી સમુદ્રના પાણીની સોબતથી જ હોયની ? તેમ નીચ પ્રત્યે (ઘેર) જાય છે; પોયણીની સોબતથી પગમાં કાંટો વાગ્યો હોયની ! તેમ કોઈ સ્થળે સ્થિર પગ મૂકતી નથી; અને વિષની સાથે એક સ્થાનમાં રહેવાથીજ જાણે હોયની ! તેમ મનુષ્યોના ચૈતન્યનો એકદમ નાશ કરે છે; માટે ગુણિજનોએ તેને (લક્ષ્મીને) ધર્મના કામમાં વાપરીને (ધર્મ કાર્યમાં ખરચીને) તેનું ફળ (પુણ્ય, કર્મનિર્જરાદિ) ગ્રહણ કરવું.

હવે દાનનો ઉપદેશ આપે છે.

૫ ૬ ૮ ૭ ૯ ૧૧ ૧૦
चारित्रं चिनुते धिनोति विनयं ज्ञानं नयत्युन्नतिं,
१३ १२ १४ १५ १७
पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम् ।
१८ १९ २० २१ २२ २३ २४
पुण्यं कंदलयत्यऽघं दलयति स्वर्गं ददाति क्रमात्,
२५ २६ २ १ ३ ४
निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ॥७७ ॥

૧ મુણે-જાણે.

॥ श्लोक ६८ ॥

चारित्रम् સંયમને
चिनुते વધારે છે; એકઠું કરે છે
धिनोति ખૂશ (વૃદ્ધિ) કરે છે
विनयम् વિનયને (ની)
ज्ञानम् જ્ઞાનને (ની)
नयति પમાડે છે; કરે છે
उन्नतिम् ઉન્નતિ (વધારો)
पुष्णाति પોષણ (પુષ્ટ) કરે છે
प्रशमम् ઉપશમને (નું)
तपः માસ ક્ષમણાદિ તપને
प्रबलयति મજબૂત (મદદ)કરે છે
उल्लासयति આનંદ પમાડે (વધારે) છે
आगमम् શ્રુત જ્ઞાનને
पुण्यम् પુણ્યને
कंदलयति પ્રફુલ્લિત કરે છે
अघम् પાપને (નો)
दलयति નાશ કરે (દળી નાંખે) છે
स्वर्गम् સ્વર્ગને
ददाति આપે છે
क्रमात् અનુક્રમે (છેવટે)
निर्वाणश्रियम् મોક્ષની લક્ષ્મીને
आतनोति વિસ્તારે (આપે) છે
निहितम् નાંખેલું; (દીધેલું)
पात्रे પાત્રને વિષે (સુપાત્ર-મુનિ આદિને)
पवित्रम् પવિત્ર; ન્યાયથી મેળવેલું
धनम् દ્રવ્ય

જે ન્યાયથી પેદા કરેલું તેહ નિર્મલ દ્રવ્યને,
દેતાં સુપાત્રે બહુ વધારે દાન તે ચારિત્રને;

તિમ વિનયને વલિ નાણને વૃદ્ધિ પમાડે પ્રશમને,
ઉત્સાહ આપે આધક તપને સાધવાને પ્રતિદિને. ૧.

સિદ્ધાન્તના પઠનાદિને તેથી કરે ઉલ્લાસથી,
વલિ પુણ્યને નિપજાવતું પાપો હઠાવે વેગથી;

દ્યે સ્વર્ગને વલિ મોક્ષ કેરી લક્ષ્મીને પણ અનુક્રમે,
એ સર્વ તેને સંપજે જે ધન સુપાત્ર વિષે દિયે. ૨.

**અર્થ**:-અરિહંતાદિ પાત્રને વિષે આપેલું એવું પવિત્ર દ્રવ્ય-ચારિત્રની વૃદ્ધિ કરે છે, વિનયને વધારે છે, જ્ઞાનને ઉત્પન્ન કરે છે; સમતારસનું પોષણ કરે છે, તપને પ્રબળ કરે છે, શ્રુતજ્ઞાનને વધારે છે, પુણ્યને ઉત્પન્ન કરે છે, પાપનો વિનાશ કરે છે, સ્વર્ગને આપે છે, અને અનુક્રમે મોક્ષરૂપી લક્ષ્મીને વિસ્તારે (આપે) છે.

९ १० ८ ११ १३ १४ १२ १७
**दारिद्र्यं न तमीक्षते न भजते दौर्भाग्यमालंबते,**
१६ १५ १९ १८ २० २२ २१ २३
**नाऽकीर्तिर्न पराभवोऽभिलषते न व्याधिरास्कंदति ।**
२४ २५ २६ २९ २८ २७ ३३ ३१ ३२ ३०
**दैन्यं नाद्रियते दुनोति न दरः क्लिश्नंति नैवापदः,**
६ १ ७ २ ५ ४ ३
**पात्रे यो वितरत्यनर्थदलनं दानं निदानं श्रियाम् ॥७८॥**

॥ श्लोक ७८ ॥

दारिद्र्यं દરિદ્રપણું
न तम् इक्षते તે પુરૂષને (નો) જોતું નથી
न भजते નથી સેવતું
दौर्भाग्यम् અપ્રિયપણું
आलम्बते આશ્રય કરે (છે)
न નહિ
अकीर्त्तिः અપજશ
पराभवः હાર
न अभिलषते નથી ચાહતો
व्याधि રોગ
न, आस्कन्दति દબાવતો નથી, દુર્બલ કરતો નથી
दैन्यम् દીનતા, ગરીબાઈ
न आद्रियते નથી આદર કરતી (પૂજતી)
दुनोति, न નથી પીડતો
दरः ડર
क्लिश्नन्ति न एव નથી દુઃખ દેતીજ
आपदः આપત્તિયો (સંકટ)
पात्रे સુપાત્રને વિષે
यः वितरति જે આપે છે

अनर्थ दलनम् ઉપદ્રવનો નાશ કરનારૂં
दानम् અનાજ વિગેરેનું આપવું.
निदानम् કારણભૂત (પમાડનાર) એવા
श्रियः લક્ષ્મીના (ને)

પાત્રે દીયે જે દાન તે નર સર્વ સંકટને હરે,
સંપત્તિનું કારણ વલી–તે–જેહ તેને આચરે;
નિર્ધન પણું જોવે ન સામું તેહની–સવિ જીવને,
અલખામણો ના હોય તે પામે નહી અપકીર્તિને ૧.
તે હાર ના પામે કદી ને માંદગી પામે નહી,
તેમાં રહે ના દીનતા ભય તેહને પીડે નહી;
સવિ આપદા પીડે નહિ તે ભાગ્યશાલિ જીવને,
ઓછો જ છે સંસાર ચેતન નિત્ય કર આ દાનને. ૨.

અર્થઃ–સંકટનો નાશ કરનારૂં, અને સંપત્તિના કારણભૂત એવું જે દાન, તેને જે પુરૂષ સુપાત્ર સાધુ વિગેરેને આપે છે, તે પુરૂષની સામું દારિદ્રય જોતું નથી, દૌર્ભાગ્ય તેને સેવતું નથી, અપજશ તેમાં રહેતું નથી, પરાભવ (હાર) તેને ચાહતો નથી, વ્યાધિ તેને દુર્બળ કરતો નથી, દીનતા તેનો આદર કરતી નથી, ભય તેને પીડતો નથી, અને આપત્તિઓ તેને કલેશ પમાડતી નથી.

॥ હવે ફરી પણ દાનનુંજ ફલ કહે છે ॥

૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૭ ૧૩
लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते,
૧૪ ૧૫ ૧૭ ૧૬ ૧૮ ૧૯
प्रीतिश्चुंबति सेवते सुभगता नीरोगताऽऽलिंगति ।
૨૦ ૨૧ ૨૩ ૨૨
श्रेयः संहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगस्थिति-
૨૪ ૨૫ ૧ ૬ ૨ ૫ ૪ ૩
र्मुक्तिर्वांछति यः प्रयच्छति पुमान् पुण्यार्थमर्थं निजम् ॥७९॥

૮

॥ श्लोक ७० ॥
लक्ष्मीः લક્ષ્મી
कामयते ઇચ્છે (ચાહે) છે
मतिः બુદ્ધિ
मृगयते શોધે છે (ખોળે છે)
कीर्तिः યશ
तम् તેને (દાન કરનારને)
आलोकते જુવે છે
प्रीतिः આનંદ
चुम्बति મળે છે
सेवते સેવા કરે છે
सुभगता સૌભાગ્ય (લોકને વહાલા થવાપણું)
नीरोगता નીરોગીપણું; આરોગ્ય
आलिङ्गति મળે છે
श्रेयः संहतिः કલ્યાણોની પરંપરા
अभ्युपैति સામી આવે છે
वृणुते વરે છે
स्वर्ग સ્વર્ગની
उपभोगस्थिति ભોગ પદ્ધતિ
मुक्तिः મોક્ષ
वाञ्छति ઇચ્છે (ચાહે) છે
यः पुमान् જે માણસ
प्रयच्छति આપે છે
पुण्यार्थम् પુણ્યને માટે
अर्थम् દ્રવ્યને
निजम् પોતાના

જન જેહ નિજકલ્યાણ કાજે દુઃખિ જનને ધન દિયે,
તેને ચહે લક્ષ્મી વલી ખોળે મતિ-વરયશ જુએ;
આનન્દ પામે તે વલી વ્હાલોજ હોવે લોકને;
નીરોગ થાય-પરંપરા કલ્યાણની સામી લહે. ૧.
સુરલોકમાં તે જીવને ભોગો તણી શ્રેણિ મલે,
મુક્તિ ચહે તેને કરંતા દાન એ લાભો મલે,
પાલે ન નિર્મલ શીલને તું શ્રેષ્ઠ તપ સાધે નહી;
તિમ ભાવના ભાવે નહીં તુજ દાનથી મુકિત સહી. ૨

અર્થઃ-જે પુરૂષ પોતાનું દ્રવ્ય પુણ્યનું ફલ પામવા આપે છે, તે પુરૂષની લક્ષ્મી ઈચ્છા કરે છે, તેને બુદ્ધિ શોધે છે; કીર્તિ જુએ છે, પ્રીતિ ચુંબન કરે (મળે) છે, તેની સૌભાગ્ય સેવા કરે છે, આરોગ્યતા આલિંગન કરે (મળે)

છે, કલ્યાણની પરંપરા તેની સામી આવે છે, સ્વર્ગના ઉપભોગની પદ્ધતિ (શ્રેણી) તેને વરે છે, અને મોક્ષરૂપિ સ્ત્રી તેની વાંછા કરે છે.

( मन्दाक्रान्तावृत्तम् )

७ ९ ८ ११ १० १३ १२
तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कंठिता श्रीः,
१५ १४ १७ १६
स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्त्तित्वऋद्धिः ।
१९ २० १८ २२ २१
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसंप-
५ ६ २ ४ ३ १
त्सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥८०॥

॥ श्लोक ८० ॥

तस्य તે પુરૂષને
आसन्ना નજીકમાં રહેનાર
रतिः સમાધિ, પ્રેમ (યાચકનો)
अनुचरी સેવા કરનારી
कीर्त्तिः આબરૂ
उत्कण्ठिता તીવ્ર ઇચ્છા કરનારી
श्रीः લક્ષ્મી
स्निग्धा સ્નેહવાળી
बुद्धिः મતિ
परिचयपरा અતિ પરિચય વાળી
चक्रवर्तित्व ચક્રવર્તિપણાની
ऋद्धिः સંપત્તિ
पाणौ હાથને વિષે
प्राप्ता પ્રાપ્ત થાય છે
त्रिदिव कमला સ્વર્ગની લક્ષ્મી
कामुकी ઇચ્છા કરનારી
मुक्तिसंपत् મોક્ષરૂપી લક્ષ્મી
सप्तक्षेत्र्याम् સાતક્ષેત્રને વિષે
वपति વાવે છે
विपुलम् ઘણાં
वित्त बीजम् ધનરૂપિ બીજને
निजम् પોતાના
यः જે માણસ

જિન ભુવન પડિમા તેમ આગમ પૂજ્ય ચઉવિહસંઘ એ,
છે સાત ક્ષેત્રો તેહમાં નિજ ભૂરિધન રૂપ બીજને;
જે વાવતા તે પામતા મનની સમાધિ પાસમાં,
કીર્તિ અને તસ કિંકરી મલવા ચહે તેને રમા. ૧૦

નિજ ઉપર રાખે નેહ એવી બુદ્ધિ પામે તે વલી,
ચક્રિપણાની સંપદા તેનો કરે પરિચય વલી;
સ્વાધીન કરમાં તે કરે વર સ્વર્ગ કેરી ઋદ્ધિને,
મુકિત તણી સંપત્તિ હોવે ચાહનારી તેહને. ૨.

---

આ દાન રૂપિ પાટિયું તેના ગુણો અક્ષય સદા,
તીર્થંકરોના શાસને તપ શીલને વલિ ભાવના;
ઘટતા ઘટયા પણ દાન વાર્ષિક તેહવું ન ફરે કદા.
મહિમા અખંડિત દાનનો આધાર શ્રાવકને સદા. ૧.
દ્રષ્ટાન્ત આદિનાથનુંને શાલિભદ્રાદિક તણું,
શકિત પ્રમાણે દાન દેવું અલ્પમાંથી અલ્પનું;
ખેડૂત પણ થોડું દઈ વાવેલ કણને વાપરે,
ગુણ ગણ વિવેકે શોભતો વ્યવહાર દાને તિમ ખરે. ૨.
કાપી પતીકું કાકડીનું ખાય તો મીઠી બને,
પેદાશમાંથી અલ્પ પણ દે તોજ તે મીઠી બને,
જવરવંત ને ધનવંત સરખા નેહ જડમાં બેઉને,
કંઝૂશને શબ બેઉસમ ધિક્કાર હો કંઝૂશને.
દુઃખિયા થયા બીજાજનો નિજ કર્મના ઉદયે કરી,
ભવ જલધિ તરવા તુંબડા તે તાહરે બૂઝ તું જરી;
છે દાનથી ઉદ્ધાર તારો કર ન શંકા તું મને,
દીધા વિના જે ખાય છે તે પાપને ન અનાજને. ૪.

અર્થઃ—જે પુરૂષ પોતાના ઘણા દ્રવ્યરૂપી બીજને સાત ક્ષેત્રને વિષે વાવે છે, તે પુરૂષની ઉપર લોકો પ્રેમ રાખે છે, કીર્તિ તેની દાસી થાય છે. લક્ષ્મી તેને (મળવાને) ચાહે છે, બુદ્ધિ તેની ઉપર સ્નેહ રાખે છે, ચક્રવર્તિપણાની

ઋદ્ધિ તેના પરિચય વાળી થાય છે, સ્વર્ગની લક્ષ્મી તેને હાથમાં પ્રાપ્ત થાય છે, અને તેને મુક્તિની સંપત્તિ અભિલાષાવાળી થાય (ચાહે) છે.

હવે ચાર કાવ્યે કરી તપનો મહિમા વખાણે છે.

( शार्दलविक्रीडितवृत्तम् )

**यत्पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल-**
**ज्वालाजालजलं यदुग्रकरणग्रामाहिमंत्राक्षरम् ।**
**यत्प्रत्यूहतमःसमूहदिवसं यल्लब्धिलक्ष्मीलता-**
**मूलं तद्विविधं यथाविधि तपः कुर्वीत वीतस्पृहः ॥८१॥**

॥ श्लोक ८१ ॥

यत् જે તપ
पूर्वार्जित પાછલા ભવોમાં બાંધેલા
कर्मशैल કર્મરૂપિ પર્વતોમાં
कुलिशम् વજ્ર જેવું
यत् જે તપ
काम दावानल કામરૂપિ દાવાનલની
ज्वाला जाल જવાલાઓના સમૂહમાં
जलम् પાણી જેવું
उग्र ભયંકર એવા
करण ग्राम अहि ઇંદ્રિયોના સમૂહરૂપિ સર્પને
मंत्राक्षरम् વશ કરવાના મંત્રોના અક્ષર જેવું
यत् જે તપ
प्रत्यूह વિઘ્નરૂપિ
तमः समूह અંધકારના સમૂહમાં
दिवसम् દિવસ જેવું
लब्धि लक्ष्मी લબ્ધિ અને લક્ષ્મી રૂપ
लतामूलम् વેલડીના મૂળિયા જેવું
तत् विविधम् તે અનેક પ્રકારના
यथा विधि વિધિ પ્રમાણે
तपः તપને
कुर्वीत કરે
वीतस्पृहः સ્પૃહા (નિયાણા)ને તજનાર ભવ્યજીવ

**જિમ વજ્ર છેદે પર્વતોને તેમ પૂર્વ ભવે કર્યા,**
**જે કર્મના સમુદાય તેને છેદનારૂં જે સયા;[1]**

૧—સયા—હંમેશાં.

વલિ કામરૂપ દાવાગ્નિનો જ્વાલા સમૂહ શમાવવા,
જે જલ સમું-મંત્રાક્ષરે જિમ સર્પને વશ રાખવા. ૧.
તિમ ઇંદ્રિયોને રાખવા વશ જેહ કારણ છે સહી,
ગણ અંધકાર તણો હણે દિન તેમ વિઘ્નોને અહીં;
જે ઝટ હણે વલિ કંદમાંથી વેલડી પ્રકટે યથા,
અડવીશ લબ્ધિ સંપદા હોવે પ્રકટ જેથી તથા. ૨.
ઇચ્છા નિયાણાની તજી તે વિવિધ તપ ભવિજન કરે,
નિર્મલ વિધિને પાલવા ત્યાં સમજવાનો ખપ કરે;
રાખી ક્ષમાને નાણ પૂર્વક જેહ તપને આચરે,
આવશ્યકે નિર્યુકિત બોલે તે નિકાચિત પણ હરે. ૩

અર્થઃ-જે તપ પાછલા ભવોમાં બાંધેલાં કર્મરૂપી પર્વતને (છેદવાને) વજ્ર જેવું છે, કામ (વિષયની ઈચ્છા) રૂપિ દાવાનળની જ્વાલાના સમૂહને (શમાવવાને) પાણી જેવું છે, તોફાની એવો જે ઇંદ્રિયોનો સમૂહ તેરૂપ સર્પને (વશ કરવાને) મંત્રાક્ષર જેવું છે, વિઘ્નરૂપ અંધકારના સમૂહને નાશ કરવાને દિવસ જેવું છે, અને લબ્ધિ તથા લક્ષ્મી રૂપી વેલડીને (ઉગાડવાને) મૂળિયા જેવું છે, એવા બે પ્રકારના તપને હે ભવ્ય જીવો ? તમે કાંઇપણ નિયાણા (સાંસારિક પદાર્થ)ની ઈચ્છા કર્યા વિના વિધિ પ્રમાણે આદરો. (કરો)

यस्माद्विघ्नपरंपरा विघटते दास्यं सुराः कुर्वते,
कामः शाम्यति दाम्यतींद्रियगणः कल्याणमुत्सर्प्पति ।
उन्मीलंति महर्द्धयः कलयति ध्वंसं चयः कर्मणां,
स्वाधीनं त्रिदिवं शिवंच भवति श्लाघ्यं तपस्तन्न किम्?॥८२॥

॥ શ્લોક ૮૨ ॥

यस्मात् જે તપ કરવા થકી
विघ्न परंपरा વિઘ્નોની શ્રેણિ
विघटते નાશ પામે છે
दास्यम् દાસપણાને (ચાકરી)
सुराः દેવતાઓ
कुर्वते કરે છે [ ઇચ્છા)
कामः ભોગ તૃષ્ણા (વિષયની
शाम्यति શાન્તિને પામે છે
दाम्यति કબજે રખાય છે
इन्द्रियगणः ઇંદ્રિયોનો સમૂહ
कल्याणम् કલ્યાણ; દર્શનાદિ
उत्सर्पति વધે છે
उन्मीलन्ति વિકાસ પામે (પ્રકટે) છે
महद्धयः મોટી સંપત્તિયો
कलयति પામે છે
ध्वंसम् નાશ (ને)
चयः સમૂહ
कर्म्मणाम् કર્મોનો
स्वाधीनम् પોતાને આધીન (તાબે)
त्रिदिवम् સ્વર્ગ
शिवम् મોક્ષ
च અને
भवति થાય છે
श्लाघ्यम् વખાણવા લાયક
तपः तत् તે તપ
न किम् શું નથી

જે તપતણા મહિમા થકી સમુદાય કષ્ટોનો હઠે,
સેવા કરે દેવો–વિકારો વિષયના દૂરે હઠે;
વશમાં રહે સવિ ઇંદ્રિયો–કલ્યાણ ઝટપટ વિસ્તરે,
પામે વિકસ્વર ઋદ્ધિઓ મોટી તપસ્યા જે કરે. ૧.
કર્મોતણો સંહાર હોવે સ્વર્ગસુખ સાચું લહે,
પામે ક્રમે નિર્વાણ તે તપ શું પ્રશંસા ના લહે;
આ દેહ જલથી હોય નિર્મલ પણ મલિન ક્ષણમાં બને,
તપથી બનેલી નિર્મલી કાયા ન મલિન કદી બને. ૨.

અર્થઃ–જે તપ કરવાથી કષ્ટો (વિઘ્નો)ની પરંપરા નાશ પામે છે, દેવતાઓ દાસપણું કરે છે, કામવિકાર શાંત થાય છે. ઇંદ્રિયોનો સમૂહ વશ કરાય છે, કલ્યાણ (શ્રદ્ધા વિગેરે ત્રણ) વધે છે, મહાઋદ્ધિઓ પ્રકટે છે, જ્ઞાનાવરણીયાદિ કર્મોનો સમૂહ નાશ પામે છે. તથા સ્વર્ગ અને મોક્ષ સ્વાધીન (તાબે) થાય છે, એવું જે તપ, તે શું પ્રશંસા કરવા લાયક નથી? અર્થાત્–છેજ.

૨ ૭ ૧ ૬ ૩ ૮ ૪ ૫
**कांतारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना,**
૧૦ ૧૫ ૯ ૧૪ ૧૧ ૧૬ ૧૩ ૧૨
**दावाग्निं न यथापरः शमयितुं शक्तो विनांभोधरम् ।**
૨૪ ૨૦ ૨૧ ૧૯ ૨૩ ૨૨ ૧૭ ૧૮
**निष्णातः पवनं विना निरसितुं नान्यो यथांभोधरं,**
૨૬ ૨૮ ૨૯ ૩૧ ૩૦ ૨૭ ૩૨ ૨૫
**कर्मौघं तपसा विना किमपरं हन्तुं समर्थस्तथा ॥८३॥**

॥ શ્લોક ૮૩ ॥

कान्तारम् વનને
न यथा इतरः જેમ બીજો નથી
ज्वलयितुम् બાળવાને
दक्षः સમર્થ
दवाग्निम् विना દાવાનલની વિના
दावाग्निम् દાવાનલને
न यथा इतरः જેમ બીજો નથી
शमयितुम् શાન્ત કરવાને
शक्तः સમર્થ
अम्भोधरम् विना મેઘ વિના
निष्णातः નિપુણ (સમર્થ)
पवनम् विना પવન વિના
निरसितुम् દૂર કરવાને
न अन्यः બીજો નથી
यथा જેમ
अम्भोधरम् મેઘને
कर्म्म ओघम् કર્મોના સમૂહને
तपसा विना તપ વિના
किम् अपरम् બીજો કોણ
हन्तुम् समर्थः હણવાને સમર્થ (છે)
तथा તેમ

**દાવાગ્નિ વિણ જિમ બાલવા વનને સમર્થ પરો નહી,**
**વિણ મેઘ અન્ય સમર્થ ના દાવાગ્નિ ઓલવવાસહી;**
**વાયુવિના ન સમર્થ બીજો મેઘનેજ વિખેરવા,**
**તિમ તપવિના ન સમર્થ પર સવિકર્મને સંહારવા ૧.**

**અર્થ:**-જેવી રીતે વનને બાળવાને દાવાગ્નિ વિના બીજો કોઈ સમર્થ નથી, જેમ દાવાગ્નિને શમાવવાને (ઓલવવાને) મેઘ વિના અન્ય કોઇ શકિતમાન નથી, અને જેમ મેઘને વિખેરી નાંખવાને વાયુ વિના અન્ય કોઇ નિપુણ (સમર્થ) નથી, તેવી રીતે કર્મોના સમૂહને દૂર કરવા (નષ્ટ કરવા)ને શું તપ વિના અન્ય કોઈ સમર્થ હોય ? અર્થાત્ તપથીજ કર્મો હણી શકાય છે.

( स्रग्धरावृत्तम् )

संतोषस्थूलमूलः[1] प्रशमपरिकरः[2] स्कंधबंधप्रपंचः,[3]
पंचाक्षीरोधशाखः[4] स्फुरदभयदलः[5] शीलसंपत्प्रवालः[6]।
श्रद्धांभःपूरसेका[7]द्विपुलकुलबलैश्वर्य[8]सौंदर्यभोगः[8]।
स्वर्गादिप्राप्तिपुष्पः[9] शिवसुखफलदः[12]स्यात्[13]तपः[11]पादपोऽयम्[10]८४

॥ श्लोक ८४ ॥

संतोष स्थूल मूलः સંતોષ રૂપી મજબૂત મૂલવાળું
प्रशम परिकरः શાન્તિરૂપી ઘેરાવાવાળું
स्कंधबन्ध प्रपंचः શ્રુત સ્કંધ ની રચનારૂપિ વિસ્તાર (થડ) વાળું
पंचाक्षी પાંચ ઇંદ્રિયોને
रोध शाखः વશ કરવારૂપી ડાળીયોવાળું
स्फुरद् સ્ફુરાયમાન (તેજસ્વિ)
अभयदलः અભયદાન રૂપી પાંદડાં વાળું
शीलसंपत्प्रवालः બ્રહ્મચર્ય રૂપી નવા અંકુરાવાળું
श्रद्धा अम्भः શ્રદ્ધા રૂપીજલના
पूरसेकात् પ્રવાહ છાંટવાથી
विपुल ઉત્તમ
कुलबल ऐश्वर्य કુલ તથા બલ, અને ઐશ્વર્ય જેવી
सौन्दर्य भोगः રૂપની સુંદરતાનો અનુભવ કરાવનાર
स्वर्गादि સ્વર્ગ વિગેરેના
प्राप्ति पुष्पः લાભ રૂપી ફૂલ વાળું
शिवसुख મોક્ષના સુખરૂપી
फलदः ફલને આપનારો
स्यात्
तपः पादपः તપરૂપી ઝાડ
अयम् આ

તપરૂપ તરૂ તે આપનારો મુક્તિરૂપ ફલને તને,
મૂર્છાતણો પરિહાર છે મજબૂત મૂલ જસ[1] મુણમને;
જસ પ્રશમરૂપ ઘેરાવ થડ સુયખ્ખંધ રચનારૂપ[2] મુણો,
સ્વચ્છંદિ પાંચે ઇંદ્રિયોનું દમન શાખાગણ મુણો ૧.

૧–જાણ ૨ જાણો.

જસ અભયરૂપ અથવા વિનયરૂપ પાંદડાંઓ દીપતા,
શીલ સંપદારૂપ પલ્લવો જસ પાંદડાં તે ઉગતા;
શ્રદ્ધા સ્વરૂપ જલના સમૂહે સિંચવાથી નિપજ્યો,
સૌન્દર્યના સમુદાય રૂપકુલ બલ વિપુલ ઋદ્ધિ મુણો. ૨.
સ્વર્ગાદિકેરો લાભ તે ફૂલો કહ્યા છે જેહના,
મૂલાદિ જેવા ઝાડના તિમ જાણ તપરૂપ ઝાડના;
ગુરૂપાદલિપ્ત સૂરીશ્વરા ને બપ્પ ભટ્ટ સૂરીશ્વરા;
ગુરૂ અભયદેવ પ્રમુખ ઘણા તપથી લહે લાભો ખરા. ૩
મુક્તિ જઇશ હું આજ ભવમાં એમ જાણે પણ છતાં,
તીર્થંકરો તપ સાધતા દુઃખસમય ના ખાતાં ખતા;
જો ના સૂકાયે દેહ તપથી તો સુકાશે રોગથી.
પ્રકટે વિચાર વિવેકના વ્યાખ્યાનના સુણવા થકી. ૪.

અર્થઃ—જે તપરૂપી ઝાડને (નું) સંતોષરૂપી મ્હોટું મૂળિયું છે, શમતારૂપી પરિવાર (ઘેરાવો) છે, શ્રુતસ્કંધની રચનારૂપી મોટું થડ છે, પાંચે ઇંદ્રિયોને વશ કરવા રૂપી ડાળીઓ છે, દેદીપ્યમાન (સુંદર) અભયદાનરૂપ પાદડાં છે, શીલસંપત્તિરૂપ પલ્લવ (નવા અંકુરા) છે, શ્રદ્ધારૂપિ પાણીની અખંડ ધારા છાંટવાથી ઉત્તમ કુલ બલ અને ઐશ્વર્ય (ધનાદિનો લાભ) રૂપ શોભાનો વિસ્તાર છે, અને સ્વર્ગાદિના લાભરૂપ પુષ્પ છે, તેવું જે તપરૂપી ઝાડ તે મુકિતના સુખરૂપ ફલને આપે છે.

હવે શુભ ભાવનાનો ઉપદેશ કહે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

५ ६ ७ ८
नीरागे तरुणीकटाक्षितमिव त्यागव्यपेतप्रभौ,
९ १० १३ १४ ११ १२
सेवाकष्टमिवोपरोपणमिवांभोजन्मनामश्मनि ।

१६ १७ १८ १५
विष्वग्वर्षमिवोषरक्षितितले दानार्हदर्चातपः,
१ १९ २ ४ ३
स्वाध्यायाध्ययनादि निष्फलमनुष्ठानं विना भावनाम् ॥८५॥

॥ श्लोक ८५ ॥

नीरागे રાગ વિનાના પુરૂષની ઉપર
तरुणी कटाक्षितम् इव જેમ જુવાન સ્ત્રીના કટાક્ષ
त्याग व्यपेत દાન દેવામાં કંઝૂશ એવા
प्रभोः સ્વામિની
सेवा कष्ट मिव સેવાનું કષ્ટ (દુઃખ) જેમ
उपरोपणम् इव વાવેતર જેમ
अंभोजन्मनाम् કમલોનું
अश्मनि પથ્થરને વિષે
विष्वगूवर्षम् इव ચારે તરફ વૃષ્ટિ જેમ નકામી
उषर ખારવાળી
क्षितितले જમીનમાં
दान દાન; દ્રવ્યાદિનું આપવું
अर्हदर्चा જિન પૂજા
तपः તપ
स्वाध्याय શાસ્ત્રોનું
अध्ययनादि ભણવું વિગેરે
निःफलम् નિષ્ફલ (નકામી) સમજવી
अनुष्ठानम् ક્રિયા
भावनां विना શુભ ભાવના વિના

કૈંકેલ નારીના કટાક્ષો રાગરહિત પુરૂષ વિષે,
ચમડી તુટે દમડી છુટેના કૃપણની કરવા ઘસે;
દુઃખો સહીને સેવના–પત્થર વિષે તિમ વાવવું,
કમલોકતણું–ખારા પ્રદેશે વૃષ્ટિ કેરૂં વરસવું, ૧
એ કૈંકવુંને સેવના વલિ વાવવુંને વરસવું.
ના લાભદાયક દાન પૂજા નાથની તપ સાધવું;
શાસ્ત્રોતણું અધ્યયન આદિ નિષ્ફલા વિણ ભાવના,
કરણી કરેલી ભાવપૂર્વક હોય સફલી સજ્જના? ૨.

અર્થઃ–જેવી રીતે રાગ વિનાના પુરૂષની ઉપર જુવાન સ્ત્રીના કટાક્ષ નિષ્ફળ (નકામા) નીવડે છે. અને જેમ દાન નહિ દેનાર શેઠની સેવાનું કષ્ટ (દુઃખ) નિષ્ફળ છે, તથા જેમ પત્થરની

ઉપર કમળ વાવવાં નિષ્ફળ છે, અને જેમ ખારવાળી (ખારી) ભૂમિને વિષે વર્ષાદ નિષ્ફળ છે, તેવી રીતે દાન, જિનપૂજા, તપ અને શાસ્ત્રોનું ભણવું વિગેરે ક્રિયા પણ ભાવના વિના નિષ્ફળ છે.

૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
**सर्वं ज्ञीप्सति पुण्यमीप्सति दयां धित्सत्यघं मित्सति,**
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
**क्रोधं दित्सति दानशीलतपसां साफल्यमादित्सति ।**
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
**कल्याणोपचयं चिकीर्षति भवांभोधेस्तटं लिप्सते,**
૨૧ ૨૨ ૧ ૨ ૨૩ ૨૫ ૨૪
**मुक्तिस्त्रीं परिरिप्सते यदि जनस्तद्भावयेद्भावनाम् ॥८६॥**

॥ श्लोक ८६ ॥

**सर्वम्** સર્વ વસ્તુને
**ज्ञीप्सति** જાણવાને ઇચ્છે તો
**पुण्यम्** પુણ્યને
**ईप्सति** મેળવવા ઇચ્છે છે તો
**दयाम्** દયાને
**धित्सति** ધારણ કરવાને ઇચ્છે છે તો
**अघम्** પાપને
**मित्सति** દૂર કરવા ઇચ્છે તો
**क्रोधम्** ક્રોધને
**दित्सति** નાશ કરવા ઇચ્છે તો
**दान शील तपसाम्** દાનશીલ તથા તપનું (ની)
**साफल्यम्** સફળપણું (સાર્થકતા)
**आदित्सति** કરવા ચાહે છે તો
**कल्याण उपचयम्** ભાગ્યનો વધારો
**चिकीर्षति** કરવાને ઇચ્છે તો
**भव अम्भोधेः** સંસારરૂપી સમુદ્રના
**तटम्** સામા કાંઠાને
**लिप्सते** મેળવવા ઇચ્છે તો
**मुक्ति स्त्रीम्** મુક્તિરૂપી સ્ત્રીના (ને)
**परिरिप्सते** આલિંગનને(ભેટવા; પામવા) ચાહે છે તો
**यदि जनः** જો માણસ
**तद्** તો
**भावयेद्** ભાવે; ભાવવી જોઇએ
**भावनाम्** શુભ ભાવના (ને)

જો લોક સઘલી વસ્તુને ચાહે હૃદયમાં જાણવા,
વલિ ધર્મને ઇચ્છે તથા સાચી દયાને ધારવા;
ચાહે દુરતિને ટાલવા વલિ ક્રોધને ઉચ્છેદવા,
તિમ દાનનું તપનું તથા વરશીલનું ફલ સાધવા. ૧.
સદ્‌ભાગ્યનેજ વધારવાને પાર ભવજલનિધિ તણો,
જો પામવા દીલમાં ચહે વલિ સંગ મુક્તિ રમા તણો;
તો નિત્ય ભાવે ભાવનાને વાત મોટી ના કરે,
ભોજન અલુણયથા તથા વિણ ભાવના કિરિયા ખરે. ૨.

અર્થ:-જો મનુષ્ય સર્વ જાણવાને ઇચ્છતો હોય, તથા ધર્મને ઈચ્છતો હોય, વલી દયા ધારણ કરવાને ઇચ્છતો હોય, અને પાપને દૂર કરવાને ઈચ્છતો હોય: તથા ક્રોધનો નાશ કરવાને ઇચ્છતો હોય, વલી દાન–શીલ તપના સાફલ્ય (સાર્થકતા, ફલ)ને ગ્રહણ કરવાને ઇચ્છતો હોય, સદ્‌ભાગ્યને વધારવા ઇચ્છતો હોય, સંસારસમુદ્રનો સામો કાંઠો (પાર) પામવાને ઇચ્છતો હોય, અને જો મુકિતરૂપી સ્રીનું આલિંગન કરવાને (તેને પામવા) ઇચ્છતો હોય, તો તેણે શુભ ભાવના ભાવવી.

( पृथ्वीवृत्तम् )

विवेकवनसारणीं[१] प्रशमशर्मसंजीवनीं[२],
भवार्णवमहातरीं[३] मदनदावमेघावलीम्[४] ।
चलाक्षमृगवागुरां गुरुकषायशैलाशनिं[६],
विमुक्तिपथवेसरीं[७] भजत[९] भावनां[८] किं[११] परैः[१०] ॥८७॥

॥ શ્લોક ૮૭ ॥

विवेकवन વિવેકરૂપી જંગલમાં
सारणीम् નદી (નીક) જેવી
प्रशमशर्म શાન્તિરૂપી સુખને
संजीवनीम् જીવાડનારી (પમાડનારી)
भवअर्णव સંસારરૂપી સમુદ્રમાં
महातरीमः આગબોટ જેવી
मदनदाव કામ વિકાર રૂપી દાવાનલમાં
मेघावलीम् વરસાદની ધારા જેવી
चल ચપલ, અસ્થિર
अक्षमृग ઇંદ્રિયોરૂપી હરણને
वागुराम् પાશબંધન(જાલ)જેવી
गुरुकषाय મોટા કષાયરૂપી
शैल अशनिम् પર્વતમાં વજ્ર જેવો
विमुक्तिपथ મુક્તિના માર્ગમાં
वेसरीम् ખચ્ચર ઘોડી જેવી
भजत ભાવો, સેવો
भावनाम् શુભ ભાવનાને
किम् परैः બીજાની શી જરૂર છે ?

હે ભવ્યજીવો ભાવજો તે ભાવનાને સર્વદા,
પરિણામ ઉત્તમ ભાવના સુવિવેક રૂપવન સિંચવા;
જે નીક જેવી નીરની વલિ પ્રશમ સુખ નિપજાવવા,
સંજીવિની ઔષધ સમી જીવાડનારી તે દવા. ૧.
જે નાવ મોટી પામવા ઝટ પારને ભવજલધિના,
વલિ વૃષ્ટિની ધારાસમી જે વિષય અનલ શમાવવા;
ચંચલ બનીઆ ઈંદ્રિયો તે રૂપ હરિણો તેહને,
વશ રાખવા દોરીજ જે તે ભાવના નિત ભાવને. ૨.
બલવંત ચાર કષાય રૂપિ પર્વતોને છેદવા,
જે વજ્ર જેવી-સિદ્ધિમાર્ગે ભાર સકલ ઉપાડવા;
જે ખચ્ચરીના સારિખી તે ભાવના વિણ જે કર્યાં,
દાનાદિ તેથી લાભ સાચો ના મળ્યો તો શું રળ્યા. ૩.

અર્થઃ-વિવેકરૂપી ઝાડના વનને (વધારવામાં) નદી (નીક) જેવી, શમતાથી થતા સુખને (સજીવન કરવાને)

સંજીવની દવા જેવી, સંસાર સમુદ્રનો (પાર પામવા) મોટી હોડી જેવી, કામરૂપી અગ્નિને (શાંત કરવામાં) વરસાદ જેવી, ચપલ ઇંદ્રિયોરૂપી હરિણને (વશ કરવાને) પાશ (જાળ) જેવી, મહાકષાયરૂપી પર્વતને (તોડી પાડવાને) વજ્ર નામના હથિયાર જેવી, અને મોક્ષમાર્ગને વિષે (ભાર ઉપાડનારી) ખચ્ચરી ઘોડીના જેવી, એવી જે ભાવના તેનું સેવન કરો; બીજી ભાવ વિનાની ક્રિયા કરવાથી શો લાભ છે?

(शिखरिणीवृत्तम्)

१ ३ २ ५ ६ ४
**घनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं,**
८ ७ ९ ११ १२ १०
**क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत् ।**
१४ १३ १५ १६ १७ १९ १८
**तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं,**
२३ २० २१ २२ २५ २४ २६
**नचेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ ८८ ॥**

॥ श्लोक ८८ ॥

घनम् घणुં
दत्तम् दीधुं
वित्तम् धन
जिनवचनम् જિનશાસ્ત્રનો
अभ्यस्तम् અભ્યાસ કર્યો
अखिलम् બધા
क्रियाकाण्डम् લોચાદિ ક્રિયાનો સમુદાય
चण्डम् આકરી
रचितम् આરાધ્યો હોય
अवनौ જમીન ઉપર
सुप्तम् શયન કર્યું હોય
असकृत् ઘણીવાર
तपः તપ
तीव्रम् દુષ્કર
तप्तम् કર્યું
चरणमपि ચારિત્ર પણ
चीर्णम् સેવ્યું હોય
चिरतरम् લાંબાકાલ સુધી
नचेत् (પરંતુ) જો ન હોય
चित्ते મનમાં
भावः શુભ ભાવના
तुष ફોતરાંના
वपववत् વાવેતર જેવી
सर्वम् સર્વ (ઉપર કહેલી) ક્રિયા
अफलम् નિષ્ફળ જાણવી

બહુ દ્રવ્ય કેરૂં દાન ઉત્તમ પાત્રને દીધું વલી,
બહુ મ્હેનતે અભ્યાસ જિન આગમ તણો કીધો વલી;
લોચાદિ કિરિયા આકરી પણ આચરી નિતનિત વલી,
ભૂશયન વારંવાર કીધું તીવ્ર તપ સાધ્યું વલી. ૧.
ચારિત્રને બહુ કાલ પાલ્યું ભાવ શુભ ચિત્તે ન જો,
તો ફોતરાને વાવવાસમ તેહથી ફલ શું ભજો;
માતા ઋષભની ભરત ચક્રી તિમ ઇલાચી પુત્રને,
રાજર્ષિને તું યાદ કરજે પેખ કવિના વયણને. ૨.

**અર્થઃ**-બહુ દાન આપ્યાં, તમામ જિનવચનનો અભ્યાસ કર્યો, વારંવાર જમીન ઉપર શયન કર્યું, તીવ્ર તપશ્ચર્યા કરી, ચિરકાળ પર્યંત ચારિત્ર પણ પાળ્યું, પરંતુ જો ચિત્તને વિષે શુભ ભાવ નથી, તો એ બધું (ઉપર કહેલુ) ફોતરાં ખાંડવાની પેઠે નિષ્ફળ છે. અથવા ફોતરાં વાવવા જેવું છે.

હવે વૈરાગ્યનું વર્ણન કરે છે.

( हरिणीवृत्तम् )

१ २ ३
यदशुभरजःपाथो दृप्तेंद्रियद्विरदांकुशं,
४ ५
कुशलकुसुमोद्यानं माद्यन्मनःकपिशृंखला ।
६ ७
विरतिरमणीलीलावेश्म स्मरज्वरभेषजं,
८ ९ १० ११ १३ १२
शिवपथरथस्तद्वैराग्यं, विमृश्य भवाऽभयः ॥ ८९ ॥

| ॥ श्लोक ८९ ॥ | | | |
|---|---|---|---|
| यद् | જે વૈરાગ્ય | रजः | ધૂલમાં |
| अशुभ | પાપરૂપી | पाथः | પાણી જેવું (છે) |
| | | दृप्त | સ્વચ્છંદી ( તોફાની ) |

इन्द्रिय ઇંદ્રિયોરૂપી
द्विरद હાથીયોને વિષે
अंकुशम् અંકુશ જેવું
कुशल પુણ્યરૂપી
कुसुम ફૂલોના
उद्यानम् બગીચા જેવું
माद्यत् ઉન્મત્ત એવા
मनःकपि મનરૂપી વાંદરાને
शृंखलाम् સાંકળ જેવું
विरति रमणी વિરતિ રૂપી સ્ત્રીને
लीला वेश्म રમવાના ઘર જેવું
स्मर ज्वर કામરૂપી તાવની
भेषजम् દવા જેવું
शिवपथ મોક્ષમાર્ગમાં
रथः રથ જેવું
तत् वैराग्यम् તે વૈરાગ્ય(ને)
विमृश्य વિચારીને
भव થા
अभयः નિર્ભય; (નીડર),

હે સાધુ ? તે વૈરાગ્યને ચિત્તે ધરી નિર્ભય થજે,
જલ જિમ શમાવે ધૂલને તિમ પાપગણને નિત્ય જે;
ઉન્મત્ત હાથી હોય વશ ક્ષણવારમાં અંકુશથી,
ઉન્મત્ત આ સવિ ઇંદ્રિયો વશ હોય ક્ષણમાં જેહથી. ૧.
છે ઠાણ ફૂલોનું બગીચો તેમ જે કલ્યાણનું.
દારૂ થકી ગાંડો બનેલો વાંદરો સાંકલ તણું;
બંધન લહી વશ થાય[1] તિમ વશ થાય મનડું જેહથી,
વૈરાગ્યથી નબલા વિચારો જાય દૂર ખોટું નથી. ૨.
જિમ ખેલવાને કેલિઘર છે ઠાણ સ્ત્રીઓને સહી,
વિરતિરમાને ખેલવા જે કેલિઘર જેવું અહીં;
જિમ તાવ ઓષડથી હઠે તિમ ભોગતૃષ્ણા જેહથી,
જે મોક્ષ માર્ગે રથ સમું બન શુદ્ધ તે વૈરાગ્યથી. ૩.

અર્થ:—પાપરૂપી ધૂલને ( શમાવી દેવામાં ) પાણીજેવા, ઉન્મત્ત ઇંદ્રિયોરૂપી હાથીને ( વશ કરવામાં ) અંકુશજેવા,

૧ મુખી એટલે જાણીને.

પુણ્ય (નિર્જરા) રૂપી ફૂલોને (ઉત્પન્ન કરવામાં) બગીચાજેવા, સ્વચ્છંદી (તોફાની) ચિત્તરૂપી વાંદરાને બાંધવાની સાંકળ જેવા, વિરતિરૂપી સ્રીને રમવાના ઘરજેવા, કામવાસના (ભોગ તૃષ્ણા)રૂપી તાવને (નાશ કરવામાં) દવાનીજેવા, અને મોક્ષ-માર્ગને વિષે (બેસવાના) રથજેવાવૈરાગ્યને વિચારીને સંસારના ભયરહિત થજે (બનજે).

( वसन्ततिलकावृत्तम् )

१ २ ३
चंडानिलस्फुरितमब्दचयं दवार्चि-
४ ६ ५
र्वृक्षव्रजं तिमिरमंडलमर्कबिंबम् ।
७ ८ १० १ ९
वज्रं महीध्रनिवहं नयते यथांतं,
१४ १२ १३ १६ ११ १५
वैराग्यमेकमपि कर्म तथा समग्रम् ॥९०॥

॥ श्लोक ९० ॥

| | |
|---|---|
| चंडानिल | વંટોળીયાનું |
| स्फुरितम् | ફરકવું (વાવું) |
| अब्दचयम् | મેઘના સમૂહને |
| दवार्चिः | દાવાનલ |
| वृक्षव्रजम् | ઝાડોના સમૂહને |
| तिमिरमण्डलम् | અંધકારના સમૂહને |
| अर्कबिम्बम् | સૂર્યનું બિંબ |
| वज्रम् | વજ્ર |
| महीध्र निवहम् | પર્વતોના સમૂહને |
| नयते | પમાડે છે; કરે છે |
| यथा | જેમ |
| अन्तम् | નાશ (નષ્ટ) |
| वैराग्यम् | વૈરાગ્ય |
| एकम् अपि | એક પણ |
| कर्म | કર્મને |
| तथा | તે પ્રમાણે |
| समग्रम् | સઘળા, બધા. |

વંટોળિયો દૂરે કરે ક્ષણમાંય મેઘ સમુહને,
અગ્નિ યથા વનનોય બાળે શીઘ્ર ઝાડ સમુહને;

**દૂરે હઠાવે તિમિર ગણને બિંબ સૂર્ય તણું યથા,**
**સવિ કર્મનો જથ્થો હરે વૈરાગ્ય પણ એકજ તથા. ૧.**

અર્થઃ-જેવી રીતે પ્રચંડ વાયુ (વંટોલિયા)નું વાવું મેઘના સમૂહનો નાશ કરે (બાળે) છે; દાવાગ્નિ જેમ વૃક્ષોના સમૂહનો નાશ કરે ( બાળે ) છે; સૂર્યબિંબ જેમ અંધકારના સમૂહને દૂર કરે છે; અને વજ્ર જેમ પર્વતોના સમૂહનો ચૂરો કરી નાંખે છે; તેવી રાતે એક ( એકલો ) પણ વૈરાગ્ય બધા કર્મનો નાશ કરે છે.

( शिखरणी वृत्तम् )

७ ६ ८ ८
**नमस्या देवानां चरणवरिवस्या शुभगुरो-**
११ १० १३ १२
**स्तपस्या निःसीमश्रमपदमुपास्या गुणवताम् ।**
१५ १४ १९ १७ १६ १८
**निषद्याऽरण्ये स्यात् करणदमविद्या च शिवदा,**
२ १ ४ ५ ३
**विरागः क्रूरागःक्षपणनिपुणोऽन्तः स्फुरति चेत् ॥९१॥**

| | | | |
|---|---|---|---|
| ॥ श्लोक ९१ ॥ | | अरण्ये | જંગલમાં |
| नमस्या | નમસ્કાર | स्यात् | થાય |
| देवानाम् | જિનેશ્વરોને | करण | ઇંદ્રિયોને |
| चरण वरिवस्या | ચરણની સેવા | दमविद्या | દમવાનું જ્ઞાન |
| शुभगुरोः | ઉત્તમ ગુરૂના | शिवदा | મુક્તિ દેનાર (થાય છે) |
| तपस्या | તપશ્ચર્યા | विरागः | વૈરાગ્ય |
| निःसीम | અત્યન્ત | क्रूर | ઘોર |
| श्रमपदम् | પરિશ્રમનું સ્થાન | आगः | અપરાધ (પાપ)નો |
| उपास्या | સેવા | क्षपण निपुणः | નાશ કરવામાં હુંશિયાર |
| गुणवताम् | ગુણી પુરૂષોની | अन्तः | અંદર, મનમાં |
| निषद्या | સ્થિતિ, રહેઠાણ | स्फुरतिचेत् | જો વર્તતો હોય |

સવિ ઘોર પાપોનેજ હણવા નિત ચતુર વૈરાગ્ય જે,
જો તેજ ખીલે હૃદયમાં તો નમન કરવું નાથને;
સેવા ચરણની [1]પ્રવર ગુરૂના તિમ તપસ્યા તેહ જે,
અત્યન્ત મ્હેનતથી સધાયે તેમ ગુણિની ભક્તિ જે. ૧.
જંગલ વિષે વસવું તથા ઇંદ્રિય કરી વશ મેળવ્યું,
વર નાણુ શિવપદ તો દિયે વૈરાગ્ય જો એમાં ભળ્યું;
વૈરાગ્ય રંગે જેહ રંગાયા નરો તે ચક્રિને,
વલિ ઇંદ્રને પણ ના ગણે તેથી લહે બહુ શાંતિને. ૨.

અર્થઃ-ક્રૂર એવા પાપને દૂર કરવામાં હુંશિયાર એવો જે વૈરાગ્ય, તે જો હૃદયને વિષે પ્રકટ્યો હોય તોજ, દેવને કરેલો નમસ્કાર, ઉત્તમ ગુરૂના ચરણનીસેવા, અત્યંત મુશ્કેલી વેઠીને કરેલી તપશ્ચર્યા, ગુણવંત જનોની સેવા, અટવીને વિષે વાસ, અને ઇંદ્રિયોને દમવાથી મેળવેલું જ્ઞાન એટલાં વાનાં મોક્ષને-પમાડનાર થાય છે.

હવે વૈરાગ્યવંત જીવ કઈરીતે મુકિતને પામે? તે કહે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ २ ३ ४
भोगान्कृष्णभुजंगभोगविषमान् राज्यं रजःसन्निभं,
५ ६ ७ ८
बंधून्बंधनिबंधनानि विषयग्रामं विषान्नोपमम्।
९ १० १२ १३ ११ १४ १७
भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा त्यजन्,
१५ १६ १८ २२ २१ १९ २०
तेष्वासक्तिमनाविलो विलभते मुक्तिं विरक्तः पुमान्॥९२॥

[1]-ગુણવંત.

॥ શ્લોક ૯૨ ॥

भोगान् શબ્દાદિ ભોગોને
कृष्ण भुजङ्ग કાળા સર્પના
भोग विषमान् શરીર (ફેણા) જેવા ભયંકર
राज्यम् રાજ્યને
रजः सन्निभम् ધૂળ સરખું
बंधून् સગાઓને
बंधनिबन्धनानि કર્મ બંધન ના કારણરૂપ
विषय ग्रामम् શબ્દાદિ વિષયના સમૂહને
विष अन्न ઝેરી અનાજની
उपमम् જેવો
भूतिम् સંપત્તિને
भूति सहोदराम् ભસ્મ (રાખ્યા) ના જેવી
तृणम् इव ઘાસ જેવી
स्त्रैणम् સ્ત્રીઓના સમૂહને
विदित्वा ગણીને; જાણીને
त्यजन् ત્યાગ કરતો
तेषु ભોગ વિગેરેમાં
आसक्तिम् તીવ્ર અભિલાષાને
अनाविलः નિર્મલ, સરલ
विलभते મેળવે છે
मुक्तिम् મોક્ષને
विरक्तः રાગ વિનાનો
पुमान् પુરૂષ

છે શ્યામ સર્પ શરીર જેવા ભયતણા દાતાર આ,
શબ્દાદિભોગો–રાજ્ય સઘલું ધૂલના સરખું તથા;
છે હેતુઓ નિત કર્મ બંધતણા સગાં એવું [1]મુણી,
ગણુ વિષયનો વિષ અન્ન જેવો ઋદ્ધિ રાખસમી ગણી. ૧.
સમુદાય નારીનો ગણીને ઘાસ જેવો ને વલી,
મમતા તજી ભોગાદિમાં નિજચિત્તને નિર્મલ કરી;
વૈરાગ્યને પામેલ સજ્જન સિદ્ધિના સુખને લહે,
તે દુઃખથી મિશ્રિત નહી સ્વાધીન નિત કાયમ રહે. ૨.

અર્થઃ–શબ્દાદિ ભોગોને કાળાસાપના શરીરની જેવા ભયંકર જાણીને, રાજ્યને ધૂલજેવું ગણીને, બંધુઓને કર્મ-બાંધવાના કારણરૂપ સમજીને, વિષયના સમૂહને ઝેરવાળા અનાજની જેવો ગણીને, ઋદ્ધિને રાખ જેવી જાણીને, અને સ્ત્રીઓના સમુદાયને ઘાસની જેવો ગણીને, તે સર્વને વિષે

---

૧–મુણી–જાણીને ।

આસક્તિ તજી દેનાર, નિર્મળ અંતઃકરણવાળો વિરક્ત પુરૂષ મોક્ષને મેળવી શકે છે.

હવે મનુષ્ય જન્મના છ (૬) કર્ત્તવ્યો કહે છે.

( उपजाति वृत्तम् )

जिनेंद्रपूजा गुरुपर्युपास्तिः, सत्त्वानुकंपाशुभपात्रदानम्॥
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि॥९३॥

॥ श्लोक ९३ ॥

जिनेंद्रपूजा વીતરાગની પુજા
गुरुपर्युपास्तिः ગુરૂની સેવા
सत्वअनुकम्पा જીવોની દયા
शुभ पात्र दानम् ઉત્તમ પાત્રને દાન દેવું
गुणानुरागः ગુણોને વિષે પ્રેમ
श्रुतिः શ્રવણ, સાંભળવું
आगमस्य સિદ્ધાંન્તનું
नृजन्म મનુષ્યના જન્મરૂપી
वृक्षस्य ઝાડનાં
फलानि ફળો
अमूनि આ (છે)

પૂજા જિનેશ્વરદેવની ગુરૂરાજની ભક્તિ વલી,
જીવો તણી કરૂણા તથા શુભદાન શુભપાત્રે વલી;
ઉત્તમ ગુણોમાં પ્રેમ સાંભળવું જિનાગમનું વલી,
નરજન્મ રૂપિ ઝાડના છ ફલો કહે એ કેવલી. ૧.
હે જીવ જો તુજ ચાહના હું મનુજજન્મ સફલ કરૂં,
તો એ કહેલ પદાર્થને આરાધ નિત ઇમ ઉચ્ચરૂં;
જે ક્ષણ ગયો નર ભવતણો તે ક્રોડ રત્નો આપતાં,
પાછો મલે ના એમ જાણી આલસે ના ખા ખતા. ૨.

અર્થઃ–જિનેશ્વરની પૂજા, ગુરૂની સેવા, જીવોની ઉપર-દયા, સુપાત્ર દાન, ગુણોની ઉપર પ્રીતિ, અને શાસ્ત્રનું સાંભળવું, એ છ (૬) વાનાં મનુષ્ય જન્મરૂપ ઝાડનાં ફળ જેવાં છે.

હવે ક્રમેકરી મુકિત પામવાનો રસ્તો બતાવે છે,

( शिखरिणीवृत्तम् )

१ २ ३ ५ ६ ४
त्रिसंध्यं देवार्चां विरचय चयं प्रापय यशः,
८ ७ ९ १० १२ १३ ११
श्रियः पात्रे वापं जनय नयमार्गं नय मनः ।
१४ १५ १८ १६ १७
स्मरक्रोधाद्यारीन् दलय कलय प्राणिषु दयां,
१९ २० २१ २४ २२ २३
जिनोक्तं सिद्धांतं शृणु वृणु जवान्मुक्तिकमलाम् ।९४।

॥ श्लोक ९४ ॥

त्रिसन्ध्यम् ત્રણે કાલ
देवार्चाम् અરિહંતની પૂજા
विरचय કર, રચ,
चयम् વૃદ્ધિ
प्रापय પમાડ
यशः યશને
श्रियः લક્ષ્મીના
पात्रे સાધુ વિગેરે સુપાત્રમાં
वापम् વાવેતરને
जनय કર
नय मार्गम् નીતિના રસ્તે
नय લઈ જા
मनः મનને
स्मरक्रोध કામ ક્રોધ
आद्य વિગેરે
अरीन् શત્રુઓનો (ને)
दलय નાશકર
कलय કર, રાખ
प्राणिषु પ્રાણીયોની ઉપર
दयाम् દયા (ને)
जिनोक्तम् જિનેશ્વરોએ કહેલા
सिद्धान्तं સિદ્ધાન્ત(ને)
शृणु સાંભળ
वृणु વર, પ્રાપ્ત કર
जवात् જલ્દી
मुक्ति कमलाम् મોક્ષરૂપી લક્ષ્મીને

જિનરાજની પૂજા સવારે ને બપોરે સાંજમાં,
ત્રણકાલ કર તું વધાર યશને આપ દાન સુપાત્રમાં;
વલિ જોડ મનને ન્યાયમાર્ગે કામને તિમ ક્રોધને,
માયાદિને હણ પ્રાણિમાત્રે ધાર કરૂણા ભાવને. ૧

સિદ્ધાન્ત પ્રભુનો સુણ સદા ઇમ સાધના વિમલી કરી,
શિવરૂપ લક્ષ્મી વેગથી વરજે કુશલતાને ધરી;
નરભવ લહી દુર્લભ કલી વશ ના થઇશ પ્રમાદને,
ઉપકાર ધર્માચાર્યનો સંભારજે ઇમ કહું તને. ૨.

અર્થ:–ત્રણે સંધ્યાસમયે (કાલ) જિનપૂજા કર, કીર્ત્તિને વધાર, લક્ષ્મીને સુપાત્રને વિષે વાવ (વાપર), મનને ન્યાય માર્ગે દોર, ક્રોધ કામ આદિ શત્રુઓનો નાશ કર, પ્રાણી માત્રને વિષે દયા કર (રાખ), વળી જિનેશ્વરે કહેલ સિદ્ધાંતોને સાંભળ, ઉપર કહેલ એ સર્વ વાનાં કરીને શીઘ્ર મોક્ષરૂપિ સ્ત્રીને વર. ( મેળવજે ).

હવે ઇષ્ટ સુખનો ઉપાય કહે છે.

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ १ ३ ४ ६ ५
कृत्वाऽर्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वाऽऽगमं,
९ ८ ७ १० १२ ११
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्त्वा धनम् ।
१५ १४ १३ १७ १६
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांऽतरारिव्रजं,
१९ १८ २३ २२ २० २१
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टं सुखम्॥९५॥

॥ श्लोक ९५ ॥

कृत्वा કરીને
अर्हत् पद पूजनम् જિનેશ્વરના ચરણનું પૂજન
यति जनम् સાધુ જનને
नत्वा નમસ્કાર કરીને
विदित्वा જાણીને
आगमम् સિદ્ધાન્તને
हित्वा તજીને
संगम् સોબત (ને)
अधर्म પાપ (કરવા)માં
कर्मठधियाम् આસકત બુદ્ધિવાળાની
पात्रेषु ઉત્તમ પાત્રને વિષે
दत्त्वा આપીને (વાપરીને)
धनम् ધનને
गत्वा જઇને (ચાલીને)
पद्धतिम् માર્ગે

उत्तम क्रम जुषाम् ઉત્તમ પુરૂષોના પગલે ચાલનારા લોકોના
जित्वा જીતીને
अन्तर અંદર રહેલા
अरि व्रजम् શત્રુઓના સમૂહને
स्मृत्वा સ્મરણ (યાદ) કરીને
पंच नमस्क्रियाम् પાંચ પદવાળા નમસ્કાર મંત્રને
कुरु કર
कर क्रोडस्थम् હાથના મધ્યમાં રહેનારૂં
इष्टम् અનુકૂલ
सुखम् સુખને

હે શ્રાદ્ધ[1] ! વાનાં આટલાં ઝટ હોંશથી તું આચરી,
સ્વાધીન કરજે ઇષ્ટ સુખને ઉચ્ચરૂં ન વિતથ જરી;
પૂજા કરી જિન ચરણની પ્રણમી સદા મુનિરાજને,
આગમ સુણી દૂરે તજી પાપિષ્ઠ જનના સંગને. ૧.
આપી સુપાત્રે દાન ઉત્તમ માર્ગમાંહે ચાલતા,
પુરૂષો તણા પંથે જઇને ભાવ રિપુ જે આ છતાં;
ક્રોધાદિ ષડને જીતીને પરમેષ્ઠિ પાંચે ધ્યાઇને,
કરમાં રહેલા આંબલાની જિમ કરી લે સાધ્યને. ૨.

અર્થઃ-હે જીવ? અરિહંત ભગવાનના ચરણની પૂજા કરીને, મુનિજનોને નમસ્કાર કરીને, શાસ્ત્રજ્ઞાન સંપાદન કરીને, પાપને વિષે આસક્ત બુદ્ધિવાળા મનુષ્યોનો સંગ તજીને, સુપાત્રે દાન દઈને, ઉત્તમમાર્ગે ચાલનાર જનોની રીતિએ ચાલીને, છ અભ્યંતર શત્રુઓને જીતીને, અને પંચપરમેષ્ઠી નમસ્કારને યાદ કરીને, વાંછિત સુખને તું પામ-(મેળવ).

હવે ન્યાયમાર્ગે કેમ ચાલવું? તે કહે છે.

( हरिणावृत्तम् )

प्रसरति[5] यथा[1] कीर्तिर्[3]दिक्षु[4] क्षपाकरसोदरा[2]-
ऽभ्युदयजननी[7] याति[10] स्फातिं[5] यथा[6] गुणसंततिः[8] ।

૧-શ્રાવક-

१५ ११ १४ १३ १२
कलयति यथा वृद्धिं धर्मः कुकर्महतिक्षमः,
१७ १८ २१ १६ १९ २०
कुशलसुलभे न्याय्ये कार्यं तथा पथि वर्तनम्॥९६॥

॥ श्लोक ९६ ॥
प्रसरति વિસ્તાર પામે; ફેલાય
यथा જે પ્રમાણે
कीर्त्तिः યશ
दिक्षु દિશાઓમાં
क्षपाकर सोदरा ચંદ્રની જેવો
अभ्युदय जननी આબાદી કરનારી
याति પામે
स्फातिम् વૃદ્ધિને
यथा જે પ્રમાણે
गुण संततिः ગુણોની શ્રેણી
कलयति પામે
यथा જે પ્રમાણે
वृद्धिम् વૃદ્ધિને
धर्मः ધર્મ
कुकर्म પાપને
हति क्षमः હણવાને સમર્થ
कुशल सुलभे પુણ્યોદયે મળે તેવા
न्याय्ये ન્યાય યુકત (નીતિવાળા)
कार्यम् કરવી
तथा તેવી રીતે
पथि માર્ગમાં
वर्तनम् પ્રવૃત્તિ

ડાહ્યા પુરૂષને પામવાને યોગ્ય ન્યાયિ માર્ગમાં.

તિમ ચાલવું–"જિમ સર્વ દિશિએ વિસ્તરે ક્ષણવારમાં;
જિમ ચંદ્ર કિરણો તેમ ઉજ્જ્વલ કીર્તિ"-વલિ અભ્યુદયને,
કરનાર' શ્રેણિ ગુણો તણા પામે ક્ષણે ક્ષણ વૃદ્ધિને, ૧.
જે છે સમર્થ કુકર્મ હણવા તેહ ધર્મ વધે યથા,
તિમ ન્યાય પંથે ચાલવું કરતાં તથા ન લહે વ્યથા;
અન્યાય માર્ગે ચાલતાં જીવો લહે છે આપદા,
છે માર્ગ ઉત્તમ ન્યાયનો છોડો ન તેને તુમ કદા. ૨.

અર્થ:–જેવી રીતે ચંદ્ર જેવી ઉજ્વલ કીર્તિ દિશાઓને વિષે ફેલાય, આબાદી કરનારો ગુણસમૂહ વિસ્તાર પામે,

અને કુકર્મને હણવાને સમર્થ એવો ધર્મ વૃદ્ધિ પામે, તેવી રીતે ડાહ્યા પુરૂષોને સુલભ એવા ન્યાય માર્ગને વિષે વર્તન કરવું. ( ચાલવું, પ્રવૃત્તિ કરવી ).

॥ હવે સાચા ઘરેણાં બતાવે છે ॥

( शिखरिणीवृत्तम् )

१ २ ३ ४ ५
करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं,
६ ७ ८ १२ ११ ९ १०
मुखे सत्या वाणी श्रुतमधिगतं च श्रवणयोः ।
१३ १४ १५ १८ १७ १९ १६
हृदि स्वच्छा वृत्तिर्विजयि भुजयोः पौरुषमहो,
२१ २२ २० २३ २५ २४
विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मंडनमिदम् ॥९७॥

॥ श्लोक ९७ ॥

करे હાથમાં (નું)
श्लाघ्यः વખાણવા યોગ્ય
त्यागः દાનરૂપી ઘરેણું છે
शिरसि મસ્તકમાં (નું)
गुरुपाद ગુરૂના ચરણમાં
प्रणमनम् નમસ્કાર ( એ ઘરેણું છે )
मुखे મુખમાં (નું)
सत्यावाणी સત્ય વચન (ઘરેણું છે )
श्रुतम् શાસ્ત્ર (ઘરેણું છે)
अधिगतम् જાણેલું
श्रवणयोः બન્ને કાનમાં (નું)
हृदि હૃદયમાં ( નું )
स्वच्छावृत्तिः નિર્મલ ભાવના (ઘરેણું છે)
विजयि વિજય પમાડનારૂં
भुजयोः બન્ને ભુજાઓમાં(નું)
पौरुषम् બલ (ઘરેણું)
अहो આશ્ચર્ય છે કે
विना अपि વિના પણ
ऐश्वर्येण સંપત્તિ, લક્ષ્મી.
प्रकृति સ્વભાવથી
महताम् મોટા પુરૂષોનાં
मण्डनम् इदम् આટલાં ભૂષણ છે

જેઓ સ્વભાવ થકી મહંતા તેહ પુરૂષોની કને,
ધન આદિ ના હોવે ભલે શોભાવતા તે અંગને;
છે હાથનું ભૂષણ 'પ્રશંસા યોગ્ય દાન'" ન કંકણો,
તેથીજ શોભે હાથ ખરી રીતે વિચાર કરો ઘણો. १

સાચીજ વાણી મુખ તણું નિસુણે ભણેલા શાસ્ત્રને,
બે કાન કેરૂં તેહ ભૂષણ ભાવના ઉત્તમ મને;
જય આપનારૂં બલ 'ભુજાનું" ભૂષણો પ્રતિઅંગના,
સાચાજ એ છે નાય બીજા જે બનેલા મદ્રિના. ૨.

અર્થ:-હાથનું ઘરેણું પ્રશસ્ય (ઉત્તમ) એવું દાન છે; મસ્તકનું ઘરેણું ગુરૂના ચરણને નમસ્કાર કરવો એ છે, મુખનું ઘરેણું સત્યવાણી છે, શાસ્ત્રોનું સાંભળવું તે કાનનું ઘરેણું છે, હ્રદયનું ઘરેણું નિર્મળ ભાવ છે, અને ભુજા (હાથની ઉપરનો ભાગ)નું ઘરેણું વિજયદેનાર પરાક્રમ (પુરૂષાર્થ) છે. આ સર્વ લક્ષ્મી વિનાના છતાં પણ સ્વભાવે કરીને ઉત્તમ એવા જનોનાં ઘરેણાં છે.

॥ હવે મુક્તિનો ઉપાય બતાવે છે. ॥

२ ३ १ ५ ६ ४
भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं,
९ ८ १० ७ ८
तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
११ १३ १४ १२ १७ १५ १६
यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरा-
१९ २० १८ २१ २२ २४ २३ २५
दयं जंतुर्यस्मात्पदमपि न गंतुं प्रभवति ॥९८॥

॥ श्लोक ९८ ॥

भव अरण्यम् સંસાર રૂપી
मुक्त्वा તજીને [જંગલને
यदि જો (તું)
जिगमिषुः જવાની ઇચ્છા-
વાળો છે
मुक्ति नगरीम् મોક્ષરૂપિ
નગરીમાં
तदानीम् તો

मा कार्षीः ન કરીશ
विषय વિષયરૂપિ
विष वृक्षेषु વિષનાં ઝાડ ( ની
છાયા )માં (તલે)
वसतिम् રહેઠાણ(વાસ)ને
यतः શાથી કે
छाया अपि છાયા પણ
एषाम् એ વિષય રૂપિ ઝેરી
ઝાડોની
प्रथयति ફેલાવે છે

| | |
|---|---|
| महा मोहम् घणी मૂર્છાને | पदम् अपि એક પગલું પણ |
| अचिरात् तुरत | गन्तुम् આગળ જવાને (છૂટવાને) |
| अयं जन्तुः આ જીવ [પંઝામાં)થી | न, प्रभवति સમર્થ થતો નથી |
| यस्मात् જે (મહામોહના | |

હે ભાઇ શ્રાવક ! તું તજી સંસાર રૂપ અરણ્યને.
મુક્તિ પુરી જાવા ચહે તો કરીશ ના આ કાર્યને;
શબ્દાદિ વિષયો તેહવા છે ઝેરિ ઝાડો જેહવા.
તેઓ તણી નીચે કરીશ ના વાસ થાક ઉતારવા. ૧.
વિષ વૃક્ષની છાયા વધારે જીવને મૂર્છા સહી,
અજ્ઞાન [1]તિમિર વધારતી છાયા વિષય તરૂની અહીં;
જેથી બને ન સમર્થ પ્રાણી પગલું પણ પથ ચાલવા,
જ્યાં અંધકાર ઘણો તિહાં ન ચલાય આગળ પુર જવા. ૨.

અર્થઃ—હે જીવ? જો સંસારપી અટવીને તજીને મુક્તિરૂપી નગરીમાં જવાની ઇચ્છા હોય, તો વિષયરૂપી વિષવૃક્ષોનેવિષે (તેની નીચે) વાસ કર (બેસ) નહિ; કારણકે એ (વિષયરૂપ) ઝાડોની છાયા પણ એવા મહા મોહાંધકારને જલ્દી ફેલાવે છે કે, તેમાંથી (ત્યાંથી આગળ) પ્રાણી એક પગલું માત્ર પણ ચાલવાને સમર્થ થતો નથી.

હવે ગ્રંથને સાંભળવાથી લાભ બતાવે છે.

( उपजातिवृत्तम् )

सोमप्रभाचार्यमभाचयन्न, पुंसां तमःपंकमपाकरोति ।
तदप्यमुष्मिन्नुपदेशलेशे. निशम्यमानेऽनिशमेतिनाशम् ॥९९॥

| | |
|---|---|
| ॥ श्लोक ९९ ॥ | अर्यमभा સૂર્યની કાન્તિ |
| सोमप्रभा ચંદ્રની કાન્તિ | यत् જે |
| च અને | न નથી |
| | पुंसाम् પુરૂષોના |

[1] તિમિર—અંધારાને

| | |
|---|---|
| तमःपङ्कम् અન્ધકારરૂપિ કાદવ (કચરા)ને | उपदेशम् લેશ જરાપણ ઉપદેશ |
| अपाकरोति દૂર કરતી | निशम्यमाने સાંભળતાં |
| तदपि તે (ને) પણ | अनिशम् હંમેશાં [છતાં |
| अमुष्मिन् આ સિન્દૂર પ્રકરણનો | क्षति પામે છે |
| | नाशम् નાશ |

જે અંધકાર સ્વરૂપ કચરો ચંદ્રની ને સૂર્યની,
કાંતિ હરે ના તેહને પણ આજ સિંદૂર પ્રકરની;
વાણી સુણે ઉપદેશની જે ભવ્ય તે નિત-સંહરે,
કવિએ કહ્યો ઉપદેશ નિર્મલ સુજન હૃદય વિષે ધરે. ૧.

અર્થઃ—માણુસોના જે અંધકારરૂપી કચરાને ચંદ્રની કાંતિ કે સૂર્યની કાંતિ નાશ કરી શકતી નથીઃ તે પણ અંધકારરૂપી કચરો (અજ્ઞાન અને પાપ), આ અલ્પ ઉપદેશ હંમેશાં સાંભળવાથી નાશ પામે છે.

હવે ગ્રંથ બનાવનાર પોતાની ઓલખાણ આપે છે.

( मालिनी वृत्तम् )

४
अभजदजितदेवाचार्यपट्टोदयाद्रि-

२
द्युमणिविजयसिंहाचार्यपादारविंदे ।

३ १ ५ ६
मधुकरसमतां यस्तेन सोमप्रभेण,

१० ७ ९ ८
व्यरचि मुनिपराज्ञा सूक्तमुक्तावलीयम् ॥१००॥

॥ શ્લોક १०० ॥
अभजत् સેવતા (શોભતા) હવા
अजित देवाचार्य અજીત દેવ નામે આચાર્યના
पट्ट પટ્ટ રૂપ
उदयाद्रि ઉદયાચલને વિષે
द्युमणि સૂર્ય જેવા
विजयसिंहाचार्य વિજયસિંહ-સૂરિ આચાર્યના
पादारविन्दे ચરણકમલમાં
मधुकर समताम् ભમરાની સરખામણીને (જેવા)
यः જે (સોમ પ્રભાચાર્ય)
तेन તે
सोमप्रभेण સોમપ્રભસૂરિએ
व्यरचि બનાવી
मुनिप મુનીશ્વરોના
राज्ञा રાજા
सूक्त સુન્દર કાવ્ય રૂપ
मुक्तावली મોતીની માળા
इयम् આ

શ્રી અજિત દેવ સૂરીશ કેરા પટ્ટરૂપ ઉદયાચલે,
ભાનુ સમાશ્રી વિજયસિંહ સૂરીશ જોતાં દુઃખટલે;
તેઓ તણા વર ચરણ કમલે ભ્રમર જેવા સૂરિજી,
શ્રી સોમપ્રભ ગુરૂએ મુદા આ સૂક્તમુક્તાવલિ સજી. १.

અર્થઃ—અજીતદેવ નામના આચાર્યના પટ્ટરૂપ ઉદયાચલને વિષે સૂર્ય જેવા એવા જે વિજયસિંહ આચાર્ય, તેમના ચરણકમળને વિષે ભમરાની જેવા મુનિવરોના નાયક શ્રી સોમપ્રભ સૂરીશ્વરે આ સુભાષિત કાવ્યરૂપી મુક્તાફળ (મોતીયો)ની પંક્તિ( માલા-સુક્ત મુક્તાવલી ) રચી છે.

इति श्री मूल शब्दार्थ छन्दोबद्धानुवाद श्लोकार्थ सहित श्री सिंदूर प्रकरण ग्रन्थः समाप्तः॥

છન્દોબદ્ધ ગૂર્જર ભાષાનુવાદ કરનારની—

## પ્રશસ્તિ—

જસ ધ્યાનથી પણ સિદ્ધિ અડ ને લબ્ધિ સઘલી સંપજે,
આનન્દ મંગલ હોય ઘટમાં વિઘ્ન સવિ શાંતિ ભજે;
પરભવ વિષે પણ સંપદા પુષ્કલ મલે રોગો ટલે,
શ્રી સિદ્ધચક્રતણા પસાયે સકલ વાંછિત મુજ ફલે. ૧.
સ્પર્દ્ધા કરી કર્મો તણી સાથે વિજય છેવટ લહી,
પામ્યા પરમપદ જેહ પ્રભુજી જેહના નામે અહીં;
દિન જાય સઘલા હર્ષમાં પ્રત્યક્ષ ના જે અન્યને,
જીવન સુણીને જાસ જીવો પામતા વરબોધને. ૨.
તે વીર પ્રભુના ચરણ પ્રણમી વિનયથી ઇમ ઉચ્ચરૂં,
મલજો ભવોભવ તાહરૂં શાસન ત્રિપુટી નિર્મલું;
આરાધના દૂરે રહો પણ રાગ શાસનનો મને,
ભવસિંધુપાર પમાડશે છે એહ નિશ્ચય મુજ મને. ૩.
નિર્ગન્થ[૧] કોટિક[૨] ચન્દ્ર[૩]–તિમ–વનવાસિ[૪]ગચ્છ વડ[૫] નામએ,
વર પાંચ નામો પૂર્વના તપગચ્છ કેરા જાણિયે;
સ્વામી સુધર્મા[૧] તેમ સુસ્થિત[૨] ચન્દ્ર[૩] સામન્ત[૪] ભદ્રજી,
શ્રીસર્વદેવ ક્રમેજ તેના થાપનારા સૂરિજી. ૪.
અભિધાન છઠ્ઠું શ્રીતપા શ્રીજગચ્ચન્દ્રાચાર્યથી
તપગચ્છ રક્ષક તીર્થનો દેવી વચન ખોટું નથી,
તે ગચ્છપતિ મુજ યોગશ્રુત સંપદ તણા દાયક ખરા,
ગુરૂનેમિ સૂરીશ ચરણ નમતાં સાધ્ય સીઝે આકરા. ૫.
ખ[૦] નિધાન[૯]ગ્રહ[૯]શશિ[૧]પ્રમિત વિક્રમ વર્ષ ચૈતર માસની,
સુદ પૂનમે શુભ રાજનગરે મ્હેરથી ગુરૂરાજની:
"ઉવજ્ઝાય પદ્મવિજયગણી" સિંદૂર પ્રકર તણો કરે,
અનુવાદ છંદોબદ્ધ કવિતારૂપ નિજપર હિત કરે. ૬.

સમાપ્ત

॥ ओँ नमो सिद्धचक्कस्स ॥

तपोगच्छाधिपति–शासन सम्राट्–सूरिचक्र चक्रवर्त्ति–जगद्गुरु
आचार्य महाराज श्री विजयनेमिसूरिश्वर चरण किंकर
विनेयाणु–शास्त्रविशारद कविदिवाकर–महोपाध्याय
श्री पद्मविजयगणिविरचिता

# ॥ श्रीपद्मतरंगिणी ॥

द्रव्यसहायक

शरद्लाल शा. जेसंगभाइ कालीदास


प्रकाशक

मास्तर उमेद्चंद् रायचंद्

ठे. पांजरा पोळ–अमदावाद.

संवत्–१९९० वीर संवत्–२४६०

પૃષ્ટ ૧૬૧ થી ૨૪૪ તથા આગળના ચાર પાનાં
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મગનલાલ લક્ષ્મીદાસે છાપ્યાં.
ઠે. પાનકોરનાકા—અમદાવાદ.

# બે બોલ

સર્વજ્ઞ શાસન રસિક પ્રિયબંધુઓ ? આ શ્રી પદ્મતરંગિણી નામનો અપૂર્વ વૈરાગ્ય બોધ ભક્તિરસથી ભરેલો અપૂર્વ ગ્રંથ. આપની સમક્ષ રજુ કરતાં મને ઘણોજ હર્ષ થાય છે. કારણ કે આ ગ્રંથ પ્રવૃત્તિમય જીવનને અટકાવીને નિવૃત્તિમય જીવનને ઓળખીને તે જીવન પામવાનું અપૂર્વ સાધન છે. એમ ગ્રંથ વાંચવાથી જાણી શકાય છે. ગ્રંથકાર મહોપાધ્યાય શ્રી પદ્મવિજય ગણિએ. આ શ્રી પદ્મતરંગિણીમાં (૧) ભાવનાષોડશક (૨) વિવિધ ઉત્તમ ભાવના. (૩) ભાવના પંચાશિકા. (૪) ભાવના ષટત્રિંશિકા. (૫) સ્તુતિપંચાશિકા (૬) સંવેગમાલા એમ નાના છ ગ્રંથો બનાવ્યા છે. (૧) **ભાવના ષોડશકમાં** મંત્રિશ્રી વસ્તુપાલની અંતિમ સમયની અપૂર્વ ભાવના વિગેરે વર્ણન છે. (૨) **વિવિધ ઉત્તમ ભાવનામાં** ભૂલોની દીલગીરી, પરમાત્મા પાસે ભવ્ય જીવની ભાવના, સવારની ભાવના વિગેરે વર્ણન છે. (૩) **ભાવના પંચાશિકામાં** **समयं गोयम ? मा पमायए** એ પ્રભુ શ્રીવીરના પવિત્ર વાક્યને ધ્યાનમાં રાખીને શ્રી ગૌતમ સ્વામિનો પરિચય, ભોગતૃષ્ણાથી થતાં દુ:ખો, વિષય દુર્ગતિને જ આપે છે એ બાબતનું જૈન દર્શન પ્રમાણે વર્ણન કરી ભગવદ્ગીતા પણ વિષયને છોડવાનું જ કહે છે એ વર્ણન, રાજીમતી રથનેમિને કેવોઉપદેશ આપે છે ? મલયાસુંદરીએ રાજા કંદર્પને કહેલા વચનો, શીલધારિ મહાનુભાવોના સવારે યાદ કરવા લાયકમંગલિક નામો, વિગેરે વર્ણન છે.

(૪) **ભાવના ષટ્‌ત્રિંશિકામાં**—દૃષ્ટાંત સાથે દાન શીલતપ અને ભાવનાનું સ્વરૂપ બતાવ્યું છે. સાથે આરીસા ભુવનમાં શ્રી ભરતચક્રિએ ભાવેલી ઉત્તમ ભાવના પણ બતાવી છે.

(૫) **સ્તુતિ પંચાશિકામાં**—પ્રભુ શ્રીવીતરાગદેવની આગળ બોલવા લાયક અપૂર્વ સ્તુતિ દાખલ કરી છે.

(૬) **સંવેગમાલામાં** મુકિતના ચાર પરમ કારણો, ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનની અપૂર્વ ભાવના, દરેક કર્મના વિસ્તારથી કારણો, તેને અંગે ગ્રહણ કરવા લાયક શિક્ષા, આયુષ્યને ઘટવાના સાત કારણોનું સ્વરૂપ. છએ લેશ્યાવંત જીવોનું સ્વરૂપ વિગેરે વર્ણન છે.

આ ગ્રંથ છપાવવામાં પોતાના માતુશ્રી બાઇ વીજકોરના સ્મરણાર્થે ચિરંજીવી સારાભાઈની પ્રેરણાથી અનેકવાર ધર્મ કાર્યમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરનાર. શેઠ જેશીંગભાઇ કાલીદાસે સંપૂર્ણ આર્થિક મદદ કરી છે. તેથી બીજા જીવો પણ આવા ઉપયોગિ કાર્યમાં સ્વલક્ષ્મીનો સદુપયોગ કરે એમ હું વિનંતિ કરૂં છું.

ભવ્ય જીવો આ ગ્રંથ વાંચી ધાર્મિક જીવન ઉજ્વલ બનાવી મુક્તિના અધિકારી બને. એજ હાર્દિક ઇચ્છા

લિ૦ **માસ્તર ઉમેદચંદ રાયચંદ.**

॥ ॐ नमः श्री सिद्धचक्राय ॥

॥ पूज्य श्रीगुरुभ्योनमः ॥

तपोगच्छाधिपति शासनसम्राट् सूरिचक्रचक्रवर्ति जगद्गुरु–श्रीमद्विजयनेमि सूरीश्वरविनेयाणु–महोपाध्याय–श्री पद्मविजयगणिप्रणीता—

## ॥ श्री पद्म तरंगिणी ॥

### ॥ मंगलाचरण ॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

आपे जास प्रणाम मुक्तिफलने ते थंभणाधीशने,
पूज्य श्रीगुरु नेमिसूरिपदने सिद्धांतनी वाणने;
वंदी वंचकता तजी भविकना कल्याण हेते मुदा,
भाखुं "पद्मतरंगिणी" वितरशे जे सात्त्विकी संपदा ॥१॥

पामी मानव देह आर्यवसुधा सिद्धांतने सांभळी,
श्रद्धा संयमयोग पुण्य उदये ते मार्गमां संचरी;
पामो मुक्ति निवास सर्वभविको ए भाव देखाडती,
आ श्री "पद्मतरंगिणी" सुजनना कंठे सदा दीपती ॥२॥

# મહોપાધ્યાયશ્રીપદ્મવિજયગણિપ્રણીતં-

## ॥ ભાવના ષોડશકમ્ ॥

### હરિગીત છંદ

પ્રત્યક્ષ મહીમા જેહનો રક્ષા કરે જે માહરી,
ભગવંત તે સિદ્ધચક્ર વસજો હૃદયમાં મુજ ફરી ફરી;
પરમોપકારિ નેમિસૂરિ ગુરૂમંત્ર સમરી શારદા,
કહું આત્મકેરી ભાવના સુણીને લહો સુખસંપદા. ૧
સંસારના સઘળા પદાર્થો ક્ષણિક છે ઇમિ જાણજે,
વિશ્વાસ તેઓનો ન કરનારા જનો શાંતિ ભજે;
નિજનાર ભોજન ધન વિષે સંતોષ ચેતન રાખજે,
અધ્યયન તપને દાનમાં સંતોષ ના કદિ રાખજે. ૨
ગુરૂરાજની ભક્તિ થકી નિજ ધર્મ સાંભળવા તણી,
દીલ ચાહના પ્રકટે સુણીને નાણ સિરિ પામે ઘણી;
સંયમ અને તપ નિર્જરા અક્રિયપણું એવા ક્રમે,
મુક્તિ મલે હે જીવ તેવી ભક્તિ કરીશ કયે સમે. ૩
અનુભવ કરંતા શર્મનો પુણ્યાઇ ખાલી થાય છે,
તોયે તને અફસોસને બદલે હરખ કિમ થાય છે;
અનુભવ કરંતાં પાપનો તે કર્મ ખાલી થાય છે,
તોયે તને આનંદને બદલે અરૂચિ કિમ થાય છે. ૪
આત્મસ્વરૂપ જાણે છતાં કૃત-કર્મના ઉદયે કરી,
પામેલ પીડાથી અને કિમ ગાભરો તું ફરી ફરી;

તેવું કરંતા કર્મક્ષય ના હોય નિશ્ચય જાણજે,
બંધાય ઉલટા નવીન કર્મો આ વિચાર ન ભૂલજે. ૫
દુઃખના સમયમાં ધૈર્ય રાખે પ્રભુ વચનને દીલ ધરી,
સુખના સમયમાં ધર્મમાર્ગે વાપરે ધન ફરી ફરી;
માની બને ના અંશથી પણ જે વિવેક ગુણો ધરે,
સાચો જ નાણી તેહ ઇમ ભગવંત તારા ઉચ્ચરે. ૬
આ ભાવના ઉત્તમ ઘણી છે મંત્રિ વસ્તુપાલની,
નિત્ય પ્રભાતે ભાવ જે સ્થિરતા કરી તુજ ચિત્તની;
છે કર્મની શુદ્ધિ ખરેખર ભાવની શુદ્ધિ થતાં,
એવું વિચારી બુધજનો આ ભાવનાને ભાવતા. ૭
જિમ વૈદ્ય ઓષડ પથ્યથી તનના બધા રોગો ટળે,
તિમ કર્મની પીડા ટલે શુભ યોગ ત્રણ ભેગા ભલે;
પ્રત્યક્ષ જે દેખાય છે તે વૈદ્ય ઓષડ પથ્યને,
ચાહું નહીં હું તો હવે ઇચ્છું ખરાં ત્રણ અર્થને. ૮
ગુરૂરાજ કરૂણાસિંધુ મારા વૈદ્ય ઉત્તમ તેહ છે,
પ્રણિધાન આદિદેવનું સાચું રસાયણ એહ છે;
કરૂણા સકલ જીવો તણી તે પથ્ય ભોજન માહરૂં,
મલજો ભવોભવ એહ ત્રણ વાનાં મને, ભાવું ખરૂં. ૯
સત્પુરૂષને સંભારવા લાયક સુકૃત કંઇ ના કર્યું,
મનના મનોરથ મન રહ્યા જીવન બધું ચાલ્યું ગયું;
સંઘાદિ સાતે ક્ષેત્રમાં ધન વાપરી પ્રભુ ધર્મને,
દીપાવનારા મંત્રો તે પણ ધરત ઇમ લઘુ ભાવને. ૧૦

સેવા કરી પ્રભુ દેવના શાસન તણી હોંશે કરી,
મેં પુણ્ય જે પેદા કર્યું તેના પસાયે ફરી ફરી;
જિનરાજ શાસન સેવના મલજો ભવોભવ એ મને,
પરમાર્થ સાચો એજ બીજું સર્વ નકલી તસ કને. ૧૧
અભ્યાસ પ્રભુના શાસ્ત્રનો નિતવંદના જિનરાજને,
સોબત સદાયે આર્ય જનની જે દીયે કલ્યાણને;
ઉત્તમ સદાચારી જનોના ગુણ સમૂહ તણી કથા,
જિભ્હા કહે, મારી સદા જેથી લહું ના દુઃખ વ્યથા. ૧૨
પરનાજ અવગુણ બોલવામાં મૌનપણું હોજો સદા,
સવિ જંતુને હિતકારિ વ્હાલા વચન બોલું સર્વદા;
સુવિચાર આત્મ સ્વરૂપનો એ સાતવાનાં મુજ મલો,
મુક્તિ જતાં વચલા ભવોમાં સાત ભય દૂરે ટલો. ૧૩
ઇચ્છું ન હું રાગી ઉપર રાગી બને તે નારને,
ચાહું વિરાગી ઉપર રાગી તેહ મુકિતનારને;
સુખ ભોગવ્યું મુખ પુત્રનું જોયું લહી બહુ લક્ષ્મીને,
સેવા કરી શાસન તણી જિનના, ન મૃત્યુ ભય મને. ૧૪
એ ભાવનાના ઉચ્ચ સંસ્કારે કરી આનંદથી,
મંત્રી પધારે સ્વર્ગમાં ખોટું જરી લેશે, નથી;
સંસ્કાર ઉંચા પાડજે શરૂઆતમાં સંગતિ વશે,
અંતિમ સમયમાં જેહથી શુભ ભાવ આ મનમાં વસે. ૧૫
પરભવ તણા શુભ આયુનો પણ બંધ નિર્મલ ભાવથી,
માટે જ મીઠી ભાવના આ ભાવવીજ મથીમથી;

ગુરૂ નેમિસૂરીશ્વરતણા શુભ ચરણનો લહી આશરો,
ઉવજ્ઝાય પદ્મ વિજય ગણિવચને સદામંગલ વરો. ૧૬

॥ ઇતિ ભાવના ષોડશકમ્ ॥

---

## ॥ વિવિધ ઉત્તમ ભાવના ॥

શ્રી સિદ્ધચક્ર તણું કરીને ધ્યાન નિર્મલ ચિત્તથી,
શિવમાર્ગદાયક નેમિસૂરીશ ચરણ પ્રણમી હોંશથી;
વિરચું સમયનો સાર લેઇ વિવિધ ઉત્તમ ભાવના,
પરિણામ કરવા ઉજ્વલા સુણજો સદા તે ભવિજના. ૧

( ભૂલોની દીલગીરી )

જે પૂજ્ય પુરૂષો માહરા તેઓ તણા વર ચરણની,
આરાધના ન કરી શક્યો હું, પ્રીતિએ તિમ વિધિતણી;
મેં સાંભળ્યો ના ધર્મ જિનનો, વીર્ય ધર્મારાધને,
ના ફોરવ્યું, વર સમય પામી કર્યું ન ઇંદ્રિય દમનને. ૨
બહુ દુઃખ જેઓથી લહ્યો હું તે કષાયો ને અરે,
જીત્યા નહીં, મેં ધ્યાન ગુરૂનું આચર્યું ના આદરે;
ના દાન દીધું, તપ કર્યો નહી, કર્યો ન પર ઉપકારને,
તીર્થે ન ધનને વાપર્યું મેં વશ પડી અજ્ઞાનને. ૩
કાર્યો બતાવ્યા જેહ પ્રભુએ કાજ હિતને તાહરા,
જીવ તેહ કિમ ના સાધતો કલ્યાણના સાધન ખરા;

હા ! દિવસ ફોગટ જાય ચાલ્યા જ્યાં નહિ આરાધના,
દિન રાત સફલા ધર્મિના, ના જાણજે તું પર તણા. ૪

(પરમાત્માની પાસે ભવ્યજનની ભવ્ય ભાવના)

બહુ મહેનતે પણ જેહ ધ્યાવે આપને પ્રેમે કરી,
મન તેજ ઉત્તમ, અન્ય ના વલિ ધન્ય તે જીહ્વા ખરી;
જે આપના ઉત્તમ ગુણોનું ગાન કરતી ક્ષણ ક્ષણે,
અવિશુદ્ધ ના વદતી કદી આવે ભલે આપદ કને. ૫
જોવા રસિક વિનયે કરી જે આપના વર બિંબને,
એકાગ્રતાએ તેજ પાવન માનું હું બે આંખને;
છે કાન તેજ પવિત્ર વચનો આપના જે સાંભલે,
છે તેજ કાય પવિત્ર જે ગુરૂદેવની ભક્તિ કરે. ૬
મેં દુષ્ટ ચિંતવના કરી મનને મલીન કર્યું અરે,
સુણી બોલ શઠના બેઉ કાનો પણ બગાડયા મેં અરે;
આંખો બગાડી કુરૂપનિરખી હિત ન જાણ્યું મેં અરે,
અપશબ્દ બોલીને બગાડી જીભ પ્રભુજી મેં અરે. ૭
મેં હાથને અપવિત્ર કીધા દાન વંદન ના કરી,
જઇને અનાયતને કર્યા મેં મલિન પગને ફરી ફરી;
આખી બગાડી કાય ઇમ મેં દુષ્ટ કર્મો આચરી,
હવે તુંહી શરણું એક જિનજી તાર કહું હું ફરી ફરી. ૮
હે વીતરાગ જિનેશ પ્રભુજી ભક્તિતુજ પદકજ તણી,
અત્યાર સુધી મેં આદરી ના ચાહના છે અન્યની;

હું એજ ચાહું મુક્તિ જાઉં ત્યાં સુધીમાં આપની,
તિમ આપના શાસન તણી સેવા મલો મુજને ઘણી. ૯

(સવારની ભાવના)

નરપણું લહીને આટલું તો જરૂર કરવું માહરે,
સમકીત અભિનવ પામવું કદી હોય તો નિર્મલ બને;
કરી એકઠા જિન નામના દલિયા ધરી વર ભાવને,
તેનો નિકાચિત બંધ હોવે ચાહના એ મુજ મને. ૧૦
અપમાન આદિ મેં સહ્યા પણ ના ક્ષમા ભાવે કરી,
મુનિરાજ સહતા તે ક્ષમાએ જો વિચારી તું જરી;
પેદાશ કાજે યોગ્ય ઘરનું સુખ તજ્યું લોભે કરી,
સંતોષથી મુનિરાજ તેને છોડતાં તું જો જરી. ૧૧
દુઃખે સહાયે તેહવા દુઃખો સહ્યા ઠંડી તણા,
વાયુ તણા ગરમી તણા પરદેશમાં તેં તો ઘણાં;
પણ ના તપે તપ દુઃખના ક્ષયકાજ મુનિ તપ આદરે,
સંકટ સહે સમતારસે મનની અચલતા ના ફરે. ૧૨
તું ધ્યાન ધનનું નિત્ય, કરતો પ્રાણ વશમાં રાખીને,
જો મુનિવરા શું કામ કરતા ધ્યાવે જિનના નામને;
કરવું સહન ને છોડવું તપવું વલિ ધ્યાન ક્રિયા,
મુનિના સમી તેં આદરી પણ લાભ વદ પામ્યો કિયા. ૧૩
ચેતન સદા આ ચાર વાનાં ભાવજે હોંશે કરી,
ગીતાર્થ ગુરૂનો સંગ હોજો, તેમની ભક્તિ ખરી;

જિન ધર્મ માંહે પ્રેમ, ના ઈચ્છીશ અસ્થાને જવા,
ઉચ્ચ કોટીમાં દાખલ થવાને નિત કષાયો જીતવા. ૧૪
સંસ્કાર જેવા પૂર્વ ભવ તેવાજ આવે ઉદયમાં,
આ ભવ વિષે ઇમ જાણ મનને રાખ ઉચ્ચ સંસ્કારમાં;
સંસ્કાર ઉત્તમ પાડવા કર સેવના વર હેતુની,
સુણ વાત વજ્રસ્વામિની ગોશાલ મંખલી પુત્રની. ૧૫
જે કર્મ બાંધ્યાં પૂર્વ ભવમાં તે ઉદય આવો ઈહાં,
નરભવ વિષે નિધિ બોધનો સમતા તથા બીજે કિહાં;
જ્ઞાની સહે શમતા રસે બાંધે ન ચીકણાં કર્મને,
પ્રભુવાણીનો સુણનાર નિત્યે ના કદી દુઃખિયો બને. ૧૬
જે રાત દિવસો જાય કરતાં ધર્મની આરાધના,
તેહીજ સફલા જાણ ચેતન રાખ તેમાં ના મણા;
રત્નો કરોડો આપતાં પણ ક્ષણ ગયેલો ના મલે,
ઉપદેશ આ પ્રભુ વીરનો સંભાલજે તું પલપલે. ૧૭
અરિહંત ને વલી સિદ્ધ ત્રીજા વીર એ શબ્દો ત્રણે,
પ્રસરોજ રોમે રોમમાં મુજ યાચું એ સાચે મને;
સફલી બને જો યાચના એ માહરી પુણ્યોદયે,
તો મરણની પરવા મને ના, હાલ આવે તો ભલે. ૧૮
હૃદયે ધરી વર ભાવના જિનરાજના શાસન તણી,
ગુરૂપૂજના ને દાન શીલ તપધ્યાન પ્રમુખ તણી ઘણી;
ચેતન કરી આરાધના ન નિદાનની ઈચ્છા કરી,
તો હર્ષ અતિશય હાલ વરતે, ભય મરણનો ના જરી. ૧૯

ચઉ અઠ્ઠ નવ ઇગ સાલ વિક્રમ માહ સુદ પાંચમ દિને,
જિન ભકત અમદાવાદ નગરે ભાવથી ઉલ્લસાઇને;
ગુરૂનેમિ સૂરિ તણા પસાયે વિવિધ ઉત્તમ ભાવના,
ઉવજ્ઝાય પદ્મ વિજય ગણી હિત કાજ વિરચે ભવ્યના. ૨૦

---

## ॥ णमो सिद्धचक्कस्स ॥

### ॥ હરિગીત છંદ ॥

### ॥ श्री भावना पंचाशिका ॥ मंगलाचरण ॥

શ્રીસિદ્ધચક્રતણું કરીને ધ્યાન હૃદયે ખણખણે,
ગુરૂનેમિસૂરીશ ચરણ પ્રણમી અન્ય સવિ ઉપકારિને;
શુભ "ભાવના પંચાશિકા" વિરચું સુજનના આગ્રહે,
જે ગુણરસિક તે ભાવ સમજી ઉલ્લસી સાર ગ્રહે. ૧
સંસાર એહ અનાદિ તેમાં તું પ્રમાદે જીવ ભમે,
વિપરીત બોધવશે વચન જિનરાજના મન નવિ ગમે;
ભવમાં સદા રખડાવનારા જાણ પંચ પ્રમાદને,
નિદ્રા કષાય વિષય વિકથના મદ્ય મુણ પણ નામને. ૨
સોના સમી કાયા શરીર સગ હાથ ઉંચું જેમનું,
સંઘયણ ને સંઠાણ પ્હેલું તીવ્ર તપ છે જેમનું;
સયલવિજ્ઝા પાર ગામી જન્મ ગોબર ગામમાં,
જિટ્ઠા સુનક્ષત્રે લહે જે જન્મ ગૈતમ ગોત્રમાં. ૩

વસુભૂતિ પૃથ્વી તાત જનની વરસ પચ્ચાસે લહે,
દીક્ષા પ્રવર હોડી સમી વિકરાલ આ ભવ સાયરે;
છદ્મસ્થ જે ત્રીસ વર્ષ કેવલ તે પછી જે પામતા,
સર્વજ્ઞ થઇ ભૂતલ ફરી ભવિલોકને ઉદ્ધારતા. ૪
ઇમ બાર વર્ષ કરી અઘાતિ કર્મ પણ દૂરે કરી,
નિર્વાણપદ પામે જીવન બાણું વરસ પૂરા કરી;
અંગુષ્ઠમાં અમૃત વસે ભંડાર જે સવિ લબ્ધિના,
જપ તે સદા સિરિગોયમા વર ધામ જે ચઉનાણના. ૫
શ્રીવીરજનવર તેમને મીઠાં વયણથી ઉપદિશે,
હે ગોયમા? ન થજે પ્રમાદી સર્વદા પણ ખણ વિષે;
માનવપણું છે દોહિલું પુણ્યોદયે તે પામિયે,
જો સાવચેતી રાખિયે તો સાધ્ય સઘલા સાધિયે. ૬
આ સમય ઉંઘવાનો નથી ત્રણ રાક્ષસો કેડે પડ્યા,
તે જન્મ મૃત્યુને જરા જે સર્વ જીવોને નડ્યા;
ધર્મિજનોના રાત દિવસો સફલ છે ઇમ જાણજે,
ઉલટા અધર્મિ માનવોના નિશ્ચયે મન જાણજે. ૭
દુનિયા બધી છે સ્વાર્થની વિશ્વાસ નિત્ય કરીશ ના,
રાખે બગલ માંહે છુરી ગુણ ગાય મોઢે નાથના;
દાનત બુરી પંકાય લોકે ભક્ત સારો કપટથી,
એ રીત દુનિયાદારિની તું ચાલજે ચેતી મથી. ૮
ઘડપણ વિષે નહિ શકિત તેવી જેહવી યૌવન વિષે,
ઇમ જાણીને ઝટ ધર્મ કરજે વસ્તુ ક્ષણભંગુર દિસે;

જે છે સવારે તે બપોરે ના જણાયે વિણસતાં,
જે છે બપોરે તે ન રાતે એમ જાણુ અનિત્યતા. ૯
જે આવતી કાલેજ કરવા તું ચહે છે કાર્યને,
તે આજ કરજે શીઘ્રતાએ સેવજે ન પ્રમાદને;
ચાહે બપોરે જેહ કરવા તે સવારે સાધજે,
અણ ચિંતવ્યું મૃત્યુજ આવે એમ નિશ્ચય જાણજે. ૧૦
આણે કર્યું આણે કર્યું ના વાટ તે જોતો નથી,
લજ્જા નથી આ મૃત્યુને તું ચાલ ચેતીને મથી;
ટેવો પડી છે પાપ કરવાની તને બહુ કાલથી,
પાપો કરાવે ભોગ તૃષ્ણા છોડ તેને આજથી. ૧૧
અગ્નિ ધરાયે લાકડાથી નહિ જલધિ તિમ વારિથી,
ભોગો ઘણાયે ભોગવ્યા પણ તેહ રજ ટલતી નથી;
ઉલટી વધે છે દુર્ગતિમાં તેહ ઝટ લઇ જાય છે,
ત્યાં દુઃખ ભોગવતા સમે આ જીવ બહુ પસ્તાય છે. ૧૨
ચેત્યો નહિ હું બંધ સમયે ઉદયક્ષણ ડહાપણ ધરૂં,
શા કામનું પણ બંધ સમયે રાખ ડહાપણ તે ખરૂં;
કફ વ્યાધિવાળો ખાઇ દહીને જેમ પીડા ભોગવે,
ખાતાં ન રાખે ભાન તિમ તું બંધ ઉદયે જાણજે. ૧૩
સ્વાધીન ક્ષણ છે બંધનો ના તેહવો છે ઉદયનો,
નિત ચેતજે બંધ ક્ષણે બલવાન ક્ષણ છે ઉદયનો;
આશા તણો જે દાસ તે નર સર્વ જગનો દાસ છે,
દાસી બનાવે તેહને જે સર્વ જગ તસ દાસ છે. ૧૪

રજની વધારે તિમિરને તૃષ્ણા તથા રાગાદિને,
તેનાજ યોગે જીવ કરતો નિંદ્ય સઘલા પાપને;
શબ્દાદિ ભોગવવા થકી તૃષ્ણા કદી શમશે નહી,
જલમાં રહેલા ચંદ્રથી તુજ કાર્ય કદિ સરશે નહી. ૧૫
સારી ગણીને ભોગ તૃષ્ણા મોહથી મોહ્યા નરા,
આ ઘોર સંસારે ભમે ના શાંતિને પામત જરા;
એણે બનાવ્યો જીવને કંગાલ ભીખારી સમો,
તેથી જ ધાર્મિક કાર્ય કરતાં જીવ રાખે અણગમો. ૧૬
રઝળાવનારી ભીમ ભવસાગર વિષે આ જીવને,
એવું વિચારી દેહ ઘરથી દૂર કાઢી તેહને;
મન વશ કરે જે શિષ્ટ જન તે ટાળતાં સવિ દુઃખને,
સવિ કર્મ બંધન દૂર ફેંકી પામતા નિર્વાણને. ૧૭
તે ભોગ તૃષ્ણા છોડનારા તેજ જગમાં વંદ્ય છે,
જે વશ પડયા છે તેહને તે સાધુ જનથી નિંદ્ય છે;
અનુકૂલતા આની દીયે છે દુઃખને પ્રતિકલતા,
સુખ શાશ્વતા નિત આપતી ઇમ વીર તારા કહી જતા. ૧૮
દીલમાં વસી આ જ્યાં સુધી જીવ ત્યાં સુધી સંસારને,
સારો ગણે અજ્ઞાનથી નરસો ગણે છે મોક્ષને;
જ્યારે હઠે આ ચિત્તથી સંસાર ધૂલ જેવો ગણે,
બગડયું ઘણું હે જીવ ? તારૂં ચેત ભઇ તું આ ક્ષણે. ૧૯
વિષ્ઠા અને મૂત્રે ભરેલો દેહ છે આ નારનો,
મુખ આદિનો દેખાવ કેવલ પિંડ માસ રૂધિર તણો;

આ ભોગ તૃષ્ણાના જ પાપે મુખ કમલ શશિ સમ ગણે,
વલિ હાડકાં રૂપ દાંતગણને કુંદ કલિકાસમ ઘણે. ૨૦
દૂરે કરંતા તેહને શું અશુચિ પુંજે મન રમે,
તેના જ યોગે મન અથીર થઈ સર્વ જગ્યાએ ભમે;
છે મદદ મનની ઈંદ્રિયોને તેહથી મન વશ કરો,
હે ભવ્ય જીવો ? તિમ ચહો તો ભોગ તૃષ્ણા પરિહરો. ૨૧
સરખું મનુજપણું બેઉમાં દેખાય છે આ આંખથી,
ત્યાં એક જણથી દાસ થઈને નિંદ્ય કર્મ કરાય છે;
તેમાંય હેતુ ભોગ તૃષ્ણા તેહને દૂર જે કરે,
તે ના કદાપિ પાપ કરતાં સર્વ થલ મોઝે ફરે. ૨૨
તેહીજ નાયક ઈંદ્રિના વખણાય પંડિત વર્ગથી,
તે સંત સાચી શાંતિ પામે ચક્રિને પણ તે નથી;
તૃષ્ણા વિનાના સાધુઓને જેહ સુખ અહિંયા મલે,
તે ચક્રવર્તીના લહે આ ભોગ તૃષ્ણાના બલે. ૨૩
સુખ પામવા હે જીવ સેવે નિત્ય ભોગો નવનવા,
તેમ કરતાં મરણદાયક રોગ પ્રકટે નવનવા;
એવુંજ જાણી ચક્રિ પણ ષટ્ ખંડ ઋદ્ધિ છોડતા,
ભિક્ષુક બને પૂછતાં જનોને ભિક્ષુ હું ઇમ બોલતા. ૨૪
હું ચક્રવર્ત્તી એમ કહેતાં જે ન પામે હર્ષને,
હું ભિક્ષુ એવું બોલતાં તે અધિક પામે હર્ષને;
એથીજ સાબીત થાય છે સુખ ત્યાગમાં નહિ ભોગમાં,
વખણાય ધન્ય મુનીશ તેથી જાણ નવમા અંગમાં. ૨૫

વિષયાદિમાં જેવી રમણતા તેમ દ્રવ્યાદિક વિષે,
તેવીજ અથવા તો વધારે રાખજે શાસન વિષે;
તો નિશ્ચયે થોડા ક્ષણે પામીશ થોડી મ્હેનતે,
હે જીવ? અવિચલમુક્તિ કેરા શર્મ વાજત ગાજતે. ૨૬
વિષને વિષયમાં જો તફાવત ઝેર ખાતાં મારશે,
પણ આ વિષય તો ધ્યાવતાં પણ મૃત્યુ બૂરૂં આપશે;
જેથી વીંટાયે જીવ ચીકણાં કર્મથી વ્યુત્પત્તિએ,
ભાખી પ્રભુએ વિષયની જોજે વિચારી શાંતિએ. ૨૭
વિષયો વિનશ્વર નિશ્ચયે વિકરાલ દુઃખને આપતા,
એનાજ પાપે આર્દ્રકુંવરે સંયમે ખાધી ખતા;
રાવણ સરીખો રાજિયો પણ નરક ચોથી પામીયો,
આ ભવ વિષે પણ કોઇ વ્હારે તેહની ના આવિયો. ૨૮

॥ ભગવદ્ગીતામાં કહેલા વચનો ॥

વિષયો તણી ચિંતા કરંતા પ્રેમ તેમાં ઉપજે,
પ્રેમથી નીચ કામ હોવે ક્રોધ કામ થકી હુવે;
સંમોહ ક્રોધ થકી હુવે વિભ્રમ મતિનો મોહથી,
મતિ નાશથી લય બુદ્ધિનો નિજ નાશ બુદ્ધિ વિનાશથી. ૨૯
મરવું અનલ માંહે પડી મરવું ગલાફાંસો દઇ,
મરવું જ ઝંપાપાતથી મરવું અહિ મુખ કર દઇ;
એહીજ ભલું પણ શીલવ્રતને છોડવું ઉચિત નહિ,
સ્વાધીન કષ્ટોને સહીને શીલથી ખસવું નહિ. ૩૦

## ॥ રાજીમતીનો રથ નેમિને ઉપદેશ ॥

રાજીમતી રથ નેમિને મીઠા વચણથી બોલતી,
આ ભાવ નરકે લઈ જનારો વચનથી હું જાણતી;
માતા જનકની રાજ્યની પરિવારની મમતા તજી,
ફરી તેજ ચાહો હે મુનજિ? શું તમે લજ્જા તજી. ૩૧
સર્પો અગંધન વંશના તિર્યંચપણું તોયે છતાં,
ચૂસશે વમેલા ઝેરને શું? દેહના ટુકડા થતાં;
તેના થકી હલકા તમો શું? જે તજેલા ભોગને,
પાછા ચહો નિર્લજ્જ થઈને એ ઉચિત શું આપને. ૩૨
ગુરૂદેવને લજવાવનારૂં તેમ જનની તાતને,
આ કાર્ય નિશ્ચય જાણજો સેવો જિનેશ્વર પાયને;
વિષ્ઠા અને મૂત્રે ભરેલી કોથળી જાણો મને,
ધર્મે પુરૂષની મુખ્યતા સંભાળજો જિનવચણને. ૩૩
શીખ આપવા લાયક નથી હું એહ કારજ આપનું,
ભૂલી ગયા શું પંચ શાખે આદર્યું સંયમ ભલું;
જે સાત વાર નરક વિષે લઈ જાય તે કિમ આદરો,
ભાવિ સુધારો આપનું પ્રભુ માર્ગ સાધી પાધરો. ૩૪
સહસા કરંતા કાર્ય ચૂકાયે સુપંથ વિવેકનો,
અવિવેક આપત્તિ પમાડે માર્ગ લ્યો સુવિચારનો;
સંપત્તિ લબ્ધિ તે લહે કાર્યો વિચારી જે કરે,
પ્રભુ નેમિના બાંધવ તમે જે જન્મથી શીલવ્રત ધરે. ૩૫

હાથી હુવે વશ અંકુશે સતીના વચણ અંકુશ સમા,
મુનિ હાથી જેવા જાણ રથનેમી સમજતા શાનમાં;
પ્રભુ પાસ જઇ નિર્મલ થઇ આજ્ઞા પ્રમાણે નાથની,
સુખ વિપુલ પામે સંયમે સંપૂર્ણ ઉલ્લાસી બની. ૩૬

॥ મલયાસુંદરી કંદર્પ રાજાને કહે છે ॥

કંદર્પની નજરે ચડી દુઃખિયારી મલયાસુંદરી,
વિષયાંધ દુઃખ દેતો બહુ જેને દયા દીલ ના જરી;
દુઃખને વધાવી લે સતી તે એક શીલના કારણે,
બોલેજ આગળ રાયની ઇમ વચણ તે નિર્ભયપણે. ૩૭
ટુકડા કરીશ મુજ દેહના જો હરીશ મુજ ધનમાલને,
પણ સમજજે નરરાય નિશ્ચય ના તજીશ હું શીલને;
પરબ્રહ્મનું આ મુખ્ય કારણ ‘ શીલ ’ ભગવંતે કહ્યું,
ચારિત્રનું વલિ પ્રાણ જેવું તેહ શીલને મેં ગ્રહ્યું. ૩૮
શીલવંતને વલિ પૂજ્ય પૂજે ઈંદ્ર વાંદે હોંશથી,
સંઠાણ ને સંઘયણ સારૂં દીર્ઘ આયુ શીલથી;
બલ તેજ ઉત્તમ શીલથી વરબુદ્ધિબલ પણ શીલથી,
આ દેહનો શણગાર ઉત્તમ શીલ સમ બીજો નથી. ૩૯
પરનાર સામું ના જુએ ને અંશ બોલે નહીં,
એ ટેક છે કુલવંતની દૃષ્ટાંત ભાખું હું અહીં;
સીતાહરણ હોતાં પૂછે શ્રીરામ લક્ષ્મણ બંધુને,
કંકણ અને કુંડલ તપાસો ત્યાં કહે શ્રીરામને. ૪૦

કુંડલ ન જાણું તેમ કંકણ ભાઇ હું જાણું નહીં,
પગમાં પડી વંદન કરૂં તેથી નૂપુર જાણું સહી;
સાબીત એથી થાય છે સીતાતણું મુખ કર જુએ,
નહિ, દિયર લક્ષ્મણ તેહથી એવો સરલ ઉત્તર દીએ. ૪૧
પર પુરૂષ ભાઇ જનકસમા મોટા જનક જેવા ગણું,
નાના ગણું પુત્રો સમા સરખી ઉંમરના ભઈ ગણું;
ત્હારે મને તો બ્હેન જેવી માનવી કુલ રીત એ,
કિંપાક ફલ જેવા જ વિષયો લઇ જશે નરકે તને. ૪૨
નિશ્ચય કપાયે જીભડી મધુ લિપ્ત અસિને ચાટતાં,
તેવાજ વિષયો ભાઇ રાજા એહ ના ભૂલી જતાં;
લટ્ઠી લઇ સામા ઉભેલા પુરૂષને દૂધ ચાટતાં,
બિલ્લી જુએ ના તેમ યમને વિષય પંથે ચાલતાં. ૪૩
આ જીવ ના જોતો જરી હોનાર વધ બંધાદિને,
એવા જ દૃષ્ટાંતો ઘણાં સુણ ભાઇ સૂત્ર વિપાકને;
સજ્જન કરંતા કાર્ય તેનું ભાવિ મૂલ વિચારશે,
પરિણામ બૂરૂં જેહનું તેવું કદી ના સાધશે. ૪૪
ચાલે નજર નીચી કરી સ્ત્રીને સ્વભાવે જોઇને,
તે વૃષભ જેવા ધન્ય પુરૂષો વંદું નેહે તેમને;
ઉત્તમ પુરૂષો આળસુ હોવે અકારજના ક્ષણે,
જીવ વધ પ્રસંગે પાંગળા નિંદા વચન જબ સાંભળે. ૪૫
તબ બધિર જેવા હોય પરની નારને પણ દેખવા,
જન્માંધ જેવા હોય તેવા સેવીએ સુખ પામવા;

આ દેહ ઔદારિક મળ્યો જે મુક્તિનું સાધન કહ્યો,
શીલથી સફલતા તેહની ચિત્તે વિચાર કરી જુઓ. ૪૬
શીલના પ્રભાવે કીર્ત્તિ ચઉદિશ ખ્યાતિ તેની વિસ્તરે,
પ્રિય સર્વને પણ તેજ હોવે શીલ ઉત્તમ જે ધરે;
ઉત્તમ ગતિ પણ તેજ પામે દેવ પણ તેને નમે,
સ્થૂલિ ભદ્રજી ગુરૂએ વખાણ્યા એ સુણ્યું મેં આગમે. ૪૭
કનક કોટીને દીયે જિનભુવન સોનાનું કર્યે,
જે પુણ્ય તેનાથી અધિક છે શીલવ્રતને આદર્યે;
લોહ ચુંબક લોહને તિમ શીલ ખેંચે સર્વદા,
સવિ લબ્ધિ સિદ્ધિ ઋદ્ધિ વૃદ્ધિ પ્રકટ ઉત્તમ સંપદા. ૪૮
કાયા થકી પણ શીલ ધરતાં બ્રહ્મ લોકે જઇ રમે,
તેમાં ભળે જો ભાવના શુભ તો શિવાલયમાં રમે;
નિજનાર સંતોષી બની વિષયે વિરાગી શ્રાદ્ધ જે,
તે સૂત્ર માંહે સાધુ જેવો જાણ ઇમ ગણધર કહે. ૪૯
કરૂણા સમો નહિ ધર્મ પર સંતોષ જેવું વ્રત નહીં,
ખરૂં શૌચ સાચું વયણ એ શીલના સમું મંડન નહીં;
શીલ તેજ સાચું દ્રવ્ય સાચો કલ્પતરૂ પણ શીલ છે,
શીલ તેજ સંકટને હઠાવે શીલ મહિમા પૂર્ણ છે. ૫૦
સવિ દુઃખ અનલ શમાવવાને મેઘ સમપણ શીલ છે,
જયવિજયને પણ શીલ આપે શીલ ગુણસરદાર છે;
સીતા અનલમાં હોમતી નિજકાયને પણ ના બલે,
અગ્નિ બન્યો જલરૂપ તે શીલનોજ મહિમા જાણિયે. ૫૧

ઐશ્વર્યનું ભૂષણ મધુરતા વચન ગુપ્તિ શૌર્યનું,
શમ નાણનું શ્રુતનું વિનય છે તિમ સરલતા ધર્મનું;
અક્રોધ તપનું ને ક્ષમા બલવંતનું ભૂષણ ભલું,
ઉત્કૃષ્ટભૂષણ સર્વ ગુણનું જાણ શીલ સોહામણું. ૫૨
ઇમ વિનયથી સમજાવતી બહુવાર મલયાસુંદરી,
વિપરીત બુધ્ધિ વિનાશ કાલે ના સમજતો દીલ જરી;
અંતે પડી અગ્નિ વિષે દુઃખ દુર્ગતિના પામતો,
તંદુલ મત્સ્ય તણી પરે નીચભાવ તે નહિ છોડતો. ૫૩
વેશ્યા સદા રાગી છતાં નિજવેણને માને છતાં,
ભોજન ભલું ખાતાં છતાં પ્રાસાદમાં રહેતાં છતાં;
ઉગતી જુવાની છે છતાં ક્ષણ વૃષ્ટિનો પણ તે છતાં,
કંદર્પ જીત્યો સ્થૂલિભદ્રે રાગ ઝેર ઉતારતાં. ૫૪
વેશ્યા બની વ્રતધારિણી રથકારને પ્રતિબોધતી,
વલિ રયણકંબલ ખાલ ફેંકી સાધુને પ્રતિબોધતી;
કરી નાચ સરસવ રાશિમાં રથકારનો મદ ટાલતી,
જિન ધર્મ સારો પાળતી નરભવ સફલતા સાધતી. ૫૫
ઉઠી પ્રભાતે ભાવના એ ભાવવી શીલધારિના,
વલિ નામ લેવા હોંશથી રાગી બનીને શીલના;
શ્રીમલ્લિ નેમિજિનેશ્વરા શ્રીજંબુસ્વામી કેવલી,
શ્રીસ્થૂલિભદ્ર મુનીશ્વરા નમીએ સુદર્શન સદ્‌ગુણી. ૫૬
શ્રી વજ્રસ્વામી કૃષ્ણ નૃપના ભાઇ ગજ સુકુમાલને,
અતિમુક્ત મુનિને પ્રભવ સ્વામી મનકબાલ મુનીશને;

જિનપાલને શુભ વિજય શ્રેષ્ઠી નાગિલાના કંતને,
નમીએ પ્રભાતે પ્રેમથી હંમેશ તે શીલવંતને. ૫૭
ચંદન અને મલયાગિરિને અંજના સુમૃગાવતી,
વિજયા સુરાણી દ્રૌપદી સીતા શિવા પદ્માવતી;
સુલસા સુભદ્રા રોહિણી રાજીમતી સુપ્રભાવતી,
દમયંતી કુંતી શીલવતી ને ચંદના સુકલાવતી. ૫૮
વલિ પુષ્પચૂલા સુંદરીને રેવતી નિત વંદીએ,
ગૌરી જયંતી દેવકીને નિત્ય બ્રાહ્મી વંદીએ;
જ્યેષ્ઠા સુજ્યેષ્ઠા ધારિણી નંદા વલી નિત વંદીએ,
ભદ્રા મદનરેખા શ્રીદેવી નમદા નિત વંદીએ. ૫૯
વલિ ચિલ્લણા જંબૂવતીને લક્ષ્મણા ને રૂકિમણી,
પદ્માવતી ને સત્યભામા ને સુસીમા શીલગુણી;
શીલધારિ ઋષિદત્તા સતી પ્રણયેજ ગંધારી નમો,
એ નામ ચઉવિહ સંઘમાં ઘે હર્ષ નિત્યે મન ગમો. ૬૦
સતી યક્ષદિન્ના ભૂતદિન્ના તેમ ભૂતા સમરિયે,
વેણા સુયક્ષા તેમ રેણા શ્રેષ્ઠ સેના જાણિયે;
સ્થૂલિ ભદ્ર કેરી બ્હેન સાતે યાદ શક્તિ ધરે અતિ,
નિત નામ લેતાં પ્રથમ મંગલ ઋદ્ધિ પામે બહુમતિ. ૬૧
આકાશ નિધિ નવ ઇંદુ વરસે નેમિ જન્મ દિવસ ભલો,
જિન ચૈત્ય મંડિત રાજનગરે ભાવ પ્રકટયો ઉજ્જવલો;
આ ભાવના પંચાશિકા ગુરૂ નેમિસૂરિ પસાયથી,
ઉવજઝાય પદ્મ વિજય ગણી વિરચે ભણો ઉલ્લાસથી. ૬૨

## महोपाध्याय श्री विजयपद्मगणि प्रणीता

### ॥ श्री भावना षट्त्रिंशिका ॥

( હરિગીત છંદ )

જસ વિશ્વ મહિમા ઝગઝગે કલિકાલ કલ્પ તરૂસમા,
તે પૂજ્ય કેસરીયા પ્રભુ ગુરૂ નેમિસૂરિ મુકુટ સમા;
પ્રણમી પ્રણયથી ભાવના ષટ્ત્રિંશિકા વિરચું મુદા,
ભવિજન સુણી મંગલવરે પામે સદા સુખ સંપદા. ૧

( મંદાક્રાન્તા )

પૂજા સેવા જિનસુગુરૂની તેમ શ્રીધર્મ સેવા,
સામગ્રી આ નરભવ તણી જીવ નિર્વાણ લેવા;
પામ્યો પૂર્વે સફલ ન કરી તીવ્ર અજ્ઞાનધારી,
હોંશે તેથી કર પ્રતિદિને ભાવના સત્ય સારી. ૨

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ )

ક્યારે પ્રેમભરે કરીશ પ્રભુની હું તેહવી પૂજના,
જેવી શ્રેણિક સ્વસ્તિકાદિ કરતા પ્રેમે ધરી ભાવના;
યોગ સ્થૈર્ય સુનાગકેતુ સરખું તેમાં કદા પામશું,
જેથી લીન બની જિનેશ ચરણે જંજાલને વામશું. ૩
જેવી સદ્ગુરૂવંદના શુભમને શ્રી કૃષ્ણજી આદરી,
ફેંકી સંચિત ગાઢ કર્મ નિરયે પીડા હરે આકરી;
તેવા શ્રીગુરૂવંદને રત બની નિત્યે નવોલ્લાસથી,
ક્યારે હોંશ ભરે થઈશ અલગો કર્મો તણા પાશથી. ૪
જેથી રાયકુમાર ભૂપ નિપજ્યો દેશે અઢારે તથા,
લક્ષ્મી શૌર્ય લહેજ શીઘ્ર હરતા શ્રીપાલ કુષ્ઠ વ્યથા;

માની મલ્લ વશે કર્યો ઝપટમાં શ્રીવિક્રમાર્કે મુદા,
ચક્રી ઈંદ્ર સુશાલિભદ્ર પ્રમુખા પામ્યા ઘણી સંપદા. ૫
જેથી હીન સુરદ્રુમો અનુપમો તેથી કહ્યો સૂત્રમાં,
તેવો ધર્મ સમર્થ કર્મ દલને સ્થાયી રહે પાત્રમાં;
તેની સાગર કામદેવ સુલસા આનંદ આરાધના,
સાધે ધૈય ભરે કરે તિણ અહો શ્રીવીર સંશ્લાઘના– ૬
કયારે તેહ કરીશ જીવ નિયમા, તેના વિના તું ભમ્યો,
જ્યારે શ્રી ગુરૂથી રહસ્ય સમજ્યો ત્યારે તને તે ગમ્યો;
જાણી એમજ સાધજે સ્થિર મને કલ્યાણ સન્માર્ગને,
કો લ્યે શુકિત વિચારથી રજતના પામી વિપર્યાસને– ૭
પાત્રેદાન યુધિષ્ઠિરે શુભમને શ્રીશાલિભદ્રે તથા,
દીધું અલ્પ તથાપિ ભાવ ચઢતે શ્રીચંદનાએ યથા;
બીજું મેઘકુમાર શાંતિ પ્રભુએ જીવો બચાવ્યા ઘણા,
પ્રાણન્તે પણ કષ્ટને અનુભવી રાખી ન તેમાં મણા. ૮
રાજા મંત્રિ કુમાર વસ્તુ વિમલે આમે મહીમાં મથી,
મુંજે વીસલ અંબડે યશ તણા દાનો કર્યા હોંશથી;
શ્રીગોપાલ કવીશ મુંગલ તણા ખંગાર સિદ્ધેશના,
ગાવે ગ્રન્થ ગુણો સદા ઉચિતને દેવા થકી દાનના-- ૯
પાત્રાપાત્ર વિચાર નાજ કરતાં સાધો દયા દાનને,
જેવી છે સુખ ચાહનાજ મુજને તેવીજ છે અન્યને;
જાણી સંપ્રતિ ભૂપ સાધન બન્યો ઉદ્ધારમાં દીનના,
ખ્યાતા વિક્રમ ભીમરામ જગડૂ દાને થયા અન્નના ૧૦,

પશ્ચાત્તાપ વિલંબ દુર્વચનને વમુખ્ય ન્યક્કારને,
મૂકીને અનુમોદના પ્રિયવદી હર્ષાશ્રુ રોમાંચને;
ધારી આદરભાવ યાદ કરતો સદ્ભાગ્ય શ્રેયાંસના,
ક્યારે ચેતન એહ દાન કરશો ચાલી ક્રમે પૂર્વના. ૧૧
રેરે ચેતન નિત્ય યાદ કરજે શિક્ષા મુદા શીલની,
સંગે જાસ હણીશ ધર્મકુલને જાલે ફસી મોહની;
નારી તેહ વિવેક દીપ બૂઝવે ચિત્તગૃહે પેસતાં,
શું વિશ્વાસ કરે કદી રમણીનો સંતો નદી જાણતાં. ૧૨
જે દુર્ગંધ પદાર્થ સાર્થ વહતી વિષ્ઠાદિની કોથળી,
જો હોવે નહિં ચર્મ તો સવિ લહે વૈરાગ્યની આવલી;
જેવો પ્રેમ ધરે તિહાં પ્રતિદિને તેવો ધરે ધર્મમાં,
જીવન્મુક્તિ તણા ઇહાંજ ન રહે ખામી કદી શર્મમાં. ૧૩
જીતે જે મદમાન, વિકૃતિ નથ જેને કદી યોગની,
જે આશા કરતા નથી પરતણી ચારિત્રરંગી બની;
જીવન્મુક્તિતણા સુખો અનુભવે તે પૂજ્ય યોગીશ્વરા,
ધોતા કર્મ મલો કુરંગ જનના ઉધ્ધારમાં તત્પરા. ૧૪
ધારી ભાવ, કહેલ શીલ ધરિયું શ્રીસ્થૂલભદ્રાદિકે,
શ્રી જંબૂજિનદાસ તેમ સુલસા, રાજીમતી નારદે;
સીતા શ્રેષ્ઠિ સુદર્શનાદિ વિજયા રાણી તથા શ્રેષ્ઠિએ,
તેવું શીલ ધરી કદા વિચરિશું જેથી શિવે મ્હાલિએ. ૧૫
હોવે કાંચનશુધ્ધ અગ્નિ બલથી સંશુધ્ધ આત્મા તપે,
ભાવે કેવલ નિર્જરા તબ તિહાં કર્મો વિવેકે ખપે;

આશા સંવર મુખ્ય સર્વ તપમાં જે દાસ ઇચ્છા તણા,
તે છે કિંકર વિશ્વના, તિમનથી, તો, પૂજ્ય છો સર્વના. ૧૬
જેની નિશ્ચિત મુકિત તેજ ભાવમાં તે પૂજ્ય તીર્થંકરા,
ઉલ્લાસે તપને તપે સ્થિરપણે ખામી ન રાખે જરા;
દીક્ષા હેત હજાર સાઠ વરિસો આચામ્લ તે સુંદરી,
સાધે પાંડવ ચંદભૂપ મયણા શ્રીપાલ ને દ્રૌપદી. ૧૭
પામે શર્મ દ્રઢ પ્રહારિ તપથી જે ચોરહત્યા કરે,
હેલે યાદવ અંબિલાદિ તપથી આપત્તિને સંહરે;
ચિંતા શાંતિ વિવેક સંવાર તણી જે પાપ પુંજો હરે,
તેથી શાંત ચિલાતિ પુત્ર સહજે પામે સહસ્રારને. ૧૮
લાળે ચક્રિ સનત્કુમાર સુરને આશ્ચર્યમાં નાખતાં,
શ્રીમદ્ ગૌતમ તે તપસ્વિગણને ખીરેજ સંતોષતા;
વસ્ત્રે સૂરીશબપ્પભટ્ટગુરૂના શ્રીઆમરજા તણો,
વિધ્વંસે જ્વર શીઘ્ર એહ મહિમા જાણો તપસ્યા તણો. ૧૯
પ્રેમે તે રસ પાદલિપ્ત ગુરૂને નાગાર્જુને મોકલ્યો,
જે દુર્લભ્ય સુવર્ણ સિદ્ધિ કરણો ઠીબે ભર્યો દેખિયો;
ફેંકે તે ગુરૂ ત્યાગભાવ ધરતા મૂત્રે ભરી મોકલે,
ફેંકે શિષ્ય લુહા સુવર્ણ બનતી દેખી અચંબો લહે. ૨૦
તો તે લબ્ધિ સુસિધ્ધિ ભાવ તપથી જો જ્ઞાન યોગે કરે,
પામ્યો મુક્તિ ન તામલી તિણ લહે ઇશાનના સ્થાનને;
જો સૂકાય ન દેહ યોગ્ય તપથી સૂકાય તો રોગથી,
રે રે ચેતન છોડ દેહ મમતા સાધી તપસ્યા મથી. ૨૧

હોવે સાર્થક દાન શીલ પ્રમુખા જો ભાવ તેમાં ભલે,
લાગે ભોજન મિષ્ટ ખાર ભલતાં શું કાર્ય એકે ચલે;
ભાવે શુધ્ધ કરેલ અલ્પ કિરિયા આપે ઘણી નિર્જરા,
પીતા અમૃત બિંદુ રોગ હરશે બંધાદિ ભાવે ખરા. ૨૨
વૈય્યાવૃત્ય બલે સુશીલ મુનિના જે આદ્ય ચક્રી થયા,
આદર્શે પ્રતિબિંબ કાંતિ નિરખી તે ભાવનામાં ચઢયા;
જે લાવ્યો તનુ સાથ જન્મ ધરતાં જે ભોજ્યથી પોષિયું,
જે હું સાચવતો સદાય, પલમાં તે દેહનું શું થયું. ૨૩
એવી જો સ્થિતિ દેહની સમયમાં તો વાત શી અન્યની,
ધિક્‌ધિક્‌ તોય અબૂઝ જીવ ? ન કરે ભાવ ક્રિયા ભદ્રની;
મોહે આજ સુધી ભમ્યો ભવવને તું જીવ દુઃખી બની,
કોને કાજ કરે ઉપાધિ, દુનિયા આ નિશ્ચયે સ્વાર્થની. ૨૪
જે દે દુઃખ તિહાં કુબુદ્ધિ સુખની ધારી અરે આકરી,
જે આપે સુખ દુઃખની મતિ તિહાં અજ્ઞાનથી આદરી;
કર્મ શ્રેણિ કુટુંબ કાજ વિરચી તેના ફલો વિસ્મરી,
દેશે શું ? સુખ તેજ કર્મ ઉદયે ત્યાં ભાગદારી કરી. ૨૫
તે તું ભોગવનાર કર્મ ફલને જે બંધ કાલે હતો,
બીજા હોય નિમિત્ત માત્ર અછતાં તે શું નથી જાણતો;
શક્ર શ્રીપતિ ચક્રિ દેવ બલિયા તેની કને રાંકડાં,
હોતાં કર્મ વિડંબના નવિ લહે કલ્યાણ તે બાપડા. ૨૬
આત્મા ચિદ્દ્ઘન જેહ ધર્મ વિમલો તે રૂપ હું છું સહી,
મારો સદ્દગુણ બોધ નાર તનયો મારા ન લક્ષ્મી મહી;

સંયોગેજ પરંપરા વ્યસનની પામ્યો અરે રે ભવે,
આવ્યો એક, જઇશ એક, તિણ હું તે વોસિરાવું હવે. ૨૭
તીવ્ર સ્નેહ ધરૂં રમા દ્રવિણમાં હું મૂઢતા આદરી,
તે જો હોત પવિત્ર ધર્મ વિધિમાં તો સિદ્ધિ સાધું ખરી;
ભાવંતા ઇમ ભાવ સાધુ ભરતે ધ્યાનાગ્નિ તેજી કરી,
જેથી આત્મ સુવર્ણ શુદ્ધ બનતાં કૈવલ્ય લક્ષ્મી વરી. ૨૮
કૂર્માપુત્ર લહંત મુક્તિ વિમલા એ ભાવના ભાવતાં,
સાધ્યું ના તપ, તોય, મુકિત સહને, શ્રીઆદિમાતા જતાં;
સદ્ભાવેજ પ્રસન્નચંદ્ર મુનિજી કૈવલ્યરૂપી બન્યા,
જ્ઞાની પંદરસો સુતાપસ થયા શ્રો ગૌતમે બોધિયા. ૨૯
આહારે પડિલાભિયા અભિનવે શ્રી વીરને દેખતાં,
જીર્ણ શ્રેષ્ઠિ ઉદારચિત્ત ધરતાં સદ્ભાવના ભાવતાં;
તે બેમાં ફલસાર કોણ લહતો એ પ્રશ્નના ઉત્તરે,
જીર્ણ શ્રેષ્ઠિ કહે જિનેશ ભવિયા ભાવે ઘણાં નિસ્તરે. ૩૦
આજે હું ભગવંત વીર પ્રણમું એ ભાવથી ચાલતાં,
માર્ગે અશ્વપદે દબાય મરતાં સદ્ભાવના રાખતાં;
હોવે દર્દુર દર્દુરાંક અમરો, એ ભાવના ભાવતાં,
છમ્માસે વિચરી લહીજ કપિલે શ્રી કેવલજ્ઞાનિતા. ૩૧
સંધ્યાએ પ્રભુ નેમિનાથ જિનજી શ્રીદ્વારિકા આવિયા,
જાણી કૃષ્ણ નરેશ એમ વદતા સદ્ભકિતથી ઉલ્લસ્યા;
પ્હેલાં જે નમશે જિનેશ, લહશે પટ્ટાશ્વ તે માહરો,
તેથી પાલક લોભથીજ નમતો રાતે જઈ સત્વરો. ૩૨

ભાવે સાંબ કુમાર આપ ભુવને ઊઠી ધરી હર્ષને,
જાવે સન્મુખ સાત આઠ પગલા, ને ઉત્તરાસંગને;
સાધી વંદત પાદ પદ્મ વિભુના સો અટ્ઠ થોયે કરી,
હાર્યો પાલક અશ્વ સાંબ લહતો ઇચ્છા ન જેને જરી. ૩૩
ભાવે ભાવત એમ અશ્રુ ઝરતે સારંગ સાધુ કલી,
જો હું માણસ હુંત દેત મુનિને તો દાન ભાવે ભલી;
તેવી તે અનુમોદનાજ કરતાં શ્રીબ્રહ્મલોકે ગયો,
રાજા સૂર્યયશા પ્રભાવ બલથી મુક્તિ સ્થલે રાજિયો. ૩૪
ભાવે વલ્કલચીરિ સિદ્ધિ લહતાં ભોગી તર્યા ભાવથા,
સાધે સૈનિકથીજ સૈન્ય જયનેઆશ્ચર્ય તેમાં નથી;
ચે દાનાદિ ઘણા વિશેષ ન ફલે જો ભાવની ત્યાં મણા,
વીરા નામક તંતુવાય કપિલા જો મમ્મણાદિ ઘણા. ૩૫
સાચો મિત્ર સુધર્મનો જ્વલન જે કર્મેન્ધનો બાલવા,
ઘી જેવો વરકૃત્ય અન્ન નિચયે તે ભાવને સાધવા;
થાશો ચેતન યત્નવંત પ્રણયે જે પુણ્યના વાસરે,
સારો તે દિન મુક્તિ હેતુ ગણજે, બીજા દિનો સંચરે. ૩૬

કલશ ( હરિગીત છંદ )

આકાશતત્વ નિધાન શશિ સંવત્સરે કાર્તિક તણા,
પ્હેલાદિને સુપસાયથી ગુરૂ રાજનેમિ સૂરીશ ના;
આ ભાવના ષટ્ત્રિંશિકા ઉવજઝાય પદ્મ વિજય ગણી,
વિરચે ભણો ભવિકા લહો નિત વિજય મંગલ સિરિ ઘણી ૩૭

## શ્રી દહેરાસરમાં પ્રભુની આગળ બોલવા લાયક શ્લોકો

## ॥ श्री स्तुतिपंचाशिका ॥

(છંદ હરિગીત)

॥ मंगलाचरण ॥

મહિમા અપૂરવ જેમનો અતિશય ધરે જે મનહરા,
તે પૂજ્ય કેસરીઆ પ્રભુ ગુરૂરાજ નેમિસૂરીશ્વરા;
વરતીર્થ પ્રણમી 'શ્રી સ્તુતિ પંચાશિકા ' વિરચું મુદા,
ભવિકા ભણી પ્રભુ ઓલખી પામો વિમલ સુખ સંપદા ૧.
પ્રભુ આજ તારા બિંબને જોતાં નયણ સફલા થયા,
પાપો બધા દૂરે ગયા ને ભાવ નિર્મળ નીપજ્યા;
સંસારરૂપ સમુદ્ર ભાસે ચુલુ સરીખો નિશ્ચયે,
આનંદ રંગ તરંગ ઉછલે પદ કમલના આશ્રયે. ૨
નબલી બની જસ પાપસેના તે તને પ્રેમે ભજે,
દારિદ્રયને દૌર્ભાગ્ય ન લહે ને અભેદપણું સજે;
હું સૂર્ય માનું આપને અજ્ઞાન તિમિર હઠાવતા,
વલિ ચંદ્ર માનું આપને મુજ રાગ તાપ શમાવતા. ૩
સાગર કૃપાના નાથ તારૂં વદન આજ નિહાલતા,
નિર્ભય અમે બનતા વલી આપત્તિ દૂરે ટાલતા;
પાવન થયો મુજ જન્મ ના દરકાર મારે કોઈની,
ગણું આજ આંખો દેખતી પર દેખતી શા કામની. ૪
આનંદ દાતા વિશ્વને વલિ મુક્તિ કેરા પંથને,
બતલાવનારા નાથ મારા તારનારા ભવ્યને;
ભંડાર ભાવ રયણતણા છો એહ ભાવ ધરી આમો,
ઇમ બોલીએ નિત્યે પ્રભાતે આપનેજ નમો નમો. ૫

ઉત્તમ ગણું હું તેજ મનને જેહ ધ્યાવે આપને,
ઉત્તમ ગણું તુજ સ્તવન કરવામાં રસિક તે જીભને;
ઉત્તમ ગણું તે આંખને જે નિત્ય દેખે આપને,
છે એક સાચી ચાહના મુજ, તાર તાર હવે મને. ૬
સંસારના વિસ્તારને વિણસાવનારા આપ છો,
ત્રણ ભુવનમાં પણ મુકુટ સરખા દેવ પણ પ્રભુ આપ છો;
આ ઘોર ભવ જંગલ વિષે છો સાર્થવાહ પ્રભુ તમે,
ભવસાગરે બૂડનાર મુજને તારનારા પણ તમે. ૭
જ્યાં નિત્ય સાચી પૂર્ણ શાંતિ તેહ મુક્તિ સ્થાનને,
શોભાવનારા આપ પણ ના દૂર છો આ ભકતને;
હે નાથ ! થુણતા આપને પુષ્કલ હરખ પ્રકટે મને,
તેથીજ જાણું હૃદયમાં પ્રત્યક્ષ ઊભા આપને. ૮
સંસારિ જનના દીલમાં આવો નહિં તુમ જ્યાંસુધી,
અનુભવ કરે નિત પાપ કેરા દુઃખનો તે ત્યાંસુધી;
તે ધ્યેય માની આપને ધ્યાવે અડગભાવે યદા,
જિમ અગ્નિ બાળે કાષ્ઠને તિમ પાપ ભસ્મ કરે તદા. ૯
જે પાપરૂપી પંક તે કરતો મલિન આ જીવને,
મેલાશ જાયે દૂર વધતે ભાવ કરતાં ધ્યાનને;
સિંચાય જે વરધ્યાનરૂપી અમિય રસની ધારથી,
તે હર્ષમાં મ્હાલે સદા પૂરણ બને શુભ ભાવથી. ૧૦
દુઃખમાં દીલાસો આપનારા આપ મદદે જેહની,
આવ્યા નહી કરૂણા ઘણી મુજ ચિત્ત માંહે તેહની;

રાગાદિ ચોરોના જુલમમાં તેહ જન સપડાય છે,
પહેલા નહી ચેત્યો અરે ત્યારે હવે રીબાય છે. ૧૧
અમૃત સરીખા મિષ્ટ ઉત્તમ વચન બોલી આપતા,
પ્રભુ પ્રેમથી અમને શિખામણ તે અમે ભૂલી જતા;
નિર્લજ્જ થઇને સ્વપ્નમાં પણ ના કદી સંભારતા,
અજ્ઞાનથી અપરાધ કીધા સેંકડો અણ છાજતા. ૧૨
તોયે ગણો નિજ ભક્તની કોટી વિષે અમને તમે,
હદપાર કરૂણા આપની એ કેમ ભૂલીશું અમે;
આપજ કૃપા ભંડાર છો ઉન્મત્ત અમવિણ કોણ છે,
અપરાધિને પણ તારનારા આપવિણ પર કોણ છે. ૧૩
પ્રભુ આપ કરૂણા રૂપ કરને દેઈ સઘલા જીવને,
પ્રેમેજ પકડી રાખતા તુજ ધન્ય કરૂણા ભાવને;
નહિ તો જરૂર પડતાજ તેઓ નરકરૂપિ કૂપમાં,
કોના શરણને લેત રોતાં જેહ પલપલવારમાં. ૧૪
ક્લેશો વિનાનો નિર્વિકારી દેહ શોભે આપનો,
તેને નિરખતાં પણ અભવ્ય ન હોય ભાજન હર્ષનો;
જિમ કાકને ન ગમે દરાખ દરાખનો શો દોષ છે ?
જો આપ ન ગમો તેહને ત્યાં આપનો શો દોષ છે. ? ૧૫
છે હાસ્ય સાધન રાગનું ને શસ્ત્ર સાધન દ્વેષનું,
વલિ જે વિલાસો કામના તે પ્રબલ સાધન મોહનું;
તેં હાસ્યને દૂરે કર્યો નવિ શસ્ત્ર રાખ્યા પાસમાં,
ન વિલાસને હૈયડે ધર્યો તેથી હું હરખું ચિત્તમાં. ૧૬

તુજમાં રહેલા ગુણ અનંતા કેમ હું બોલી શકું,
જડબુદ્ધિ હું છું ભકિતરાગે કંઇક પણ બોલી શકું;
જાણી શકો છો આપ મારા ચિત્ત કેરા ભાવને,
ભવભવ પસાયે આપના તે ગુણ તણી ઇચ્છા મને. ૧૭
મષી પુંજ નીલગિરિ જેટલો હોવે જલધિ રૂપ ભાજને,
કાગળ રસાપડસમ બનાવે કલમ સુરતરૂશાખને;
એ સર્વ સાધનથી લખે હંમેશ કુશલ સરસ્વતી,
તોયે કદી ન લખી શકાયે આપના ગુણ છે અતિ. ૧૮
સંસાર ઘોર અપાર છે તેમાં બૂડેલા ભવ્યને,
હે તારનારા નાથ ! શું ભૂલી ગયા નિજ ભકતને;
મારે શરણ છે આપનું નવિ ચાહતો હું અન્યને,
તોપણ મને પ્રભુ તારવામાં ઢીલ કરો શા કારણે. ૧૯
છો આપ બેલી દીનના ઉદ્ધારવામાં દીનને,
આજે ઉપેક્ષા આદરો, છે તે ઉચિત શું આપને;
મૃગ બાલ વનમાં આથડે તિમ ઘોર ભવ માંહે મને,
મૂકયો રખડતો એકલો આપે કહો શા કારણે ૨૦
ભયથી બનેલો ગાભરો હું ચઉ દિશાએ રખડતો,
આધારથી અલગો થયેલો આપ વિણ દુઃખ પામતો;
ધારક અનંતા વીર્યના દેનાર ટેકો જગતને,
હે નાથ ભવ અટવી ઉતારી કર હવે નિર્ભય મને. ૨૧
જિમ સૂર્ય વિણ ના કમલ ખીલે તેમ તુજ વિણ માહરી,
હોવે કદીના મુકિત ભવથી માહરી એ ખાતરી;

જિમ મોર નાચે મેઘને જોઇ હું દેખી આપને,
તિમ નાચ કરૂં હરખાઇને મનમાં ધરી વરભાવને. ૨૨
શું કર્મ કેરો દોષ આ અથવા શું મારો દોષ છે, ?
નહિ ભવ્યતા મારી અરે હત કાલનો શું દોષ છે; ?
અથવા શું મારી ભકિત નિશ્ચલ આપમાં શું થઇ નથી,
જેથી પરમપદ માગતાં પણ દાસને દેતા નથી. ૨૩
હું સ્પષ્ટ બોલું તુજ કને છે તાહરૂં શરણું મને,
આ લોકમાંહે સ્વપ્નમાં પણ ચાહતો નવિ અન્યને;
હે નાથ મારા પ્રાણના મુજ માત તાત ખરા તમે,
મુજ સત્ય જીવિતબંધુ ગુરૂ સામી વલી સાચા તમે. ૨૪
તરછોડશો જો આપ તો થાશે ગતિ શી માહરી,
થલમાંહિ જે ગતિ માછલાની, હાલ તે ગતિ માહરી;
મેં સત્ય અનુભવથી કર્યું છે થીર મનને આપમાં.
સર્વજ્ઞ પ્રભુજી તેહ સઘલું આપની છે જાણમાં. ૨૫
તુમ ભાનુ સરખા ભુવનમાંહિ કમલસમ મન માહરૂં,
તમને બરોબર દેખતાં ઝટ હૃદય વિકસે માહરૂં;
જીવો અનંતા તુમ બચાવો કિમ મને ન બચાવશો,
કેવી દયા આ આપની જાણું ન આપ જણાવશો ૨૬
ધન ભાગ્ય મ્હારા આજ પાવન સંપજ્યો મુજ આતમા,
દરિસણે આનંદ હોવે અસંખ્યેય પ્રદેશમાં;
સંસ્કાર ઉંચ્ચ વધારનારા ભાવ પ્રભુ દેખાડશે,
પ્રભુ આપનું દર્શન અમોલું મુક્તિ ઠાણ પમાડશે. ૨૭
જિમ આમ્ર કેરી મંજરીને જોઇ કોયલ કલ સ્વરે,

ટહુકા કરે બહુ હોંશથી સુણનારને ખૂશી કરે;
તિમ હર્ષ દાતા નાથ નેહે 'વદન' તારૂં દેખતાં,
જે મૂર્ખ તે પણ શીખતો ક્ષણવારમાંહે બોલતાં. ૨૮
કંઇ આવડે ના બોલતાં આને વિચારી ઇમ મને,
તરછોડશો ના નાથ ? મારા આશરો કેનો મને;
નવ અંક સરખા સંત મોટા ભેદ ભાવ તજે સદા,
નમનાર નરને નેહથી નિરખે હરે તસ આપદા. ૨૯
કાલું વદે અછતું વદે શિશુ આલ જાલ વચન કહે,
તોપણ પિતા તે સાંભળીને હર્ષને શું ના લહે;
તેવીજ રીતે આપનો આ ભક્ત પણ જિમતિમ કહે,
તોપણ કહો ન પમાડતો મુદ આપને આ અવસરે. ૩૦
જિમ ભુંડ અશુચિ થાનકે દોડેજ નિજ અભ્યાસથી,
ચલચિત્ત તિમ દોડે વિષયમાં ભૂરિભવઅભ્યાસથી;
જાતાં નિવારૂં તોય પણ ત્યાં ચિત્ત આ ઝટ જાય છે,
તેને તમે અટકાવજો દલડું અપાર દુભાય છે. ૩૧
આ ભક્ત શીર આણા ન ધારે આ વિકલ્પ શું આપને,
જેથી વિનયથી બોલતાં પણ દ્યો નહિ ઉત્તર મને;
સેવક બન્યો હું આપનો ને ઉંચ કોટીએ ચઢયો,
તોયે હૃદયના શત્રુઓનો જુલ્મ હજુ પણ ના ટળ્યો. ૩૨
જો આપ સર્વ નમેલ જનને શૂરવીર બનાવતા,
તો ખલસમા ઉપસર્ગ સવિ કિમ પૂંઠ મુજ ના છોડતા;
પીડે મને ચારે કષાઓ તેહથી હું તુજ કને,

આવી ઉભો જ્ઞાની છતાં પણ નાથ કિમ ન જુઓ મને. ૩૩
વરગંધ હાથી જેહવા શ્રુતબોધ ચક્ષુદાયકા,
વરધર્મ ચક્રી આપ મ્હારા સર્વ સંકટ પાયકા;
પુરૂષોત્તમ પ્રભુ આપ વલિ પુંડરીક જેવા આપ છો,
પુરૂષ સિંહસમા તમે જિનરાજ જગદાધાર છો. ૩૪
શત્રુતણાં પંઝા વિષે સપડાયલા આ દાસને,
છોડવવાને છો સમર્થ સદા તમે આવા સમે;
ના ધ્યાન આપો હે દયાલુ ? ઉચિત તે શું આપને,
સાચું કહું છું એમ કરવું ખચિત અઘટિત આપને. ૩૫
સંસાર સાગરને તરેલા પૂજ્ય પ્રભુજી આપને,
જોતાં ભવે વસવા રતિ જરી ના હુવે આ દાસને;
પણ શું કરૂં ? આ ઘોર આંતર શત્રુઓ કનડે મને,
તે જુલ્મ જો અટકાવશો તો નાથ આવીશ તુજ કને. ૩૬
હે ધીર ? ભવ આધીન તારે તેમ ભવનો પાર જે,
તેહ પણ આધીન તારે તારવામાં ઢીલ જે;
તે કિમ ? તમારા દાસને તાર્યા વિના છૂટકો નથી,
જિમતિમ કરો પણ આપને હું છોડવાનો જરી નથી. ૩૭
માટે કરો ઉદ્ધાર મારો ઢીલ પ્રભુજી ના કરો,
કરૂણા કરી વિનયે કરેલી વીનતિ મુજ સાંભલો;
સંતો સુખડની જેહવા જે આપતા નિજ વસ્તુને,
મોટાઇ દેવામાં સદા તે જાણમાં છે આપને. ૩૮
કરૂણા નહિ પ્રભુ આપની તેથી લહીને દીનતા,

હું જન્મ મરણુ કરૂં ઘણાં સંસારમાં નહિ થીરતા;
ભૂલ્યો ભમ્યો પ્હેલાં પ્રભુ તુજ બિંબ આજ નિહાલતાં,
હદપાર આનંદી બન્યો ખોટા વિભાવો દૂર જતાં. ૩૯
તુજ પૂર્ણતા સ્વાભાવિકી વર રત્ન કાંતિ પ્રભાસમી,
મુજ પૂર્ણતા પરભાવની માગ્યાંઘરેણાંના સમી;
એવું વિચારી ચિત્ત મારૂં થીર બન્યું તુજ બિંબમાં,
નિર્મલ સ્વરૂપે રાજતા પ્રભુ તાહરી ન અજાણમાં. ૪૦
આનંદના દેનાર પ્રભુ દેખાડજો શિવ પંથને,
આ મૂર્ખ કિંકરનેજ સમજાવો ઉચિત સત્યાર્થને;
સંસારના વિસ્તારને વિણસાવનારા આપ છો,
ત્રણ લોકમાં પણ મુકુટ જેવા તીર્ણતારક આપ છો. ૪૧
ભવસાગરે રખડી રહેલા જીવને હોડી સમા,
વલિ સાર્થવાહ સમા તમે સંસાર રૂપ કાંતારમાં;
અનન્ત પૂર્ણાનન્દ પૂરે પૂર્ણ નિર્વાણે રહ્યા,
પ્રત્યક્ષ નિરખું ભક્તિથી હું આપને મુજદીલ વસ્યા. ૪૨
તુજબિંબ જોતાં હર્ષ જાગે એજ સાચી ભવ્યતા,
ક્રોધ દાવાનલ શમાવું મૂર્તિ તારી દેખતા;
કરૂણા સુધાકર માહરા ચિત્તે ન આવો જ્યાંસુધી,
આ પાપ પુંજો કનડગત બહુવાર કરતાં ત્યાંસુધી. ૪૩
પ્રભુ આ હૃદયે આવતા તો પાપ સઘલા દૂર જતાં,
સિંચી અમે શુભભાવઅમૃત શાંતિ સાચી પામતા;
જેની ઉપર મીઠી નજર પ્રભુ આપની પડતી નથી,
તે જન ઇહા રાગાદિથી પીડાય ત્યાં અચારજ નથી. ૪૪

શરણું લીધાથી આપનું મન ભય વિનાનું સંપજે,
ગુરૂનીજ સાચવણી થકી ભવ્યો શિવાલયને ભજે;
કરૂણા સ્વરૂપિ શુભકઠેડો નરક કૂપ ઉપરે કર્યો,
આપે જ પ્રભુજી તેહથી અલગો રહે તે તો બચ્યો. ૪૫
સંકલેશ સઘલા ટાળનારા નિર્વિકારી આપો છો,
સ્ત્રી હાસ્ય હેતિ અક્ષમાલા છોડનારા આપ છો;
નિરખી અભવ્યો આપને આનંદ જે ના પામતા,
તેઓ બિચારા નિજતણા દોષે રીબાતા રખડતા. ૪૬
તે ભરતભૂમિ ભાગ્યશાલી જ્યાં પ્રભુ વિચર્યા તમે,
ચારે ગતિના જંતુઓને પ્રેમદાયક છો તમે;
ઉપજે કમલ કાદવવિષે અંશે ધરે ના લેપને,
ઈમ ભવવિષે રહેતાં છતાં પ્રભુ ના ધરો રજ લેપને. ૪૭
ઇગકોડિસટ્ઠિ લાખ કલશે આપને ન્હવરાવતા,
ચોસઠ હરિ હોવેજ નિર્મલ એજ અચરિજ પામતા;
કર્મરૂપિ પાંદડાંને છેદનારૂં વ્રત લહી,
ચઉનાણ રૂપી મૌનભાવે પ્રભુ ફર્યા ભૂતલ મહી. ૪૮
નિર્મમ કૃપાલુ આપ છો નિર્ગ્રંથ મોટા તે છતાં,
છોઋદ્ધિવાળા નાથ મારા સૌમ્ય તેજસ્વી છતાં;
સંસારથી ભય રાખનારા ધીર કહેવાઓ છતાં,
પૂજે ઘણાયે દેવ પ્રેમે આપને માનવ છતાં. ૪૯
પ્રભુ હું સનાથ બન્યો હવે તુજ ચરણનો લહી આશરો,
જર જમીન જોરૂં તુચ્છ લાગે કાચમણિનો આંતરો;

મોહે બગાડયું માહરૂં તેથી ન જાણ્યા આપને,
સાચો મણિ પરખ્યો હવે હું ના થઈશ વશ મોહને. ૫૦
પુણ્યરૂપ અણુના કણસમી તુજ ચરણરજ હું માનતો,
તે મુજ શીરે લ્યે સ્થાનતો ભય મોહથી ના પામતો;
જિમ લોહચુંબક લોહ ખેંચે ભક્તિ ખેંચે મુક્તિને,
મલજો ભવોભવ સાત્ત્વિકી ભકિત કહું હું આપને. ૫૧
હું આપ દર્શનને ચહું રોગી દવાને જિમ ચહે,
તુજમાં રહો મન માહરૂં મુજ આતમા એહી ચહે;
થાકી જઉં છું બોલતાં જડબુદ્ધિ હું કહું કેટલું,
કરૂણા કરીને તારજો જિન રાજ ચાહું એટલું. ૫૨
આકાશ નિધિ નવ ઈંદુ વર્ષે રાજનગરે હોંશથી,
કેવલ દિને ગૌતમતણા ગુરૂનેમિ સૂર પસાયથી;
વિરચે સ્તુતિ પંચાશિકા ઉવજ્ઝાય પદ્મ વિજય ગણી,
ચોખ્ખી ભણી પ્રભુ ઓલખી સુખ સંપદા પામો ઘણી. ૫૩

॥ ॐनमः श्री सिद्धचक्राय ॥

# महोपाध्याय श्री पद्मविजयगणि प्रणीता

## ॥ श्री संवेगमाला ॥

### मंगलाचरण ( हरिगीत छंद )

જગતીતલે ચિંતામણિ શંખેશ્વરાધીશ પાસને,
પરમોપકારિ પૂજ્ય ગુરૂવર વિજય નેમિસૂરીશને;
પ્રણમી પ્રવર સંવેગમાલા હું રચું આગમ બલે,
ભવિકા ? સુણંતા સંપજે આનંદ મંગલ પલપલે. ૧
દુર્લભ મનુજ ભવ આ મળ્યો દ્રષ્ટાંત દશ સૂત્રે કહ્યાં,
શુભ આર્ય ક્ષેત્રે જન્મ પામ્યો સિદ્ધિના સાધન મલ્યા;
ગુરૂદેવ તારા નિર્મલા જિન ધર્મ પામ્યો નિર્મલો,
શ્રીવીર અંતિમ દેશનાની વાનકી આ સાંભલો. ૨
યત્નો કરંતા સેંકડો વધશે ન જીવિત તાહરૂં,
તુટતાં ન સંધાશે કદી આ જીવન દોરી કહું ખરૂં;
તીર્થંકરો સુરનાયકો પણ મરણ રોકી ના શકયા,
ત્યાં મંત્ર ઔષધ યોગ વિદ્યા સર્વ અફલા સંપજ્યા. ૩
(૧) (૨) (૩) (૪)
નરપણું શ્રવણ જિનવચનનું શ્રદ્ધાન વીરિય સંયમે,
તે જીવ ચઉરંગી ફરી ન લહે પ્રમાદે જે રમે;
તું એમ ધારીશ ના કદી હું ધર્મ સાધીશ ઘડપણે,
જેથી જરા દૂરે કરાયે તે ન રક્ષણ તે ક્ષણે. ૪

આહાર ઉત્તમ તિમ રસાયણ ખાય પણ ન જરા દલે,
ગુજ હાલ ધર્મશાસ્ત્રને જે શક્તિ તે ન પછી મલે;
માટે પ્રમાદ કરીશ'ના રોગે જરાયે જ્યાં સુધી,
ન હણાય ઈંદ્રિય બલ અમમ થઈ ધર્મ કર તું ત્યાંસુધી. ૫
ધન તેજ ઉત્તમ લોકમાં ઉંચ નીચ પણ ધનથી બને,
ધનથી જ કષ્ટ હણાય તેથી ધન કમાવું ઇગ મને;
એવું વિચારી કુમતિ વશ થઈ કરી પ્રપંચો આકરા,
દેખાવ ઋજુતાનો કરીને ધન ઉપાર્જે જે નરા. ૬
બહુ જીવ સાથે વેર બાંધી ભોગમાં પ્રીતિ ધરી,
તે દુર્ગતિમાં સંચરે જ્યાં વેદનાઓ આકરી;
ધન હેતુ વધ બંધાદિનો ધન કુગતિ દાયક ઇમકલી,
ના માનજે પુરૂષાર્થ ધનને ધર્મસાધક તું જરી. ૭
ખાતરતણા બાકા વિષે અંદર અને વલિ બ્હારથી,
પકડાયલો જિમ ચોર દુઃખી હોય કૃત નિજકર્મથી;
તિમ જીવ પોતે આચરેલા કર્મના ઉદયે સહે,
પીડા ઘણી જે દેખતાં ડાહ્યા જનો કરૂણા લહે. ૮
અજ્ઞાનથી બાંધ્યાં કુકર્મ ભોગવ્યા વિણ ના ખસે,
પ્રજ્ઞાપના સૂત્રે કહ્યું અનુભૂત કર્મદલિક ખસે;
રાખે અરે જેવું ડહાપણ કર્મતરૂ ફલ ચાખતાં,
તેવું જરૂર તું રાખજે ભઈ? કર્મતરૂને વાવતાં. ૯
સંસારિ જીવો આપ કાજે અન્ય કાજે પણ ઘણાં,
કરતાં સમજ દૂરે કરી વ્યાપાર મીલ કૃષિ આદિના;

જે બાંધવોને કાજ કરતા પાપ કર્મો આકરા,
દુઃખના સમે કર્મો તણા ના ભાગ લેશે તે જરા. ૧૦
કર્મો કરીને મેળવેલી માલમીલ્કત પામવા,
પુત્રો જઇ કોરટ વિષે ઝગડાજ કરશે નવનવા;
ધન ભાગ લેશે તે બધા ના ભાગ લેશે કર્મનો,
સૌ સ્વાર્થના ભેગા ભળ્યા મેળો સમજજે પંખિનો. ૧૧
સમકીતવંતા જીવડા આ કેદખાના જેહવા,
ભવ જાલમાં વસતાં છતાં તે ધાવમાતા જેહવા;
ન્યારા રહે અણુછૂટકે આરંભ કરતાં પણ ડરે,
સ્થાનાંગ સૂત્ર તણા વચનની પલપલે યાદી કરે. ૧૨
પ્રભુવીર ગોયમ આદિ ચઉદસ સહસ મુનિવરને કહે,
ચઉ કારણે જીવો ઘણાંયે નરક વાસાને લહે;
આરંભ બહુ[1] મમતા ઘણી[2] હિંસા કરે[3] પંચિંદ્રિની,
આહાર કરતાં[4] માંસનો પામે કુપીડા નરકની. ૧૩
માયા કરંતા જૂઠ વદતાં તેમ ઉત્કંચન કરે,
વિવિધ ઠગબાજી કરંતા તિરિગઇમાં સંચરે;
ઠગતાં જ ભોળા જીવને પરપાસ વાત છુપાવતા,
થીર મૌન સેવન તેહ ઉત્કંચન પ્રભુ ઇમ ભાષતા. ૧૪
કરૂણા[1] વિનય[3] સરલ સ્વભાવે[3] નિરભિમાન દશા ધરે[4],
ચઉકારણે મનુજાયુ બાંધી મનુજ ગતિમાં સંચરે;
સંયમ સરાગ[1] અણુવ્રતો[2] નિષ્કામ નિર્જરણા[3] બલે,
વલિ બાલતપ[4] ચઉકારણે ગતિ દેવની જીવને મલે. ૧૫

॥ હવે દરેક કર્મના વિસ્તારથી કારણો કહે છે ॥

સુજ્ઞાન દર્શનવંતની તિમ જ્ઞાનને દર્શન તણી,
આશાતના કરવા થકી તે બેઉના સાધન તણી;
મત્સર કરે પૈશૂન્ય નિહ્નવ વિઘ્ન ઘાત ક્રિયા બલે,
જ્ઞાન દર્શન ઢાંકનારા કર્મ બાંધી ભવ ફરે. ૧૬

પ્રભુ પૂજના ગુરૂસેવના કરૂણા દુવિહ સંયમ બલે,
દેતાં સુપાત્રે દાન ખંતિ શૌચ બાલ તપોબલે;
હોતાં અકામે નિર્જરા, દશ કારણો ઇમ સાધતાં,
આસન્ન ભસિદ્ધિક જીવ શાતા વેદનીને બાંધતા. ૧૭

દુઃખ શોક વધ પરિદેવના સંતાપને આક્રંદના,
નિજમાં અને પરમાં રહેલા તે અશાતા કર્મના;
ગુરૂ હેતુ ષટ્ પ્રભુએ કહ્યા દુઃખ આપનારા જાણજે,
તેથી રહીને દૂર ચેતન શર્મ સાધન સેવજે. ૧૮

તજજેજ પંદર કારણો તેવાજ દર્શન મોહના,
પ્રભુશાસ્ત્ર સંઘ સુધર્મના ને સુર અધિષ્ઠાયક તણા;
નિંદા વચન મિથ્યાત્વને 'અપલાપ કેવલિ સિદ્ધનો',
વલિ દેવનો અપલાપ ધાર્મિકના વદે નિત દૂષણો. ૧૯

ઉન્માર્ગની વલિ દેશના ઘે તિમ કદાગ્રહ રાખતા,
ગુરૂ આદિનું અપમાન કરતા ને અસંયત પૂજતા;
સહસા કરંતા કામ દર્શન મોહનીને બાંધતા,
હે જીવ પંદર આશ્રવોને છોડજે સુખ ચાહતા. ૨૦

ક્રોધાદિના વ્યાપારથી બંધાય સંયમ મોહની,
ભવને પમાડે જેહ એ વ્યુત્પત્તિ જાણ કષાયની;

ચઉ સોલ ચઉસઠ ભેદ તેના સૂત્ર પન્નવણા કહે,
તેથી જ નિત અલગા રહે તે નાણ કેવલને લહે. ૨૧
ક્રોધે ગતિ તિરિયંચની જિમ સાધુ સર્પપણું લહે,
માને નૃપતિ રાવણ ઘણી આપત્તિ અહિંયા પણ લહે;
માયા બલે સ્ત્રીવેદ પામે તીર્થપતિ ઓગણીશમા,
લોભેજ મમ્મણ આદિ જીવો સંચરે સંસારમાં. ૨૨
શેલડીને ચાવતાં સંતોષ ના જે રાખતા,
થૂ થૂ કરે તે લોભથી છેવટ છુંછાળું ચાવતા;
સંતોષવંતા તેજ સુખિયા ધર્મ મોઝે સાધતા,
બાંધે ન ચીકણાં કર્મને ભવ બેઉના ફલ પામતા. ૨૩
હાંસી કરે[1] સ્ત્રીઆદિની જેથી વિકાર વધે ઘણાં,
કરતાં જ[2] ઠઠ્ઠા મશ્કરી નિષ્ફલ વચણ વદતાં[3] ઘણાં;
દીનતા જણાયે જેહથી તેવા વચણ ઉચ્ચારતાં[4],
હસતાં[5] ઘણું ઇમ હાસ્ય કારણ પંચ પ્રભુજી ભાષતા. ૨૪
બહુ જાત ક્રીડા ખેલ કરતાં[1] નાટકાદિક પેખતાં[2],
પરચિત્ત વશ કરતાં[3] અને બહુ દેશ જોવા ચાહતાં[4];
ઇમ જાણજે ચઉકારણે બંધાય છે રતિ મોહની,
એ ચાર હેતુ છોડજે તો ચ હના જો શર્મની. ૨૫
પર ગુણ વિષે જે દોષ આરોપે અસૂયા[1] તે મુણો,
પર નામ ઇર્ષ્યા જાણિયે ધુર હેતુ અરતિ કર્મનો;

ટેવ પાડે[૨] પાપની કરે નાશ પરના હર્ષનો,
હસતાંજ પરદુઃખ જોઇને હોવેજ બંધ અરતિ તણો. ૨૬
એ ચાર કારણ અરતિના હે જીવ ? તજજે તું સદા,
બહુ માન ધરજે અન્યના ગુણ દેખતાં હોંશે સદા;
તેવું કરંતા ગુણ મલે સુખ સાધનો નિત પામિયે,
પર જીવ સુખિયો દેખતાં એ પુણ્યના ફલ જાણિયે. ૨૭
બૂરૂં થશે તારૂં ખચિત પરનું અનિષ્ટ વિચારતાં,
એવું વયણ વાચકતણું મુજ હર્ષ યાદી આવતાં;
સત્કૃત્ય કરવાનો સદા અભ્યાસ જીવ ? તું રાખજે,
પર જીવને દુઃખિયો કદી કરવા સુખી તત્પર થજે. ૨૮
બીકણ પણું નિત રાખતાં વલિ અન્યને બીવરાવતાં,
તિમ ત્રાસ દેતાં મારવાની ભાવના મન રાખતાં;
એ બંધકારણથી બચીને નીડર બનજે અન્યને,
ભય ત્રાસ ના આપીશ નિત્ય બચાવજે સવિજીવને. ૨૯
દ્વેષી હતો તોયે બચાવે વીર મંખલિ પુત્રને,
અપરાધિની પણ ઉપર કરૂણા રાખ જાણ રહસ્યને;
તેજ સાચો ધર્મરાગી જેહ જન અપરાધિને,
પ્રેમે બચાવે ભેદભાવે ના જુએ નિજ અન્યને. ૩૦
મન શોક રાખે વેણ તેવા ઉચ્ચરે અજ્ઞાનથી,
પરચિત્ત માંહે શોકને પ્રકટાવતો અજ્ઞાનથી;
રોવા વિષે આસક્તિ ધરતાં એમ એ ત્રણ હેતુથી,
શોક મોહની કર્મ બાંધે હેતુ છોડ વિવેકથી. ૩૧

પ્રિય પદાર્થ તણા વિયોગે તેમ રોગાદિક થતાં,
હોવેજ પ્રાયે શોક તેને દૂર કરવા ચાહતાં;
વસ્તુ સ્વરૂપ વિચારવું બાંધી અશાતા વેદની,
તેથી ખરેખર ભોગવું હું વેદનાને રોગની. ૩૨
બાંધ્યા કરમ વિણભોગવ્યે ક્યારેજ છૂટવાનાં નથી,
ત્યાં શોક કરતાં નવીન બાંધે એમ જાણું શાસ્ત્રથી;
એવા ક્ષણે સમતા ધરી રોગાદિની પીડા સહે,
તે અલ્પ સમયે હોય સુખિયો એમ વીરજિનવર કહે. ૩૩
ઉત્તમ વિવેક મનુજ ભવે કલ્યાણના સવિ સાધનો,
નહિતિરિય નરકે દેવભવમાં બોધ એવો શાસ્ત્રનો;
રાખી હૃદયમાં ધૈર્યથી જ્ઞાની સહે છે વેદના,
હીંમત ગુમાવી ક્લેશ પામે અજ્ઞ ટાણે દુઃખના. ૩૪
જ્ઞાની કરેલા કર્મનો અનુભવ કરે એ કાયદો,
અજ્ઞાનિને લાગુ પડે સરખી રીતે ક્રમ ના જુદો;
એવું વિચારી શોકને ના રાખજે નિજ ચિત્તમાં,
પરમને ના શોક ઉપજાવીશ બોલું ટૂંકમાં. ૩૫
સુખના સમયમાં પુણ્યની મુંડીજ ખામી થાય છે,
એવું વિચારી ના ફૂલાજે સાવચેતી રાખજે;
'ધર્મે' અડગતા આદરી દુઃખિયાતણા દુઃખ ટાલજે,
કારૂણ્ય કેરી ભાવના નિત્ય પ્રભાતે ભાવજે. ૩૬
દુઃખના સમયમાં ધર્ય રાખી હાયવોય કરીશ ના,
દુઃખ દે અશાતા વેદની જાશેજ ગભરાઇશ ના;

દુરિત કચરો દૂર થાતાં હર્ષ કિમ પામે નહી,
એવું નિરંતર ભાવતાં તુજ પાપ થીર રહે નહી. ૩૭
ભય ત્રાસ તેં દીધા હશે પરજીવને પૂરવ ભવે,
તેનો જ બદલો આ તને એવુંજ આવે અનુભવે;
તેવો જ બદલો દાન જેવું જિમ તમાચો ગાળનો,
એવું વિચારી ધૈર્ય રાખી માર્ગ લેજે ધર્મનો. ૩૮
ચેતતાં પરજીવને સુખિયો થવા સુખ આપજે.
દીલમાં દીલાસો પામવા શિક્ષા હૃદયમાં રાખજે;
અલ્પ જીવનને વધારો એમ સુરપતિ વીનવે,
વીરજિન ઉત્તર દીયે ત્રણ કાલ ઈમિ ના સંભવે. ૩૯
વસ્તુ સ્થિતિ એવી છતાં બહુ કાલ જીવન કારણે,
લીધેલ વ્રત નિયમો બગાડે જીવ ? તું શા કારણે;
વર્જિત પદાર્થો સેવવા વલિ દોડધામ ઘણી કરે,
એ તો મતિભ્રમ તાહરો મોહિત થઇ આ શું કરે. ? ૪૦
સંયોગ જેનો સાંપડયો હોશે વિયોગજ તેહનો,
જિમ પંખીનો મેળો તરૂપર તેમ મેળો સર્વનો;
મરનાર મળવાનો નથી શું કામ પાછળ તેહની,
મરવા કરે છે ધંપછાડા એ નિશાની મૂર્ખની. ૪૧
અજ્ઞાનથી પાડે બરાડા આર્ત્તધ્યાને આથડે,
તેથીજ ચીકણા કર્મ બાંધે ખાડ ખોદે તે પડે;
ષટ્ખંડ નાયક કેશવો બલદેવ બલવંતા હતા,
પણ આઉખું નિજ પૂર્ણ હોતાં મરણ પંથે ચાલતા. ૪૨

કાયર પુરૂષ મરનારની કેડે મરણને ચાહતા,
એવા પ્રસંગે સત્ત્વશાલી ધૈર્ય ઉત્તમ ધારતા;
શોક કરતાં ને રડંતા સત્ય ફલ ના સંપજે,
જે જન્મ પામે તે મરે એ નિયમ હૃદયે રાખજે. ૪૩
એનુંજ હોવે મરણને બીજાનું મૃત્યુ ના બને,
તો શોક કરવો વ્યાજબી પણ એહવું ન કદી બને;
છદ્મસ્થ સઘલા જીવને આ કાયદો લાગુ પડે,
ધનવંત કે નિર્ધન ભલે તોલાય સબ એકે ધડે. ૪૪
પ્રિય બંધુ આદિકના મરણથી રૂદન કિમ તું આદરે,
શિક્ષા ભલી આપી તને મરનાર પરભવ સંચરે;
હે ભાઇ ? ચેતી ચાલજે વિશ્વાસ કર ના કાલનો,
અણચિંતવ્યું આવે મરણ ઝટ પંથ લેજે ધર્મનો. ૪૫
અનુત્તર સુરોનું આઉખું તેત્રીસ સાગરનું કહ્યું,
તેવા સુરો પણ ચ્યવન પામે એમ જિન મતમાં કહ્યું;
નિશ્ચય મરણ સંસારિનું તેથી નીકળ ઊભા પગે,
ને સાધ સંયમ તેમ કરતાં બ્હાદુરી છે ત્યાં લગે. ૪૬
આડે પગે તો સર્વ નીકળે ત્યાં ન હુંશિયારી જરી,
આવ્યો સમય ચાલ્યો જશે મલશે ન આ તક ફરી ફરી;
મરનાર નરને જોઇને એ બોધ મનમાં રાખજે,
હે જીવ ? જીવન સુધારજે તિમ અન્યને સંભલાવજે. ૪૭
મંત્રીશ વસ્તુપાલને પૂછે કુશલ બીજા જનો,
આયુ ઘટે છે નિત કુશલ કયાં દે જવાબ વિવેકનો;

આશ્ચર્ય એ મરતા ઘણાં તોયે બીજા રહેવા ચહે,
નિંદ ઉડાડી સુણી એ સુજન શિવપંથે રહે. ૪૮

લાગણીથી ધર્મ કરતાં પાપ કેરા જોરને,
નિશ્ચય ઘટાડીશ ને વધારીશ પુણ્ય કેરા જોરને;
બલવાન જન કમજોર નરને જેમ શીઘ્ર દબાવતો,
તિમ પાપ પુંજ દબાય છે જો પુણ્ય બલિયું હોય તો. ૪૯

નિંદા કરંતા[1] સંઘની તેને વલી તરછોડતા[2],
ઉત્તમ સદાચારિતણી નિત ખોદણીને સાધતા[3];
ત્રણ કારણે અજ્ઞાનજન બાંધે જુગુપ્સા મોહની,
નિંદા કરીશ ના કોઇ દિન શ્રી સંઘ ગુણિ માનવ તણી. ૫૦

શ્રી સંઘના પદકમલ કેરી ધૂલના પુંજે કરી,
મુજ આંગણું પાવન થશે કયારે પરમ હરખે કરી;
મંત્રીશ વસ્તુપાલ એવી ભાવના નિત ભાવતા,
ઉત્તમ વિવેકે સંઘને તસચરણ ધોઇ જમાડતા. ૫૧

છો સંઘપતિ મોટા તમે ઇમ લોક બોલે મંત્રિને,
ત્યારે કહે વિનયે કરી શ્રી સંઘપતિના અર્થને;
સંઘ છે પતિ જેહનો હું તેહવો છું સંઘનો,
નાયક થવા લાયક નથી લઘુદાસ હું છું તેહનો. ૫૨

પૂજ્ય નંદી સૂત્રમાં જેની ઘણી ઉપમા કહી,
જે રત્ન કેરી ખાણ સમ પ્રભુ જેહને નમતા સહી;

જિમ ખાણમાં રત્નો ઘણા તિમ સંઘમાં રત્નો ઘણા,
અરિહંત કેવલિ ગણધરા શ્રુત કેવલી આદિક ઘણા. ૫૩
જે સંઘની પૂજા કરે તે જાતિ કુલ નિર્મલ કરે,
છેદેજ દુર્ગતિ દોરડા નિજ નામને શશિ મંડલે;
લખતો જલાંજલિ ઘેજ દુઃખને સ્વર્ગ શિવની સંપદા,
પામેજ તે જન અલ્પકાલે તીર્થપતિની સંપદા. ૫૪
ઘર આંગણે તેનાજ હોવે વૃષ્ટિ સોનૈયા તણી,
ઘરમાંય દાખલ થાય રત્ન નિધાન વર રળિયામણી;
આ સુરલતા તેના ઘરે ઊગેજ ઘર પાવન કરે,
જે જનતણું શ્રી સંઘ તેને લાભ બોલેલા મલે. ૫૫
જે તીર્થરૂપ ગણાય પ્રભુજી સમવસરણે બેસતા,
"ॐ नमो तित्थस्स" બોલી દેશના નિત આપતા;
મહિમા ઘણો શ્રી સંઘનો વાચસ્પતિ કહી ના શકે,
ભંડાર ગુણનો સંઘ જાણો ભક્તિથી ભવ તરી શકે. ૫૬
આ વિશ્વરૂપ સરોવરે જિન ધર્મરૂપ કમલ વિષે,
શ્રી સંઘ જાણે હંસ ઉત્તમ હોય ઈમ મુજ મન દિસે;
એવીજ ઉત્તમ ભાવના મંત્રીશ વસ્તુપાલની,
તે આગલી શુભ ભાવના પણ ભાવના શ્રી સંઘની. ૫૭
ભવમાં રખડતા જીવ ? તું બહુવાર નર સુરલોકની,
ઋદ્ધિ અને સામ્રાજ્ય પામ્યો પૂજ્ય સંઘપતિ તણી;
પદવી મલે ના જો મલે તો એ નિશાની ભાગ્યની,
માટેજ સંઘપતિ બની કર ભક્તિ આ શ્રી સંઘની. ૫૮

માતા પિતાનો ભક્ત જે પરિજન સ્વજન સંતોષતો,
શાંત સ્વભાવે જેહ શ્રદ્ધા રંગ પૂરે દીપતો;
મદ કલહ ટાલણહાર ઉજ્વલ શીલબુદ્ધિ ધારતો,
દાન વર્ષી તિમ દયાલુ પરવિભવ ગુણ દેખતો. ૫૯

આનંદને ધરતો નિરન્તર તેમ પંચ દકારને,
દાક્ષિણ્ય ગુણથી શોભતો ત્રણકાલ પૂજે નાથને;
તેવા ગુણો જે ચિત્ત ધારે તેહ સંઘપતિ મુણો,
એ ભાવ સંક્ષેપે કહ્યો વિસ્તાર શાસ્ત્રવિષે ઘણો. ૬૦

આજપૂરા ભાગ્ય ખીલ્યા આજનો અવસર ભલો,
આજે ફલી આશા જનકની માહરી માતા તણો;
આજેજ આશીર્વાદ ફલિયો સિદ્ધગિરિમાં આવતા,
યાત્રાળુઓની ભક્તિ કરવા સમય ઉત્તમ પામતા. ૬૧

હું ધન્ય વલિ કૃતકૃત્ય માનું જન્મ પાવન માહરો,
સફલી ઘડી મુજ આજની ને દિવસ પાવન માહરો;
ઈમ મંત્રિ વસ્તુપાલ ભાવી સંઘની ભક્તિ કરે,
બહુ લાભ પામે એ સુણીને સંઘપતિ શિક્ષા ધરે. ૬૨

લોલૂપતા[1] વિષયાદિમાં ન કરીશ જૂઠાં વયણને[2],
તજ વક્રતા[3] ઈર્ષ્યા[4] પરસ્ત્રીના વિલાસે પ્રેમને[5];
એ પાંચ કારણ ના તજે તો બાંધતાં સ્ત્રી વેદને,
ધારી સરલતા સત્ય બોલી શીલ નિર્મલ ધારને. ૬૩

પરનારીમાં આસક્તને તિમ વિષયલોલુપ જીવને,
રોગાદિ બૂરા નીપજે સુણજેજ ત્રીજા અંગને;
રોગની ઉત્પત્તિ ત્યાં નવ કારણે પ્રભુ ઉચ્ચરે,
ઇર્ષ્યા તણા બૂરા વિપકો અગ્નિશર્માને મલે. ૬૪

જૂઠાં વયણ ઉચ્ચારતાં વસુરાય દુઃખ બહુ પામતા,
વક્રતાને રાખતાં સ્ત્રીભાવ તિરિપણું પામતા;
ભગવંત શ્રીમુખ બોલતા સીધા જનો સુખ પામશે,
ભાવ ચોખ્ખા રાખનારો રખડ પટ્ટી ટાલશે. ૬૫

નિજ નાર સંતોષી[1] બની ગુણિને સુખીને જોઇને,
ઇર્ષ્યા કરે ના[2] એમ માની પૂર્વભવના પુણ્યને;
કરતાં[3] કષાયો પાતળા જિન ધર્મ[4] ચોખ્ખા દીલથી,
ચઉ કારણે નર વેદ બાંધે એમ જાણ્યું શાસ્ત્રથી. ૬૬

ઉભયમાં આસક્તિ રાખે ભાંડ ચેષ્ટા[1] આદરે,
સ્ત્રીઆદિનો વ્રત ભંગ કરતાં[2] ભોગ ઇચ્છા અતિ[3] ધરે;
ક્રોધાદિ તીવ્ર કષાય ધરતાં[4] એહવા ચઉ કારણે,
કિંકર બનેલા મોહના બાંધે નપુંસક વેદને. ૬૭

નિંદા કરંતા[1] સાધુની વલિ વિઘ્ન કરતાં[2] ધર્મિને,
નિત્ય અવિરતિને વખાણે[3] દેશ વિરતિ વંતને;
બહુ અંતરાય કરે[4] વખાણે નિત્યનારી આદિને,
ચારિત્રમાં દૂષણ બતાવે[5] નોકષાય[6] કષાયને[7]. ૬૮

પ્રકટાવનારો સાત કરણ તીવ્ર સંયમ મોહની,
બાંધે બચી એથી ન કરજે નિંદના મુનિરાજની;
મદદ કરજે ધર્મિને ચારિત્ર નિત્ય વખાણજે,
હોતાં કષાય શમાવજે બલ મોહનુંજ ઘટાડજે. ૬૯
પંચેન્દ્રીને[૧] હણતાં ઘણાં સાવદ્ય આરંભે[૨] કરી,
મૂર્છા સ્વરૂપ પરિગ્રહ કરતાં[૩] ક્રૂરતાને[૪] આદરી;
માંસ ખાતાં[૫] રૌદ્રધ્યાને વૈર બુદ્ધિ[૬] થીર કરી,[૭]
પ્હેલા[૮] કષાયે કૃષ્ણ[૯] નીલ કાપોત[૧૦] લેશ્યા દીલ ધરી.[૧૧] ૭૦
જૂઠ વદતાં[૧૨] ચોરી કરતાં ભોગ[૧૩] સાધન સેવતાં,[૧૪]
ઇંદ્રિયવશે બહુ પાપ કરતાં નરક[૧૫] જીવિત બાંધતાં;
હે જીવ ? પંદર કારણો એ છોડજે નિત ચેતતા,
નરકાયુને બાંધ્યા પછી પરતંત્રજન ના છૂટતા. ૭૧
માંકડ પકડતાં દૂર ભાગે એહથી સમજાય છે,
જીવન વ્હાલું માનનારા સર્વ જીવ જણાય છે;
માટે હણીશ ના કોઇને ન કરીશ આરંભો કદી,
ધન આદિની મૂર્છા તજી સાચાં વચણ નિત્યે વદી. ૭૨
મન વચન કાયાએ કરી કરૂણા નિરન્તર પાલજે,
સાત વ્યસનો છોડજે વલિ આર્ત્ત રૌદ્ર ન ધ્યાવજે;
વૈર ના કદી રાખજે હોતાંજ શીઘ્ર ખમાવજે,
આલોચના રૂડીજ દુષ્કર કહત ચૂર્ણિનિશીથ જે. ૭૩

પ્હેલા કષાયો કૃષ્ણનીલ કાપોત લેશ્યા છોડજે,
ચોરી કરીશ ના કોઈ દિન વિષયો બધા તરછોડજે;
માતા પિતાને મેઘ કુંવરે વિષય દુઃખદાયી કહ્યા,
છેવટ જવાબ સચોટ દેતાં જનક જનની થીર થયા. ૭૪
પુત્રભિક્ષા આપવા પ્રભુવીરને તત્પર થયા,
મેઘમુનિ સંયમ ધરીને સર્વથા સુખિયા બન્યા;
મોટા વિદેહે સિદ્ધિ લેશે એમ છઠ્ઠા અંગમાં,
એવું સુણી વિષયાદિને તજ દૂર સમજી શાનમાં. ૭૫
પ્રભુ વાણીને સુણવા થકી વશ થાય મનરૂપ વાંદરો,
એમ કરવાથીજ ઇંદ્રિય હોય વશ કહે ગણધરો;
ઉપદેશ પંદર કારણોને છોડવા સંક્ષેપથી,
મેં સૂત્રને અનુસાર દીધો અંશ પણ વિપરીત નથી. ૭૬
ઉન્માર્ગની ઘે[1] દેશના કરતા[2] વિનાશ સુમાર્ગનો,
પરદ્રવ્યને[3] સંતાડતા આદર દ્વિતીય કષાયનો;
કરતાં[4] કપટ[5] વ્રત[6]શીલને[7] કરતા મલિન આરંભને[8],
પરિગ્રહ[9] કરંતાં આર્તધ્યાની[10] ચિત્ત રાખે[11] શલ્યને. ૭૭
કાપોત[12]નીલ[13] લેશ્યા બલે તિર્યંચ આયુ બાંધતાં,
એ તેર કારણ ગણધરો નિજ શિષ્યને સમજાવતા;
સન્માર્ગને નિત પોષવા શિવમાર્ગની શુભદેશના,
હે જીવ ? દેજે છોડજે વ્યાપારને આરંભના. ૭૮

પરદ્રવ્યને હેયું ગણી શુભ ધ્યાનને નિત સેવજે,
દીલમાં સરલતા રાખજે વ્રત શીલને સંભાલજે;
પરિગ્રહ તજી મિથ્યાત્વ માયા ને નિયાણું છોડજે,
કાપોત નીલ લેશ્યા તણા પરિણામ ન કદી રાખજે. ૭૯

જેણે કરી શ્રાવકપણું આ જીવડો પામે નહી,
બીજા કષાયો તેહવા જાણી ઉદય વશ થા નહી;
મનમાંય એવા અક્ષરો નિત કોતરીને રાખજે,
મન વચન કાય સુધારજે તિર્યંચના દુઃખ ટાલજે. ૮૦

આવો પધારો એમ કહી બોલાવતાં ગુણવંતને,
પોતેજ બોલાવે પ્રથમ ધારી ગૃહસ્થ વિવેકને;
હિતકારિ મિત પ્રિય વચન વદતાં દાન પરને આપતાં,
દેવ ગુરૂને પૂજતા તિમ ધર્મ ધ્યાને રાચતા. ૮૧

આરંભ પરિગ્રહ અલ્પ કરતાં સરલતાને રાખતાં,
વ્યવહારમાં મધ્યસ્થતા કાપોત પીત લેશ્યા છતાં;
મધ્યમ પરિણામે કરી પરને સુખે સમજાવતા,
ત્રીજા કષાયે શ્રેષ્ઠ નરના આઉખાને બાંધતાં. ૮૨

પંદર સુરાયુ કારણો ઇમ તીર્થપતિજી બોલતા,
સંયમ[1] સરાગે દેશ સંયમ[2] શુદ્ધ શ્રદ્ધા રાખતા[3];
કલ્યાણ મિત્ર તણો પરિચય[4] શુદ્ધ તપને સાધતા[5],
ત્રણ રત્નને આરાધતાં[6] નિષ્કામ નિર્જરણા થતા[7]. ૮૩

મૃત્યુ કાલે પદ્મ લેશ્યા[૮] પીત લેશ્યા[૯] રાખતા,
ધર્મ શ્રવણ કરવા તણો અભ્યાસ ઉજ્વલ રાખતાં[૧૦];
અવ્યક્ત સામાયિક બલે[૧૧] અજ્ઞાન તપને સાધતા[૧૨],
શુભ પાત્ર માંહે દાન દેતાં[૧૩] દેવ ભવને પામતા. ૮૪
મરતાં[૧૪] ગળે ફાંસો દઈ જલ અગ્નિ[૧૫] આદિક સાધને,
કેઇક લાયક જીવ પ્રાયે બાંધતાં સુર આયુને;
સમભાવની જ્યાં મુખ્યતા વિસ્તાર બોધ ન જે વિષે,
તેવી પવિત્ર ક્રિયા કહ્યું અવ્યક્ત સામાયિક શ્રુતે. ૮૫
સારણા વલિ વારણા તિમ ચોયણા પડિચોયણા,
ધર્મમાં નિત્યે તને જે જોડવા કરતા સદા;
આયતનને સેવતા નિઃસ્વાર્થ તુજ હિત ચાહતા,
કલ્યાણ મિત્રો તેહવા તું સેવજે પદ તેમના. ૮૬
બે ભેદ છઠ્ઠા કર્મના તે અશુભ શુભ ભેદે મુણો,
પ્હેલાં કહું હેતુ અશુભ ના ત્યાગ કરજો તેહનો;
મનમાંય રાખે[૧] વક્રતા તિમ વક્ર વચણો બોલતાં[૨],
કુટિલ કિરિયા કાયથી કરતાં[૩] બતાવી કુશલતા. ૮૭
પરનેજ છેતરતાં તથા માયા પ્રયોગો સાધતાં,
મિથ્યાત્વ દીલમાં રાખતાં તિમ ચાડિયા પણું રાખતાં;
ચિત્તની ચપલતા રાખતાં તિમ નૉટ આદિ બનાવટી,
સિક્કા બનાવે તેમ રૂપિયા મ્હોર સર્વ બનાવટી. ૮૮

ખોટીજ શાખો પૂરતા બહુ વસ્તુના વર્ણાદિને,
પલટાવીને સાચી કહી કરતાં વિવિધ વ્યાપારને;
ભૂલ થાપમાં નાંખી અપરને માન આપી લોભને,
ભેગસેળ કરી કરંતા અન્નના વ્યાપારને. ૮૯
કાપતાંજ કપાવતાં પર અંગ તેમ ઉપાંગને,
નિર્દયપણે તિમ વેચતાં સાવદ્ય પંજર યંત્રને;
ત્રાજવાં તોલાજ ખોટા માપને નિપજાવતા,
નિત એહ ત્રણને વેચતાં તિમ અન્ય જનને નિંદતાં. ૯૦
હણતાંજ જૂઠું બોલતાં કરતાંજ ચોરી અન્યની,
આરંભ પરિગ્રહ સેવતાં ચેષ્ટા કરંતા વિષયની;
વયણો કહંતા આકરાં હલકાં વયણ ઉચ્ચારતાં,
વિવિધ વેષાદિક સજી મદ આઠમાંનો રાખતાં. ૯૧
ચોટ કાર્મણ આદિને બકવાટ ક્રોધ ઉદીરતાં,
સૌભાગ્યનો ઉપઘાત કરતાં ત્યાગને લજવાવતાં;
દેતાં ભૂષણ વેશ્યાદિને કૌતુક ઘણાં ઉપજાવતાં,
દશ પાંચ કર્માદાન કરતાં દીલ કષાયો રાખતાં. ૯૨
બ્હાને સદા દેવાદિના ગંધાદિ વસ્તુ ચોરતાં,
વનમાંય દવ સળગાવતા ચૈત્યાદિને વિણસાવતાં;
નામ કર્મ ખરાબ બાંધે એજ ઉલટા હેતુઓ,
આરાધવાથી બાંધતા શુભ નામ કર્મ ભવિકજનો. ૯૩
મનથી વચનથી કાયથી નિત સરલાને ધારતા,
મન થીર કરી દર્શન લહી ખોટા પ્રપંચે છોડતા;

તિમ ત્રાજવાને કાટલા માંપાજ સાચા રાખતા,
સંતોષ વૃત્તિ રાખીને પાંચેજ આશ્રવ છોડતા. ૯૪
પ્રિયમિત વચણ હિત બોલતાં તિમ વેષ ધાર્મિક રાખતા,
નમ્રતાને રાખતાં વાચાલતા દૂર ટાલતા;
રાખી ક્ષમા મુઠ ચોટ કાર્મણ દુમ્મણાદિક છોડતા,
ડોળ ખોટો છોડતાં વેશ્યા પ્રમુખ નહિ પોષતાં. ૯૫
ચૈત્યો ઉપાશ્રયને પ્રતિમા નિત્ય સાચવતાં છતાં,
ધન જેહ ધર્માદા તણું તેને સદા સંભાળતાં;
ના ઉપેક્ષા આદરે શ્રાવક સદા શકિત છતાં,
તજતાંજ કર્માદાન ઇમ શુભ નામ કર્મો બાંધતાં. ૯૬
તિમ શ્રેષ્ઠ દર્શન ભાવનાથી વીસ થાનક સેવતાં,
પુણ્યશાલી શ્રેષ્ઠ પદવી તીર્થપતિની પામતાં;
દેદીપ્યમાન પ્રભાવશાલી ધર્મ દીવો છે છતાં,
માર્ગ ભૂલી મૂઢ જીવો ભવવને નિત રખડતા. ૯૭
તે સર્વ જીવોને પ્રવર જિન ધર્મ દીપ પ્રકાશથી,
તેહ વનના પારગામી હું બનાવુ પ્રેમથી;
એવું વિચારી તેમ કરતાં વીસ સ્થાનક સાધતા,
અમૃત અનુષ્ઠાને કરી જિન નામ કર્મ ઉપાર્જતા. ૯૮
એહવા ક્રમથી કહ્યા તે વીસ થાનક શ્રુત વિષે,
અરિહંત સિદ્ધગુરૂ સ્થવિર બહુશ્રુત તણી ભક્તિ વિષે;
ગચ્છ શ્રુત તપસી તણી તત્પરપણું શુભ ભક્તિમાં,
અપ્રમાદ આવશ્યક ક્રિયામાં તેમ સંયમ શીલમાં. ૯૯

વિનય જ્ઞાનાભ્યાસ તપ તિમ દાન કેરી સાધના,
બહુ વાર ધ્યાન સુસેવના જિનતીર્થની સુપ્રભાવના;
શાંતિ પમાડી સંઘને મુનિરાજ ચરણ ઉપાસના,
ઉલ્લાસથી ભણવું નવું કરવી સુદર્શન સાધના. ૧૦૦

પ્રથમ અંતિમ તીર્થપતિજી સર્વ થાનક સાધતા,
શેષ જિનપતિ દોય ત્રણ વલિ વીસ થાનક સાધતા;
અન્ય ગ્રંથે ક્રમ જુદો નામો જુદાજ જણાય છે,
પૂર્વના ત્રીજે ભવે તસ બંધ ગાઢો થાય છે. ૧૦૧

નિંદા[1] અવજ્ઞા[2] અન્યની તિમ મશ્કરી[3] કરતાં છતાં,
પરના ગુણોજ છુપાવતાં[4] બે ભેદ દોષ બતાવતા[5];
નિજ ગુણ વખાણે[6] દોય ભેદે નિજ પ્રશંસા સાધતા[7],
નિજ દોષ ઢાંકે[8] આઠ ભેદે દુષ્ટ મદને સેવતા[9]. ૧૦૨

આ જીવ એ નવ કારણે બાંધેજ હલકા ગોત્રને,
એવું વિચારી દીલમાં નિંદા અપરની છોડજે;
હાંસી અવજ્ઞા અન્યની ન કરીશ આપ બડાઇને,
પર ગુણ વખાણી કોઇ દિન બોલીશ ના પરદોષને. ૧૦૩

નિજ ગુણ પ્રશંસા છોડજે તિમ આઠ મદને ટાલજે,
પ્રશમ સુખ અટકાવનારા આઠ મદ ઇમ જાણજે;
પ્રશમ રતિના વેણ ને પણ આ સમય ના ભૂલજે,
યોગ શાસ્ત્ર વિષે કહેલી વાતને ના ભૂલજે. ૧૦૪

હે જીવ ? જેના મદ કરે તે વસ્તુ હીન પમાય છે,
એવું ઘણાં શાસ્ત્રો વિષે વાંચેલ યાદ કરાય છે;
કુલ જાતિ બલ રૂપ તપ ગણો ઐશ્વર્ય વિદ્યા લાભનો,
મદ આઠ ભેદે જાણિયે ઇમિ પાઠ પુષ્કલ શાસ્ત્રનો. ૧૦૫
પ્રભુ આદિદેવ જિનેશ્વરા નયરી અયોધ્યા એકદા,
આવ્યાજ ત્યારે વાંદવાને ભરત ચક્રી આવતા;
સંતોષ પામી નાથની વરદેશનાને સાંભળી,
બે હાથ જોડી તીર્થપતિને પૂછતા પ્રીતિ ધરી. ૧૦૬
આ પર્ષદામાં ભરત ક્ષેત્રે ભાવિકાલે પામશે,
જે તીર્થપતિની સંપદા તે દ્રવ્યજિનનો જીવ છે ? ;
હે ભરતરાય ? મરીચિનામે પુત્ર જે આ તાહરો,
જે ત્રિદંડી વેષ રાખે સંયમે થઈ ગાભરો. ૧૦૭
તે આજ ચોવીશી વિષે ચોવીશમો જિનપતિ થશે,
પ્રિય મિત્ર નામા ચક્રવર્તી વલિ વિદેહે તે થશે;
પ્રવર મૂકા રાજધાની તેહની તુમ જાણજો,
આ ભરત ક્ષેત્રે પ્રથમ વાસુદેવ હોશે જાણજો. ૧૦૮
એ સાંભળી રાજી થઇ ત્રણવાર દેઈ પ્રદક્ષિણા,
વંદી મરીચિને કહે તું લાભ પામીશ નિર્મલા;
તીર્થપતિતા ચક્રિતા વલિ વાસુદેવની સંપદા,
હોશે તને જિનજીવ જાણી હું કરૂં છું વંદના. ૧૦૯
સ્તુતિ ઇમ કરી ચક્રી ગયા નિજઠાણ મરીચિ નાચતાં,
ત્રિપદી પછાડી ખૂશ થઇને વેંણ આવાં બોલતાં;

હું વાસુદેવ પ્રથમ વલી ચક્રી ચરમ તીર્થંકરો,
હોઇશ તેથી શ્રેષ્ઠ કુલ છે માહરૂં મદ ઉછળ્યો. ૧૧૦
મારા પિતા સવિચક્રિમાંહે ચક્રવર્ત્તી પ્રથમ છે,
દાદા સકલ તીર્થંકરોમાં પ્રથમ આદિજિનેશ છે;
તેથીજ કુલ ઉત્તમ અહો મુજ એમ મદ મન આવતાં,
બીજ જેવો અંકુરો તિમ ગોત્ર હલકું બાંધતાં. ૧૧૧
તે ગોત્રના અનુભાવથી અવતાર વિપ્રકુલે લહે,
જોજે વિચારી તીર્થપતિને કર્મ બાંધેલાં નડે;
કુલ મદ કરંતા નીચ કુલમાં જન્મ પામે જીવડા,
નીચ પણ ઉત્તમ બને નાનાજ તે જે છે વડા. ૧૧૨
મારીજ ઉત્તમ જાતિ છે ના અન્યની ઈમ મદ વશે,
હલકાં ગણંતા અન્યને નીચ જાતિ હરિકેશી લહે;
જીવે કર્યાં બહુ જન્મ મરણો સર્વયોનિજાતિમાં,
સર્વ કુલમાં સર્વઠાણે જીવ ? સમજ સંક્ષેપમાં. ૧૧૩
હુંશિયાર યુદ્ધે જેહ તે બલવંત બલમદ રાખતાં,
વસુભૂતિ શ્રેણિક આકરી બહુજાત પીડા પામતા;
ચક્રી સનતના દેહની રોગિષ્ઠતા મન ભાવતાં,
ડાહ્યાજનો રૂપમદ કરે ના દેખતાંજ અનિત્યતા. ૧૧૪
ભૂલી સ્વરૂપ મદ તપ તણો કૂરગડુ મુનીશ્વર સેવતા,
ન કરી શકે નાની તપસ્યા કર્મ છેલ્લું બાંધતા;
ઐશ્વર્ય વસ્તુ અનિત્ય જાણી તેહનો મદ છોડજે,
હેવાલ રાયદશાર્ણનો હંમેશ ખૂબ વિચારજે. ૧૧૫

અલ્પજ્ઞ હું છું એમ લઘુતા ચિત્તમાંહે રાખજે,
સ્થૂલિભદ્ર વર્ણન સાંભલીને જ્ઞાનનો મદ ટાલજે;
સત્યનાણી વિનયવાલો કલ્પવૃક્ષ સમો કહ્યો,
કલિકાલમાં પણ કલ્પ વૃક્ષો વિનીત નાણી ધુર કહ્યો. ૧૧૬
દેખાવડો રૂપે છતાં શીલવંત બીજો સુરતરૂ,
સત્તા છતાંયે નીતિ પાલે એહ ત્રીજો સુરતરૂ;
બહુદાન કરનારા ધનિક એહીજ ચોથો સુરતરૂ,
રાખે ક્ષમા બલિયો છતાં એહીજ પંચમ સુરતરૂ. ૧૧૭
તૃષ્ણા વિશાલ ગગન સમી તિણ લોભ વધતો લાભથી,
પાંચ મળતાં દશતણા ઇચ્છા રહે ખોટું નથી;
દશ પામતાં પણ શત તણી ઇચ્છા હૃદયમાં થાય છે,
તિમ તિમ વધે છે લોભ જીવને લાભ જિમ જિમ થાય છે.૧૧૮
લાભ કરતાં લોભમાં માત્રા વધારે હોય છે,
તેથીજ લોભ વધારનારો લાભ આ પંકાય છે;
લાભ મળતાં સાત ક્ષેત્રે દ્રવ્યને નિત વાપરી,
ટાળજે અભિમાનને અવસર મળે ના ફરી ફરી. ૧૧૯
લાભ મદને સેવનારા જન બિચારા નરકમાં,
રીબાય ચક્રિ સુભૂમનું દૃષ્ટાંત સુવિહિત શાસ્ત્રમાં;
શિક્ષા સ્વરૂપે ટૂંકમાં એ આઠ મદ વિવરી કહ્યા,
મદ ટાળતાં શુભ ગોત્ર બાંધે ચેતનાર તરી ગયા. ૧૨૦
નીચ ગોત્ર કેરા હેતુને વિપરીત ભાવે સેવતાં,
ગુરૂદેવને શુભ ભાવથી વાંદી ત્રિકાલે પૂજતાં;

નમ્રતા વિનયે કરી ઉપકાર પરનો સાધતાં,
સાધર્મિવાત્સલ્યે કરી ઝટ ગોત્ર ઉંચું બાંધતાં. ૧૨૧
દાન માંહે વિઘ્ન કરતાં દાન વિઘ્નજ બાંધતાં,
લાભ માંહે વિઘ્ન કરતાં લાભ વિઘ્નજ બાંધતાં;
ભોગ માંહે વિઘ્ન કરતાં ભોગ વિઘ્નજ બાંધતાં,
ઉપભોગ માંહે વિઘ્ન કરતાં ભેદ ચોથો બાંધતાં. ૧૨૨
વીર્ય માંહે વિઘ્ન કરતાં વીર્ય વિઘ્નજ બાંધતાં,
ઇમ અંતરાય સકારણે કારણ વિના કરતાં છતાં;
ભંડારિ જેવા આઠમા એ કર્મને જન બાંધતાં,
નૃપ શું કરે ? દાનાદિ જો ભંડારિની પ્રતિકૂલતા. ૧૨૩
દેવાય તેવી વસ્તુ છે શુભ પાત્ર સામો છે છતાં,
ફલ દાનનું જાણે છતાં દાનાન્તરાયોદય થતાં;
જીવ ના દીયે તીર્થંકરો ઇમ પર્ષદામાં બોલતા,
દેનારને ઉત્સાહ દેતાં જીવ બહુ સુખ પામતા. ૧૨૪
ઇષ્ટ વસ્તુ મળે નહી લાભાન્તરાયોદય છતાં,
ભોગ્ય અર્થ ન વાપરે ભોગાન્તરાયોદય છતાં;
ઉપભોગ વિઘ્ને ફરી ફરી ના વાપરે ઉપભોગ્યને,
વીર્ય વિઘ્ને અલ્પકાર્યે ફેરવે ના વીર્યને. ૧૨૫
એ કારણોનું આશ્રવો એવુંજ બીજું નામ છે,
એથીજ સંસારે ઘણી આપત્તિ નિત્ય પમાય છે;
દીર્ઘ ગટનાળા સમા એ આશ્રવોને જાણજે,
જીવ રૂપ તળાવ પાણી કર્મ છે ઇમ જાણજે. ૧૨૬

દીર્ઘ ગઢનાળે કરી જલનો પ્રવાહ તળાવમાં,
જિમ આવતો તિમ આશ્રવે કરી આત્મરૂપ તળાવમાં;
કર્મ રૂપ જલ આવતું તે રોકવાને સંવરો,
નિત સેવવા શુભ ભાવથી ઇમિ બોલતા તીર્થંકરો. ૧૨૭
મન વચન કાયાની ક્રિયા તે યોગ લક્ષણ જાણિયે,
યોગ આશ્રવ તેમ બંધન હેતુ ભિન્ન ન જાણિયે;
મૈત્રી વિગેરે ભાવનાથી કર્મ શુભ બંધાય છે,
વિષયો કષાયો સેવતાં કર્મો અશુભ બંધાય છે. ૧૨૮
દુરિત કોઈ ન આચરો સઘલા જનો સુખિયા બનો,
સર્વ પામો મુક્તિ એવી ભાવના મૈત્રી મુણો;
આ ભાવનાવાળો ખમાવે અન્યને પોતે ખમે,
નિજ પર વિષે ના ભેદ માને સર્વને પ્રેમે નમે. ૧૨૯
સર્વ દોષો ટાળનારા વસ્તુ તત્ત્વ વિલોકતા,
ઇમ નાણકિરિયા બેઉને નિર્વાણ હેતુ માનતા;
ગુણવંત જનના ધૈર્ય દમ શમ ઉચિતતા ગંભીરતા,
વિનયાદિ ગુણને જોઇને પોતે હરખથી વાંદતાં. ૧૩૦
આવો પધારો આસને મીઠાં વચન ઇમ ઉચ્ચરે,
ગુણ પામવા તે પૂજ્યના ગુણના વખાણ સ્તુતિ કરે;
દ્રવ્યભાવે ભકિત કરતાં હર્ષ સાચો મન ધરે,
એ ભાવના સુપ્રમોદની શ્રાવક પ્રભાતે ઉચ્ચરે. ૧૩૧
નિજ કર્મના ઉદયે થયા દુખિયા જનોને જોઇને,
ભવજલધિ તરવા તુંબડા એ એમ દીલમાં ભાવીને;

કરૂણા કરે બે ભેદથી નિજ દ્રવ્યના ભોગે કરી,
પરને બચાવે દ્રવ્ય કરૂણા પાલવી હોંશે કરી. ૧૩૨
નહિ ધર્મ પામેલા જનોને શુદ્ધ ધર્મ પમાડવો,
જિન ધર્મ પામેલા જનોને સ્થૈર્યભાવ પમાડવો;
પ્રેમપૂર્વક શાંતિથી નિત સ્મારણા પ્રમુખે કરી,
પૂર્ણ ઉત્સાહી બનાવે ભાવના કરૂણા ખરી. ૧૩૩
અજ્ઞાનથી શાસ્ત્રો પ્રવર્ત્તાવે કરી કુવિકલ્પના,
પોતે ડૂબે પરને ડૂબાવે દેઇ ખોટી દેશના;
કરૂણાજનક તે હીન જીવો એ પ્રવૃત્તિ છોડીને,
સન્માર્ગ પામો એમ ભાવો નિત્ય કરૂણા ભાવને. ૧૩૪
પ્રભુવીર જિન મરીચિભવે ઉન્માર્ગ કેરી દેશના,
દેઇ જો ભવમાં ભમે સાગર સુધી બહુ કાલના;
તો પાપ પુંજો બાંધનારા આ બીચારા જીવની,
શી ગણત્રી ? એમ ભાવો ભાવના એ દાનની. ૧૩૫
ભોગ સાધન પામવાને દોડધામ કરે ઘણી,
વલિ જેહજન હિતકારિ વસ્તુ કોઇ દિન ના સેવતા;
જે મળ્યા તે ભોગવી તૃષ્ણા ધરે ઉરમાં ઘણી,
અહિત વસ્તુ ના તજીને વિવિધ પીડા પામતા. ૧૩૬
ધન પામવા પીડા સહે પામેલ દ્રવ્ય બચાવવા,
પીડા સહે વપરાય તો સંકલ્પ કરતા નવ નવા;
લાહ્ય લાગે ચોર ચોરે રાજદંડે ધન જતાં,
વિવિધ પીડા ભોગવે તે આર્ત્તજન જિન બોલતા. ૧૩૭

તેવા જનોને જોઇ આ ચંચલ હૃદયના માનવો,
બહુ કાલ વિષયો ભોગવે તોયે વિકલ્પ કરી નવો;
સંતોષ ના પામે બિચારા માંખ જિમ બળખા વિષે,
ચોંટે વિષય બળખા વિષે ચોંટી જુએ ચારે દિશે. ૧૩૮
પંથે કયે તે આર્ત્તજનને પ્રશમ અમૃત પાઇને,
વીતરાગપણું પમાડું ચરણ પંથે જોડીને;
એવો સમય પામીશ જ્યારે સફલ તે દિનરાતને,
માનીશ ભાવો એમ કરૂણા ભાવનાના ભેદને. ૧૩૯
વિવિધ ભયના હેતુથી બીકણ બનેલા બાલને,
તિમ વૃદ્ધને નિર્ભય બનાવું નિત પમાડી ધૈર્યને;
અન્યને ના ત્રાસ દેતાં ભય દીયે ના જે નરા,
તેઓ ન પામે ત્રાસ ભયને સંકટો વલિ આકરા. ૧૪૦
મરણ સન્મુખ જે રહેલા સ્વધન આદિ વિયોગને,
ગણતાં અનિષ્ટ મરણ તણાં જે ભોગવે બહુ દુઃખને;
ભય ટાળનારા જિન વચનને સંભળાવી તેમને,
નિર્વાણ લાયક હું બનાવું એમ કરૂણા ભાવને. ૧૪૧
ઋષિ નારની હત્યા કરે જે બાલની હત્યા કરે,
ખાતાં અભક્ષ્ય અપેય પીએ દેવગુરૂ નિંદા કરે;
ખોટી બડાઇ નિજ તણી જે જન કરે પર તેહના,
રાખે ઉપેક્ષા ભાવ તે મધ્યસ્થતાની ભાવના. ૧૪૨
જિનધર્મથી મૂકાયલો હું ચક્રિપણું ના ચાહતો,
જિન ધર્મથી વાસિત થયેલું દાસપણું હું ચાહતો;

જિનધર્મ હીણા ચક્રિયો બહુ ઘોર પાપો આચરી,
નરકે રીબાયે તેહથી એ ચક્રિતા ગણું ના ખરી. ૧૪૩
લાભાન્તરાય તણાજ ઉદયે જીવ દાસપણું લહે,
જિન ધર્મની શુભ સાધનાથી કર્મ આઠે ઝટ દહે;
ઇમ ભાવના નિત ભાવતા તિમ તે પ્રમાણે વર્ત્તતા,
પુષ્કલજનો શુભ કર્મ બાંધે નિર્જરા પણ સાધતા. ૧૪૪
સૂત્રને અનુસાર સાચા વયણ નિત્યે બોલતા,
શુભ કર્મ બાંધે અશુભ પણ વિપરીત ભાવે વર્ત્તતા;
કાયા થકી શુભ કાર્ય કરતાં કર્મ શુભ બંધાય છે,
આરંભથી હિંસા થતાં કર્મો અશુભ બંધાય છે. ૧૪૫
વિષય યોગ પ્રમાદ અવિરતિ આર્ત્તરૌદ્ર ધ્યાન એ,
મિથ્યાત્વ સોલ કષાય જાણો અશુભ કર્મ નિમિત્ત એ;
હે જીવ ? એ સંસારમાં રખડાવનારા જાણિને,
તેથી સદા અલગો રહી આરાધ શ્રી જિન ધર્મને. ૧૪૬
પ્રભુવીર ત્રિપુટી શુદ્ધ શિક્ષા આપતા સવિજીવને,
ઉત્કૃષ્ટ શત્રુ પ્રમાદ તે દેતો નિરન્તર દુઃખને;
સુણ ચિત્ત દઇ ઉપનય સહિત શાસ્ત્રોક્ત આ દૃષ્ટાન્તને,
એ સાંભલીને દોરજે હિતમાર્ગમાં તુજ ચિત્તને. ૧૪૭
જિમ ધાતુવાદિજનો ગયા જ્યાં તિમિરની નાંહી મણા,
તે ગિરિ ઉપર દીવા લઇને માર્ગથી ગુફા તણા;
ચાલતાં દીવા બૂઝાયા નિજપ્રમાદ વશે કરી,
સાચોજ શત્રુ એહ ન ફરે વીરની વાણી ખરી. ૧૪૮

આવી પડચા વિકરાલ પંથે આમતિમ તે આથડે,
દેખેલ મારગ પૂર્વનો તે ગોતતાં પણ નવિ જડે;
સર્પો ડસ્યા ખાડે પડચા છેવટ અતિથિ યમના થયા,
આ પ્રમાદે તાહરી પણ એ દશા પ્રભુ કહી ગયા. ૧૪૯
સમજાવવાને સ્પષ્ટ ઘટના હું કહું તે સમજજે,
શ્રુત બોધ દીવો તેહ મલશે કર્મલાઘવથીજ જે;
તેથી કલીને માર્ગ શિવનો જીવ પ્રમાદ કરે પડી,
લ્યે ના ખબર તે દીપની બૂઝી ગયો તિણુ તે ઘડી. ૧૫૦
મૂંઝાય મિથ્યાભાવ તિમિરે લોભ સર્પ ડસ્યો તિહાં,
દુષ્ટ ગતિ ખાડે પડી બોલે સુપંથ ગયો કિહાં;
હારી ગયો જિન ધર્મ પામ્યો પણ ન પામ્યા જેહવો,
વિત્તાદિની આસક્તિથી પામે ન અવસર એહવો. ૧૫૧
સૂવે કદી અવિવેક જીવો તું ન સૂઇશ પણ જરા,
ગાડર પ્રવાહે સુખ નહી ઇમ માનતા ડાહ્યા ખરા;
મદનિયાની કાણમાં રાણી નૃપતિ આદિ ગયા,
બીના ગધેડીના શિશુની સાંભળી દીલગીર થયા. ૧૫૨
હિતકાર્યમાં કરતા પ્રવૃત્તિ અહિત કાર્યો નવિ કરે,
શુભ બોધ હૃદયે ધારનારા સુજન નિર્ભય થઇ ફરે;
પ્રતિબુદ્ધ તે જે દ્રવ્યથી નિદ્રા હરીને ભાવથી,
જ્ઞાતા યથાર્થ પદાર્થનો તેવો થજે તું મથી મથી. ૧૫૩
સુણજે અગડદત્તાદિના દ્રષ્ટાંત શ્રીગુરૂની કને,
હૃદયે ધરી તરછોડજે દુઃખદાયિ એહ પ્રમાદને;

જે ઉચિત કાર્યો શીઘ્ર સાધે આશુ પ્રજ્ઞ તે જાણજે,
તેવા જનોનો સંગ પામી અપ્રમાદી તું થજે. ૧૫૪
છે કાલ રૌદ્ર હરણ કરે જે પ્રાણનું નિર્દયપણે,
તેને ન જીતે કોઇ બલથી જાણજે નિશ્ચયપણે;
ઘટતીજ જાયે શક્તિ તનુની કાલ અવસર્પિણીતણો,
હે ભાઇ? માટે માન શીખ મુજ સમય આ તુજ હિતતણો. ૧૫૫
ડોક જૂદી ચરણ ત્રણ તિમ ઉદર જેને એક છે,
બોલી મનુજના જેહવી ભારંડપક્ષી તેહ છે;
ભિન્ન ફલ ખાવા તણી ઇચ્છા થતાં મૃત્યુ લહે,
પ્રિય જીવન કાજે તેહ પક્ષી સાવચેત સદા રહે. ૧૫૬
તુજધર્મજીવન કાજ ચેતન ? અપ્રમાદ દશા ધરી,
શાસન બગીચામાં સફર કર એજ કરણી છે ખરી;
પર વસ્તુની અભિલાષ તે દુઃખ આકરૂં તું જાણજે,
નિઃસ્પૃહાગુણ ધારિને સાચાં સુખોને પામજે. ૧૫૭
સુણજે સદા જિનવચણને એથીજ આત્મિક ઉન્નતિ,
જિનવચણ ત્રિપુટી શુદ્ધ તે આપે સદાયે સન્મતિ;
દૂરે હઠાવે આધિ વ્યાધિ તિમ ઉપાધિ ઝેરને,
નોળવેલ સમું કહ્યું તીર્થંકરે એ કારણે. ૧૫૮
દોરા પ્રમુખને પાશલા જેવા ગણી ભારંડ આ,
ચાલે યથા તિમ દુષ્ટ સંકલ્પો તથા ભાષાક્રિયા;
કર્મબંધન હેતુ જાણી અપ્રમાદી થઇ સદા,
ચારિત્ર રૂપિ વ્હાણની રક્ષા કરી લ્યે સંપદા. ૧૫૯

આ દેહ દોષોથી ભરેલો છે સદાયે તે છતાં,
જ્ઞાનાદિનો શુભ લાભ તેથી જ્યાં સુધી મુનિ પામતાં;
ત્યાંસુધી તનને ટકાવે અન્ન પાનાદિક બલે,
ઉપક્રમ અકાલે જિમ ન લાગે તેમ વરને પલ પલે. ૧૬૦
છેવટ સમય મુનિ એમ જાણે આ શરીરતણા બલે,
પેદાશ ગુણની ના થતી ને નિર્જરા પણ ના મલે;
હોવે ન ધર્મ ધ્યાન ઉત્તમ એમ નિર્ણય શુભ કરી,
કર્મ મલ દૂર કરે સાપેક્ષતા તનની હરી. ૧૬૧
પ્રભુ આ પ્રસંગે ઉચ્ચરે મંડિકના દૃષ્ટાંતને,
લૂંટેલ ધનને પામવા મૂલ દેવ નૃપ એ ચોરને;
નિજ વાસ રાખે કામ સરતાં શૂલિની શિક્ષા કરે,
ઇમ લાભ જાણી દેહ રક્ષણ સર્વદા ગુણિજન કરે. ૧૬૨
ગુરૂબુદ્ધિને અનુસાર સઘલા સૂત્રના અર્થો થતાં,
એવું વિચારી ભવ્યજીવો આણ ગુરૂની પાલતાં;
ખોટો કદાગ્રહ રજ ન રાખે એમ ટાળી કલેશને,
કર્મ બંધ થકી બચી જે સાચવે શુભ શીલને. ૧૬૩
તે નિર્જરા પુષ્કલ લહે નિર્વાણ થોડા સમયમાં,
જનતા ગણે કલ્યાણ તેના નામ કેરા જાપમાં;
આપ મતિએ ચાલનારા જન કદાગ્રહમાં પડી,
પામે અનંતો ભવ અનર્થો ભોગવે બહુ રડી રડી. ૧૬૪
છટ્ઠ અટ્ઠમ દસમ દુવાલસ અર્ધમાસ ખમણ કરે,
આણ ગુરૂની ઓલવે તો લાભ તેથી ના મલે;

માટે ગુરૂની આણ માની આપમતિને છોડિયે,
તો નાણ દર્શન ચરણની થીરતા અપૂરવ પામિયે. ૧૬૫
શિક્ષકતણી શિક્ષા લહી જિમ અશ્વ બખ્તર ધારિને,
શિક્ષક તણા વચને રહીને પામતો ઝટ વિજયને;
તોફાનિ ઘોડો હાર આપે ઇમ વિચારી સર્વદા,
અપ્રમત્તપણે વિચરિને પામિયે શિવ સંપદા. ૧૬૬
તે ખિન્ન ના હોવે પછી શરૂઆતમાં જે ચેતતા,
ઇમ ના કરે તો અંત સમયે દીલગીર બહુ થતા;
ધર્મ પાછળથી કરીશું ઇમ વદે નિરૂપક્રમી,
પણ ઇમ ન માને કોઇ દિન ગુણિ માનવો સોપક્રમી. ૧૬૭
મેં ધર્મ રજ ના આચર્યો પાપો અઢારે આચર્યા,
સુખ ચાહના દીલમાં ઘણી પણ તેહના કારણ તજ્યા;
દુઃખી થવા ઇચ્છા નહીં પણ દુઃખ સાધન ના તજ્યા,
ઇમિ શોક કરતા મૂર્ખ જીવો ચેતનાર સુખી થયા. ૧૬૮
અભ્યાસ સારો પાડજે વિષયો બધા તરછોડજે,
સમ માન શત્રુમિત્રને લોક સ્વરૂપ વિચારજે;
દુર્ગતિના સાધનોથી અલગ આત્મા રાખજે,
દૃષ્ટાંત બ્રાહ્મણ વાણિયાની નારનું અહીં જાણજે. ૧૬૯
અરૂચિ કર શબ્દાદિમાં મુનિયો ? અરૂચિ કરશો નહી,
રૂચિકર રસાદિ પામીને રાગી કદી બનશો નહીં;
મધ્યસ્થ ભાવે નિત રહી ચારિત્ર ચોખ્ખું રાખવું,
વિસ્તાર દશમા અંગમાં બંધન તજીને ચાલવું. ૧૭૦

શબ્દાદિ પાંચ મુંઝાવતા ડાહ્યા પુરૂષને પણ યથા,
પુષ્કલ જનોને ખેંચતાં નિજ પક્ષમાં નિત્યે તથા;
લોભાવનારા તિણ કહ્યા ત્યાં ધ્યાન દેશો ના તમે,
માન જીતો નમ્રતાથી ક્રોધ જીતો ઉપશમે. ૧૭૧
જન્મથી ધારણ કરે જે નિત્ય કૂટ સંસ્કારને,
પ્રબલ રાગદ્વેષથી પીડિત તે સવિ વાદિને;
જાણી અધર્મી સર્વથા તેઓ તણી સોબત તજી,
જીવતાં સુધી ગુણ ચાહજે ઇમ બોલતા જિનરાજજી. ૧૭૨

## ॥ હવે આયુષ્યના ઉપક્રમનું વર્ણન ચાલે છે ॥

બીજા ભવે પણ ભોગવે આયુવિના સવિ કર્મને,
આયુષ્ય બાંધ્યું જેહ ભવનું ભોગવે ત્યાં તેહને;
જેના બલે ઇચ્છા છતાં ન જવાય બીજા ભવ વિષે,
બેડી સમા તે આયુના બે ભેદ જિન શાસન વિષે. ૧૭૩
લાગે ઉપક્રમ જેહમાં તે આયુ સોપક્રમ કહ્યું,
ઉપક્રમ વિનાનું જેહ તે આયુ નિરૂપક્રમ કહ્યું;
જેથી ઘટે આયુષ્ય તે કારણ ઉપક્રમ જાણિયે,
પરિણામ આદિ ઉપક્રમો તે સાત છે ઇમ જાણિયે. ૧૭૪
ત્રિવિધ અધ્યવસાય[૧] કારણ[૨] વેદના[૩] તિમ સ્પર્શથી[૪],
ભોજન[૫] પરાઘાતે[૬] કરી તિમ વિકૃત શ્વાસોચ્છ્વાસથી[૭];
આ જીવ થોડા કાલ જીવન ભોગવે ઇમિ જાણજે,
એથી બચી જિન ધર્મ ઉત્તમ પૂર્ણ હોંશે સાધજે. ૧૭૫

જે બંધ સમયે શિથીલ બાંધ્યાં જ્યાં હુવે અપવર્ત્તના,
આયુતણી પેરે બીજા તે કર્મ સોપક્રમ ઘણાં;
ભોગવાયે અલ્પ કાલે બાહ્ય ઉચિત નિમિત્તથી,
દૃષ્ટાંત બળતાં દોરડાનું જાણજે સિદ્ધાંતથી. ૧૭૬
બહુવાર લાગે સળગતાં છૂટી કરેલી રજ્જુને,
વાર થોડી સળગતાં ભેગી કરેલી રજ્જુને;
એ ભાવ સોપક્રમતણો ભાખ્યો વિશેષાવશ્યકે,
સાવચેતી રાખનારા દીર્ઘ આયુ ધરી શકે. ૧૭૭
બંધસમયે તીવ્રભાવે બદ્ધ કર્મ અનુક્રમે,
ભોગવાયે તેમ હોતાં ભૂરિ કાલ અતિક્રમે;
સ્થિતિનો ઘટાડો રસતણો જેમાં કદીના સંભવે,
બાંધ્યાં પ્રમાણે ભોગવે તે આયુ નિરૂપક્રમ હુવે. ૧૭૮
પુષ્કલનરો તિર્યંચ એવા જેમનું અણચિંતવ્યું,
મૃત્યુ ઉપક્રમ લાગતાં હોવે પ્રભુએ ઇમ કહ્યું;
ત્રિવિધ અધ્યવસાય તે એ રાગના તિમ સ્નેહના,
ભયના કુઅધ્યવસાય ઇમ ત્રણ ભેદ જાણો તેહના. ૧૭૯
અતિરાગ તિમ અતિસ્નેહભય પણ મૃત્યુદાયક જાણજે,
બહુ રાગ કરતાં પરબવાળી નારની સ્થિતિ જાણજે;
જલપાન કરવા પરબ ઉપરે એક માનવ આવિયો,
પરબવાળી નારને બહુ રાગ જોતાં જાગિયો. ૧૮૦
જલ પી જતાં તે પુરૂષ બાજુ નાર તે બહુ દેખતી,
આઘો જતાં ના દેખવાથી મરણ બરૂં પામતી;

કામ કેરૂં પ્રબલ સાધન રાગ ઇમ જિનવર કહે,
રાગિ માનવ કામની અંતિમ દશા મૃત્યુ લહે. ૧૮૧
તે કામની છે દશ દશાઓ પ્રથમ ચિંતવના કરે,
બીજી દશા એ જાણવી જે દેખવા ઇચ્છા કરે;
લાંબા નીસાસા નાંખવા એ જાણવી ત્રીજી દશા,
તાવ આવે એહ ચોથી તનુ દહે પંચમ દશા. ૧૮૨
ભોજન ઉપર હોવે અરૂચિ છઠ્ઠી દશા પ્રભુ બોલતા,
સાતમી મૂર્છા કહી તિમ આઠમી છે ગાંડછા;
બે શુદ્ધિ નવમી મરણ પામે એહ દશમી જાણિયે,
મૂલ કારણ રાગ સવિનું તિણ એ રાગ ન રાખિયે. ૧૮૩
બહુ નેહ કરતાં આયુનો ક્ષય આ પ્રમાણે જાણજે,
સાર્થવાહી નારને દૃષ્ટાંત રૂપે જાણજે;
પરદેશથી પતિ આવતા તે નારને પતિ ઉપરે,
નેહ કેવો તે પરીક્ષા કાજ મિત્રો ઉચ્ચરે. ૧૮૪
તુજ આજ કંત મરી ગયો એવા વચણ સુણતાં છતાં,
તેજ સમયે મરણ પામી સ્નેહ અતિશય રાખતાં;
સાર્થવાહ મરણ લહે નિજસ્ત્રી મરી ઇમ સાંભળી,
નેહ બૂરો જાણીને ના રાખજે દીલમાં જરી. ૧૮૫
અતિભય ઘટાડે આયુને દૃષ્ટાંત ગજ સુકુમાલનું,
લઘુ ભાઇ તે નૃપ કૃષ્ણના ઇમ વચણ અષ્ટમ અંગનું;
વર્ગ ત્રીજામાં કહ્યું શ્રીનેમિનાથ જિનેશ્વરા,
દ્વારિકા નયરી પધારે કૃષ્ણ નૃપ રૂચિધર ખરા. ૧૮૬

લઘુભાઈ સાથે લેઇ વંદનકાજ હોંશે આવતા,
પ્રભુ દેશના સુણતાંજ ગજ સુકુમાલ સંયમ ભાવતાં;
માતાપિતાને વિનયથી સંયમ વિચાર જણાવતા,
સંસારમાંહે રાખવાને તેહ પણ સમજાવતા. ૧૮૭
રાજા કરીશ એવું કહી નૃપ કૃષ્ણ પણ સમજાવતા,
વિનયપૂર્વક વાર ત્રણ લઘુભાઇ ઉત્તર આપતા;
કામભોગ વિપાક દારૂણ દુર્ગતિને આપતા,
સંસારને શમશાનિયા લહું સમો બતલાવતા. ૧૮૮
તુજ રાજ્યલક્ષ્મી એક દિનની દેખવાની ચાહના,
પૂર્ણ કર હે પુત્ર ? એવાં વચણ માતા જનકના;
માતાપિતાના આગ્રહે તે એક દિન રાજાપણું,
શ્રીમહાબલની પરે પામે ચરણ સોહામણું. ૧૮૯
તેજ દિન મધ્યાહ્નકાલે નેમિજિનને પૂછીને,
નામે મહાકાલ શ્મશાને શુદ્ધ થલ પડિલેહીને;
લઘુનીતિ ને વડીનીતિની જગ્યા વિમલ પડિલેહીને,
કાઉસ્સગ્ગ મહાપ્રતિમા આદરે નિશ્ચલપણે. ૧૯૦
એક રાત્રિ પ્રમાણ વાલી તે કહી છે શાસ્ત્રમાં,
પ્રતિમા વહન કિમ સંભવે ? આ પ્રથમ દીક્ષા દિવસમાં;
ઉત્તર ઇહાં ઇમ જાણવો પ્રભુ નેમિજિન એ સાધુને,
લાયક ગણી આજ્ઞા દીયે તિણ જાણ શુભ એ કાર્યને. ૧૯૧
સાંઝેજ તે રસ્તે થઇ સોમિલ બ્રાહ્મણ નિજ ઘરે,
જાતાં મુનિને દેખતાં બહુ ક્રોધથી ઇમ ઉચ્ચરે;

આ તેજ મુનિ લજ્જા વિનાનો મૃત્યુને પણ ચાહતો,
જેણે તજી મુજ નિરપરાધિ બાલિકા ઇમ બોલતો. ૧૯૨
તે વિપ્ર માંથે પાળ બાંધે લાલ અંગારા ભરે,
વૈર વાળી એમ નિજ રસ્તે પડે મન બહુ ડરે;
મુનિ આકરી એ વેદના સમતાધરીને ભોગવે,
દીક્ષા દિવસની પ્રથમ રાતે નાણ કેવલ મેળવે. ૧૯૩
આ મુનિ શુભ ચરણ સાધી અંતગડ નાણી થયા,
એવું વિચારી નજીકના દેવો ઘણાં ખૂશી થયા;
વૃષ્ટિ સુગંધોદકતણી તિમ પંચ રંગિ ફૂલની,
વસ્ત્રની વૃષ્ટિ કરે શરૂઆત ગાયન નૃત્યની. ૧૯૪
કૃષ્ણ નૃપતિ સવારમાંહે હસ્તિ ઉપરે બેસીને,
પ્રભુ નેમિ વંદન કાજ નીકળે રાખતા બહુ ઠાઠને;
બ્હારથી ઈંટો ઉપાડી ઘર મૂકે જે હાંફતા,
તે વૃદ્ધ જનને માર્ગમાં જોઇ દયા નૃપ પામતા. ૧૯૫
પોતે ઉપાડી ઈંટને તેના ઘરે ભૂપ મૂકતા,
ભૂપના બહુ માનથી ઇમ નોકરો પણ મૂકતા;
પ્રભુ પાસ આવી વાંદતા લઘુ બંધુને ના દેખતા,
વાંદવાને ચાહતા વંદી પ્રભુને પૂછતા. ૧૯૬
ભાઇ ગજસુકુમાલ કિમ દેખું ન આ સમુદાયમાં,
તુજ ભાઇએ નિજ અર્થ સાધ્યો પ્રભુ કહે સંક્ષેપમાં;
એક જણ ઉપસર્ગ કરતો તેહ સમતાથી સહે,
મુનિરાજ ગજ સુકુમાલ અંતગડ કેવલી સિદ્ધિ લહે. ૧૯૭

ઉપસર્ગના કરનાર નરની ઉપર ક્રોધ અતિ ધરી,
નૃપ નાથને પૂછે કયો નર ? તેહ જસ બુદ્ધિ ફરી;
અહીં આવતાં જિમ મદદ કરતો કૃષ્ણ ? તું તે વૃદ્ધને,
તેણે કરી છે મદદ તિમ શિવ પામવા તુજ ભાઈને. ૧૯૮
માટે નૃપતિ ? ના ક્રોધ કરિયે એમ પ્રભુ સમજાવતા,
કિમ જાણવો ? તે પુરૂષને ઇમ કૃષ્ણ નૃપ ફરી પૂછતા;
પ્રભુજી કહે–અહીંથી જતાં નયરી તરફ સામો મલે,
જોઈ તને ભયથી મરે તે મારનારો જાણજે. ૧૯૯
નિસુણી પ્રભુને વંદિને હાથી ઉપર નૃપ બેસીને,
નયરી તરફ આવે મળ્યો સોમિલ ત્યાં ઈમ ચિંતવે;
પ્રભુ નેમિનાથે કૃષ્ણને એ વાત ગજસુકુમાલની,
કીધી હશે મુજ શું થશે ? ચિંતા થતાં ઈમ ભય તણી. ૨૦૦
તેજ સમયે મરણ પામ્યો કૃષ્ણ નૃપતિ દેખતાં,
મુજ ભાઇને આ મારનારો દુષ્ટ એમ જણાવતા;
મૃતકને બાહિર કઢાવી ભૂમિ શુદ્ધ કરાવતા,
ભાઈ કેરો શોક હૃદયે ધારતા ઘર આવતા. ૨૦૧
અતિ ભય ઘટાડે આયુને તે ઉપર ગજસુકુમાલની,
બીના કહી ઈમ પૂર્ણ થઈ બીના ત્રિવિધ પરિણામની;
વિષ શસ્ત્ર આદિક કારણે આહાર અતિ આરોગતા,
સ્નિગ્ધ વિકૃત અહિત ભોજન રૂક્ષ અતિ આરોગતા. ૨૦૨
ન પચી શકે તેવુંજ ભોજન કરત આયુ ઘટાડતાં,
ખાડમાં પડવા થકી શૂલાદિ પીડા વેદતાં;

કરતાંજ ઝંપાપાત જલમાં ડૂબતાં ફાંસી થકી,
એવા પરાઘાતે કરી આયુ ઘટે નિશ્ચય થકી. ૨૦૩
સર્પ આદિક કરડતાં વિષ બાલિકાને અડકતાં,
દેહમાંય વિકાર હોતાં શ્વાસ પુષ્કલ ચાલતાં;
ઝટ સાસનું રોકાણુ હોતાં આયુ ઘટતું ઇમ થતાં,
એમ સાતે કારણે આયુ ઘટે પ્રભુ ભાષતા. ૨૦૪
નિરૂપક્રમાયુ જીવને પણ એ ઉપક્રમ લાગતા,
ખંધકસૂરિના જેમ શિષ્યો યંત્રપીલન પામતા;
દુઃખ આપતા તેવા ઉપક્રમ ના ઘટાડે આયુને,
પ્રજ્ઞાપના વરસૂત્ર કેરા જાણ એહ રહસ્યને. ૨૦૫
નિરૂપક્રમાયુ કેઇજન સોપક્રમાયુ બહુજના,
એ ભેદ ઇમિ જીવો તણા સોપક્રમાયુ તે જના;
નિજ આયુના બે ભાગ જાતાં પરભવાયુ બાંધતાં,
વર્ષ તેત્રીસ આયુવાળા જિમ વરસ બાવીસ જતાં. ૨૦૬
ઘોલના પરિણામથી બંધાય પરભવ આયુને,
ઘોલના પરિણામ જાણો મિશ્ર અધ્યવસાયને;
પરભવ જીવન બંધાય છે એ ઘોલના પરિણામમાં,
તેવાજ અધ્યવસાય પણ ન પમાય સઘલા કાલમાં. ૨૦૭
અંત્ય ત્રીજા ભાગમાં તું જાણ બંધન યોગ્યતા,
એ ભાગમાં બાંધેજ નહી એ વચન કેરી સ્પષ્ટતા;
પરભવજીવન ના બાંધતાં જે શેષ ત્રીજા ભાગમાં,
પરભવાયુ તેહ બાંધે અંત્ય નવમા ભાગમા. ૨૦૮

કહિ તે ક્ષણે બંધાય ના તો અંત્ય સત્યાવીસમે,
ભાગે જીવન પરભવતણું બાંધે કહ્યું જિન આગમે;
કહિ તે ક્ષણે બંધાય ના તો અંતિમે એકાશીમે,
ભાગે જીવન પરભવતણું બાંધે કહ્યું જિન આગમે. ૨૦૯
તે કાલ ના બંધાય તો અંત્યે બસો તેતાલીમે,
ભાગે જીવન પરભવતણું બાંધે કહ્યું જિન આગમે;
શત સાત ઓગણત્રીશમે ભાગે જનો તે બાંધતાં,
પરભવાયુ પૂર્વકાલે જે જનો ના બાંધતાં. ૨૧૦
છેવટ તણા અંતર્મુહૂર્ત્ત સુધી ત્રિગુણી એ કલ્પના,
કરવા કહ્યું વિસ્તાર માટે સાંભળો પ્રજ્ઞાપના;
બાંધેજ આયુ નિશ્ચયે અંતર્મુહૂર્ત્તે અંતિમે,
તે વિના પરભવ ન જાવે ઈમ પ્રભુના આગમે. ૨૧૧
યુગલિક મનુજ તિર્યંચ જે જીવન અસંખ્યાતું ધરે,
ચરમદેહી નિરય સુર તેસઠ શલાકા પુરૂષ એ;
અનુપક્રમાયુવંત જાણો અન્યસૂરિગણ ઉચ્ચરે,
દેવનિરય જિનેશ્વરા તે ના ઉપક્રમથી મરે. ૨૧૨
શેષ જીવોનું મરણ બે ભેદ ઇમ તત્ત્વાર્થની,
ટીકા વિષે ઉલ્લેખ એવો તેમ કર્મ પ્રકૃતિની;
ટીકા વિષે છે પાઠ એ કોઈક યુગાલિક ભૂમિમાં,
તિર્યંચરૂપે ઉપજે અથવા મનુષ્ય સ્વરૂપમાં. ૨૧૩
ઉપજ્યા પછી અંતર્મુહૂર્ત્ત શિવાયનું ત્રણ પલ્યનું,
આયુ ઘટાડે વેણ એવું મલયગિરિ આચાર્યનું;

પ્રશ્ન એ અપવર્ત્તના કિમ ? આ નિકાચિત આયુની,
અપવર્ત્તના જ્યાં તે નિકાચિત વાણુ એહ વિરોધની. ૨૧૪
ઉત્તર ઇહાં એ જાણવો જે આ નિકાચિત બંધના,
પરિણામ સ્થિતિદીઠ છે અસંખ્યો તિણુ નિકાચિત આયુના;
ભેદો ઘણાં ઈમ જાણવું તિણુ હોય પણ અપવર્ત્તના,
કેઈક નિકાચિત આયુની ગંભીર વયણો શાસ્ત્રના. ૨૧૫
બે ભેદ કીધા આયુના તત્ત્વાર્થ કેરી વૃત્તિએ,
અપવર્ત્તનાને ઉચિત આયુ તેમ અનુચિત આયુ એ;
અપવત્તનાને ઉચિત આયુ નિશ્ચયે સોપક્રમી,
એ ભેદ બીજા ભેદના સોપક્રમી નિરૂપક્રમી. ૨૧૬
કાલ જીવન જાણુ તે મૃત્યુ અકાલે જે હુવે,
દલિક નિશ્ચય ભોગવે સ્થિતિરસ વિકલ્પે અનુભવે;
યુગલિક મનુજ તિરિ દેવ નિરય છ માસ શેષે આયુએ;
પરભવતણું આયુષ્ય બાંધે જાણુ તેમ મતાંતરે. ૨૧૭
વ્હેલામાં વ્હેલા નિરય જીવ છ માસ શેષે જીવિતે,
મોડામાં મોડા અંતિમે અંતર્મુહુર્ત્તે જીવિતે;
પરભવતણું આયુષ્ય બાંધે અભયદેવસૂરિ કહે,
પંચમાંગે ચઉદમે શતકે પ્રથમ ઉદ્દેશકે. ૨૧૮
નિરૂપક્રમાયુજીવ ત્રીજા ભાગમાં નિજ આયુના,
પરભવાયુ બાંધતાં ઇમ આશયે પર સૂરિના;
છ માસ શેષ તણો નિયમ ના જાણિયે એ આશયે,
તત્ત્વજાણે કેવલી ઇમ ભાવ ચોખ્ખા રાખિયે. ૨૧૯

પરભવાયુ બંધ પછીનો ચાલતા આયુષ્યનો,
ભાગ પૂરો તે અબાધા બંધ તેમ ઉદયતણો;
કાલ વચલો એ અબાધા અર્થભેદ નહિ જરી,
સ્થિતિના પ્રમાણે છે અબાધા યુક્તિ કહું આગલ ખરી. ૨૨૦

ક્રોડને ક્રોડે ગુણંતા હોય કોડાકોડી એ,
સાગરોપમનીજ સાથે તેહને પણ જોડિયે;
સાગરોપમ કોડાકોડી જેટલી સ્થિતિ જેહની,
તેટલા સો વર્ષનો જાણો અબાધા તેહની. ૨૨૧

પ્રથમના બે કર્મની ને વેદની અંતરાયની,
જાણ ઠિઈ તીસ કોડાકોડી સાગરોપમ કાલની;
સિત્તેર કોડાકોડી સાગર જાણિયે સ્થિતિ મોહની,
ના તેટલી સગવીસની સિત્તેર મિથ્યા મોહની. ૨૨૨

વીસ કોડાકોડી સાગર નામની તિમ ગોત્રની,
તેત્રીસ સાગરની સ્થિતિ પ્રભુએ કહી આયુષ્યની;
તે ધ્યાન રાખીને અબાધા જાણવો સવિકર્મનો,
ત્રણ હજાર વરિસ તણો જિમ આદ્ય જ્ઞાનાવરણનો. ૨૨૩

આયુ પુદ્ગલ જેટલાં બાંધ્યા જીવે બંધ ક્ષણે,
તેટલાજ પ્રમાણના સવિ પુદ્ગલોને અનુભવે;
તે કાલ શ્વાસોચ્છ્વાસનું નિર્માણ જીવ કરતો નથી,
તિણ સાસ ઉપરે જીવનનો આધાર એ સાચું નથી. ૨૨૪
સેંકડો વર્ષો તણા આયુષ્યવાળા જીવડા,

અંતમુહુર્તે મરણ પામે સાસ પૂર્ણ કર્યા વિના;
એગિંદ્રિ કેઇક જીવડા પર્યાપ્તિ ચોથી ન પૂરતા,
તોયે મરે તેથીજ આયુ શ્વાસ જૂદા ભાસતા. ૨૨૫
જીવનદોરી તૂટવામાં હેતુ સાસ ઉસાસને,
કીધો પ્રભુએ જાણવા એ નિત્ય સુણ તત્ત્વાર્થને;
મરણ સમયે જેહ લેશ્યા વર્ત્તતી તેવા સ્થલે,
આ જીવ ઉપજે તેહથી લેશ્યા સ્વરૂપ પ્રભુ ઉચ્ચરે. ૨૨૬
આયુના બંધ ક્ષણે જેવી મતિ તેવી ગતિ,
અંત સમયે જાણજે જેવી ગતિ તેવી મતિ;
આયુ બંધન કાલ પ્રાયે પર્વ તિથિયો સવિ કહી,
પર્વતિથિ સંકેતનો સુવિચાર કરજે ખૂબ અહીં. ૨૨૭
કૃષ્ણ વાસુદેવને અંત્ય ક્ષણે ગતિના સમી,
લેશ્યા થઈ નરકે ગયા અત્યંત ક્રોધે ધમધમી;
શરીર ઉપરે ધૂલ ચોટ જેમ ચીકાશે કરી,
જીવ સાથે કર્મ ચોંટે તેમ લેશ્યાએ કરી. ૨૨૮
કૃષ્ણનીલકાપોત તેજો પદ્મ લેશ્યા જાણિયે,
શુકલ લેશ્યા ભેદ ષટ્ લેશ્યા તણા અવધારિયે;
જંમ્બૂફલ ખાનારનું તિમ ગામને લૂંટનારનું,
દ્રષ્ટાંત સુણ સંક્ષેપમાં શ્રુત ઠાણ છે વિસ્તારનું ૨૨૯
ટોચ શાખાની નમેલી જેહની પાકાં ફલો,
જેમાં ભરેલાં ખૂબ છે તે જંબૂતરૂ સોહે નીલો;

છ પુરૂષ જોઇ પકવ જંબૂ ચાહતા આરોગવા,
કેમ ખાવાં ! એ પ્રસંગે પ્રથમ લાગ્યો બોલવા. ૨૩૦
ઉપર ચઢતાં મરણ હોવે મૂલમાંથી છેદીને,
ઝાડ નીચે પાડીને તે ફલ ખઇએ આપણે;
ડાળીઓ મોટીજ છેદો એમ બીજો નર કહે.
ડાળીઓ નાનીજ છેદો એમ ત્રીજો નર કહે. ૨૩૧
સર્વ ગુચ્છાં તોડીયે એવુંજ ચોથોનર કહે,
સર્વ ફલને તોડિયે એવુંજ પંચમ નર કહે;
નીચે પડેલાં જાંબૂ ખઇયે એમ છઠ્ઠો નર કહે.
ભાવ હલકા આદ્ય ત્રણના અંત્યત્રણ શુભ જિન કહે. ૨૩૨
દ્રષ્ટાંત એમ ઘટાડવું જે મૂલથી તરૂ છેદવો,
ઇમ કહે તે કૃષ્ણ લેશ્યાવંત પુરૂષ પિછાણવો;
ડાળ મોટી છેદવાનું જે કહે તે પુરૂષને,
નીલ લેશ્યાવંત જાણો છેદ નાની ડાળને. ૨૩૩
એમ જે બોલે મનુજ કાપોત લેશ્યાવંત એ,
તોડ ગુચ્છા એમ વદતો પીત લેશ્યાવંતએ;
તોડ ફલને એમ વદતો પદ્મ લેશ્યાવંતએ.
પતિત ફલ ખાવા કહે જે શુકલ લેશ્યાવંતએ. ૨૩૪
ષટ ચોર લૂંટવા ગામને નિજ નિજ ઘરેથી નીકલે,
માર્ગમાંહે એક બોલે સર્વ નર પશુ મારિયે;
બીજો મનુજને મારવા ત્રીજો પુરૂષને મારવા,
બોલેજ ચોથો ઇમ કહે હથિયારવાળા મારવા. ૨૩૫

લડનાર નરને મારવા પંચમ પુરૂષ ઇમ ઉચ્ચરે,
માર્યા વગર ધનનેજ લેવું એમ છઠ્ઠો ઉચ્ચરે;
ઘટના પ્રથમ દૃષ્ટાંતના જેવીજ અહિંયા જાણવી,
શુદ્ધ લેશ્યા એહ તેજો પદ્મ શુકલા રાખવી. ૨૩૬
લેશ્યાતણું અનુમાન હોવે યોગ ચેષ્ટાએ કરી,
ખર પુરૂષ તિમ અતિચંડ દુર્મુખ વૈર અતિશય દીલ ધરી;
કરૂણા ન રાખે દીલમાં માની હણે જે અન્યને,
આચારથી તે ભ્રષ્ટ જાણો કૃષ્ણ લેશ્યાવંતને. ૨૩૭
કુશલ માયા દંભમાં જે લાંચ ખાવા નિપુણજે,
ૂઠ બોલે વિષય પ્રેમી થીર હૃદય વાલો ન જે;
આલસુ વલિ મંદમતિ કાયર ધરે અભિમાનને,
એહ ચાલે જાણજે તું નીલ લેશ્યા વંતને. ૨૩૮
આરંભમાં આસક્ત જે નિર્દોષ સવિ કાર્યો ગણે,
લાભ તોટો ના વિચારે ક્રોધ રાખે શોકને;
નિંદા કરે જે અન્યની કરતોજ આપ બડાઇને,
યુદ્ધે ભયંકર દુઃખિયો કાપોત લેશ્યાવંતએ. ૨૩૯
દક્ષ સંવર સેવતા કરૂણા સરલતા રાખતા,
દાન શીલ સંતોષ વિદ્યા ધર્મ રૂચિ જે ધારતા;
પાપ સાધન છોડતા ઉત્તમ ક્ષમા ગુણ ધારતા,
લેશ્યા ચતુર્થી તેહની જે વર વિવેકે રાજતા. ૨૪૦
થીર દયાલુ દેવ પૂજા વ્રત ધરે દાનેશ્વરી,
ધૈર્ય પાવન હર્ષને ધારે કુશળ બુદ્ધિ ખરી;

જે ક્ષમા ગુણ ધારતો સેવે કદી ના માનને,
એ ગુણોથી જાણ તું તે પદ્મ લેશ્યાવંતને. ૨૪૧

ધર્મબુદ્ધિ અપક્ષપાતી જે ન સેવે પાપને,
શોક નિંદાને તજે પરમાત્મભાવ સ્વરૂપને;
પામેલ મૂલથી સંહરીને બંધ રાગ દ્વેષને,
એ ગુણોથી જાણ તું તે શુકલ લેશ્યાવંતને. ૨૪૨

કૃષ્ણ લેશ્યા નરકને તિમ નીલ થાવર ભાવને,
તિર્યંચપણું કાપોત લેશ્યા પીત મનુજસ્વરૂપને;
પદ્મ લેશ્યા સુરપણું ઘે શુકલ લેશ્યા મુક્તિને,
અશુભ લેશ્યા દૂર છંડી શુદ્ધ લેશ્યા રાખને. ૨૪૩

કર્મના કારણ તણી ઉંડી સમજ દીલ રાખીને,
નિત્યે ઉપક્રમથી બચીને શુદ્ધ લેશ્યા ધારિને;
અમૃત અનુષ્ઠાને કરી જિન ધર્મ સાત્ત્વિક સાધના,
હે જીવ ? મુક્તિ પામજે એ છે ખરી આરાધના. ૨૪૪

આકાશ નિધિ નવ ઇંદુ વરસે રાજનગરે હોંશથી,
કેવલ દિને ગૌતમતણા ગુરૂનેમિસૂરિપસાયથી;
સંવેગમાલા વિરચતા ઉવજ્ઝાય પદ્મ વિજયગણી,
કંઠે ઠવી શ્રીસંઘ પામે આત્મ સંપત્તિ ઘણી. ૨૪૫

## ( કલશ )

ભાવના ષોડશક નિર્મલ વિવિધ ઉત્તમ ભાવના,
ભાવના પંચાશિકા તિમ ભાવના ષટ્ત્રિંશિકા;
પ્રભુ સ્તુતિ પંચાશિકા ગમાલા રંગિણી.
પુષ્કલ તરંગે શોભતી આ શ્રેષ્ઠ પદ્મ તરંગિણી. ૧

આકાશ નવ નિધિ ઇંદુ વરસે ચૈત્ર સુદ પૂનમદિને,
ધર્મિષ્ઠ મહુવા બંદરે પ્રભુવીર જીવત્સ્વામિને;
પ્રણમી કૃપાએ પૂજ્ય ગુરૂવરનેમિસૂરીશ્વરતણી,
ઉવજ્ઝાય પદ્મ વિજયગણી વિરચે સુપદ્મતરંગિણી. ૨

# जाहेर खबर

अमारे त्यांथी जैन धर्मना दरेक जातना गुजराती तथा शास्त्री टाइपना पुस्तको मलशे.

१ पंचप्रतिक्रमण (नवस्मरण तथा जीवविचारादि चारे प्रकरणो मूल-छुटा शब्दो वाक्यार्थो विवेचनो तथा तेने लगता छुटा बोलो विगेरे विस्तारथी, जेनी दस आवृत्तिओ खपी जवाथी हालमांज सुधारा वधारा साथे अगीआरमी आवृत्ति बहार पाडवामां आवी छे .... .... कीं. १—४—०

२ देवसीराइ प्रतिक्रमण अर्थ साथे पाकुं पुंठु कीं. ०—८—०

३ जीवविचारादि चारे प्रकरणो अर्थ विवेचन सहित ०—६—०

४ सामायक सूत्र .... .... .... कीं. ०—१—०

५ पूजासंग्रह मोटुं जेमां पूर्वाचार्यो तथा आधुनीक आचार्योए बनावेली पूजाओ सहित भाग ७ १—८—०

६ प्राचीन स्तवन संग्रह गुजराती .... कीं. १—०—०

७ नीत्य स्मरण स्तोत्र संग्रह तथा जैन वार्षीकपर्वो आवृत्ति त्रीजी .... .... .... कीं. १—८—०

८ देववंदनमाला गुजराती .... .... कीं. ०—१२—०

ते सिवाय दरेक जातना जैन धर्मना पुस्तको अमारे त्यांथी मलशे.

मलवानुं ठेकाणुंः—

मास्तर उमेदचंद रायचंद.

पांजरा पोळ—अमदावाद.